
શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી : 10

# તળની બોલી



સંપાદન-સંશોધન

**દલપત ચૌહાણ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 4

શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી : 10

# તળની બોલી

(દોંતોર પરગણું અને તેની આજુબાજુના વિસ્તારની જાતિઓ,

હુન્નર, સાધનો અને શબ્દાવલી)

સંપાદન / સંશોધન

**દલપત ચૌહાણ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક

https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન

Talani Boli

By Dalpat Chauhan

**Published by**

Gujarat Vishvakosh Trust, Usmanpura,

Ahmedabad 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**પ્રકાશક**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશમાર્ગ, ઉસ્માનપુરા,

અમદાવાદ - 380 013. ફોન : 2755 1703

Email : drthakerad1@sancharnet.in, vishvakoshad1@gmail.com

પહેલી આવૃત્તિ : 2009

કિંમત : રૂ. 130-00

**મુદ્રક**

ચંદ્રિકા પ્રિન્ટરી

મિરઝાપુર રોડ, અમદાવાદ - 380 001

**મુખ્ય વિક્રેતા**

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 2214 4663, 2214 9660

*

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# અર્પણ

‘દૉતોર’ની ધરતીને પાયલાગણ સહ

# પ્રકાશકનું નિવેદન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાનવિજ્ઞાનની માહિતી આપતા વિશ્વકોશની ગ્રંથશ્રેણીના પ્રકાશન ઉપરાંત મહત્ત્વના લોકોપયોગી વિષયો પર પ્રમાણભૂત અને સર્વગ્રાહી માહિતી અલગ ગ્રંથ રૂપે પ્રગટ કરવાની યોજના કરેલ છે. આ સંદર્ભમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે અત્યાર સુધીમાં 31 જેટલા ગ્રંથો પ્રકાશિત કર્યા છે. શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી, કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી, ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન અને હરિ ૐ આશ્રમ, સૂરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધનશ્રેણી તથા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ વિશ્વવિદ્યા ગ્રંથશ્રેણી જેવી શ્રેણીઓ દ્વારા આ પ્રકારનાં પુસ્તકો પ્રગટ થતાં રહે છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણીમાં 'જનીનવિજ્ઞાન', 'લોકવિદ્યાપરિચય', 'આપણાં રાષ્ટ્રીય પ્રતીકો', 'લિપિ', 'ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર', 'તરસ્યા મલકનો મેઘ', 'શબ્દનું સખ્ય' અને 'શહીદ વિનોદ કિનારીવાલા' જેવાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.

આ શ્રેણીના નવમા મણકા રૂપે શ્રી દલપત ચૌહાણ સંપાદિત-સંશોધિત પુસ્તક 'તળની બોલી' હવે પ્રગટ થાય છે. આ પુસ્તકમાં ઉત્તર ગુજરાતમાં આવેલ દાંતોર પરગણું અને તેની આજુબાજુના વિસ્તારની જાતિ અને તેનાં હુન્નર, સાધનોની વિગતો રજૂ કરીને ત્યાંની પ્રચલિત કહેવતો, રૂઢિપ્રયોગો તેમજ શબ્દાવલી આપીને લેખકે સંશોધન કર્યું છે. ગામડાંઓની ખેપ કરીને, કેટલીક મુલાકાત લઈને લુપ્ત થતા શબ્દોનો સંગ્રહ કર્યો છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આવી શબ્દાવલી પ્રગટ કરી શક્યું છે તેનો આનંદ છે. સાહિત્યરસિક-અભ્યાસી વિદ્વાનસમુદાયને એ ગમશે એવી આશા છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સમગ્ર પ્રવૃત્તિને શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહનો હંમેશાં હૂંફાળો સહયોગ મળ્યો છે. ગુજરાતી વિશ્વકોશના ખંડ 9ના પ્રકાશનમાં, વિશ્વકોશભવનના માહિતીકેન્દ્રમાં તેમજ એની ગ્રંથશ્રેણીમાં એમણે નિઃસ્પૃહભાવે આપેલો સહયોગ અવિસ્મરણીય છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનોને વ્યાપક આવકાર મળ્યો છે. આ ગ્રંથને પણ તેવો જ આવકાર મળશે તેવી અમને શ્રદ્ધા છે.

અમદાવાદ — ધીરુભાઈ ઠાકર

તા. 2-10-2009 — કુમારપાળ દેસાઈ

# હા, આ મારા તળની બોલી છે.

'હું' ભણવા માટે મારા ગામની નિશાળમાં દાખલ થયેલો, પછી એ છોડીને અમદાવાદ આવવાનું થયું. મારું મૂળ ગામ મહેસાણા જિલ્લાની ઉત્તર-પૂર્વ દિશાએ આવ્યું. અમે અમદાવાદના પૂર્વ વિસ્તારના પરામાં એટલે કે રખિયાલ ગામની ચાલીમાં રહેતા. અમે જ્યાં રહેતા હતા ત્યાં દશકોશી તાલુકાના ગામલોકો વસતા હતા. તેઓ જે બોલતા તેનાં લહેકા-ઉચ્ચારણ અમારા કરતાં 'કેટલાક' શબ્દોમાં જુદાં હતાં. અમારા લહેકા-ઉચ્ચારણ તેમને માટે જુદાં હોય એ તો સ્વાભાવિક છે. વળી તેઓની શબ્દ બોલવાની ઢબ-છબ કંઈક અંશે શહેરી લાગતી, અમને અમારી ભાષા બોલવાનો ક્ષોભ થતો.

અમદાવાદની શાળામાં મારું બોલવું સાંભળી મિત્રો હસતા. પરિણામે મને ભાષા પ્રત્યે એક પ્રકારનું ખેંચાણ થયું. અમદાવાદની ભાષા ચાહીને/યાદ કરીને બોલવા લાગ્યો. નકલ મને થોડા વખતમાં જ આવડી ગઈ. આગળ જતાં ગુજરાતી ભાષાનાં શબ્દ/લહેકા/લઢણને હું કાન માંડીને સાંભળતો/સમજતો થયો. શબ્દો ગમતા, જુદાં જુદાં લહેકા-લઢણ-સ્વરભારથી બોલાતા શબ્દને મમળાવતો; પરિણામે મને ભાષા સમજવાની –શબ્દરમતની ટેવ પડી. આ રમતે હું જ્યારે સાહિત્ય લખતો થયો ત્યારે મને ખૂબ મદદ કરી. સાહિત્યમાં જ્યારે વીસમી સદીના છેલ્લા બે દશકમાં દલિત સાહિત્ય/ગ્રામચેતનાનું સાહિત્ય લખનારા સાહિત્યકાર આવ્યા. મૂળ ભાષા, ગ્રામ-શબ્દો, જુદા જુદા વિસ્તારના સ્વરભારવાળી/છાંટવાળી ભાષાનો મહિમા થવા લાગ્યો, ત્યારે મને મારા પ્રદેશની ભાષાના શબ્દોનો મહિમા કરવાની ઇચ્છા થઈ. મેં શબ્દોને ભેગા કરવાનું અભિયાન આદર્યું અને 'તળની બોલી' નામે બોલીના શબ્દોનું પુસ્તક તૈયાર કર્યું.

આમ તો આ શબ્દાવલી મેં 'પરગણા' જેવા ગ્રામજીવનના સામાજિક સંબંધ નિમિત્તે થયેલા વિભાજનને ધ્યાનમાં રાખીને તૈયાર કરી છે. અહીં મેં 'દાંતોર' પરગણું પસંદ કર્યું છે. કારણ સ્પષ્ટ છે કે હું આ પરગણાનાં ગામોના પરિચયમાં રહ્યો છું. અવારનવાર ત્યાં જવાનું બન્યું છે. અને તે મારા વતનનું પરગણું છે.

'દૉતોર' પરગણાની આજુબાજુ અન્ય પરગણાંનાં ગામ આવેલાં છે. મંડાલી-લુણવા અહીંના પશ્ચિમ વિસ્તારનાં ગામ છે. આ ગામોની ઉત્તરે વાવડી, પીલુચા, જીડાસણા વગેરે ગામ છે તે વિસ્તારને ધ્રાણધાર કહેવાય. પશ્ચિમ દિશામાં ખટાસણા, કહેડા કે મહેરવાડા જેવાં ગામ છે, જે 'પાટણવાડો' કહેવાય. દક્ષિણ દિશાએ ગોકળિયું, ઉપેરા કે વડનગર જેવાં ગામ છે જે પાટણવાડો, બારપરાં કે અન્ય પરગણાં નામે ઓળખાય છે. જ્યારે ખેરાલુ કે ગાજીપુરનાં ગામડાં પછી પૂર્વમાં 'ગઢવાડું' સતલાસણા પંથક પથરાઈને પડ્યો છે. દોતોર પરગણાંનાં ગામોની ગણતરીમાં ઉપર ગણાવ્યાં ઉપરાંત મહીયલ, ડભાડ, ચાંણસોલ, બળાદ, હિરવાણી, પાન્છા, વિઠોડા, કોદરામ એમ લગભગ અઢાર-વીસ ગામ આવેલાં છે.

આર્થિક, સામાજિક અને અન્ય કારણોસર આ ગામડાંઓ એકબીજાં સાથે જોડાયેલાં છે તેથી તેમના લહેકા અને શબ્દોમાં મળતાપણું છે. પણ એક જ ગામમાં શબ્દો બોલવામાં જે સ્વરભાર મુકાય છે તે સરખા નથી. ગામડામાં બોલાતા શબ્દ જાતિએ જાતિએ જુદા સ્વરભારે બોલાય છે.

આપણને એક ગામમાં આંજણા/પટેલ, વાઘરી, દલિત અને અન્ય જાતિઓના સ્વરભાર અને શબ્દમાંય તફાવત જણાઈ આવે છે.

મું આવોય - આંજણા / પટેલ ઠાકોર બોલે

મું આયે - દલિતો અને પછાતો બોલે

મું આય... - વાઘરી / દેવીપુત્ર બોલે

હું આવીશ - શુદ્ધ ગુજરાતી

ઉપરાંત અન્ય સ્વરભારે શબ્દોનું ચલણ છે અને શબ્દ પર જે ભાર મૂકવામાં આવે છે તે એકબીજાથી જુદા અને ઊંચા-નીચા હોવાની તાત્કાલિક જાણ માટે છે. પહેલાં પહેરવેશથી – પાઘડી, ચંપલ-બૂટના પહેરવાથી – જાતિ ઓળખાતી.

ગુજરાતી ભાષામાં શબ્દની એકસૂત્રતા અને વાક્યરચનાઓમાં વ્યાકરણની શિસ્ત છેક અગિયારમી-બારમી સદી પછી પ્રચલિત થઈ અને આજના સુધારેલા માળખાકીય રૂપમાં આવતાં લગભગ હજાર વર્ષનો સમય વ્યતીત થઈ ગયો, શબ્દોનાં ઘડતર થયાં, ઉમેરાયા, કેટલાક નાશ પામ્યા. આજના બે ભાગ રહ્યા – લોકબોલી અને શુદ્ધ બોલી. ગુજરાતી સંસ્કૃતમાંથી ઊતરી આવેલી અપભ્રંશ ભાષા છે. તેમાંથી બોલવા માટે અમુક શબ્દો સ્વીકાર્યા અને લખવા માટે થોડાક વધારે સ્વીકારાયા. જોડાક્ષરોને તોડીને બોલવું લોકબોલીનું અગત્યનું લક્ષણ છે. જ્ઞાન–ગિનાન, પ્રધાન–પરધાન, ખત્રી–ખતરી.

દૉતોરવાસીઓના શબ્દો છ, ણ, ષ, શ, ક્ષ કે ળ જેવા અક્ષરોથી શરૂ થતા નથી, ક્યારેક તે અક્ષરની જગ્યાએ અન્ય અક્ષરનો પ્રયોગ થાય છે. ઉત્તર ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ આવા અક્ષરોનો પ્રયોગ થતો નથી. (તે માટે સંશોધન થવું જરૂરી છે.)

મૂળાક્ષરોની હેરફેર લોકબોલીમાં સાવ સામાન્ય ગણાય. તેનાં ઉદાહરણ જોઈએ :

(1) ‘ક’ની જગ્યાએ ‘ચ’નો ઉપયોગ થાય છે.
ક્યાં - ચ્યાં, ચીયાં
ક્યારો - ચારો, ચિયારો
કેશર - ચેહર

(2) ‘ખ’ની જગ્યાએ ‘સ’ કે ‘હ’નો ઉપયોગ થાય છે.
ખેતર - સેતર, હેતર
ખેડુ - સેડુ
ખેતી - સેતી

(3) ‘ગ’ની જગ્યાએ ‘જ’ અથવા ‘જ્’ વપરાય છે.
ગયા - જ્યા
ગયેલું - જેલું, જયેલું

(4) ‘ઘ’ની જગ્યાએ ‘ગ’ વપરાય છે.
ઘરાક - ગરાક
ઘોલું - ગોલું

(5) ‘ડ’ની જગ્યાએ ‘ર’ વપરાય છે.
કડાઈ - કરઈ
કાગડો - કાગરો

(6) ‘છ’ની જગ્યાએ ‘સ’ કે ‘હ’ વપરાય છે.
(છત્રી) છતરી - સતરી
છે - હઅ, સઅ

(7) ‘દ’ની જગ્યાએ ‘ઈ’ વપરાય છે.
પોદળો - પોઈલો

(8) ‘ર’ની જગ્યાએ ‘ઈ’ વપરાય છે.
પરણ્યો - પઈણ્યો

(9) ‘વ’ની જગ્યાએ ‘ય’ વપરાય છે.
પાવલી - પાયલી

(10) ‘સ’ની જગ્યાએ ‘હ’ વપરાય છે.
સવાર - હવાર
ખસવું - ખહવું
સમડી - હમરી, હમડી.

(11) ‘હ’ની જગ્યાએ ‘ઈ’ વપરાય છે.
મહિનો - મઈનો

આમ ભાષાને ફંફોસતાં અન્ય શબ્દોમાં જેમ 'દહીં'ની જગ્યાએ 'મહી' અને 'મઈ' શબ્દ મળી આવે. તેવાં અનેક રૂપ મળવાં સંભવ છે.

***

અહીં હ્રસ્વ-દીર્ઘ (ઇ, ઉ કે ઈ, ઊ) સ્વરનો ઉપયોગ થયો છે. તે લહેકાઓને અનુરૂપ હશે કે કેમ ? તે પણ શંકાના ઘેરાથી પર નથી. એક માણસ દીર્ઘ ઉચ્ચાર કરે તે સામે બીજો માણસ એ જ શબ્દને હ્રસ્વ રૂપે ઉચ્ચારે છે. ઝઘડો કરતાં અને મોટેથી બોલતાં તેના સ્વરભાર/લહેકા બદલાઈ જાય. કયો શબ્દ કેવી રીતે બોલાયો, તેનાં અનેક રૂપ થતાં જાય. ત્યાં ફક્ત બોલીનો આગ્રહ રાખનારને કયો સ્વરભાર રાખવો તે અંગે ભાષાવિજ્ઞાનીઓ કહી શકે. એટલે હ્રસ્વ-દીર્ઘ વપરાશમાં ભેળસેળની શક્યતા છે. તેમ છતાં મને જે લોકસંપર્ક રહ્યો, લોકોની બોલચાલ-ગુસપુસ, ઝઘડા-ટંટા, જોયું-સાંભળ્યું, સમજ્યો એને અનુરૂપ થવા ઉપક્રમ આદર્યો. અહીં વૈજ્ઞાનિક પદ્ધતિએ નહીં પણ... ઉપર કહ્યાની સમજણે ઇ, ઉ અને ઈ, ઊને તેના સ્વરભારે મૂકવાનો પ્રયત્ન કર્યો છે. વળી ગામડામાં આ શબ્દ આમ જ બોલાવો જોઈએ તેવો આગ્રહ કોઈ રાખતું નથી.

અહીંની શબ્દાવલીમાં જોડણીકોશની શિસ્ત ઓછી લાગે તથા શબ્દના માન્ય ભાષા કરતાં વિપરીત અર્થ પણ સંભવી શકે છે. શબ્દના સ્ત્રીલિંગ, પુંલિંગ કે નપુંસકલિંગમાં પણ ફેરફાર હોઈ શકે. એટલે કે આ શબ્દાવલી મહદ્અંશે સ્વતંત્ર ગણીને, એક ઐતિહાસિક તથ્ય ગણીને તેની સામે જોડણી-વ્યુત્પત્તિ કે ઉત્પત્તિ વિશેના પ્રશ્નો ઊભા કરી શકાય નહીં. અને જો ઊભા કરાય તો તેનાં અર્થઘટનો લોકબોલી સાથે મેળ પાડી શકે નહીં. આ લોકોના ઉચ્ચાર, અર્થ ને શબ્દ આપવા કે સાચવી રાખવાનો પ્રયત્ન છે. એટલે ભાષાશાસ્ત્રીઓની શિસ્ત કદાચ (પ્રયત્ન કરેલ છે.) ઓછી હોય તો સહ્ય ગણવું જોઈએ. તેને સંશોધનના દરજ્જામાં જોવામાં આવે તો જ સરખો ન્યાય અપાય.

કાળક્રમે શબ્દોના અર્થ પણ બદલાયા હોય. પચાસ વર્ષ પૂર્વે કે એથીય પૂર્વે આ શબ્દો પૂર્ણ ચલનમાં હતા. આજે ચલણમાં કદાચ ન પણ હોય. સાર્થ જોડણીકોશ જેવા શબ્દ-જોડણીકોશમાં પણ શબ્દ-અર્થમાં કેટલુંક સુધારવા જેવું લાગે છે. તેની ચર્ચા અહીં અસ્થાને છે. કેટલાક શબ્દો જોડણીકોશમાં નથી. કદાચ કોઈ અન્ય કોશમાં પણ નહીં હોય. અને હશે તો તેનું સુધરેલું નવું રૂપ હશે; પરંતુ અહીં લગભગ ગ્રામશૈલીના શબ્દો છે. અને લોકોના ઉચ્ચારને ધ્યાનમાં રાખીને જોડણી કરાઈ હોવા છતાં તેમાંય ઉચ્ચારભેદ આવી શકે છે. એક શબ્દ દરેક સ્થળે એક જ રીતે બોલાતો હોતો નથી એ સ્વીકારવું જોઈએ.

સમગ્રપણે કહેવું હોય તો કહી શકાય કે અહીં સમાવેલ શબ્દાવલીના કેટલાક શબ્દોનો શુદ્ધ ભાષાના નિયમો કે નિયમનો સાથે મેળ બેસે તેમ નથી. વળી લોકબોલીને પૂર્ણપણે લિપિમાં ઢાળવી શક્ય નથી. ગ્રામભાષાના/લોકબોલીના શબ્દોનું વિશ્લેષણ થાય અને તેના ઉચ્ચારભેદ/લિપિભેદ નક્કી કરતું કોઈ ભાષાશાસ્ત્ર કે સંશોધન હાથવગું

નથી.

અહીં લેવાયેલા શબ્દ, ફક્ત 'દાંતોર' પરગણા વિસ્તારમાં જ ઉપયોગમાં લેવામાં આવે છે અને અન્યત્ર વપરાતા નથી, એમ તો ક્યારેય કહી શકાય નહીં. હા, અહીં આપેલ કેટલાક શબ્દ એવા હશે જે આ વિસ્તારમાં જ બોલાતા હશે. તેમ છતાં અન્ય વિસ્તારના આવા શબ્દાવલી-કોશ થયેલ નથી. પરિણામે તેવા શબ્દ નોખા કરવા શક્ય નથી. જ્યારે ઉત્તર ગુજરાતના અને અન્ય વિસ્તારોના આવા પ્રકારનાં પુસ્તકો થાય તો જ ચોક્કસ અભ્યાસ દ્વારા તે અંગે માહિતી ઉપલબ્ધ બને. અને કહી શકાય કે કયો શબ્દ, કયા વિસ્તારનો છે, કયા વિસ્તારની ભાષા શબ્દ સાથે સામ્યતા ધરાવે છે.

ગામડામાં વસતી ભિન્ન ભિન્ન જાતિઓ સામાજિક વ્યવહારમાં, આર્થિક ઉપાર્જનનાં કામોમાં, પોતીકાં સાધનો અને તેના ઉપયોગ માટે જે શબ્દોનો, કહેવતોનો, રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરે છે, તેનાથી ગામડાની તમામ જાતિઓ અવગત હશે, એમ કહેવું વધારે પડતું છે. કેટલાક રૂઢિગત શબ્દોનો પ્રયોગ ચોક્કસ જાતિ કે જૂથ વચ્ચે જ વપરાય છે. તેનાથી અન્ય લોકો અજાણ હોય છે. આવા જૂથમાં બોલાતા શબ્દો અન્ય પ્રદેશોમાં વસતા તેમના નાતીલાઓમાં કે જૂથમાં વપરાય છે તેવું જણાયું છે. ક્યારેક તેનો શબ્દભાર વધતો-ઓછો હોય ખરો.

જ્યારે કોઈ વિસ્તારની પ્રજા/સમાજને, સામાજિક/આર્થિક/માનસશાસ્ત્રીય દષ્ટિએ સમજવા પ્રયત્ન કરવાનો હોય, તેના વિષે સમજ ઊભી કરવાની હોય ત્યારે તેના ગુસ્સામાં, દબાણની સ્થિતિમાં, સુખમાં, દુ:ખમાં થતા ઉચ્ચારો કે બોલાતા શબ્દો તે માટે ઉપયોગી થાય છે. તેમાંય બેવડાઈને બોલાતા 'દ્વિરુક્ત' શબ્દ માણસના આવા ભાવોને પ્રદર્શિત કરવામાં બહુ ઉપયોગી થાય છે ને ભાષાના પોતનેય ઘટ્ટતા આપે છે. મહેસાણા વિસ્તારને 'કોડાફાડ ભાષા'(કુહાડા વડે પ્રહાર કરનાર ભાષા)નો પ્રદેશ ગણ્યો છે. તે આ કુહાડા જેવા પ્રહારોને સમજવા માટે 'દ્વિરુક્ત' શબ્દોને ખાસ સ્થાન આપ્યું છે. કેટલાક પસંદગીના શબ્દો લીધા છે જેથી તે સમજાય, બાકી આ દ્વિરુક્ત શબ્દોનોય એક કોશ થઈ શકે.

અહીંયાં કક્કાવારી પ્રમાણે ઓરગણા(વાલ્મીકિ-ભંગી)થી હુતાર (સુથાર) સુધીની ગામમાં વસતી અને પ્રસંગોપાત્ત ગામની થઈને રહેલી જાતિઓના કામગીરીનાં સાધનો (જૂનાં-નવાં), માલ ઉત્પાદન કરવાની રીતના શબ્દ, લગ્ન, મરણ વખતે ઉપયોગમાં લેવાતા શબ્દ તથા કેટલીક જાતિઓના ગુપ્ત શબ્દોનેય અહીં સાંકળવામાં આવ્યા છે.

ગામડામાં ભિક્ષાવૃત્તિ કરનાર, મનોરંજન કરનાર, જ્ઞાતિઓ માટે વપરાતા જુદા જુદા શબ્દ, સ્ત્રી-પુરુષના પહેરવેશ, સ્ત્રી-પુરુષનાં સોનાચાંદીનાં ઘરેણાં, ઘર વિશેના શબ્દ, ઘંટીના શબ્દ, હોકાના શબ્દ, ભોજનની વાનગીઓનાં નામ, દારૂ ગાળવાની ભઠ્ઠીના શબ્દ, મોરપીંછનાં નામ, ઝાડ, ઘાસનાં નામ, પંખીઓનાં નામ, ગામડાનાં દેવદેવીઓ, ધાર્મિક પરંપરાનાં સાધનોનાં નામ, કહેવતો, રૂઢિપ્રયોગો અને અ, આ... થી ક, ખ...

કક્કાવારી પ્રમાણે શબ્દાવલી આપી છે.

આ વિસ્તારમાં બ્રાહ્મણ-વાણિયા જેવી જાતિઓ નગણ્ય ગણાય તેવી છે. એટલે તેમની ભાષાનો પ્રભાવ પછાત જાતિઓ અને અન્યો પર નથી. (કદાચ તેમના પર આ ગ્રામભાષાનો પ્રભાવ હતો.) એટલે તેમની જાતિઓ વિશે શબ્દાવલીમાં સ્થાન અપાયેલ નથી.

સ્વાભાવિક રીતે કહી શકાય કે લોકોની બોલીમાંથી તારવી-સારવીને શુદ્ધ લિપિવાળી ભાષા અને લિપિ તૈયાર થયાં હશે. શુદ્ધ ભાષા તો કેટલાંક હજાર વર્ષથી બોલાય-લખાય છે. જ્યારે 'લોક'અસ્તિત્વ તો કરોડો-અબજો વર્ષથી છે. આજની 'લોકબોલી'ની કરોડો વર્ષની દડમજલ હશે એમ કહી શકાય. જનસામાન્યની બોલી જે શબ્દોના પ્રયોગ/ઉપયોગ થતા રહ્યા તેમાંથી ચોક્કસ અર્થ અને ઉચ્ચારને જુદા તારવીને ભાષાનું પોત બાંધવામાં આવ્યું અને લિપિએ શબ્દને અમુક રીતે ઉચ્ચારવા તેવું બંધન આપ્યું. અન્યથા શબ્દોના અર્થ સ્થળ, કાળ પ્રમાણે જુદા હતા જે આજની આટલી બધી ભાષાઓ અને બોલીઓથી સ્વયં સ્પષ્ટ છે. આજે શુદ્ધ ભાષા/બોલી અને લોકબોલી વચ્ચે ઘણો સુમેળ હોવા છતાં કેટલાય શબ્દો જુદા છે. તે આપણે તારવી શકીએ તેમ છીએ.

આજે શિષ્ટ ગુજરાતી ભાષા ઉપર હિન્દી, અંગ્રેજીનું ખૂબ મોટું આક્રમણ છે. પરિણામે તળની/લોકબોલીઓ જીવશે કે કેમ ? તેવા પ્રશ્ન તો છે જ. એટલે એક દિવસ મારા મિત્ર પ્રવીણ ગઢવી(ભાષાનિયામક)ના કહેવાથી મેં 'રાજભાષા'(ગુજ. સરકારનું માસિક)માં 'વિસરાતા શબ્દ' નામે કેટલાક શબ્દો છપાવ્યા ને ત્યારબાદ હું શબ્દોને શોધતો રહ્યો ને આજે 'તળની બોલી' સુધી પહોંચ્યો. આ માટે મેં કરેલી કેટલીક ખેપ વિશે થોડુંક કહું.

* * *

શહેરથી ગામડા તરફ મારું જવું ઓછું થઈ ગયેલું. પ્રસંગોપાત્ત ગામ જતો. ગામમાં મારું સ્વનું કહી શકાય તેવું હવે કોઈ રહેતું નથી. અમારા કુટુંબનાં પંદર-વીસ મકાન બંધ છે. બે-ત્રણ ઉઘાડાં છે; પણ એ તો થોડાં દૂરનાં છે. બે-ચાર પેઢી આઘે. બીજાં છે... બધા વાસ આસરે બધું થાય એમાં ભલીવાર ના આવે. એટલે ગામડામાં પહેલાં ટહેલ કરતો તેમ શરૂઆત કરી કોદરામથી...

બસ-સ્ટેશને ઊતર્યો. જવું હતું બહેનને ઘેર પણ લવારિયાંનો દંગો જોયો. હું એ તરફ ચાલ્યો. એક વેંતવેંતના મૂછધારી કાકા... ધમણ ચલાવે... જવાન દીકરો લોઢું ઘડે... મને જોઈ પેલા કાકાએ, ધમણ પડતી મૂકી બે હાથ જોડી રામ રામ કહ્યા.

મેંય વિવેક કર્યો. હું હસ્યો. પેલા કાકા તો કામમાં વળગ્યા. મેં વાત કરવા માંડી.

'કેમ 'કાકા, કયે દેશ રેવું !'

'અમે જ્યાં રઈએ ત્યાં દેશ ! હાલ તો કોદરૉંમ; કાલ બીજે દૉંતોરમાં જાહું.'

'આ કોદરામ... દૉતોરમાં નથી.'

'એ અડધું ધાંધાર... અડધું દૉતોર !'

'તો તમારું કયું... વતન....'

કાકો અટકી ગયો. એની આંખો જાણે કંઈક શોધતી હોય એમ ઉત્તર તરફ જોઈ બોલ્યો,

'એ તો દિલ્લીનો બાદશો લેઈ જ્યો !'

બસ, પછી તો આત્મીયતાનો માહોલ ઊભો થયો ને લવારિયાની ભ્રમણકથા, મહારાણા પ્રતાપની વીર ગાથાને લવારિયાના શબ્દો મળી ગયા. આ રખડુ કે રઝળુ લોકો કેટલી વેદના લઈ જીવે છે ! વર્ષોથી, વંશપરંપરાથી. પણ હવે વર્ષોથી દૉતોરના ગામડાના થઈ રહ્યા છે. જાણે એમનું જ મૂળ વતન.

* * *

શબ્દશોધને વેગ આપવા માટે મને એક વધારાનું કારણ મળી ગયેલું. હું દલિતોની પાટપરંપરા અને તેના મૌખિક શ્લોક વિશે ખાંખાંખોળા કરતો હતો. મારી મુલાકાત કોદરામના રણછોડભાઈ વૈષ્ણવ (વિષ્ટમ સાધુ) સાથે થઈ. એમણે પાટપરંપરા વિશે ઘણું બધું કહ્યું. એ વિશે લખાયું, સાથે જ પાટપરંપરાના શબ્દો મળ્યા. વણકર, ચમાર(મિયોર)ના શબ્દો માટે તો મેં મારા ગામ મંડાલીમાંથી શોધ કરી. તો મુસ્લિમ કુંભારના શબ્દો ને તેમની ઉત્પત્તિની કથા લુણવા ગામના પાદરેથી પસાર થતા રોડ પાસે ઘર બનાવીને રહેતા ને નિભાડો કરતા સુમરા કુટુંબના બધા સભ્યોએ યાદ કરી કરીને મને લખાવ્યા.

હરિભાઈ સેનમાએ મને સેનમા જાતિના, ઢોલ, રસી વણવાના, સાવરણી અંગેના શબ્દોનું પોટલું બંધાવ્યું. તો મારા ઘરાક મણિલાલ ઉર્ફે મણાજીએ મને ઓરગણા જાતિના શબ્દોની જાણકારી આપી.

સુરેશ દેવીપુત્રે તો 'ડાક'ના શબ્દો લખાવતાં 'રેડી' કરવાની તૈયારી કરેલી. જ્યારે ખેડૂતના શબ્દો મારા ગામના વેલજી ચૌધરી તથા મારા ગાંધીનગરના પાડોશી પ્રા. બહાદુરસિંહ વાઘેલા પાસેથી મળ્યા. મારી સફર મારા તળનાં ગામડાંઓમાં થતી રહી. પાન્છા, વિઠોડા, બળાદ, ચાણસોલ, ડભાડ, ખેરાલુ, વાસણા... કેટલાંય ગામોમાં જવા-આવવાનું થતું રહેતું. હું શબ્દોની શોધમાં રહેતો. યોગ્ય વ્યક્તિ મળે તો જરાય સંકોચ વિના પૂછી લેતો. લોકો રાજી થઈ શબ્દભંડોળ વધારી આપતા.

રતિલાલ મોદી(મંડાલી)એ મારા ગામના કુંભારવાસના લોકોમાંય જાણીતાઓની મુલાકાત કરાવી કુંભારના શબ્દો માટે મદદ કરાવી, તો એમણે ઘાંચીના શબ્દોની ભેટ ધરી. દિનેશકુમાર પરમાર (જે મારા જમાઈ છે.) તેમણે તો તૂરી સમાજની ગુપ્ત ભાષાના શબ્દો મેળવી આપ્યા. ખેરાલુ રોડ પર રાવણહથ્થો વગાડીને જતા એક ભરથરી પાસેથી 'ભાઈબહેન'નું લોકગીત સાંભળતાં સાંભળતાં સારંગીના શબ્દ

મેળવ્યા.

અને બાકીનું કામ મારા કાનોએ કર્યું. મને એક ટેવ પડેલી, સફર દરમિયાન હું જ્યાં પણ બેઠો હોઉં; ગામ, ગોંદરે, બસસ્ટેશન કે કોઈ પણ જાહેર સ્થળે; હું સાંભળતો, લોકોની વાતો, લહેકાઓને નોટબુક, કાગળ, ડાયરીમાં ટપકાવતો. એવો ખજાનો હું ભેગો કરતો. બાકી હું ગામડાનો માણસ.... ઘર, ઘંટી, હોકો કે ટીલડી વિશે તો જાણતો હોઉંને ! તોય પૂછી પૂછીને શબ્દો લખ્યા છે. રૂઢિપ્રયોગો--કહેવતો તો રોજની વાતોમાં એટલાં બધાં છલકાય કે તમારે ક્યાંય પૂછવા જવું ના પડે અને પૂછવા જાઓ તો તમારા ખજાનામાં નવું કંઈક આવી પડે જ.

* * *

મારા ગામનાં વૃક્ષને–વેલાઓને નામજોગ ઓળખું. એમાંય તળાવકાંઠાના બે ઊમરા તો મારા ભેરુબંધ. જ્યારે હું ગામ ગયો હોઉં ને તેમને ના મળ્યો હોઉં એવું નથી બન્યું. એમનાં વિશાળ જાડાં થડ... સફેદ થડની જાડાઈ અત્યારે તો વીસ ફૂટથીય વધારે છે પણ... બાજુમાં ખેતર હોવાથી તેનો ફાલ ખેડૂત તોડી નાખે છે. પણ હજી બન્ને ઊમરા સોથીય વધારે વર્ષથી અડીખમ છે.

અમારા ગામનાં પંખીઓને હું સારી રીતે પિછાણું. જો તમે કલકલિયો ઉર્ફે કિંગફિશરની સિસોટી સાંભળી હોય, એને આકાશમાંથી આકાશમાં જ ફૂદાંનો શિકાર કરતો અને છબ્બાક દઈ તળાવમાં માછલીનો શિકાર કરતો જોયો હોય, એનો દિવસ સોનેરી થઈ જાય.

ઘાસમાં જાણે ટાંકણાથી કોઈ ટાંકતું હોય એમ વારે વારે ડોક ઊંચીનીચી કરતો ઘંટીટાંકણો વાહ ! એ સમજવું ઘણું અઘરું છે. પૂંવાડિયાનાં ફૂલ કે ડોડીના ડોડા વાડેથી તોડીને ખાધા હોય એને જ સમજાય કે ગામડું શું ચીજ છે. ગોઠીમડાંનો સ્વાદ ક્યારેય કોઈ ભૂલે ભલા ? તારોલિયું ને મણકી કે ઢેબરોને ના ઓળખતા ગ્રામજન માટે કયો શબ્દ વાપરવો ?

ગારુડી કે દારૂડીનાં કાળાં 'બી' જેણે હાથમાં ના રમાડ્યાં હોય ને ગોખરુ કે ગાડરના કાંટાનો અનુભવ તો હવે કોઈ ક્યાંથી લાવે ?

ધૂધણીમલની લીમડી, વેરાઈમાનું મંદિર, રામાપીર અને મહાદેવ બધાંય વસે છે ગામમાં. મોરપીંછનાં આટલાં બધાં નામ હોય એ કદાચ 'કાના'નેય ખબર નહીં હોય. એને તો ટીલડી ગમેલી... મને તો ટીલડી, બેલડી, કડાયો કે ટપલોય ગમે.

મારું ગામ, મારો પ્રદેશ મારી સામે શબ્દ થઈને વિખરાઈ પડ્યાં છે. વીણતો જાઉં તેમ તેમ મજા પડી છે. કોઈ પૂછે કે આ બધું ક્યાંથી મળ્યું તો ઝડપથી કહી દઉં 'મારા દૉતોર'ની ધૂળમાંથી.

* * *

અનુઆધુનિકતાવાદ(લગભગ 1980 પછીનો સમય)ના અવતરણે ગુજરાતી ભાષામાં

ગ્રામચેતના, દલિત ચેતના, નારીવાદ અને અન્ય કેટલીય નવીન ગુજરાતી સાહિત્યની ધારાઓ અસ્તિત્વમાં આવી. તેમાંય ખાસ કરીને દલિત ચેતના, ગ્રામચેતનામાં તળની ભાષાના શબ્દોના પ્રયોગ થવા માંડ્યા; પરંતુ શબ્દકોશમાં શબ્દ મળી શક્યા નહીં. જે આ તળની બોલીનો શબ્દાવલીકોશ, ગામડાના શબ્દોના અર્થ પૂરા પાડવાની ક્ષમતા ધરાવે છે, પણ તે ઉત્તર ગુજરાત પૂરતો સીમિત રહે છે. સાથે ગૃહઉદ્યોગના પતનથી ગૃહઉદ્યોગ સાથે જોડાયેલ શબ્દ લુપ્ત થતા જાય છે, તેનો થોડોક સંગ્રહ અહીં થઈ શક્યો છે.

આ પુસ્તક વાંચતાં ક્યારેક એવું પણ લાગે કે આ બોલાતી ભાષાના શબ્દો અને લહેકા દલિત/પછાત જાતિઓના વધારે છે. તે વાત સત્ય છે. જ્યાં જે જાતિઓમાંથી આ શબ્દોનું ભંડોળ ભેગું કર્યું તેઓનું વર્ચસ્વ વધારે જ હોય. વળી જ્યાં સુધી મને લાગ્યું કે આ શબ્દ જૂનો છે ત્યારે જ સ્વીકાર્યો છે. નવા શબ્દ મેં છોડી દીધા છે. આમ તો આ શબ્દ આઝાદી પૂર્વેય બોલાતા હતા. વળી મારી શબ્દાવલીની શોધમાં ઉપર લખ્યા પ્રમાણે મારા ગામની આજુબાજુના વિસ્તારોને જ મેં પસંદ કર્યા છે. અહીં કેટલાક એવા શબ્દો પણ છે, જે જાતિઓ માટે અપમાનજનક હોય; પરંતુ તે શબ્દો અહીં સમાવવા માટે 'સમાજ'નું અપમાન કરવાનો મુદ્દલ ઇરાદો નથી જ. પણ પૂરા સમાજનું આખું ચિત્ર મળે, તે માટે મૂક્યા છે. ભવિષ્યમાં કોઈ અભ્યાસી-વિદ્વાનને ઉપયોગી થઈ પડે તે માટે મૂક્યા છે. આ શબ્દો કોઈનું અપમાન, અવમાન કે જાહેરમાં ઉપયોગ કરવા માટે લખ્યા નથી. તેમ છતાં કોઈનું મન કચવાય તો હું ક્ષમા માગી લઉં છું. સંશોધનકાર્યમાં મદદ કરી એમ સમજી દરગુજર કરશો.

મારે ખાસ કહેવું જોઈએ કે આ શબ્દાવલી કોઈ 'જોડણીકોશ' નથી, 'દૉતોર' પરગણાના વિસ્તારના બધા જ શબ્દોને અહીં ભેગા કરવામાં આવ્યા નથી. પણ મારાથી જેટલા શબ્દને ભેગા કરાયા તેટલા શબ્દોને અહીં મેં આપ્યા છે. અહીં જેટલું ભેગું થયું છે એનાથી ઘણુંબધું રહી ગયું હશે. તેને ભેગું કરવા મિત્રોને આહવાન કરું છું.

આ કામગીરીમાં મને મદદ કરનાર સુમરા પરિવાર, દૉતોરના ગામડે ગામડે ફરતો લવારિયા પરિવાર, મંડાલી ગામના પ્રજાપતિ, રતિલાલ દ્વારકાદાસ મોદી, રણછોડભાઈ વૈષ્ણવ (વણકર સાધુ), દિનેશકુમાર સદાભાઈ પરમાર, પ્રા. બહાદુરસિંહ વાઘેલા, વેલજીભાઈ ચૌધરી, સુરેશકુમાર દેવીપુત્ર, હરિભાઈ સેનમા, મણિલાલ વાલ્મીકિ, દલાભાઈ સેનમા, રમેશ ર. દવે વગેરે અને મને શબ્દો ભેગા કરવામાં નાનીસરખીય મદદ કરી હોય એ સૌનો ખૂબ આભાર.

હું એક વિગત તરફ ધ્યાન દોરવાની ચેષ્ટા કરું છું જે અગત્યની છે. મેં દલિત જીવનનાં કેટલાંક પાસાંઓ વિશે સંશોધન કર્યાં છે. જેમ કે દલિતોની પાટપરંપરા (ધાર્મિક પરંપરા), મૌખિક પરંપરા, ગુરુપરંપરા, દલિતોની ઉત્પત્તિ અને વિકાસ, વીરમાયાનાં જીવનકવન વિશે, તૂરીઓની ભવાઈ વિશે, દલિતો પર થયેલા અત્યાચાર વિશે, દલિત જીવનના સચ્ચાઈભર્યા પ્રસંગો મેળવવા ગામડાંઓમાં ફર્યો છું. ઘણા

વડીલો–લોકોને મળ્યો છું જેની મેં ડાયરીઓમાં નોંધ કરી છે. નવલકથા/વાર્તાઓ, નાટક લખ્યાં છે. દલિતોની રહેણીકરણી, દેવદેવી, આભડછેટ, જાતિગત ચડઊતરની છણાવટના લેખ/સંશોધનલેખ કર્યા છે. આ બધાંની સાથે શબ્દોય નોંધાતા ગયા હતા. મારી તમામ ડાયરીઓ મારી શબ્દભૂખની સાક્ષી છે. કદાચ મારી ડાયરીઓમાં જેટલા શબ્દ છે, તે બધા અહીં ઉતારી ન શક્યો હોઉં, એ મારી કમજોરી છે. પણ જેટલું લઈ આવ્યો છું એટલું સ્વીકારશો. વિશેષમાં 'આ શબ્દાવલી'ના આધારે હું કેટલાક શબ્દોને સાર્થ ગૂજરાતી જોડણીકોશમાં સ્થાન અપાવી શક્યો છું, તેનો આનંદ વ્યક્ત કરું છું.

વિશ્વકોશ ટ્રસ્ટે મારી શબ્દાવલીનું પુસ્તક પ્રકાશિત કરવા જે ઉમળકો દર્શાવ્યો અને તેમાં ભૂલસુધાર તથા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું તે બદલ મુ. શ્રી ધીરુભાઈ ઠાકર, શ્રી કુમારપાળ દેસાઈ અને ટ્રસ્ટનો આભારી છું. તેમના સધિયારે આ શબ્દાવલી છ્પાઈ. અન્યથા આંગળી ચીંધ્યાનું સઘળું પુણ્ય પ્રવીણ ગઢવીને શિરે... 'રાજભાષા', 'પરબ'ને યાદ કરું છું.

મારા કાર્યમાં જે સહભાગી થયા, મદદગાર થયા, માર્ગદર્શક થયા, સૌને સલામ.

'દૉતોર', મને તારું ઋણ ચૂકવવા આટલું આવડ્યું તે તને અર્પું છું.

ગાંધીનગર **દલપત ચૌહાણ**

તા. 17-9-'09

* * *

## ટૂંકાક્ષરોની સમજ

| | |
|---|---|
| (અ.) | અવ્યય |
| (ક્રિ.) | ક્રિયાપદ |
| (નપું.) | નપુંસકલિંગ |
| (પું.) | પુંલિંગ |
| (બ.વ.) | બહુવચન |
| (સ્ત્રી.) | સ્ત્રીલિંગ |

# તળની બોલી

## દલપત ચૌહાણ

# હાંકળિયું (સાંકળિયું)


ઓરગણા (વાલ્મીકિ, ભંગી, ઋષિ, રૂખી) 19
કુંભાર (પ્રજાપતિ-ઓઝા) 19
ઘાંચી 22
તૂરી 22
પેંજારા (પીંજારા) 25
ભરથરી 26
મિયોર (ભાંભી, ચામડિયા, ચમાર) 26
મોયલા (મુસલા - મુસ્લિમ કુંભાર) 29
રાવળિયાં (રાવળ) 32
લવારિયાં 33
વણકોર (વણકર, નાનું મહાજન, ઢેડ, સાળવી) 34
વાઘરી (દેવીપુત્ર) 37
વાદી (લાલવાદી, ફૂલવાદી) 38
સેડુ (ખેડૂત) 39
સેનમા (ચેણમા, ચેનમા) 45
હથવારા (સથવારા, હતવારા, કડિયા) 46
હુતાર (સુથાર) 48
ગામમાં વસતી જાતિઓ / તેમની કામગીરી 49
ગામડાંમાં મનોરંજન પૂરું પાડી ભિક્ષાવૃત્તિ કરનારા / અન્ય 50
જાતિઓ માટે વપરાતા અપમાનજનક શબ્દો 52
પેરવેસ : પહેરવેશ (વસ્ત્રો) 52
ઘરેણાં 54
ઘર 56
ઘંટી 57
ઓકો (ઉકો, હોકો) 58
ભોજન વિશે 59
ભઠ્ઠી (મોટો ચૂલો) 60
ટીલડી (મોરનું પેંસુ, મોરપીંછ) 61
ગામડાં / શહેરોનાં નૉંમ 63
લગ્ન-મૃત્યુ સંબંધી (દલિત સમાજ સંદર્ભે) 65
કેવતો (કેત, કહેવતો) 69
રૂઢિપ્રયોગો 72
બોલતાં બેવડાતા શબ્દ 78
શબ્દાવલી :'અ' થી 'હ' સુધી 84

કોઈ પણ ભાષાનો શબ્દકોશ એ તે ભાષાના, એટલે કે, તે ભાષા બોલનાર સમાજના પુરુષાર્થનું પ્રતીક હોય છે. એવા સમાજમાં દરેક નવી વસ્તુનો બહિષ્કાર કરવાની સંકુચિત વૃત્તિ હોતી નથી, અને જે જુઓ તેનો સ્વીકાર કરો એવી ભિખારી વૃત્તિ પણ નથી હોતી. પોતાપણું સાચવીને, ગૌરવ વધારીને જેટલી નવી વસ્તુ લઈ શકાય, તેટલાનો સ્વીકાર કરતાં આંચકો નહિ ખાય; અને નવાની ભભકથી અંજાઈ જઈ જેને જુએ તેને ચરણે ઢળી પડે, પોતીકાંનો તિરસ્કાર કરી પરાયાંનું દાસત્વ સ્વીકારે, એવી હીન બુદ્ધિ પણ ન રાખે....

દ. બા. કાલેલકર

('સાર્થ ગૂજરાતી જોડણીકોશ', સાતમી આવૃત્તિ, પૃ. 23)

## ઓરગણા (વાલ્મીકિ, ભંગી, ઋષિ, રૂખી)

ઢોલ વગાડવો, ઈંઢોણી, સૂપડાં બનાવવાં, વાંસકામ કરવું.

### હૂપડું

કાટ (સ્ત્રી.) સૂપડાની ચામડાની પીઠ

ખાપો (સ્ત્રી.) વાંસને ચીરીને બનાવેલ પટ્ટીઓ/ચીપો

તોર (નપું.) સૂપડાનું સાંઠીઓનું તૈયાર ખોખું

પાહું (નપું.) પાસું, બાજુ

પૂંછ (સ્ત્રી.) પૂંઠ, સૂપડાનો પાછળનો ભાગ જ્યાંથી સૂપડાને વાળવામાં આવે

ભરત (નપું.) ભરતકામ, સૂપડાની સાંઠીઓને એકબીજી સાથે જોડી સૂતર વડે બાંધતાં કરવામાં આવતી કારીગરી

માઝું (નપું.) સૂપડાનો અંદરનો ભાગ

મોર (સ્ત્રી.) મોરપીંછને ચીરીને સાંઠીઓ બાંધવા માટે તૈયાર કરેલી રસી/દોરી, નસ

મોરી (અ.) સૂપડાનો આગળનો ભાગ

હરચી (સ્ત્રી.) સાંઠીઓ

હૂતર (નપું.) સૂતરના દોરા

હૂપડું (નપું.) સૂપડું

હોટી (સ્ત્રી.) વગદાની સોટી (સૂપડાની પૂંઠ બાંધવા જાડી સોટી ઉપયોગમાં લેવામાં આવે છે.)

*

કાટ બાંધવી (સૂપડાની ઊભી પીઠને ચામડે મઢવી.)

ખાપો બાંધવી (સૂપડાની પીઠને વાંસની ચીપો બાંધીને મજબૂત બનાવવી.)

તોર કરવી (સૂપડાનું ખોખું તૈયાર કરવું.)

ભરત ભરવું (સૂપડાની સાંઠીઓ બાંધતાં ભરતકામ કરવું તે.)

મોર ચીરવા (મોરનાં પીંછાં ચીરવાં.)

હૂપડું બાંધવું (સૂપડું તૈયાર કરવું.)

હુલ્લા (વાંસના સૂંડલા)

છાબડી (સ્ત્રી.) નાની છાબડી

ડાલો (પું.) મોટો સૂંડલો

ડોળિયું (નપું.) મેથી કાગળને પલાળી તૈયાર કરાતી નાની ટોપલી

બોસિયું (નપું.) નાની ટોપલી, નાની સૂંડલી

હુલ્લી (સ્ત્રી.) મધ્યમ ગાળાની સૂંડલી, ટોપલી

હુલ્લો (પું.) સૂંડલીથી મોટો સૂંડલો

## કુંભાર (પ્રજાપતિ-ઓઝા)

માટીનાં વાસણ/પાત્ર ઘડનાર જાતિ

### નેંભાડો (નિભાડો)

આરુંડું (નપું.) કુંભારની બાજુમાં મુકાતું પાણી ભરેલ પાત્ર

કુંભાર (પું.) કુંભકાર, ઓઝા, પ્રજાપતિ, માટીનાં વાસણો બનાવનાર એક

જાતિ

કોંડ (સ્ત્રી.) માટલાં ઘડવાની જગ્યા

ખડી (સ્ત્રી.) સફેદ માટીનો રંગ

ખાખર (પું.) આળો, આંબો, વગદો વગેરેનાં પાન, સાંઠીકડાં વગેરે

ખીલ (સ્ત્રી.) ગબી નીચેની લાકડાની આડી ચીપ

ગબી (સ્ત્રી.) ટૂવો, ચાકડા પરનું કાણું

ગળી (સ્ત્રી.) ખીલી, ખૂંટી (ચાકડો જેના પર ફરે છે.)

ઘાટવું (ક્રિ.) ઘાટ આપવાની ક્રિયા

ચકલાકડી (સ્ત્રી.) ચાકડો ફેરવવાની નાની લાકડી, ચાકળી

ચાકડો (પું.) માટીના પિંડને ઘાટ આપવા માટેનું ગોળ સાધન, ચાકળો

ચાકળી (સ્ત્રી.) જુઓ ચકલાકડી.

ટપલી (સ્ત્રી.) ટપલા જેવું નાનું સાધન

ટપલું (નપું.) ટપલા જેવું નાનું સાધન

ટપલો (પું.) માટલું ઘડવા માટે વપરાતું ભાતિયા જેવું લાકડાનું મોટું સાધન

ટૂવો (પું.) ચાકડા પરનું કાણું (કાણામાં ચકલાકડી ભેરવી ચાકડો ફેરવવામાં આવે છે.)

ડૂર (નપું.) ડૂળ, ડટ્ટર, રાયડાના સાંઠા

થાળું (નપું.) બાર આરાવાળું લાકડાનું ચક્ર (જેની આજુબાજુ ગોળાઈમાં માટીના ઘડતરથી ચાકડો બનાવવામાં આવે છે.)

નળિયું (નપું.) જુઓ નાળ્ય.

નાળ્ય (સ્ત્રી.) નાળ (ચાકડા ઉપર બૂંડળું ઊંધું મૂકી નળાકાર તૈયાર કરી નળાકારને ચીરીને નાળ બનાવવામાં આવે છે.)

નેંભાડો (પું.) નિભાડો, માટીનાં વાસણ પકવવાની જગ્યા

પહાતું (નપું.) પાહેતું, માટી મેળવવાની વેરા વિનાની જગ્યા

પાહેતું (નપું.) જુઓ પહાતું.

પેલ્લો (પું.) પેંડ, પેંડો, વાસણ ઘડવા માટેનો માટીનો પિંડ

પેંડ/પેંડો (પું.) જુઓ પેલ્લો.

પેંડી (સ્ત્રી.) પથ્થરનું પિંડી જેવું સાધન (કાચા માટલાની અંદરના ભાગે પિંડી રાખી ઉપર ટપલા વડે ટીપી માટલું તૈયાર કરવામાં આવે છે.)

ફેરી (ક્રિ.) ચાકડાને ગોળ ફેરવવાની ક્રિયા

બૂંડળું (નપું.) નળિયું ઘડવા પ્રથમ અપાતો ઘાટ

ભાઠી (સ્ત્રી.) નિભાડામાં નળિયાં પકવવાની જગ્યા

ભાંભું (નપું.) જુઓ ભૂંજેળું.

ભૂંજેળું (નપું.) ભૂંભૂં, ભાંભું, થૂવરનાં સુક્કાં થડ, ડેડાં વગેરે

ભૂંભૂં (નપું.) જુઓ ભૂંજેળું.

મૂળેટ (નપું.) કાચો ઘાટ, કાચું તૈયાર કરેલ પાત્ર

મોભારિયાં (પું.) પહોળાં નળિયાં (મોભારે ગોઠવવામાં આવે છે.)

મોયડું (નપું.) મોટી ઈંઢોણી

મોરડું (નપું.) મોટી ઈંઢોણી

રમજી (સ્ત્રી.) ગેરુ, માટલાં રંગવાનો લાલ રંગ, રેડ ઑક્સાઇડ

સારૂ (નપું.) છારું, બળેલા કોલસા, રાખ, કોલસી વગેરે

સુથિયું (નપું.) મોયડું, મોરડું, મુંજની મોટી ઈંઢોણી

*

નેંભાડો ખડકવો (નિભાડાની જગ્યામાં માટલાં, આળો વગેરે ખડકવાં.)

નેંભાડો ખોલવો (નિભાડો પાકી ગયા પછી તેમાંથી પાકેલાં વાસણ વગેરે કાઢી લેવાં.)

નેંભાડો પૈણાબ્બો (નિભાડો પરણાવવો – નિભાડામાં આગ મૂકવી.)

## ઈંટવાડો

ઈંટવાડો (પું.) ઈંટો પાડી, ખડકી પકવવાની જગ્યા

ખાટેણું (નપું.) ફરમો સાફ કરવાનું છરી જેવું હથિયાર

ગજી (સ્ત્રી.) ઈંટવાડામાં ગોઠવેલ કાચી ઈંટો ઉપર પાકી ઈંટનું આવરણ કરવું, ઈંટોની ગોઠવણ કરવી.

ગોટલો (પું.) બીબાં ઉપરથી વધારાની માટી સાફ કરવાની પટ્ટી

ચરબારો (પું.) ઈંટવાડામાં આગ મૂકવા પોલાણ રાખવું.

ઝાંઝરી (સ્ત્રી.) અગિયાર ઈંટની થપ્પી

ડીબું (નપું.) બીબું, ઈંટ બનાવવાનો ફરમો

પરથાળ (સ્ત્રી.) કાચી ઈંટો ગોઠવવાની જગ્યા

પાટલો (પું.) ફરમાની નામવાળી પટ્ટી

પાટી (સ્ત્રી.) પતરું (કાચી ઈંટને પતરા ઉપર ગોઠવી સૂકવવા માટે લઈ જવામાં આવે છે.)

ભટ્ઠો (પું.) ઈંટો પકવવાની કાયમી જગ્યા

લપ્પી (સ્ત્રી.) નદીની ઝીણી રેત

લપ્પો (પું.) જુઓ લપ્પી.

સાબણ (સ્ત્રી.) જુઓ સાબત.

સાબત (સ્ત્રી.) સાબણ, ઈંટોનું ઢાંકણ (ઈંટો ઉપર આડી ઈંટો ગોઠવવી.)

*

ઈંટવાડો પૈણાબ્બો (ઈંટવાડામાં આગ મૂકવી.)

ઓળ પૂરવો (સાબણ ઉપર છારું નાખવું.)

ગજી કરવી (પાકી ઈંટોનું આવરણ કરવું.)

ઘોડા ભરવા (ઈંટવાડાના તળિયે હવા બારીઓ રાખવી.)

ચરબારો રાખવો (આગ મૂકવા પોલાણ રાખવું.)

પાળો કરવો (ઝાંઝરી સુકાયા પછી એક જગ્યાએ ઈંટો ગોઠવવી.)

બદર કરવું (ઈંટવાડામાં લાકડાં વગેરે ગોઠવવાં.)

*

નળિયાં બનાવવાં = માટીનો પિંડ તૈયાર કરવા માટી + રાખ

માટલાં બનાવવાં = માટીનો પિંડ તૈયાર કરવા માટી + ગધેડાની લાદ

# ઘોંચી

તલ, મગફળી, ડોળ વગેરે ઘાણી વડે પીલી તેલ તથા કરિયાણું વેચનાર જાતિ

### ઘાંણી

આડો (પું.) ચેંચૂડો, મૂડો અને લાટ વચ્ચે ગોઠવાયેલું લાકડું જેના કાણાને લીધે વજનિયું ફેરવી શકાય.

ઓરવું (ક્રિ.) ઉમેરવું, નાખવું.

કડઈ (સ્ત્રી.) કડાઈ, તેલીબિયાં બાફવા માટેનું લોખંડનું પાત્ર

કુલ્લું (નપું.) તેલ ભેગું કરવાનું ચામડાનું પાત્ર

ખતુ (નપું.) ચેંચૂડા ઉપરનું કાણું

ઘોંણી (સ્ત્રી.) તેલીબિયાં પીલવા માટેનું સાધન, ઘાણી

ચેંચૂડો (પું.) જુઓ આડો.

ચોકડું (નપું.) ઘાણી ઉપર બેસવા માટે ગોઠવેલું લાકડાનું ચોકઠું

ટોકરો (પું.) ઘૂઘરો (બળદને ગળે બાંધવામાં આવે છે, જેથી બળદ ઊભો રહી જાય તો ખબર પડે.)

ડાબલા (પું.) અપારદર્શક ચામડાનાં ચશ્માં (બળદની આંખે પહેરાવવા માટે)

ડોળ (પું.) મહુડાનાં ફળ

ડોળિયું (નપું.) મહુડાનું તેલ

તપેલું (નપું.) તેલ ગરમ કરવા માટેનું લોખંડનું પાત્ર

તલિયું (નપું.) તલનું તેલ

નાયો (પું.) ઘાણીમાં પાડેલું કાણું (જેમાં થઈ તેલ કુલ્લામાં ભેગું થાય)

પરવાણ (નપું.) તેલીબિયાં ઓરવા માટે ઘાણીમાં કરેલ ખાડો

પલાણ (નપું.) બળદને જોતર સાથે બાંધવા વપરાતું ગાદીવાળું સાધન

ફેરી (સ્ત્રી.) બળદને ઘાણી ફરતે ફેરવવાની ગોળ જગ્યા

મફળી (સ્ત્રી.) મગફળી

માણું (નપું.) તેલીબિયાં ઓરવાનું માપિયું

મૂડો (પું.) લાટને ફેરવવા માટેનું વજનિયું

લાટ (પું.) પરવાણમાં ઊભો કરેલ તેલીબિયાં પીલવા માટેનો સ્તંભ

# તૂરી

### કલાકાર જાતિ

[અદલિત જાતિની તરગાળા / ભવાયા કોમ જેવાં જ કલાનાં કામ કરે છે. તૂરી/નાયક સારંગી, વાજું (પેટીવાજું) સાથે ગાઈને લોકકથાઓ કહે છે. તૂરી/બારોટ દલિત જાતિઓ માટે કવિત જોડી વારે-તહેવારે વખાણ કરી ભિક્ષા ઉઘરાવે છે. તૂરી/ વહીવંચા દલિત જાતિઓની પેઢીઓની વહી રાખે છે. પેઢીનામા લખે અને દાન ઉઘરાવે છે. તૂરી/ભવાયા ભવાઈ, રામલીલા, જાતર, કાંચળિયાનો વેશ, બહુરૂપીના વેશ વગેરે ભજવે છે. સારંગી, પેટીવાજું, ઢોલક, શરણાઈ, ભૂંગળ, નરઘાં જેવાં વાજિંત્ર વગાડે છે.]

## સેણાઈ

(ફૂંક મારીને સંગીત ઉત્પન્ન કરવાનું પિત્તળનું વાજિંત્ર)

છાબુ (નપું.) સાબુ, શરણાઈનો આગળનો પહોળો ભાગ

જીભ (સ્ત્રી.) તાડના પાનને વાળી જીભ બનાવી, શરણાઈના પાતળા છેડે બેસાડવામાં આવે છે. ફૂંક મારવામાં આવતાં શરણાઈ વાગે છે.

પંજો (પું.) ફૂદડી અને સાબુ વચ્ચેનો ભાગ, (જેના પર ત્રણ છિદ્ર હોય છે જેના વડે રાગ-રાગણી માટે આંગળીઓ ફેરવવામાં આવે છે.)

ફૂદડી (સ્ત્રી.) ફૂદડી પંજામાં બેસાડવામાં આવે છે. તેમાં જીભ ગોઠવી ફૂંક મારવામાં આવે છે.

સૈણાઈ (સ્ત્રી.) શરણાઈ, સેણઈ

## ભૂંગોળ

(તાંબાની ત્રણ પોલી નળીઓના ટુકડા સળંગ ભેરવી બનાવવામાં આવે છે.)

ભૂંગળ (સ્ત્રી.) ભૂગોળ, ભોગળ, એક વાજિંત્ર

ભૂંગળિયો (પું.) ભૂંગળ વગાડનાર

પોગું (નપું.) ભૂંગળનો આગળનો ભાગ

વેણું (સ્ત્રી.) ભૂંગળનો મધ્ય ભાગ

ચીમચી (સ્ત્રી.) ચમચી, ભૂંગળનો ત્રીજો ભાગ (જેનો છેડો ચમચી જેવો હોય છે; જ્યાં હોઠ મૂકીને ફૂંકવામાં આવે છે.)

*

કરો જશના (ભૂંગળ વગાડવાની શરૂઆત કરો.)

## છાની ભાષા (ગુપ્ત ભાષા)

[તૂરી સમાજ પોતાની ખાનગી વાત કોઈ જાણી ના જાય અને જાહેરમાં વાત કરી શકાય તે માટે એક જુદી મૌખિક ભાષા વિકસાવી હતી. અને તે ભાષાના શબ્દો ગુજરાતી ભાષામાં ભેળસેળ કરી વાતચીત કરતા.]

આકવુ (ક્રિ.) આવવું

કકરા (પું.) દાણા

કુમલી દતવું (ક્રિ.) સંતાડવું

ખેમો (પું.) રૂપિયો

ગચ (ક્રિ.) જા

ગચવું (ક્રિ.) જવું

ગુણવું (ક્રિ.) જવું

ઘટવું (ક્રિ.) પીવું

જુખલું (નપું.) કૂતરું

ટવવી (ક્રિ.) પડવી

ટાંરકી (ક્રિ.) ઊંઘવું

દેકલો (ક્રિ.) આપો

દોરવું (નપું.) માણસ

ધધા (પું.) પૈસા

ધાબડવું (ક્રિ.) મારવું

નીરખું (નપું.) પાણી

પકા (પું.) ચમાર

બનેસડી (સ્ત્રી.) ખીચડી

બમજણ (સ્ત્રી.) સમજણ

ભેમણ (પું.) ખીચડી

રેશું (સ્ત્રી.) છાશ

લલો (પું.) શીરો

લવરી (સ્ત્રી.) છોકરી

લવરો (પું.) છોકરો

વેતવું (નપું.) જમવું

સંગા (નપું.) ભોથાં, માંસ

સુભોરથ (ક્રિ.) ઊભો રહે

સેખો (પું.) દારૂ

સેટવો (પું.) રોટલો

હોલ (પું.) વણકર

## તૂરી સમાજ દ્વારા બોલાતા ખાસ શબ્દો

અદકઈ (અધિક / વધારે)

આપટી (ભીડ, આપત્તિ)

આહટી (ગભરાઈ જવું)

ઉજમણાપતિ (જીવતે પંચને નોતરી જમાડનાર; ઉજમણું કરનાર)

ઓધારનાર (ઉદ્ધાર કરનાર)

કરવોત (કરવત, વહેરણ)

કળશ્યાપતિ (કળશિયો ભરનાર) (ભરણ પાછળ પંચને શીરો દાળભાત જમાડનાર)

કારજ / કારી (શુભ પ્રસંગ)

ચલણી (ચાલ, દાનની રીત)

ચારાખાણ (ચતુર)

ચુવાણ (ચૌહાણ)

ચોવટિયા (પંચાતી કરનાર, સાચું કહેનાર)

ઝકો / ઝકવું (ચમકવું)

દાતાર (દાન આપનાર)

દાળદર (દરિદ્રતા)

ધડે (સંપ)

પથમી (પૃથ્વી)

પારા / પારિયાં (ભાગણ)

પૈવટ / ચોવટ (પંચાતી)

ફોર / ફોરમ (સુગંધ)

ભરમાવ (નમસ્કાર / પ્રણામ / રામરામ)

મકવાણ (મકવાણા)

માવતર (માતાપિતા)

મેઘલીગત (મેઘવાળ પંચ)

મેતર (આગેવાન, સમાજ-પંચના આગેવાન)

મેતરાઈ (પંચાતી, સામાજિક ન્યાય કરવાની રીત)

મોરપદ (આગેવાની)

લાજીકરાવ (લાજવાન રાજા)

સોળંક / હોળંક (સોલંકી)

## નરઘાં

[હાથ વડે વગાડી શકાય તેવું વાજિંત્ર; તબલાં]

ભોણિયું (ઢોકડ) મોટું તબલું

કોઠી (સ્ત્રી.) તબલાંનું પોલાણવાળું લાકડાનું પાત્ર

ગજરો (પું.) પડાને કિનારે ગૂંથણીમાં કરેલ કાણાં

ચાંટ (સ્ત્રી.) પડાના કિનારે ચામડાની પટ્ટી

ડટ્ટા (પું.) સટ્ટા, કોઠીની ઉપરની બાજુએ વાધેરના દબાણમાં ગોઠવેલા ગોળ લાકડાના ટુકડા

પડુ (નપું.) પૂડી, કોઠી ઉપર મઢેલું પાતળું ચામડું

મેદાન (નપું.) શાહી અને ચાંટ વચ્ચેની

ખાલી જગ્યા

મોગરી (સ્ત્રી.) નાનકડી હથોડી (નરઘાંને ચડાવવા/વગાડવા તૈયાર કરવા ઉપયોગમાં લેવાય છે.)

મોચીલું (નપું.) ડઘો મૂકવા મોટી ગોળ ઈંઢોણી

રૂસનઈ (સ્ત્રી.) શાહી, (પડાની મધ્યમાં શાહી ભરી ગોળાકાર બનાવાય છે.)

વાધેર (સ્ત્રી.) વાધેર, વાધર, ચામડાની પટ્ટીઓ (પડાને કોઠી પર બાંધવા તથા દટ્ટાને દબાણમાં રાખવા ઉપયોગી છે.)

## ડઘો (બાયું)

ગજરો (પું.) પડાને કિનારે ગૂંથણીમાં કરેલ કાણાં

ચાંટ (સ્ત્રી.) પડાના કિનારે ચામડાની પટ્ટી

ડઘો (પું.) તાંબાની કૂંડી

પડુ (નપું.) પૂડી, કૂંડી ઉપર મઢેલું ચામડું

મોચીલું (નપું.) ડઘો મૂકવા મોટી ગોળ ઈંઢોણી

## ઘોરાલિયું (ઘોડાલિયું)

ઘોરાલિયું (નપું.) ઘોડાલિયું, વાંસની ચીપમાંથી બનાવેલ મોઢા વડે વગાડી શકાય તેવું વાજિંત્ર

જીભ (સ્ત્રી.) ચીપને વચ્ચેથી ચીરીને જીભ તરતી રાખવામાં આવે છે. (જેને મોઢામાં ધ્રુજાવીને વગાડી શકાય.)

ઠોડું (નપું.) ચીપનો દોરી બાંધી ઝટકો આપવાનો ભાગ

નોંધ : વાંસની ચીપને ચીરીને ઠોડું અને બીજી તરફ પાતળી દોરીઓ બાંધી ખુલ્લા મોઢામાં રાખી તરતી જીભને ઝટકો આપી ધ્રુજાવી વગાડવામાં આવે છે.

# પેંજારા (પીંજારા)

રૂ પીંજી ગોદડાં, ગાદલાં કરતી એક જાતિ

## પેંજણી (પીંજણી)

કૌંમઠી (સ્ત્રી.) કામઠી, વાંસની ધનુષ્ય જેવી પટ્ટી (પટ્ટી પીંજણી / પેંજણી સાથે બાંધેલી હોય છે, રૂ પીંજતી વખતે પીંજણીને ઉપાડવામાં મદદરૂપ થાય.)

ખોળ (સ્ત્રી.) ગોદડું તૈયાર કરવા કાપડનાં બે પડને ભેગાં ત્રણ બાજુથી સીવી લઈ ખોળ બનાવાય છે.

ગુલાટો (પું.) ડંબેલ્સ જેવા આકારનું જાડું લાકડાનું સાધન (જેના પ્રહાર કરી નોંદને ધ્રુજાવી રૂ પીંજાય છે.)

દંડો (પું.) દંડો (ગાદલું, ગોદડું સેવા (ટાંકા) નાખતા પહેલાં રૂ સરખું કરવા કૂટવામાં આવે છે.)

દોરી (સ્ત્રી.) પીંજણી અને કામઠીને બાંધેલી પાતળી રસી, નોંદ

નોંદ (સ્ત્રી.) પ્રાણીની નસની રસી બનાવી પીંજણીને બાંધવામાં આવે છે, પાતળી રસી

પેંજણી (સ્ત્રી.) રૂ પીંજવાનું લાકડાનું સાધન, પીંજણી

પેંજવું (ક્રિ.) રૂ પીંજવું, સાફ કરવું

મુંઢું સીબ્બું (ક્રિ.) મોઢું સીવવું, ખોળમાં રૂ ભર્યા પછી ખોળનું મુખ સીવી લેવામાં આવે છે.

સેવા (પું.) ટાંકા, ગાદલાં, ગોદડાંમાં રૂ ભર્યા પછી ટાંકા લેવામાં આવે છે.

સોયો (પું.) મોટી સોય જેવો ધાતુનો સળિયો

## ભરથરી

રાવણહથ્થો વગાડી, લોકગીત ગાઈ જૂનાં કપડાં અને

### અનાજની ભિક્ષાવૃત્તિ કરતી જાતિ

સારંગી (રાવણહથ્થો)

કાચલી (સ્ત્રી.) તુમલી, કાછલી

કામઠી (સ્ત્રી.) સારંગીને વગાડવા માટેનું ધનુષ જેવું ઓજાર, ગજ

ગજ (પું.) જુઓ કામઠી.

ઘૂઘરીઓ (સ્ત્રી.) ઘૂઘરીઓ (કામઠી પર બાંધવામાં આવે છે.)

ઘોડાના વાળ (પું.) ગજને બાંધવામાં આવે છે. (જે સારંગીના તાર પર ઘસીને વગાડવામાં આવે.)

ઘોડી (સ્ત્રી.) ઠોડી, ચીપ (ચીપ ચામડાના પડા ઉપર ગોઠવવામાં આવે છે જેથી તાર ઊંચા રહે.)

ચીપ (સ્ત્રી.) જુઓ ઘોડી.

ઠોડી (સ્ત્રી.) જુઓ ઘોડી.

ઠોડુ (નપું.) અણી, છેડો

ઠોડો (પું.) કાચલીમાં જડેલું લાંબું લાકડું, હથ્થો

તાર (પું.) તાર (તાર છેડે બાંધી ચીપ ઉપર થઈ મોયણે બાંધવામાં આવે.)

તુમલી (સ્ત્રી.) કાચલી

પડુ (નપું.) કાચલી પર જડેલું પાતળું ચામડું

મોયણાં (નપું.) તાર સાથે જોડાયેલા ઠોડામાં જડવામાં આવેલ લાકડાના ટુકડાઓ

સારંગી (સ્ત્રી.) રાવણહથ્થો, એક તંતુવાદ્ય

## મિયોર (ભાંભી, ચામડિયા, ચમાર)

### ચર્મકામ કરનાર જાતિ

અરસાબ્બું (ક્રિ.) અરસાવવું, છરીની ધાર કાઢવી / સજાવવી

આડી (સ્ત્રી.) મરેલા ઢોરને ઉપાડવા માટેનું મજબૂત જાડું લાકડું

આર (સ્ત્રી.) પોકર જેવો સળિયો, છરીની ધાર સરખી કરવા વપરાતું સળિયા જેવું સાધન

આવળ (સ્ત્રી.) એક વનસ્પતિનો છોડ (જેની છાલ ચામડા કમાવવાના કામમાં ઉપયોગી છે.)

કહણ (સ્ત્રી.) વાધરી, વાધેડ, ચામડાની પાતળી પટ્ટી

કાહ (સ્ત્રી.) કાશ, પકવેલા ચામડા પરથી વાંકોલ વડે દૂર કરવામાં આવતો

કચરો

કુંડ (પું.) ચામડા પકવવા માટેનો ખાડો

કોચેણ (સ્ત્રી.) ઢોર ચીરતાં ચામડા પર ચોટી રહેલ માંસ

કોહ (પું.) કોશ

ખરપડી (સ્ત્રી.) ચામડું કાપવા વપરાતું છરી જેવું સાધન

ખારો (કરવો) (ક્રિ.) તાજા ઉતરડેલા ચામડા ઉપર રાખ અને મીઠું ચોપડી સૂકવવા મૂકવું.

ગુલ્લી (સ્ત્રી.) મરેલા ઢોરના પગના નળાનો અડધો હિસ્સો

ચોરંગ (સ્ત્રી.) સાથરી

જવાસી (સ્ત્રી.) છોડનું નામ

થાળિયું (નપું.) કમાવેલા ચામડામાંથી કોસ વેતરવો

નખલો (પું.) ચામડું વેતરવાનું ઊભી છરી જેવું સાધન

નોંદ (સ્ત્રી.) નસની રસી

પરુણી (સ્ત્રી.) બળદ હાંકવા માટે લાકડીના ટુકડા પર ચોંટાડેલી ચામડાની પટ્ટીઓ

પરુણો (પું.) જુઓ પરુણી.

પાવલાં (પું.) ચંપલ (દેશી)

ભાથડિયું (નપું.) નાના પ્રાણીની ખાલ / ચામડું

ભાથો (પું.) ચામડાની થેલી (જેમાં તમાકુ ભરવામાં આવે છે.)

રાંપડી (સ્ત્રી.) રાંપી, રાંપ, ચામડું કાપવાનું સાધન

રાંપી (સ્ત્રી.) જુઓ રાંપડી.

વાંકોલ (સ્ત્રી.) કાશ ઉતારવા માટેની વાંકી છરી

વાધરી (સ્ત્રી.) ચામડાની પટ્ટી, કહણ

વાધેડ (સ્ત્રી.) જુઓ વાધરી.

વાયણો (પું.) ચામડું ટીપવા માટેનો લોખંડનો દસ્તો

સપાટ્ય (સ્ત્રી.) સપાટ, સ્ત્રીના પગનાં ચંપલ

હાથરી (સ્ત્રી.) સાથરી, ચોરંગ, મરેલા પશુનું ચામડું ઉતારવાની જગ્યા

હૂંઢ (સ્ત્રી.) કોશનું મુખ, સૂંઢ

## ઢોરના શરીરના ભાગ

અદલો (પું.) ભેજો

આંડિયો (પું.) વૃષણ

આંતેડાં (નપું.) આંતરડાં

એલચી (સ્ત્રી.) ઉદરપટલ

ઓજરું (નપું.) હોજરી, લાદો

કરાંખ (નપું.) ભરાંખ, હાડપિંજર

કાત (સ્ત્રી.) ટચાકું (પું.) બડૂકો

કાળજું (નપું.) કાળજું, કલેજું; પિત્ત ઉત્પન્ન કરનારો અને શિરાઓનું લોહી સાફ કરનારો એક માંસલ અવયવ; હૃદય

ખરપો (પું.) થાપો

ખરસાડો (પું.) ખરીવાળો હિસ્સો

ખરી (સ્ત્રી.) પ્રાણીના પગની ખરી

ખરિયા (નપું.) પ્રાણીના જન્મ વખતે ખરી ઉપર વધારાનો ભાગ હોય તે.

ગરિયો (પું.) કરોડનો મણકો

ગાંડગુલ્લી (સ્ત્રી.) થાપાની ગુલ્લી

ગુલ્લી (સ્ત્રી.) મરેલા ઢોરના પગના નળાનો અડધો ભાગ

ઘૂઘરાં (નપું.) બોરવા, ચરબી ઉકાળી ઓહ જુદી કાઢતાં વધેલો બળેલો ભાગ

ઘોઘળો (પું.) ગળું

જાળી (સ્ત્રી.) નીચેનું જડબું

ટાલકું (નપું.) ઉપરનું જડબું

ડોડવો (પું.) જીભ

તુંબલી (સ્ત્રી.) ખોપરી, ભોડું

પાહવાડી (સ્ત્રી.) પાંસળી (બ.વ.) પાહવાડિયો

ફૂંગણાં (પું.) નસકોરાં

ફેફરું (નપું.) ફેફસું

બુક્કા (પું.) મૂત્રપિંડ (બે)

ભેજો (પું.) પગની નળીમાંથી નીકળતો માવો, બોનમેરો, અદલો

ભોથાં (પું.) માંસ

મોરાં (નપું.) કરોડ

લડધાં (પું.) માંસના મોટા ટુકડા

સેંગડાં (પું.) શિંગડાં

હરવડો (પું.) મોટું આંતરડું, સરવડો

હીયું (નપું.) હૈયું, હૃદય

***

આડીએ નાખવું (ઢોરને ઉપાડવું.)

આવોળ કૂટવી (આવળનાં લાકડાં પરથી છાલ છૂટી પાડવી.)

ઓહ કાઢવી (ચરબી ઉકાળી ઘૂઘરા અને ઓહ જુદાં પાડવાં.)

કાહ ઉતારવી (પકવેલું ચામડું સાફ કરવું.)

કાંકણિયો કરવી (માંસના દોરડી જેવા ટુકડા કરી સૂકવવા મૂકવું.)

કોહ ઉતારવો (કોસ તૈયાર કરવો.)

ખારો કરવો (ચામડા પર મીઠું અને રાખ ચોપડવાં.)

ગુલ્લી ઠોકવી (ભેજો કાઢવા નળીને પછાડવી.)

ચામડું પકવવું (ચામડું કુંડમાં પકવી તૈયાર કરવું.)

ઢોર પાડવું (ઢોરની ચીરફાડ કરવી.)

પાવલાં ઉતારવાં (ચંપલ તૈયાર કરવાં.)

લડધા બાફવા (માંસના મોટા ટુકડા બાફવા.)

લાંભા નાખવા (વહેંચણી કરવી.)

વાધેડ પાડવી (ચામડાની પટ્ટીઓ કરવી.)

સાથરીએ નાખવું (ઢોર ચીરવાની જગ્યાએ લઈ જવું.)

હૂળા ભરવા (માંસને શેકવા માટે સળિયામાં પરોવવું)

# મોયલા (મુસલા - મુસ્લિમ કુંભાર)

## માટીનાં વાસણ બનાવવાનું કામ કરતી જાતિ

[ગુજરાતમાં મુસ્લિમ કુંભારને મોયલા કે મુસલા કહેવામાં આવે છે. મુસ્લિમ કુંભારની ઉત્પત્તિ હિન્દુ માતા અને મુસ્લિમ (સુમરા) પિતાનો વંશવેલો ગણાય છે. કહેવાય છે કે સિંધના સુમરા સૂબાએ જાસલ નામે હિન્દુ રાજપૂતાણીનું અપહરણ કરેલું જેમાં જૂનાગઢના રાજા રા'નવઘણ જાસલને પોતાની ધર્મની બહેન માનતો હતો. તેણે સિંધ ઉપર આક્રમણ કરી મુસ્લિમોની કતલ ચલાવી. એક મુસ્લિમ બાળકને હિન્દુ કુંભારે બચાવી લીધો અને પોતાની દીકરી પરણાવી. તેના વંશજ મોયલા/સુમરા કુંભાર. સસરાએ પેલા છોકરાને માટીકામ શિખવાડ્યું, પણ ધરમ બદલાવ્યો નહીં અને કહ્યું હવેથી તારે જુદો નિભાડો કરવો, જુદા રહેવું પણ નિભાડો હિન્દુ કુંભારોની જેમ ગોળ કરવો નહીં. જેથી સુમરા 'ગાલ્લા' આકારનો નિભાડો કરે છે. હિન્દુઓના ગોળ થાપા (નિભાડા) સામે લાંબો થાપો (નિભાડો) કરે છે. હિન્દુઓનો નિભાડો ખુલ્લો હોય છે. જ્યારે મુસ્લિમો નિભાડાની જમીન રાખ વડે ઢાંકી રાખે છે.]

### નેંભાડો (નિભાડો)

આરો (પું.) માટી પલાળવાની જગ્યા

આળો (નપું.) કરગઠિયાં, કાંટા, પાતળાં લાકડાં

કખ (નપું.) સંડ નીચે પાથરવામાં આવેલ આળો

કણાં (નપું.) નિભાડો ગોઠવવા ઉપયોગમાં લેવાતાં ઠીકરાં

કુનેરી (સ્ત્રી.) પેંડી, પિંડી (પથ્થરની); માટલું ઘડતાં માટલામાં આડ રાખવાનો પથ્થર

ખજૂરા ભરવા (પું.) માટલાં, તવી, કલાડા નિભાડામાં ગોઠવવાં

ખતું (નપું.) ચાકડા ઉપરનું કાણું

ખહર માટી (સ્ત્રી.) તવી ઘડવા માટે ખરહરી માટી

ખોળામાં (પું.) કાચું માટલું ખોળામાં રાખી ટીપવું

ઘૂંટવું (ક્રિ.) માટલું ચાકડે ચઢાવી પૉલિશ કરવી

ધૂર (નપું.) નિભાડાનો આગળનો ભાગ (બારું – હિન્દુ નામ)

ચકલાકડી (સ્ત્રી.) ચાકડાના ખતામાં ભેરવી ફેરવવાની લાકડી

ચાકડો (પું.) ગોળ ફરતું ચક્ર

ચોગટ (સ્ત્રી.) ધરી, અડી; જેના ઉપર ચાકડો ફરે છે.

છાપુ (નપું.) મૂટને ચાકડા ઉપરથી ઉતારી નીચે મૂકતાં છાપુ કહેવાય.

ઝૂડવી (ક્રિ.) માટી કૂટવી

ટેરી (સ્ત્રી.) માટીની પિંડી

ટેરો (પું.) માટીનો પિંડ

તુણી કરવી (ક્રિ.) પરથાર સરખું કરવું.

ધરી (સ્ત્રી.) જેના પર ચાકડો ફરે છે.

ધૂર (નપું.) નિભાડાનો આગળનો ભાગ (બારું – હિન્દુ નામ)

નેંભાડો (પું.) નિભાડો

પરથાર (ક્રિ.) પાથરવું

પુઆટ (નપું.) નિભાડાનો પાછળનો ભાગ (પુવાંટ – હિન્દુ નામ)

ફરી (સ્ત્રી.) ટપલી, નાનો થાપો

ફરો (પું.) ટપલો, મોટો થાપો

મૂટ (નપું.) ચાકડા ઉપર તૈયાર થયેલ પાત્ર (હિન્દુ નામ – ઘાટ)

મોયલા (પું.) મુસ્લિમ કુંભાર

રંધા (પું.) રાખના બે પાળા નિભાડાની આજુબાજુ કરવામાં આવે તે (પાહુંડ – હિન્દુ નામ)

લાલકર્યું (ક્રિ.) લાલ રંગે રંગવું

સંડ (સ્ત્રી.) નિભાડો ગોઠવ્યા પછી પાથરવામાં આવતી ભીની રાખ.

સખ માટી (સ્ત્રી.) માટલાં ઘડવાની ચીકણી માટી

## નિભાડો સળગાવતાં બોલાતો શ્લોક

બિસ્મીલાહો રહેમાનો રહીમ

'નાસ જીવડા આજ (આગ) આવઅ

અમારું લઈનઅ પાળઅ* એના માથઅ પાપ'

(*પાળઅ : ના ચૂકવે)

## કહેવત

'ખીલા ઉપર ખેતી, ખળામઅ લાય+,

પાકઅ તો ખૉવ, નકર મંગળ ગોવ.'

(+લાય – આગ)

## માટીનાં પાત્ર

કથરોટ (પું.) દાથરો

કલાડું (નપું.) કલાડી, આગ પર રોટલા શેકવાનું પાત્ર

કલુળી (સ્ત્રી.) કલુડી, નાની લોટી જેવું પાત્ર, ગરગુડી

કલુળો (પું.) કલુડો, ચરવો, (નપું.) માલકુડુ, ગરગુડુ, ગડુડુ, લોટા જેવું પાત્ર

કૂંજો (પું.) બતક, ભોટવો, પ્રવાસમાં પાણી લઈ જવાનું પાત્ર

કૂંડી (સ્ત્રી.) પાણી ભરવાનું પાત્ર

કૂંડુ (નપું.) ફૂલ છોડ ઉગાડવાનું પાત્ર

કોઠાર (પું.) ગઢો

કોઠી (સ્ત્રી.) ગારમાટીથી તૈયાર કરેલ અનાજ ભરવાનું પાત્ર

કોડિયું (નપું.) પૈણાયું, પરણાયું

ખોળ (સ્ત્રી.) કોઠીમાં દાણા કાઢવા નીચે રાખવામાં આવતું કાણું, ખાળ

ગઢી (સ્ત્રી.) ગઢા કરતાં નાનું પાત્ર

ગઢો (પું.) કોઠી જેવું પકવીને તૈયાર કરેલ મોટું પાત્ર, કોઠાર

ગરબો (પું.) કાણા પાડેલી નાની માટલી

ગાડવો (પું.) મોરિયા જેવું નાના મોઢાવાળું ઘી ભરવા માટેનું પાત્ર

ગુજરિયું (નપું.) ગુજરું, હોકલી

ગુજરું (નપું.) જુઓ ગુજરિયું.

ગોળી (સ્ત્રી.) મોટું લાલ રંગનું માટલું

ગોળો (પું.) ગોળીથી મોટું કાળા રંગનું માટલું

ઘાંઘિલો (પું.) ફૂટેલા માટલાનો કાનો, માટલાનો કાંઠો

ચપણિયું (નપું.) રામપાતર રામિયું

ચરવી (સ્ત્રી.) ચરવાથી નાનું અને કુલડીથી મોટું પાત્ર

ચરવો (પું.) જુઓ કલુડો.

ચલમ (સ્ત્રી.) ચુંગી, ધતૂરી (તમાકુ અને અંગારો મૂકી તમાકુ પીવામાં આવે છે.)

ચલમ (સ્ત્રી.) હોકાની ચલમ (જેમાં અંગારા ભરવામાં આવે છે.)

ચાલણચૂલો (પું.) જુઓ ચાલણચૂલી.

ચાલણચૂલી (સ્ત્રી.) એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય તેવા થાળા ઉપર તૈયાર કરેલ નાનો / મોટો ચૂલો.

ચુંગી (સ્ત્રી.) જુઓ ચલમ.

ચૂલો (પું.) જેમાં આગ પેટાવવામાં આવે છે.

ઝારી (પું.) નાની નાળચાવાળી કલુડી, જારી.

ટાઢોડિયું (નપું.) ઠંડા પાણીનું માટલું

ટોકરી (સ્ત્રી.) નાની છાબ જેવું પાત્ર

ઠીકરું (નપું.) માટીનું પાત્ર ફૂટતાં બનેલ ટુકડો

ડેબો (પું.) રમવાની માટીની ગોળ લખોટી

ઢાંકણી (સ્ત્રી.) માટલા, દૂણા પર ઢાંકવાનું પાત્ર

ઢાંકણું (નપું.) જુઓ ઢાંકણી.

ઢોચકી (સ્ત્રી.) નાનું મોરિયું

ઢોચકું (નપું.) નાનું મોરિયું, ઢોચકી

તાવડી (સ્ત્રી.) તાંસળા જેવું પાત્ર

થાળું (નપું.) તળિયું

દડબું (નપું.) નાની કોઠી

દાથરી (સ્ત્રી.) નાની કથરોટ

દાથરો (પું.) કથરોટ

દૂણી (સ્ત્રી.) પહોળા મોઢાવાળી માટલી, હાંલ્લી

ધતૂરી (સ્ત્રી.) ચુંગી, તમાકુ પીવાનું નાનું પાત્ર

ધૂપાયણું (નપું.) ધૂપિયું, ધૂપદાની

ધૂપિયું (નપું.) જુઓ ધૂપાયણું.

નળિયું (નપું.) ઘરની છત છાવા માટેનું પાત્ર, નાળ

નવાણિયું (નપું.) પાણી ગરમ કરવા માટેનું તપેલા જેવું પાત્ર, ઉનામણિયું

નાળ (સ્ત્રી.) જુઓ નળિયું.

પડું (નપું.) કોઠી, ગઢો, દડબા વગેરેને ઢાંકવા માટે તૈયાર કરેલ ગોળ ઢાંકણું

પરણાયું (નપું.) કોડિયું, પૈણાયું

પાટ (સ્ત્રી.) દહીં જમાવવા માટેનું પાત્ર

પૈણાયું (નપું.) જુઓ પરણાયુ.

ભાચરી (સ્ત્રી.) મોટું માટલું

ભાચરો (નપું.) ભાચરાથી મોટુ માટલું

ભોટવો (પું.) પ્રવાસમાં પાણી લઈ જવાનું પાત્ર

મલકુડું (નપું.) જુઓ કલુળો.

માટલી (સ્ત્રી.) પાણી ભરવા માટેનું પાત્ર

મોભારિયાં (પું.) છત ઉપર મોભ ઢાંકવા માટેનાં પાત્ર

મોરિયો (પું.) નાના મોઢાવાળી માટલી

રામિયું (નપું.) રામપાતર, ચપણિયું, શકોરું

વાડી (સ્ત્રી.) વાઢી, ઘી ભરવાનું નાળચાવાળું પાત્ર, વાળી

સકોરું (નપું.) જુઓ રામિયું.

*

માટલી નેબડાબ્બી (માટલી ઑહથી તર કરવી, પાક્કી કરવી.)

વાળી નેબડાબ્બી (વાળી ઘીથી તર કરવી.)

માટલું

કંદ (પું.) કાનાની નીચેનો વળાંકવાળો ભાગ

કાંનો (પું.) માટલાનો કાન, ઘાંઘિલો, ઘોઘો

ટોળી (સ્ત્રી.) તળિયું

પાહુ (નપું.) પાસું, માટલાની બાજુનો ઉપસેલો ભાગ

પુંવાટિયું (પું.) ચચરાઈ ગયેલું માટલું, તૈડ પડેલ, ફાટેલું માટલું

મૂંરું (નપું) મોળું, કાચું માટલું

વખ (પું.) માટલાની બાજુ અને તળિયાની વચ્ચેનો ભાગ.

ઘી માપવાનાં માટીનાં પાત્ર

(જૂનાં દેશી વજનનાં પરિમાણો)

અધોળી (સ્ત્રી.) અધોળ, શેરના સોળમો ભાગ માપવાનું નાના મોઢાવાળું પાત્ર.

અચ્છેરો (પું.) અચ્છેરિયો, અડધો શેર ઘી માપવાનું પાત્ર, શેરનો બીજો ભાગ.

નવટાંકી (સ્ત્રી.) નવટાંક ઘી માપવાનું નાના મોઢાવાળું પાત્ર (શેરનો આઠમો ભાગ).

પાશેરિયો (પું.) પાશેરો, પાશેર ઘી માપવાનું પાત્ર (શેરનો ચોથો ભાગ).

બશેરો (પું.) બશેરિયો, બે શેર, બંગાળી શેર

શેરિયો (પું.) શેર

## રાવળિયાં (રાવળ)

શાકબકાલું વેચવું, વેઠ કરવી, ગધેડાં / ઊંટ રાખી માલની હેરફેર કરવી વગેરે કામ કરતી જાતિ

### ઊંટ વિશે

કાઠું (નપું.) ઠાઠું, ઊંટને પલાણવા માટે તેના ઢેકા ઉપર ગોઠવવામાં આવતું ચોકઠું

કાંઠો (પું.) ચોકઠાનો આગળનો ભાગ જે પકડીને ઊંટ પર સવારી કરી શકાય

ખૂંટ (પું.) લાકડાનો ખીલો (ઊંટ બાંધવા માટે)

ઝેંકારવું (ક્રિ.) બેસાડવું

ઝેહ... ઝેહ... (અ.) ઊંટને બેસાડવા વપરાતો શબ્દ

ઠાઠું (નપું.) જુઓ કાઠું.

ઢેકો (પું.) ઊંટની ખૂંધ

તંગ (પું.) ચોકઠાને ઊંટની પીઠ પર સ્થિર રાખવા બાંધવા માટે વપરાતા પટ્ટાઓ

નકેલ (સ્ત્રી.) જુઓ નાથ.

નાથ (સ્ત્રી.) ઊંટના નાકમાં કાણું પાડી ઘડેલો લાકડાનો ટુકડો રાખવામાં આવે તે (જેના વડે ઊંટને દિશાદર્શન / ચલાવવા આવે છે.)

ફેફરું (નપું.) ઊંટને થતો રોગ

રસી (સ્ત્રી.) નાથ સાથે બાંધેલી રાશ, દોરડું

સારવું (ક્રિ.) કાણું પાડવું

હુર...ર હુર...ર (અ.) ઊંટને ઊભો કરવા કે ઝડપથી ચલાવવા વપરાતો શબ્દ.

*

ઊંટ પલોટવો (વેઠ માટે તૈયાર કરવું.)

ઊંટ ભાગવો (ઊંટને રસ્તામાં અડચણ આવવી, કામ માટે બિનઉપયોગી થવું.)

બેહકોર થવું (ઊંટ નકામું થઈ જવું.)

ભાડે જવું (માલ લઈ બીજે ગામ જવું.)

વેઠે જવું (માલ લઈ બીજે ગામ જવું.)

# લવારિયાં

## લુહારી કામ કરતી ભટકતી જાતિ

[રખડતી જિંદગી જીવીને ગામડે ગામડે ખેડૂતોનાં ઓજાર સરખાં કરી આપતી લુહારી કામ કરતી જાતિ. તેઓ પોતાને રાણા પ્રતાપના વંશજ માને છે. હલ્દીઘાટી યુદ્ધ પછી રાજપૂતોના બે ભાગ પડ્યા. એક ભાગે દિલ્હીના બાદશાહને 'નવરોજ'નો કર ના ચૂકવ્યો, એવા રાજપૂતો. એમણે ભવિષ્યમાં રાજપૂતોનું રાજ્ય પાછું આવે તે માટે ભટકતી જિન્દગી સ્વીકારી. બીજા રાજપૂતો કર ચૂકવી/શરણ સ્વીકારી સ્થાયી થયા. મૂળ રાજસ્થાનથી ઊતરી આવતી જાતિ, દર વર્ષે છ માસ એક વિસ્તારમાં રહી કામ કરે. (માહિતી – અમરસિંહ રાઠોડ કુટુંબ સાથે કોદરામ ગામે મુલાકાત કરેલી – 2000)]

### ધમેણ (ધમણ)

આંકલી (સ્ત્રી.) વાંકલી, તૈયાર કરવામાં આવતા ઘાટ, ઓજાર વગેરે પકડવાની વાંકી સાણસી

આરણ (નપું.) ભઠ્ઠીમાં તપાવેલું લોખંડ (જેમાંથી ઓજાર ઘડવામાં આવે)

એરેણ (સ્ત્રી.) એરણ, જેના પર તપાવેલું લોઢું ટીપવામાં આવે તેવું લોખંડનું ઓજાર

એઁકલવાય (સ્ત્રી.) એકલવાય, પોલા, ગોળકાર, ચોરસ વગેરે જેના પર ટીપીને ઘાટ તૈયાર કરાય છે તે સાધન

ઘેણ (પું.) ઘણ, લોખંડ ટીપવાનો મોટો હથોડો

તા કરવો (પું.) ગરમ લોખંડના ટુકડા ટીપીને જોડાણ કરવું

ધમેણ (સ્ત્રી.) ધમણ, ચામડાનું હવા ફૂંકવાનું મશક જેવું સાધન.

નાઈ (સ્ત્રી.) લોખંડની પોલી નળી. (નાઈનો એક છેડો ધમણ સાથે જોડાયેલો હોય છે. બીજો છેડો નાળચા સાથે જોડાયેલ હોય છે.

નાળ (સ્ત્રી.) માટીની પોલી નળી, નાળચું જેનો એક છેડો નાઈ સાથે જોડાયેલ હોય છે. બીજો છેડો આગ પાસે હોય છે.

નાળચું (નપું.) જુઓ નાળ.

ભૂંગરું (નપું.) ભૂંગેળ, ભૂંગળું (કુહાડી, હથોડી વગેરે જેવાં ઓજાર માટે કાણાં પાડવા વપરાતું લોખંડનું

સાધન)

ભૂંગેળ (નપું.) જુઓ ભૂંગરું.

લોરિયો (પું.) સળિયો (ભઠ્ઠીના કોલસા ઊંચા નીચા કરવા માટેનો

સળિયો

વાંકલી (સ્ત્રી.) જુઓ આંકલી.

સાંડસી (સ્ત્રી.) જુઓ સાંયડી.

સાંયડી (સ્ત્રી.) સાણસી, ઘાટ પકડવાનું ઓજાર, સાંડસી, હાંડસી

સેણી (સ્ત્રી.) છીણી, લોખંડ કાપવાનું નાનું ઓજાર

સેણો (પું.) છીણો, લોખંડ કાપવાનું મોટું ઓજાર

હટામણ (પું.) સટામણ, તૈયાર ઓજારની સફાઈ કરવાનું સાધન

હાંડસી (સ્ત્રી.) જુઓ સાંયડી.

હોપણ (સ્ત્રી.) સાપણ, સોપણ, લોખંડનું ઓજાર તૈયાર કરતાં ઓજારમાં ખાંચા પાડવાનું છીણી જેવું બુઠ્ઠું સાધન.

## વણકોર (વણકર, નાનું મહાજન, ઢેડ, સાળવી)

વણાટકામ કરતી જાતિ

### હાળ (સાળ)

આડો (પું.) નાની થાંભલી, વણાટના તાણાને તંગ (કડક) રાખવા સાળની સામે ખોડવામાં આવે છે જ્યાં તાણાનો બીજો છેડો બાંધવામાં આવે છે, ખોભો.

ઓજું (નપું.) સાંધણી પછી રાચ, ફણી સાથે વણવા તૈયાર કરાયેલું સૂતર

ઓજું વધાબ્બું (ક્રિ.) ઓજું ઉતારવું, ઓજું વધેરવું, વણાટ તૈયાર થયેલ કાપડને તોર પરથી ઉતારી લેવું.

ઑંઘરાં (નપું.) ટૂંકા તારનું તાણો કરવા માટેનું સૂતર

ઑંટી (સ્ત્રી.) સૂતરના તારને પીરતા પર ચઢાવી આંટી તૈયાર કરવામાં આવે છે, આંટી.

કળપો (પું.) કાળપો, રાચ બનાવવા માટે વપરાતું લાકડાનું નાનું સાધન

કાંઠલા પેટી (સ્ત્રી.) ફટકા સાળના હાથાના બન્ને છેડે નળો ધકેલવાની / રાખવાની ડબ્બીઓ

કૂસડો (પું.) કૂચડો, તાણો સરખો કરવા વપરાતું મોટું બ્રશ જેવું સાધન

ખરકડો (પું.) તાણાના તારને બે રાચમાંથી પસાર કરવામાં આવે તે રાચને વારાફરતી ઉપર નીચે કરવા માટે બે થાંભલીઓ વચ્ચે ગોઠવેલ ગોળ લાકડું.

ખૂંટ (પું.) ખૂંટો, લાકડાનો ખીલો

ખેંર (સ્ત્રી.) ખેં, કાંજી, (નપું.) પાણ, જુવારની પાતળી રાબ (જેમાં સૂતરને પલાળી કડક કરવામાં આવે.)

ખોભો (પું.) જુઓ આડો.

ગંઠવું (ક્રિ.) જોડવું, બાંધવું, તડજોડ કરવી

ગજ (પું.) બે ફૂટ માપવાનું પટ્ટી જેવું સાધન

ગજિયું (નપું.) બે ફૂટ પનાનું કાપડ

ઘોડી (સ્ત્રી.) પાજણું માંડવા વપરાતું ફાંસિયા(બે પગ)વાળું લાકડાનું સાધન

ચીરું (નપું.) વણાટમાં તાર તૂટવાથી થયેલ જગ્યા

ચૂહણી (સ્ત્રી.) ચૂસણી, નળા ઉપરના તાર પસાર કરવાનાં કાણાં

ચો તારૂં (નપું.) ચાર તારવાળું (બે તાણો ' બે વાણો)

જોટો (પું.) બે (સ્ત્રી.) જોડી

ટાઢેણ (સ્ત્રી.) પણસ, તણસ, વણાટ વખતે વણેલો પનો ભેગો ના થઈ જાય તે માટે વપરાતી છેડે અણીવાળી ખીલીઓવાળી લાકડાની પટ્ટીઓ.

ઠાલિયાં (નપું.) સૂતરના તાર લપેટ્યા વિનાનાં બૉબિન

ઠેસી (સ્ત્રી.) ટિકિટ, પીકર્સ

ડલ્લી (નપું.) વણેલા (બે તાર ભેગા) બે તારું સૂતર

ઢેઢવું (નપું.) ઢેડ / વણકર દ્વારા વણેલું કાપડ

તકલી (સ્ત્રી.) રૂ કાંતવાનું નાનકડું સાધન

તણસ (સ્ત્રી.) જુઓ ટાઢેણ.

તરાક (સ્ત્રી.) ત્રાક, રેંટિયા વડે સૂતરના તાર કાંતવા માટેનું લોખંડનું નાનું સાધન, બૉબિન ભરવા માટે પણ ઉપયોગમાં લેવાય છે.

તારફેણી (સ્ત્રી.) જુઓ તારભૈણી.

તારભૈણી (સ્ત્રી.) તારભરણી, તારફેણી, સાયણી, સારડી, ભરણિયું, ફણીમાંથી તાર પસાર કરવા માટે વપરાતું નાનું સાધન

તૈણતારું (નપું.) ત્રણ તારવાળું (બે તાણો ' એક વાણો)

તોર (સ્ત્રી.) સાળ પર વણાયેલ કાપડ જેના પર લપેટાતું જાય તે લાકડાનું સાધન

તૉંણિયો (પું.) સરૈયો, તાણો તૈયાર કરવા માટે પાતળા લાંબા સોટાને છેડે કડી લગાવી તૈયાર કરેલું સાધન.

તૉંણો (પું.) વણાટ માટેના ઊભા સૂતરના તાર, (ક્રિ.) વણાટ માટે તાણો તૈયાર કરવાની ક્રિયા.

દસાવળ (સ્ત્રી.) દેસિયાળ, વણાટ પૂરો થયે વણ્યા સિવાયના વધેલા છેડા. (નપું.) દસ્યુ

દસી (સ્ત્રી.) વણાટ શરૂ કરતાં પહેલાં તોર સાથે બાંધવામાં આવતા સૂતરના છેડા

દામું (નપું.) રાચ અને પાવડીને જોડવા બાંધવામાં આવતી રસીઓ. (બ.વ.) દામા.

ધરાયાં (પું.) પ્રાજણું સરખું કરવા માટે ઘોડી આકારનાં મોટાં લાકડાં

નળો (પું.) કાંઠલો, જેમાં સૂતર વીંટેલ બૉબિન ભરાવી તાણાની આરપાર મોકલવાનું સાધન

પણસ (સ્ત્રી.) જુઓ ટાઢેણ.

પનો (પું.) પહોળાઈ

પાજણું (નપું.) વણાટનો તાણો સરખો

કરવાની ક્રિયા

પાવડી (સ્ત્રી.) ચાખડી, પાવલું, જેના પર પગ રાખી રાચને ઉપર-નીચે કરવામાં આવે છે તેવી લાકડાની પાવડીઓ

પીરતી (સ્ત્રી.) નાનો ફાળકો, ફાળકી

પીરતો (પું.) ફાળકો

ફટકાસાળ (સ્ત્રી.) સુધારેલ નવી સાળ, રસીનો ઝટકો આપી નળાને કાંઠલા પેટીમાં ફેંકવામાં આવે તેવી સાળ

ફણી (સ્ત્રી.) હાથામાં બેસાડેલ સાધન જેમાં થઈ વાણાના તાર પસાર કરવામાં આવે છે.

બેતારું (નપું.) બે તારથી વણાયેલ (એક તાણો વ્ એક વાણો)

બેલાં (નપું.) બેવડ, પછેડીને કાંજીમાં પલાળી ઝૂડવાની ક્રિયા

ભાંજણી (સ્ત્રી.) સાંજણી, સાંધણી, હાંધણી, તાણાના તારને ઓજાર સાથે જોડવાની ક્રિયા

મરઘો (પું.) જેના વડે નળાને તાણામાંથી પસાર થવા ઝટકો આપવામાં આવે છે. (સ્ત્રી.) ગીલોલી (નપું.) ફૂમતું

માળ (સ્ત્રી.) રેંટિયા અને ત્રાકને જોડતી અને ગોળ ગોળ ફેરવતી રસી

રાચ (સ્ત્રી.) તાણાના તારને ઉપર-નીચે કરવા માટે મીણ પાયેલ દોરા વડે તૈયાર કરેલ સાધન

રાસ (સ્ત્રી.) સૂતરનું જાડું દોરડું

રાસિલો (પું.) રાશ બાંધવા માટેનો લાકડાનો ખૂંટો

રેંટુડો (પું.) રેંટિયો, સૂતરના તાર કાંતવાનું સાધન, બૉબિન પર તાર વીંટવાનું સાધન

લગ (સ્ત્રી.) સૂતરની આંટી

વણકોર (પું.) વણકર, સાળવી, વણાટકામ કરનાર

વણકોરી (સ્ત્રી.) વણકરી, વણાટ કામની મજૂરીની કિંમત

વણાટ (ક્રિ.) વણવું (પું.) તૈયાર કાપડ

વાણો (પું.) વણાટમાં ભરવામાં આવતા આડા તાર

વાધરી (સ્ત્રી.) વણાટમાં તાર બેવડ થઈ જવો

સરાકડી (સ્ત્રી.) લાંબી પાતળી લાકડી

સલાડી (સ્ત્રી.) શિલા, સૂતર કૂટવાનો પથ્થર, હલાડી

સારવું (ક્રિ.) આરપાર કાણું પાડવું

સાળ (સ્ત્રી.) હાથસાળ, હાથ વડે વાણાનો નળો વાણામાંથી પસાર કરી કાપડ વણવાનું સાધન

સોઈ (સ્ત્રી.) સળી, ફણીમાં જડેલી લોખંડની સળીઓ (સાગમાંથી સળીઓ બનાવવામાં આવે છે.)

સોદ (સ્ત્રી.) છટકતી એક-તારી ગાંઠ, હોદ

હટકડી (સ્ત્રી) છટકડી, છટકતી બે-તારી ગાંઠ

હરાક (સ્ત્રી.) લાકડાની પાતળી લાકડીઓ, (વણાટ સરખો રાખવા તાણામાં ગોઠવવામાં આવે છે.), હરાકડી, સરાકડી

હરાકડી (સ્ત્રી.) જુઓ હરાક.

હલાડી (સ્ત્રી.) જુઓ સલાડી.

હાથસાળ (સ્ત્રી.) કાપડ વણવાનું સાધન; જુઓ સાળ.

હાથો (પું.) ફણી જડેલો સાળનો મુખ્ય ભાગ

હાંધણી (સ્ત્રી.) સાંધણી, તાણાના તારને ઓજાર સાથે સાંધવાની ક્રિયા

હીરવણું (નપું.) તારને બેવડ કરવાની ક્રિયા, આંટીના તારને સળંગ જોડવાની ક્રિયા

હોદ (સ્ત્રી.) જુઓ સોદ.

*

અણુંજો પાળવો (વણાટકામ / કામકાજ બંધ રાખવું.)

ઓજું ઉતારવું (વણાટ પૂરો થયે કાપડ તોર પરથી ઉતારી લેવું.)

ઓજું ચઢાવવું (તાણો વણાટ માટે સાળ સાથે જોડવો.)

ઓજું મૂકાબ્બું (ઓજું સરખું કરવું.)

કૂસડો ફેરબ્બો (ઓજાના સૂતર પર કૂચડો ફેરવી તાર સરખા કરવા.)

કોકડાં ભરવાં જુઓ બૉબિલ ભરવાં.

ખેં ચઢાબ્બી (સૂતરને કાંજી ચઢાવવી.)

ગજિયું વણવું (ગજ પનાનું કાપડ વણવું.)

તાણો કરવો (તાણો તૈયાર કરવો.)

પાણ મૂકવું (સૂતરને કાંજી ચઢાવવી.)

પાંજણું માંડવું (ઓજું સરખું કરવાની ક્રિયા કરવી.)

પીરતો ફેરબ્બો (ફાળકો ફેરવવો.)

ફણી ભરવી (તાણાના તાર ગણી જોવા.)

બેલાં ઝૂડવાં (સૂતરને કાંજી ચઢાવી ધોકા વડે કૂટવાની ક્રિયા.)

બૉબિલ ભરવાં (બૉબિન પર રેંટિયા વડે સૂતરના તાર વીંટવા.)

ભાંજણી કરવી (સાંધણી સાંધવી.)

રાશ બાંધવી (રાશીલા સાથે દોરડું બાંધવું.)

રેંટિયો ફેરબ્બો (રેંટિયો ચલાવવો.)

લગ વાળવી (આંટી તૈયાર કરવી.)

વણાટ વણવો (કાપડ વણવું.)

વણાટ સરતે કરવું (વણાટ માટે સંપૂર્ણ તૈયારી કરી લેવી.)

સાળ પર બેસવું (વણાટકામ માટે બેસવું.)

હટકડી વાળવી (ગાંઠ વાળવી.)

હાંધણી હાંધવી (સાંધણી સાંધવી.)

હૂતર કાંતવું (સૂતર કાંતવું.)

## વાઘરી (દેવીપુત્ર)

### શાકબકાલું વેચતી જાતિ

કૂંડી (સ્ત્રી.) પાલી, ડાકલું બનાવવા વપરાતું ડમરુંથી મોટું ડમરું જેવું પોલું લાકડું (કેઈડાનું લાકડું વાપરવામાં આવે છે.)

કૂબો (પું.) ગારમાટીનું ગોળ દીવાલોનું ઝૂંપડું

ખત્રી (પું.) ભૂવો, (મુખ્ય ભૂવો) પઢાર

ઘૂઘરી (સ્ત્રી.) પિત્તળની ઘૂઘરી (ઘૂઘરીઓનું ઝૂમખું કાંડે બાંધવામાં આવે છે.)

જાગરિયો (પું.) માતાની રેડી કરી પ્રસંગગીત ગાનાર, ડાકલું વગાડનાર, પાટવી, જાગરિયો

જેડી (સ્ત્રી.) ગડી, ડાકલું વગાડવાની વાંકી દાંડી

ડાકલું (નપું.) ડેંકલું, ડાક, હાથમાં પકડી દાંડી વડે વગાડી શકાય તેવું ડમરું જેવું વાજિંત્ર.

ડેંકલું (પું.) જુઓ ડાકલું.

દોયડી (સ્ત્રી.) દોરી (પડુ બાંધવા)

ધૂણવું (ક્રિ.) શરીરમાં ભૂત-પલીત, માતા, દેવ પ્રવેશતાં શરીર હલાવી ધૂણવાની ક્રિયા

ધૂણો (પું.) ધુમાડો

પડી (સ્ત્રી.) ચામડાનું ગોળ પડું

પઢાર (પું.) મુખ્ય ભૂવો, ખત્રી

પાટવી (પું.) જાગરિયો

પાલી (સ્ત્રી.) જુઓ કૂંડી.

ભૂવો (પું.) જુઓ ખત્રી.

વાઘરી (પું.) એક જાતિ, દેવીપુત્ર

વાળવું (ક્રિ.) ભૂત-પલીત ભગાડવાની ક્રિયા

હવાઈજોજ (નપું.) કૂંડી ઉપર કરેલ કાણું

હાકોટો (પું.) શરીરમાં દેવીના પ્રવેશથી પાડવામાં આવતી બૂમ.

*

---

આઠે અંગે ચઢવું (સંપૂર્ણ રીતે ધૂણવું.)

જાળા ધરવવાં (જુદાં જુદાં નામ આપવાં.)

થાપદેવી (ધૂણતાં હાકોટો કરી જમીન ઉપર થાપટ મારવી.)

પારખું લેવું (ઓળખ મેળવવી.)

મઢે બોલાબ્બું (આવાહન કરવું.)

માડી ધીજ આલ (માતા નિશાની આપ, ઓળખ આપ.)

રમેણ કરવી (માતાજીનો પ્રસંગ ઊજવવો.)

રેડી કરવી (માતાજીનું પ્રસંગગીત ગાઈ ડાક વગાડી માતાજીનું આહવાન કરવું.)

વડાં ઉતારવાં (ઊકળતા તેલમાંથી વડાં હાથ વડે ઉતારવાં.)

વાયણું વાળવું (માતા વાળવી.)

વિજાપરો કરવો (ચોખવટ કરવી.)

વેણવધાવો કરવાં (દાણા જોવા.)

હાક આવવી (માતા આવવી.)

## વાદી (લાલવાદી, ફૂલવાદી)

છાબડીમાં સાપ લઈ, ગામેગામ હાથચાલાકીના ખેલ દેખાડી, મોરલી/બીન વગાડી ભિક્ષાવૃત્તિ કરતી ભટકતી જાતિ.

### મોરલી

[મોરલીમાં બે દાંડીઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ડાબી દાંડી પર છેડે એક છિદ્ર અને જમણી પર આગળની બાજુએ પાંચ છિદ્ર અને પાછળ મૂળમાં એક છિદ્ર કરવામાં આવે છે. ડાબી દાંડીના છિદ્ર પર અડધું મીણ લગાડવામાં આવે છે. જેથી તે સૂર કાયમ રહે છે. મોરલી ગાલમાં હવા ભરીને વગાડવામાં આવે છે.]

તુંમડી (સ્ત્રી.) તુંબડી, સૂકું ગોળ તુંબડું

દાંડી (સ્ત્રી.) વાંસની પોલી દાંડી

નળ (સ્ત્રી.) પીપૂડી, જુવારના રાડામાંથી બનાવાય છે.

પીપૂડી (સ્ત્રી.) જુઓ નળ.

ફૂંક (સ્ત્રી.) મોરલી વગાડવા મોં વડે લગાવવામાં આવતી ફૂંક

બીન (સ્ત્રી.) જુઓ મોરલી.

મેંણ (નપું.) મીણ (દાંડી અને તુંબડીને જોડવા માટે મીણનો ઉપયોગ કરવામાં આવે છે.)

મોરલી (સ્ત્રી.) બીન, (તુંબડીને વાંસની બે પોલી દાંડીઓ મીણથી જોડી અંદર બે પીપૂડી રાખી ફૂંક મારી વગાડવા તૈયાર કરાયેલ વાજિંત્ર.)

### વાદીના ખેલ

1. અંગૂઠામાંથી નદી વહેવડાવવી (પાણીની ધાર)
2. દેરાણી જેઠાણીની ડાબલીઓ
3. બમ કાઢું કે ભમ
4. બીન વગાડી સાપને ડોલાવે.
5. મોઢામાંથી સાપ-વીંછી, મોટા ગોળા કાઢવા.
6. રૂપિયાની હાથ ચાલાકીનો ખેલ

નોંધ : 1. મોરલી તુંબડાની વેલના સ્ત્રીબીજની તુંબડીમાંથી બને છે.
2. પુરુષબીજના તુંબડામાંથી તંબૂરો બને જે તુંબડાં પ્રમાણમાં મોટાં હોય છે.

## સેડુ (ખેડૂત)

ખેતી કરનાર કણબી/પટેલ, કણબી/આંજણા, ઠાકોર, મુમન, મુસલમાન વગેરે

### હોળ (હળ)

આર (સ્ત્રી.) પરોણાના વાધરની પટ્ટી લગાડેલ છેડે સોટીમાં લગાવેલી ઝીણી ખીલી

કડિયું (નપું.) હળ જેવી મોટી રાંપ, (પહેલી વાર રાંપ વડે ખેડવામાં આવે છે.)

ચકલી (સ્ત્રી.) તુંગા ઉપર જડેલ મુઠ્ઠીમાં પકડી શકાય તેવું મોટી ગિલ્લી જેવું લાકડું–હળ સરખું ચાલે તે માટે પકડવા ઉપયોગી.)

ચપલું (નપું.) તુંગામાં કોશ / ફણું સરખું બેસાડવા માટેની ચીપો

ચાહ (પું.) ચાહડો, ચાસ, ચાસડો, હળ વડે ખેડાયેલ સીધી જમીન

ચાહડો (પું.) જુઓ ચાહ.

જેહડો (પું.) જેસડો, લાકડાની ઘોડી (જેસડા પર હળ આડું ગોઠવીને ઘેર લઈ જવાય છે.)

જોતરવું (ક્રિ.) કામમાં સામેલ કરવું, કામ લેવું

તુંગું (નપું.) હળનું મુખ્ય ઘડતરનું લાકડું (એક છેડે ચકલી, બીજી છેડે ફણું તથા વચ્ચે ધૂંસરી માટે દાંડો ભરાવવામાં આવે છે.)

દાંડો (પું.) હળનું મોટું લાકડું જેનો એક છેડો તુંગામાં અને બીજે છેડે ધૂંસરી બાંધવામાં આવે છે.

ધૂંસરી (સ્ત્રી.) દાંડા સાથે બાંધેલ આડું

લાકડું (જેના બે છેડા બળદોની પીઠ પર ગોઠવવામાં આવે છે.)

ધૂંસરું (નપું.) જુઓ ધૂંસરી.

નાથ (સ્ત્રી.) બળદનું નાક વીંધીને દોરડું પસાર કરવાની ક્રિયા

નાર (સ્ત્રી.) ધૂંસરી અને દાંડાને ભેગા બાંધવા માટેનું દોરડું

નારવું (ક્રિ.) બાંધવું

નાવૈયો (પું.) બારૈયો, વાવેલ બે છોડ વચ્ચે ખાલી રાખેલ આડી જગ્યા

પરુણો (પું.) પરોણો

ફણું (પું.) કોશ, લોખંડનું ખેડ માટેનું અણીયાળું સાધન

બારૈયો (પું.) જુઓ નાવૈયો.

રાંપ (સ્ત્રી.) રાંપડી, (પું.) દાઢો, લોખંડનું પાનું

વિખેડ (સ્ત્રી.) નાની રાંપડીવાળા હળ વડે વાવેતરમાંથી નીંદામણ દૂર કરવું.

સેડ (ક્રિ.) સેડવું, ખેડ, ખેડવું

સેડું (પું.) ખેડૂત

સેતી (સ્ત્રી.) ખેતી

હમોળ (પું.) સમોળ, ધૂંસરીના છેડાનાં કાણાંઓમાં ખીલાઓની જેમ ભેરવી શકાય તેવા લાકડાંના ટુકડાઓ

હળોતરા (પું.) હળ અને ખેતીનાં અન્ય સાધનોની પૂજા કરવી. (ખેતીની શરૂઆત ત્યારબાદ કરવામાં આવે છે.)

હોળ (નપું.) હળ

## કોહ (કોસ)

અલાણી (સ્ત્રી.) બળદોને ચલાવવા કરેલ ઢાળ, ઢાળિયો

આરો (પું.) કૂવાનો કાંઠો

કોહ (પું.) કોસ, કૂવામાંથી પાણી કાઢવા મોટા પશુના ચામડામાંથી બનાવેલ મશક જેવું મોટું સાધન

ગરળી (સ્ત્રી.) જુઓ ગરેડી.

ગરેડી (સ્ત્રી.) ગરળી, ગરગડી

ચરેલું (નપું.) ચરેલી (સ્ત્રી.), કૂવામાં કોસ ઉતારવા, ઉપર ખેંચવા માટેનું લાકડાનું મોટું ચક્ર.

ડામું (નપું.) પાણી ક્યારામાં વાળવા માટે પાળ તોડવી, પાળ દબાવવી

ઢાળિયો (પું.) જુઓ અલાણી.

થાળું (પું.) કોશ વડે ખેંચાયેલું પાણી કૂવા પાસે ઠાલવવા માટે બંધાયેલ હોજ.

ધોરો (પું.) માટીની મોટી નીક, ઢાળિયો

પાહવું (ક્રિ.) ઉતારવું, પાસવું

પૉંણોત (ક્રિ.) પાણી વાળવું

## ખળું

અરોડા (પું.) કપાસને જમીન સરખા કાપવા (બીજે વરસે વાવણી ના કરવી પડે તે માટે મૂળસોતા કાઢવામાં આવતા નથી.)

ઉન્ડોળ (નપું.) બે આડા હાથ ઉપર લઈ શકાય તેટલું

ઉન્બી (સ્ત્રી.) ઘઉંની ઉન્બી, કણસલું

ઉહેણ (સ્ત્રી.) કાપણી પછી ખેતરમાંથી છેલ્લી વારની વેણ કરવી, ઉસેટવું, છેલ્લી વાર વીણવું

ઊપણવું (ક્રિ.) સૂપડા વડે અનાજને ઉપરથી નીચે નાખીને સાફ કરવાની

ક્રિયા

ઓઘલી (સ્ત્રી.) પૂળાની ગોળાઈમાં ગોઠવણી કરી, ગંજી કરવી.

ઓઘલો (પું.) જુઓ ઓઘલી.

કરચો (પું.) છોડને મૂળ પાસેથી કાપી લેતાં વધેલો ભાગ, કરચા (બ.વ.)

કલ્લો (પું.) બે હાથના પંજામાં પકડી શકાય તેટલું

કાલેર (સ્ત્રી.) પૂળા ચોરસમાં ગોઠવી ગંજી કરવી

ખપ્પો (પું.) જુઓ ખાંડી.

ખળું (નપું.) હાલરું કરવાની જગ્યા, (ક્રિ.) કણસલાં વગેરેમાંથી અનાજ છૂટા પાડવાની ક્રિયા

ખાંડી (સ્ત્રી.) જોડાયેલા દાંતાવાળું લાકડાનું પાવડા જેવું લાંબા હાથાવાળું સાધન

ગંજી (સ્ત્રી.) પૂળા એક સ્થળે ગોઠવવા

ગંભારો (પું.) ઓઘલાની મધ્યમાં હુંચેલ, ઢૂંઢાં, ઝીણું ઘાસ ભરી ગંજી કરવી

ગાંહડી (સ્ત્રી.) ગાંસડી

જાર (સ્ત્રી.) જુવાર

જારિયું (નપું.) જારનું કણસલું, ડૂંડું

ઠંઠા (પું.) કરચા, અનાજના છોડને થડ પાસેથી કાપી લેતાં મૂળ સાથે વધેલો ભાગ, ડંઠા

ડાંખળી (સ્ત્રી.) ઝીણી / પાતળી ડાળખી

ડૂર (નપું.) અનાજ લેવાઈ ગયા પછી ખળામાં વધેલ કચરો

ઢૂંઢાં (નપું.) જુવાર-બાજરીના દાણા લેવાઈ ગયા પછી વધેલો કચરો

દંતાળી (સ્ત્રી.) દાંતાવાળું લાંબાં હાથાવાળું

સાધન

નાળવાં (નપું.) ઘઉંનાં રાડાં

પડવા (ક્રિ.) ત્રણ વ્યક્તિ વડે પછેડી જેવા કપડાના ત્રણ છેડા પકડી અનાજ સાફ કરવા હવા નાખવાની ક્રિયા

પથારો (પું.) (ખળામાં) પાથરી દેવો

પરાળ (સ્ત્રી.) અનાજ લેવાઈ ગયા પછી વધેલ કચરો

પાથરો (પું.) એક ઉપર એક એમ ઢગલો કરવો

પુમડી (સ્ત્રી.) ચોટી, ઓઘલી મંડાઈ ગયા પછી મુકાતી નિશાની, ડોસી

પૂંક (પું.) પોંક

પૂળિયાં (નપું.) ઘઉંના પૂળા

પૂળો (પું.) કાપેલા છોડને નાના જથ્થામાં ભેગા બાંધવા.

ફંટા (પું.) જુઓ ફઈટા.

ફઈટા (પું.) રાયડાના સાંઠા, ફંટા, રાડિયાં, ગારિયા

બાજરિયું (નપું.) બાજરીનું ડૂંડું

બોયા (પું.) એરંડાના સાંઠા

ભારો (પું.) લાકડાં, ઘાસ વગેરે ને ઉપાડી શકાય તેટલાં સાથે બાંધવાં.

લણવું (ક્રિ.) પૂળામાંથી ડૂંડાં / કણસલાં જુદાં પાડવાની ક્રિયા

વાઢવું (ક્રિ.) કાપવું, છોડ કાપવા.

સેંચી (સ્ત્રી.) હૂંઢો (પું.) મોસલું, બળદને મોઢે ખળા વખતે પહેરાવવામાં આવતું જાળિયું

હલો (પું.) કાપણી પછી ખેતરમાંથી ડૂંડાં વીણી લેવાં.

હાલરું (નપું.) ખળાને ગોળ ગોઠવવું (તૈયાર કરવું.)

હાળી (સ્ત્રી.) રાયડાને ખળામાં પાથરવો.

હાંઠી (સ્ત્રી.) સાંઠી, કપાસની સાંઠીઓ

હાંઠો (પું.) જુવાર, બાજરીના સાંઠા

હૂળવું (ક્રિ.) કપાસને જડમૂળમાંથી ખેંચી કાઢવો.

હૂંચેલ (નપું.) ખળામાં અનાજ લેવાઈ ગયા પછી વધેલ કરચો

## ગાલ્લું (ગાડું)

આડી (સ્ત્રી.) ગાડામાં સામાન ભરવા ઊભી કરાતી આડી, આડીઓ (બ.વ.)

આડું (પું.) ગાડામાં સામાન ભરવા ઊભાં કરાતાં લાકડાં, આડાં (બ.વ.)

આરો (પું.) પૈડાનો આરો, આરા (બ.વ.)

ઊંટડો (પું.) ગાડાને આગળના ભાગે ઊંચું રાખતું ડામચાની નીચેનું ઊભું લાકડું

ગાલ્લું (નપુ.) ગાડું

ઘોલિયો (પું.) યુવાન બળદ, રેલ્લો

જોતર (નપું.) બળદને ધૂંસરી સાથે બાંધવાનો ચામડાનો પાટો

ઝાકળા (પું.) ગાડાના ઠાઠા પર મોદનું આવરણ કરી આડા ગોઠવી ગાડાની બોડી બનાવવામાં આવે.

ઠાઠું (નપું.) ગાડાનો પૈડાં સિવાયનો તમામ ભાગ

ડાગળો (પું.) ગાડાનો પાછળનો ભાગ

ડામચો (પું.) ગાડાનો મુખ આગળનો ભાગ

ધરી (સ્ત્રી.) જેના આધારે ગાડાનાં પૈડાં ફરે

પૈડું (નપું.) ગાડાનું પૈડું

બૂંગું (નપું.) મોદમાં અનાજ ભરવું, બૂંગો (પું.)

ભંડારિયું (નપું.) ગાડાના ઠાઠા નીચે બનાવાતું ખાનું

ભોર (પું.) સામાન ભરેલું ગાડું

મળી (સ્ત્રી.) મરી, ગાડાના પૈડામાં ધરી પાસે તેલ પૂરતાં નીકળતો કાળો પદાર્થ

મોદ (સ્ત્રી.) પછેડી જેવું જાડું કાપડ

મોયડો (પું.) બળદના મોઢે બંધાતો ચામડાનો પટો

હુંસિયા (પું.) ફાંસલા, ફાંહલા

## વાવણિયો (વાવણી કરવાનું સાધન)

ઓયણી (ક્રિ.) પેયણી, ઓરણી, ચાસમાં દાણા વાવવાની ક્રિયા

ઓરવું (ક્રિ.) નાખવું, ચાસમાં દાણા પેરવા/ઉમેરવા.

ઓળિયો (પું.) વાવણિયો, ચાવોળ

ખરભારી (સ્ત્રી.) છીંડું, ખોડીબારું

ખોડીબારું (નપું.) ખરભારી, છીંડું

ગળસેડું (નપું.) જુઓ નવેળું.

ચાવોળ (સ્ત્રી.) વાવણી કરવાનું મુખ્ય સાધન, ઓળિયો; વાવણિયો

દાંતા (પું.) વાવણિયામાં રહેલ લાકડાના દાંતા. (દાણાને યોગ્ય જગ્યાએ પહોંચાડે છે.)

નવેળું (નપું.) બાકોરું, ગળસેડું

નાયો (પું.) વાંસની પોલી નળી (વાવણિયાનાં લાકડાં, દાંતા અને ઓરણી સાથે ચાર નાયો જોડાયેલી હોય છે.)

નીંદામણ (ક્રિ.) વાવેતરમાંથી નકામા છોડ, ઘાસ, વનસ્પતિ વગેરે દૂર કરવાની ક્રિયા.

પેયણી (સ્ત્રી.) જુઓ ઓયણી.

ફાંસિયું (નપું.) દાંતા અને નાયા વચ્ચે દાંતાને ફસાવવા ગોઠવવામાં આવતું લાકડું

મોચમ (સ્ત્રી.) વાવણી કર્યા પછી વાવણીની આજુબાજુમાં હળવી ખેડ કરવી.

મોણું (નપું.) ઓયણીના તળિયે રહેલ કાણું (જેના મારફતે દાણા વાંસની પોલી નળીઓમાં જાય.)

વરાપ (સ્ત્રી.) ખેડવાલાયક જમીન તૈયાર થવી

વાવેતર (ક્રિ.) અનાજની વાવણી

હમાર (પું.) સમાર, લાકડાનો મોટો પાટડો, (ખેતરમાં વાવણી પછી ખેડ ઉપર ફેરવવામાં આવે છે.)

હાંબળા (પું.) સાંબળા, (ઓરણીનો ઉપરનો ભાગ અને સમોળને જોડતાં બે મોટા દાંડા–લાકડાં)

હોયા (પું.) અંકુર, ફણગા

*

અહાડું (નપું.) અષાડું, અષાઢમાં કરેલ વાવેતર

ઉધડ (સ્ત્રી.) ઉધેડ, ઉચ્ચક રકમે જમીન વાવવા આપવી

એકઢાળિયું (નપું.) એક તરફ ઢળતી છતવાળું ઘર

કદયાળી (સ્ત્રી.) કોદાળી

કના (પું.) ઝાડ ઉપર બાંધેલો માળો

કાચો (પું.) ગામ નજીકનું ખેતર

કોટિયું (નપું.) ઢોરને ગળે બાંધવાની રાસ

કોઢી (સ્ત્રી.) કુહાડી, કવાડી

કોરમોર (અ.) ચારે તરફ

ખારોડ (સ્ત્રી.) ખારાશવાળું મેદાન, ખારી જમીન

ગરાક (પું.) યજમાન, ઘરાક

ગરાકવટી (સ્ત્રી.) યજમાની, જજમાની

ગોફેણ (સ્ત્રી.) ગોફણ (પક્ષીઓ ઉડાડવા ગોળા-પથરા ફેંકવાનું જોતર જેવું સાધન)

ગોલું (નપું.) ગુલામ, સેવક

ચરબારો (પું.) ગોચર, ઢોરને મફતમાં ચરવાની સરકારી પડતર જગ્યા

ચરિયાણ (નપું.) જુઓ ચરબારો.

ચરો (પું.) જુઓ ચરબારો.

ચાર (સ્ત્રી.) ઘાસચારો

ચારવું (ક્રિ.) ચરાવવું

ચારોડ (નપું.) જુઓ ચરબારો.

ડેરો (પું.) તોફાની ભેંસના ગળામાં લટકાવાતું આડું લાકડું, આડો.

દાડિયો (પું.) રોજમદાર, રોજની મજૂરી નક્કી કરી કામ કરનાર દાડિયો, દાડિયા (બ.વ.)

દાંતી (સ્ત્રી.) નાના હાથાવાળું ધારિયું

દાંતેડું (નપું.) દાતરડું, ઘાસ કાપવાનું ઓજાર

ધારિયું (નપું.) એક હાથાવાળું હથિયાર

ધૂવો (નપું.) પૂળાનું છાપરું

નિરવું (ક્રિ.) નીરણ કરવું, ઘાસપૂળો નીરવા

પાહન (ક્રિ.) પાછળથી, પછીનું

ફરસી (સ્ત્રી.) અર્ધગોળ ફણાવાળી કુહાડી

ભાગિયો (પું.) ભાગીદાર, ભાગમાં ખેતી કરનાર

ભેલૉંણ (નપું.) ભેલાણ, બગાડ

મસારી (પું.) આખા વર્ષની ઉચ્ચક રકમે મજૂરી કરનાર મજૂર

મસારો (પું.) આખા વર્ષની ઉચ્ચક રકમે મજૂરી કરનારને અપાતું વેતન.

માંચડો (પું.) માળો

વેણ (ક્રિ.) વીણવું

હાંતી (પું.) સાથી, ગણોતિયો

હાંસી (સ્ત્રી.) થૂવર (થોરિયો) કાપવાનું સાધન, મોટા વાંસ સાથે બાંધી ઝાડ પરથી પાલો પાડવા માટે પણ વપરાય છે.

હુડો (પું.) ઝીણી ચાર કાપવાનું સાધન, સૂડો

*

---

ઉધેડ આપવું (ઉચ્ચક રકમે ખેતી કરવા માટે આપવું)

ઓઘલી માંડવી (પૂળા માંડવા)

કાપણી કરવી (પાક કાપી લેવો)

ખળું કરવું (ખળું કરવું) કણસલાં ગૂંદીને કે ઝૂડીને અનાજ કાઢવાની જગા.

ખાતર ભરવું (ખેતરમાં ખાતર ભરવું)

ગાડું જોડવું (ગાડું તૈયાર કરવું)

ગાંહડી બાંધવી (ગાંસડી બાંધવી)

ચાહ પાડવા (ચાસડા પાડવા) ખેડવાથી પડતો લાંબો આંકો

ડૂંડાં બેસવાં (ડૂંડાં આવવાં) કણનો

ડોડો–કણસલાં બેસવાં

ડોસી બેસાડવી (ઓઘલી પૂરી થયાની નિશાની મૂકવી)

થૂલ આવવું (ફૂલ આવવાં)

નાથ ઘાલવી (બળદના નાકમાં કાણું પાડી રસી નાખવી)

નીંદામણ કરવું (વધારાનું ઘાસ દૂર કરવું)

પડવા નાખવો (હવા નાખવી)

પથારો કરવો (પાથરવું)

પાળા કરવા (પાળ બનાવવી)

પૂળા બાંધવા (પૂળા બાંધવા)

પેરવું (ખેતરમાં દાણા વાવવા)

બળદ બનાબ્બો (રેડલાનું વૃષણ છેદન કરવું)

ભેલૉંણ કરવું (ભેલાણ કરવું), બગાડવું

મળી ભરવી (આરામાં તેલ પૂરવું)

મુઢિયું પેરાબ્બું (બળદને મોઢે જાળી પહેરાવવી)

મોચમ કાઢવી (હળવી ખેડ કરવી)

વરાપ આવવી (જમીન ખેડાણલાયક તૈયાર થવી)

વાવણી કરવી (વાવવું)

સેંડું પાડવું (છીંડું પાડવું)

સેતર સેડવું (ખેતર ખેડવું)

હમાર દેવો (સમાર ફેરવવો), ચાસમાં બી

નાંખી તે ઢાંકી ઉપર ફેરવવામાં આવતું લાંબું પાટિયું

હલો વીણવો (કાપણી પછી ડૂંડાં વગેરે વીણવાં)

હળોતરા કરવા (ખેતર ખેડવાની શરૂઆત કરવી)

હાલરું કરવું (ખળામાં બળદ ચલાવવા)

હોયા ફૂટવા (અંકુર ફૂટવા, ફણગા ફૂટવા)

## સેનમા (ચેણમા, ચેનમા)

ઢોલ વગાડવો, પાનની રસી વણવી, સાવરણી બનાવવી, હજામત કરવી, હોકા ભરી આપવા, મશાલ પકડવી વગેરે કામગીરી કરતી જાતિ

### ઢોલ વિશે

કોટિયું (નપું.) ઢોલને બાંધેલી રસીઓ (ઢોલી ગળામાં રસી ભેરવી ઢોલ વગાડે)

ખોભડું (નપું.) ઢોલનું પોલું ગોળાકાર લાકડું

જેડી (સ્ત્રી.) ગેડી, ઢોલને વગાડવાની દંડી, દાંડી

ડણકો (પું.) ડેણકો, દંદૂડી વગાડવાની દાંડી, ડંકો

ડંકો (પું.) જુઓ ડણકો.

ડેણકો (પું.) જુઓ ડણકો.

ઢોલ (પું.) ખોભડા પર પડું મઢી બનાવેલ વાજિંત્ર

ઢોલી (પું.) ઢોલ વગાડનાર

તંગ (પું.) ઢોલનું પડું ઢોલ સાથે બાંધવા વપરાતી રસીઓ

દદુડી (સ્ત્રી.) જુઓ દંદૂડી.

દંદૂડી (સ્ત્રી.) માટીના નાના નગારા જેવા પાત્રને ચામડાથી મઢીને તૈયાર કરેલ વાજિંત્ર

નોંદ (સ્ત્રી.) ઢોલનું પડું બાંધવા વપરાતી નસ.

પડું (નપું.) ઢોલને બંને બાજુ મઢેલું ચામડાનું પડ.

લટકણિયું (નપું.) ઢોલને શણગારવા માટેનાં ફૂમતાં

સીખ (સ્ત્રી.) ઢોલ વગાડવા માટેનું મહેનતાણું, વેઠની કિંમત

*

જશના કરવા (વાહ વાહ માટે ઢોલ વગાડવો.)

જેડી પાડવી (ઢોલ વગાડવો.)

ડણકો પાડવો (ઢોલ વગાડવો.)

ઢોલ ઉતારવો (ઢોલના તંગ ઢીલા કરવા.)

ઢોલ ચઢાવવો (ઢોલ વગાડવા માટે તંગ ખેંચીને તૈયાર કરવો.)

ઢોલ મઢવો (પડા બાંધવા.)

નુસણાં લેવાં (ઢોલ વગાડતાં વગાડતાં ઓવારણાં લેવાં - લેવરાવવાં.)

પડું ચઢાવવું (ઢોલને નવું પડું બાંધવું.)

બૂંગિયો વગાડવો (સૂર ચઢાવવા વગાડાતો ઢોલ.)

હીંચનો વગાડવો (નાચવા માટે વગાડાતો તાલ.)

પાનની રસી

ઉઢોણી (સ્ત્રી.) ઊંઢાણી, ઈંઢોણી

ઊંઢાણી (સ્ત્રી.) ઈંઢોણી

ઓળિયો (પું.) પાન ચીરવા માટેનો છરો

પાંન્યો (સ્ત્રી.) પાણીમાં થતું ઊંચું ઘાસ (પાનની રસી વણવામાં આવે છે.)

સેંકું (નપું.) છીકું

હાથણી (સ્ત્રી.) પાનની રસી વણવા (વળ ચઢાવવા) તૈયાર કરેલું એક સાધન.

હાથણો (પું.) પાનની રસીને વળ ચઢાવવા માટે તૈયાર કરેલું થોડું મોટું સાધન.

હુંથિયું (નપું.) મોટું ગોળ વાસણ મૂકવા માટેનું મોચીલું

*

પાંન્યો ચીરવી (પાનનાં પાંદડાં ઓળિયા વડે ચીરીને વળ ચઢાવવા માટે તૈયાર કરવાં.)

રસી ભાગવી (પાનની રસી તૈયાર કરવાની ક્રિયા.)

સાવૈણી : સાવરણી, સંજવારી, હાવૈણી

ઓળાઈ (સ્ત્રી.) તૈયાર સાવરણીનાં પીંછાંના ભાગને ઓળવાની / ચીરવાની ક્રિયા

ઓંહડી (સ્ત્રી.) હાંસડી, ચીરાયેલાં પીંછાં સરખાં રાખવાં માટે સાવરણીને પહેરાવવામાં આવે છે, (પું.) બંગલો

કાથી (સ્ત્રી.) સાવરણી બાંધવાનું દોરડું

કાંસકો (પું.) લોખંડનો ખીલાદાર કાંસકો (સાવરણીનાં પાન ચીરવા માટે)

ગૂંચડી (સ્ત્રી.) સાવરણીના મૂઠા પર કરેલ ડિઝાઇન / કારીગરી

ઢોલો (પું.) મૂઠો બાંધી કાચી સાવરણી તૈયાર કરવી.

નાકું (નપું.) સાવરણી ભરાવવાની કડી

પટો-ગૂંચડી (સ્ત્રી.) મૂઠા ઉપર પટાવાળી કારીગરી

બંગલો (પું.) હાંસડી, ખજૂરના પાનની રિંગ

મૂઠો (પું.) મૂઠ, સાવરણી પકડવાની જગ્યા.

સંજવારી (સ્ત્રી.) સાવરણી, હાવૈણી

*

બંગલો ચડાબ્બો (સાવરણી પર હાંસડી પહેરાવવી.)

મૂઠો બાંધવો (ખજૂરનાં ચીરેલાં પાન/ પીંછાં ભેગાં બાંધવાં.)

હાવૈણી ઓળવવી (સાવરણી ઓળવી.)

## હથવારા (સથવારા, હતવારા, કડિયા)

### ચણતરકામ કરનાર જાતિ

ઓળંબો (પું.) દીવાલની ઊંચાઈ સરખી માપવાનું લોખંડનું ભમરડા જેવું સાધન

કાટખૂણો (પું.) ખૂણા માપવા વપરાતું સાધન

કાંકરેટ (પું.) કોંક્રીટ, સિમેન્ટ, રેત, ગ્રીટ, કપચી, પાણી વગેરેનું મિશ્રણ

કાંકરો (પું.) દીવાલ ખરબચડી કરવા માટે વપરાતા કાંકરા

ખપેડી (સ્ત્રી.) વાસનું નાનું જાળિયું.

ખપેડું (નપું.) પાલખના આડા ટેકાઓ ઉપર ગોઠવવા માટે તૈયાર કરેલા વાંસનાં જાળિયાં.

ખૂણિયું (નપું.) લોખંડનું ઓજાર

ખૂણિયો (પું.) ખૂણિયું, પ્લાસ્ટરના ખૂણાની ધાર સરખી કરવા માટે વપરાતું લોખંડનું નાનું સાધન

ગૂટકો (પું.) પ્લાસ્ટર તથા ખાંચામાં ધાર સરખી કરવા માટેનું લાકડાનું સાધન

ઘમેલું (નપું.) તગારું, ટોકર

જાડી રેતું (સ્ત્રી.) મોટા દાણાવાળી રેત, પ્લાસ્ટરની રેત

જેણી રેતું (સ્ત્રી.) ઝીણી રેત, ચણતરની રેત

ટાઁકણું (નપું.) છીણી (ચણતરમાં કાણાં પાડવાં, દાંતા કાઢવા વપરાતું લોખંડનું સાધન)

ટેકો (પું.) લાકડાનો જાડો દંડો

ટેંપ (સ્ત્રી.) માપપટ્ટી, લાંબી ફૂટપટ્ટી

ટોટીમાપ (નપું.) પ્લાસ્ટિકની પારદર્શક પાઇપમાં પાણી ભરીને ચણતરની ઊંચાઈ સરખી કરવી તે.

ડુંઘો (પું.) ઓગાળેલો સિમેન્ટ (પ્લાસ્ટર ઉપર લેપ કરવા માટે)

તીકમ (પું.) ત્રીકમ, ખોદકામ માટેનું લોખંડનું ઓજાર

પતરું (નપું.) પ્લાસ્ટર લીસું કરવા વપરાતું પતરાનું ઓજાર

પાલખ (સ્ત્રી.) માંચડો, ઊંચાઈ પર ચણતર/પ્લાસ્ટર કરવા માટે પાલખ બાંધવામાં આવે છે.

પાવડો (પું.) તગારાંમાં માલ ભરવા માટેનું સાધન

બાંબુ (પું.) વાંસ

મસ્તર (નપું.) પ્લાસ્ટર સરખું કરવા માટે વપરાતું લાકડાનું સાધન

માલ (પું.) રેત, સિમેન્ટ, પાણીનું મિશ્રણ

લપ્પી (સ્ત્રી.) ખૂબ ઝીણી રેતી

લેપવું (ક્રિ.) પ્લાસ્ટર કરવું

લેલી (સ્ત્રી.) નાની થાપી, ચણતર કામ માટેનું ભાતિયા જેવું સાધન

લેલું (નપું.) થાપી

લેવલ (નપું.) ભોંયતળિયાની સપાટીની સરખાઈ જોવાની નાની ડબ્બી

સેવાલ (સ્ત્રી.) સેવાળ, આડો પાવડો

*

કાંકરો કરવો (પ્લાસ્ટર કરકરું રાખવું.)

ખૂણિયા કાઢવા (ખૂણા સરખા કરવા.)

ચણતર કરવું (દીવાલ ચણવી.)

ટોટીમાપ લેવું (ટોટીના માપથી સરખું કરવું.)

ડૂંઘો મારવો (પ્લાસ્ટર લીસું કરવા સિમેન્ટનું પડ લગાવવું.)

ડોસી બેસાડવી (ચણતર પૂરું કરવું.)

દાંતા પાડવા (ચણતરમાં દાંતા પાડવા.)

પાલખ બાંધવી (માંચડો તૈયાર કરવો.)

મસ્તર મારવું (પ્લાસ્ટર સરખું કરવું.)

માલ છાંટવો (ચણતર ઉપર માલ છાંટવો.)

માલ બનાવવો (રેત, સિમેન્ટ પાણી ભેગાં કરવાં.)

લેવલ કરવું (તળિયું સરખું કરવું.)

# હુતાર (સુથાર)

## સુથારીકામ કરનાર જાતિ

એમરી (સ્ત્રી.) પાનાને ધાર કાઢવાનું સાધન, કાનસ

કરવત (સ્ત્રી.) મોટી આરી, વેરણિયું

કરવતી (સ્ત્રી.) નાની કરવત, પતરું

કોઢો (પું.) કુહાડો

ગજપટ્ટી (સ્ત્રી.) ચોવડ વાળી શકાય તેવી બે ફૂટ લંબાઈની માપપટ્ટી

ગેજ (નપું.) માપ માટેનું સાધન

ચૂંક (સ્ત્રી.) ખીલી

ધૂનકી (સ્ત્રી.) ધનુષ્ય, શારડી ફેરવવાની કામઠી

નાની ફરસી (સ્ત્રી.) લાકડાને ફાડવા માટેનું કુહાડી જેવું સાધન

પાનું (નપું.) રંધામાં લાકડું છોલવા માટે જોડવામાં આવતું ઊભી છરી જેવું સાધન

ફરસી (સ્ત્રી.) જુઓ નાની ફરસી.

ભીડ (સ્ત્રી.) લાકડાંના સાંધા મેળવવા/ દબાવવા માટેનું સાધન

ભીડો (પું.) જુઓ ભીડ.

રંધી (સ્ત્રી.) લાકડાની પટ્ટીઓને ઘીસી પાડવા માટેનું સાધન

રંધો (પું.) લાકડાની સપાટી લીસી કરવા / છોલવા, સરખી કરવા માટેનું ઓજાર

વાંહલો (પું.) વાંસલો, લાકડાં ઊભાં ફાડવાં / છોલવાં માટેનું ઊભી કુહાડી જેવું ઓજાર

વિજણિયો (પું.) સાલિયો

સાયડી (સ્ત્રી.) શારડી, ગોળ કાણાં પાડવાનું ઓજાર

સાયણી (સ્ત્રી.) જુઓ સાયડી.

હથોડી (સ્ત્રી.) જુઓ હથોડો.

હથોડો (પું.) ખીલી ઠોકવા માટેનું મોટું/ નાનું ઓજાર

હલિયો (પું.) જુઓ હાલ.

હાલ (પું.) સાલ, લાકડામાં કાણું પાડવા માટેનું ઓજાર

*

કરવત ચલાવવી (લાકડું કાપવું.)

ઘીસી પાડવી (ખાંચો પાડવો.)

ચૂંક મારવી (ખીલી લગાવવી.)

છોલ પાડવો (લાકડું લીસું કરવું.)

ભીડ કસવી (સાંધા મેળવવા.)

ભીડ ચલાબ્બી (કાણાં પાડવાં.)

સાલ કાઢવો (કાણામાં લાકડું ભરાવવા ઘાટ કાઢવો.)

હાલ હલવાડવું (કાણામાં હાલ જોડવું.)

# ગામમાં વસતી જાતિઓ / તેમની કામગીરી

ઓરગણા (રૂખી, ભંગી, ઋષિ વાલ્મીકિ) ; ઈંઢોણી, સૂપડાં બનાવવાં, મરેલાં કૂતરાં / બિલાડાં તાણી જવાં, સફાઈકામ કરવું, મરણ પ્રસંગે ઢોલ વગાડવો, ગ્રહણ, શુભપ્રસંગે, મરણ પ્રસંગે દાન સ્વીકારવું

ઑડ (ઓડ) : માટીનાં ઘર ચણવાં, કૂવા ખોદવા / ગાળવા, માલ વહન કરવું

કણબી (આંજણા-ચૌધરી, પટેલ, પાટીદાર) ખેતીવાડી, પશુપાલન

કુંભાર (ઓઝા, પ્રજાપતિ) (મુસલા-મોયલા મુસ્લિમ કુંભાર) માટીકામ, માટીનાં વાસણ બનાવવાં

ગરોળા (ગરોભામણ-ગરોડા) : દલિતોના ગોર, પૂજાપાઠ, લગ્ન, મરણ અને ધાર્મિક ક્રિયાઓ કરાવવી

ગોર (ભામણ-બ્રાહ્મણ) : સવર્ણ જાતિના ગોર, પૂજાપાઠ, લગ્ન, મરણ, ધાર્મિક ક્રિયાઓ કરવી

ગોંહઈ (ગોસાંઈ-સાધુ) પૂજારીની કામગીરી, ભિક્ષાવૃત્તિ કરવી

ઘોંચી (ઘાંચી) : ઘાણી ચલાવી તલ, મગફળી, એરંડા, ડોળ વગેરે પીલી તેલ કાઢનાર/તેલ વેચનાર

ઠાકૈડા : (ઠાકોર કોળી) : ખેતીવાડી કરવી, ચોરી કરવી

ઢાઢી (મીર-મુસ્લિમ) : કલાકાર કોમ, લોકગીત ગાવાં, પ્રશસ્તિ ગાવી, સ્ત્રીઓ મરસિયા ગાય, ખેલ કરવા, ઢોલ વગાડવો

તપોદણ (તપોધન બ્રાહ્મણ, કડિયા) : મહાદેવના પૂજારી તરીકે કામ કરવું, ખેતીકામ, કડિયાકામ

તરગાળા (ભવાયા-ભાંડ, બારોટ, નાયક) : સવર્ણ જાતિમાં વેશ ભજવનાર, કલાકાર કોમ, લોકગીત ગાયક, વહીવંચા વગેરેનું કામ કરનાર

તૂરી (બહુરૂપી, બારોટ, વહીવંચા, નાયક) : દલિત વાસમાં ભવાઈવેશ કરવા, લોકગીત / લોકવાર્તા કહેવી, વંશાવળી રાખવી, પ્રશસ્તિગાન કરવું બહુરૂપીના વેશ કરવા, કલાકાર કોમ

દરબાર (ભાભા, રાજપૂત) : ખેતીવાડી કરવી.

દેહઈ (રબારી) : પશુપાલન કરવું, દૂધ / ઘી વેચવાં

નટ : રસી વણવી, અંગકસરતના ખેલ કરવા, જાદુ, હાથ-ચાલાકીના ખેલ કરવા વગેરે

નાડિયા : ગામમાં સાદ પાડવા, નાડી જોતર બનાવવાં, રેલ્લાને ખસી (ખસ્સી) કરી બળદ બનાવવા

નિરાસિત (હિન્દુ - સિંધી, નિર્વાસિત) : વેપાર, હાટડી ચલાવવી

પેંજારો (રૂ પીંજનાર) : રૂનાં ગાદલાં-ગોદડાં ભરનાર

બજાણિયા (સ્ત્રી.) : સોય, કાંસકી, બજરબુટિયાં વગેરેનો વેપાર

બજાણિયા : અંગકસરતના ખેલ, લોકગીત ગાઈ ભિક્ષાવૃત્તિ કરવી

ભરથરી : રાવણહથ્થો (સારંગી) વગાડી

લોકગીત ગાઈ ભિક્ષાવૃત્તિ કરવી, જૂનાં કપડાં માગવાં / વેચવાં

મણિયારો : બંગડીઓ--શૃંગારની ગામ ગામ ફરીને વસ્તુઓ વેચવી

મિયોર (ભાંભી, ચમાર) : મરેલાં ઢોરનાં ચામડાં ઉતારવાં, ચામડાં કમાવવાં, કોશ ઉતારવા, મરેલાં ઢોર ખેંચવાં. સપાટ, પાવલાં બનાવવાં, વેઠ-મજૂરી કરવી

મુમના (મેમણ) : મુસ્લિમ ખેડૂત - ખેતીકામ

મોચી : કમાવેલાં ચામડાનાં બૂટ, ચંપલ, સપાટ બનાવવાં

રાવળ (રાવળિયાં) : શાકબકાલું વેચવું, સામાન એક ગામથી બીજે ગામ લઈ જવો, ગધેડાં, ઊંટની પોઠ રાખવી.

લવાર (પંચાલ, લુહાર) : લુહારીકામ કરવું

લવારિયાં (રખડતી જાતિ) : ખેડૂતોનાં ખેતીનાં ઓજાર સરખાં કરી આપવાં.

વણકોર (વણકર) : વણાટકામ, વેઠ-મજૂરી, ધિરાણ

વાઘરી (દેવીપુત્ર) : શાકબકાલું વેચવું, વેઠ કરવી, બકરાં-મરઘાં પાળવાં

વાણિયા : વેપાર, નાણાં ધીરધાર, વ્યાજવટો

સથવારા : કડિયાકામ કરનાર

સરાણિયા : છરી-ચપ્પુ, ખેડૂતનાં ઓજારને ધાર કાઢી આપવી, લોકગીત ગાવાં, ભિક્ષાવૃત્તિ કરવી

સલાટ : ઘંટી ટાંકનાર, મૂર્તિઓ ઘડનાર

સેનમા (ચેનમા) : ઢોલ વગાડવો, પાનની રસી વણવી, દલિતોનું વતું કરવું, વેઠ કરવી, મશાલ પકડવી, હોકા ભરવા વગેરે

હઈ (દરજી) : દરજીકામ કરવું.

હજામ (નાઈ) : વતુ કરવું, સાદ પાડવો, મશાલ પકડવી, સવર્ણોની સેવા કરવી

હુથાર (સુતાર) : લાકડાંનો સામાન ઘડવાનું કામ કરવું

હોની (સોની) : સોના-ચાંદીના દાગીના ઘડનાર

## ગામડાંમાં મનોરંજન પૂરું પાડી ભિક્ષાવૃત્તિ કરનારા / અન્ય

1. કાંચળિયા : સ્ત્રીવેશ ધારણ કરી સાથે ઢોલક વગાડનાર હોય, નાચગાન કરી, લોકગીત (પ્રેમગીતો) ગાઈ ભિક્ષા માગનાર (તૂરી જાતિ)
2. ટેલિયો બામણ : શ્રાવણ માસમાં આખો માસ વાસ/મહોલ્લાઓમાં પ્રભુનામની ટહેલ નાખે, ઘરના દરવાજા પાસે ચાંલ્લા કરે, માસ પૂરો થતાં દાન માગે.

અન્ય સમયમાં વર્ષમાં એક વાર ગામમાં ટહેલ નાખે, દાન ઉઘરાવે.

દલિતોમાં ગરો બ્રાહ્મણ અને અદલિતોમાં લોક બ્રાહ્મણ ‘ટેલ’ નાખે

3. નટ : અંગકસરતના ખેલ, હાથ ચાલાકીના ખેલ દેખાડી ભિક્ષા માગે

4. પોમલા (વાંદરિયા) : એક જાતિ, માંકડા પાસે ખેલ કરાવી ભીખ માગે

(મહારાષ્ટ્રની જાતિ છે) સમય આવે ચોરી કરી જાય.

5. બજાણિયા : લોકગીત ગાઈ, અંગકસરતના ખેલ કરી લાગો માગે.

6. બહુરૂપી : જુદા જુદા વેશ ધારણ કરી ગામમાં ફેરી કરે અને વેશ પૂરા થતાં ભીખ માગે. (તૂરી/તરગાળા આ વેશ ભજવે.)

7. ભરથરી : સારંગી (રાવણહથ્થો) વગાડી લોકગીત ગાઈ મનોરંજન પૂરું પાડે, અનાજ, જૂનાં કપડાંની ભીખ માગે.

(જૂનાં કપડાં, અનાજ ગરીબોમાં વેચે)

8. ભેરવઝોળી બાવો (ઘુઘરિયાળો બાવો) : શરીરે ઊનના કાળા દોરા, લાલ લંગોટ, કમરે ઘૂઘરા અને ખભે રાખની ઝોળી તથા હાથમાં અક્ષયપાત્ર લઈ ઘૂઘરા ખખડાવતા ફક્ત 'અલખ નિરંજન' શબ્દ બોલી ભિક્ષા માગે. સીધી દિશામાં ગતિ કરે, પાછું વળીને ના જુએ.

9. લાલવાદી / ફૂલવાદી : છાબડીમાં સાપ લઈ નીકળે, સાપને ડોલાવવા મોરલી વગાડી હાથચાલાકીના ખેલ દેખાડી ભિક્ષા માગે.

## અન્ય

1. કંસારો : તાંબા-પિત્તળ, ઍલ્યુમિનિયમ (જર્મન) અને કાંસાનાં વાસણ કોથળામાં લઈ આવે - લે-વેચનો ધંધો કરે.
2. ડબ્બા સિનેમા : પતરાના મોટા ડબ્બામાં, બિલોરી કાચની બારીઓ વાટે, અંદર રહેલા ફોટા દર્શાવી, અનાજ, પૈસા માગે.
3. બજરબુટિયાંવાળી (કાંસકીવાળી) : (બજાણિયા સ્ત્રી) કાંસકી બજરબુટિયાં, નજરિયાં, સોય, મોહિની સોપ વગેરે અનાજને સાટે-પાટે કે પૈસેથી વેચે
4. બુઢ્ઢીના બાલવાળો : મોરસને સાદા મશીન વડે રૂ જેવી બનાવી તેના ગોળા વેચે, કોઈ ડબ્બામાં બાલના ગોળા લઈ ટોકરી વગાડતાં વગાડતાં વાસ / મહોલ્લાઓમાં વેચે.
5. સાકબકાલું વેચનારી (સ્ત્રી.) : વાઘરી-રાવળ જાતિની સ્ત્રીઓ ટોપલામાં શાક લઈ વેચવા નીકળે, અનાજના સાટાપાટે કે પૈસાના બદલે લેવડદેવડ કરે.
6. સરાણિયા : છૂરી, ચપ્પા, કાતરની ધાર કાઢી આપનાર, સરાણ લઈને સજોડે આવે. ધાર કાઢવાના બદલામાં અનાજ, રોટલા કે પૈસાથી કામ કરી આપે.

# જાતિઓ માટે વપરાતા અપમાનજનક શબ્દો

એંધ બકાલ : વાણિયા

ઓજું, આંજણું : આંજણા (કણબી)

કોળું, કોળા, ડોડીખઉ, અઁહ : ઠાકોર, કોળી

ગબા, ગબલું, બલૂન : પટેલ (કણબી)

ચટપટ : નાઈ, હજામ

ચપટી, ગરોડું, કણેક : ગરો, ગરો બ્રાહ્મણ

ટપલું, ઓઝું : કુંભાર

ટેભો : દરજી

ટેંટો, કઢીચટ્ટો : રાજપૂત, ભાભા

ડેંકલું : વાઘરી (દેવીપુત્ર)

ઢેડા, ઢેડું, ઢેડ : તમામ દલિત જાતિઓ

તરગાળું, તુહી તુહી, ઘાઘરી : તરગાળા, ભવાયા

તુહી તુહી, ભૂંગળ, ઘાઘરી : તૂરી

ધમેણ : લુહાર

પતરપુરિયું : રાવળ

ફોકા, ફોકું : રબારી

બાંડું, બાંડિયું તરકડું : મુસલમાન

ભૈડકું, કણેક, ટળકવું : બ્રાહ્મણ

મુહલું : મુસ્લિમ કુંભાર

લંગોટ, બાવું : ગોસાંઈ, બાવા

સોડિયું : સુથાર

# પેરવેસ : પહેરવેશ (વસ્ત્રો)

## સ્ત્રીઓનાં વસ્ત્ર

ચોળી (સ્ત્રી.) પીઠ તરફ બાંધીને પહેરવાનો કબજો, ચોલી. (2) કબજો : સ્ત્રીનું અંગવસ્ત્ર (3) પોલકું, છોકરીઓને પહેરવાનો કબજો (4) કાપડું.

ઘાઘરો (પું.) સ્ત્રીની કમરથી નીચેના ભાગે પહેરવામાં આવતું ઘેરદાર વસ્ત્ર, (2) ચણિયો.

(3) ઘાઘરી : નાની છોકરીઓને પહેરવા માટેનો નાનો ઘાઘરો.

(4) સંજાપવાળો ઘાઘરો : જેની ચાળપટ્ટી. જુદા કપડાની લગાડવામાં આવી હોય.

(5) ઉરેપવાળો ઘાઘરો : જેની ચાળ ઘાઘરાના કપડામાંથી વાળવામાં આવી હોય.

હાલ્લો (પું.) સાલ્લો, સાડલો, સાડી. (શરીર ઉપર લપેટી પહેરવાનું મોટું વસ્ત્ર.

(2) પછેડી સાડી : ચોરસ સાડી, ચાર ખૂણાવાળી (રાજપૂત સ્ત્રીઓ પહેરે છે.)

(3) કેસર સાડી : પરણતાં પહેરવાની કેસરી ચોરસ સાડી (રાજપૂત સ્ત્રીઓ પહેરે છે.)

(4) પછેડો : ઓઢણી, નાની છોકરીઓને પહેરવાની ઓઢણી

[નોંધ : સાડલાઓ ઝેમી, મદ્રાસિયું, સેણિયું, લેરિયું, પટોળું, બોસકી, બાંધણી, ગવન, પટોળાભાત વગેરે નામનાં હોય છે.]

## ઘાઘરો : સ્ત્રીનું કમરવસ્ત્ર

ઊંકલું (નપું.) નેફાના છૂટા છેડા જ્યાં ભેગા થાય ત્યાં થોડેક સુધી સીવ્યા વિનાની જગ્યા રાખવામાં આવે છે.

કાપ (પું.) ઘાઘરો ગોળ કરવા સીધો સાંધવામાં આવે છે ત્યારે ચાળ પાસે છેડા થોડાક સીવ્યા વિનાના છૂટા રાખવામાં આવે છે.

કોંહો (સ્ત્રી.) કસો, ચોળી / કાપડાને પીઠ સરખું બાંધવા ફૂમતાવાળી કસો બાંધવામાં આવે તે.

ચપટી (સ્ત્રી.) નેફા પાસેની ગોળાઈ ઓછી કરવા માટે ચપટી ભરવામાં આવે છે.

ચાળ (સ્ત્રી.) ઘાઘરાનો નીચેનો ગોળાઈવાળો ભાગ

ચેણ (સ્ત્રી.) ચપટી ભરીને ઘાઘરાને કમર જેટલી પહોળાઈનો તૈયાર કરાય તે

નાડું (નપું.) ઘાઘરાને કમરે બાંધવા માટે સૂતરની રસી નેફામાં પસાર કરવામાં આવે છે જેના છેડા ઊંકલા પાસે બાંધવામાં આવે છે.

નેફો (પું.) ચેણ ઉપર બેવડું કાપડ નળી બનાવતાં હોઈએ તેમ સીવવામાં આવે છે જેમાંથી નાડું પસાર કરવામાં આવે છે.

ફૂમતું (નપું.) નાડાના બન્ને છેડે ફૂમતાં ગૂંથવામાં આવે છે.

મકોડા (પું.) ચેણ પાસે સૂતરના જાડા મોટા ટાંકા લઈ દોરાથી ભરતકામ કરવું. (2) મકોડા ભરવા : ચેણ પાસે કરેલ ભરતકામને મકોડા ભરવા એમ કહેવાય

રબારી ભરત (નપું.) પોલા ટાંકાનું ભરતકામ

## પુરુષોનાં વસ્ત્ર

અઢીવટો (પું.) સીવેલી ધોતી (ઠાકોર-રાજપૂત પહેરે)

આંગળી (સ્ત્રી.) આંગડી, પેરણ, અંગરખું

કલંગી (સ્ત્રી.) કલગી, સોગું (છોગું) (2) સોગું મૂકવું : સાફો બાંધતાં સાફાનો એક છેડો માથા ઉપર છૂટો મૂકવો.

ખેસિયું (નપું.) ખેસ

જામો (પું.) કમરથી નેચે પહેરવાનું સીવેલું લેંઘા જેવું વસ્ત્ર

પાઈટ્યું (નપું.) પંચિયું, હેજિયું, પાંચ હાથનો ધોતીની જેમ કમરે બાંધી શકાય તેવો મોટો રૂમાલ.

પોતિયું (નપું.) ધોતી, ધોતિયું, થેપાડું

ફાળિયું (નપું.) પાઘડી, માથે બાંધવાનું વસ્ત્ર

ફેંટો (પું.) સાફો, યુવાનો રંગીન સાફો બાંધે તે.

હાથરૂમાલિયો (પું.) રૂમાલ

# ઘરેણાં

## સ્ત્રીઓનાં ઘરેણાં

(1) માથે પહેરવાનાં ઘરેણાં
ચાપડા (ચાંદી)
ચોટલો (ચાંદી)
ચૉંપ (ચાંદી)
ટીકો (સોનું, ચાંદી)
દામણી (સોનું, ચાંદી)
બોર (સોનું, ચાંદી)

(2) કાન પર પહેરવાનાં ઘરેણાં
ઓધન્યો (સોનું, ચાંદી)
કાપ (સોનું, ચાંદી)
ઝૂમણું (સોનું)
ઠોળિયાં (લાકડાનાં - સોનું)
ડિસ્કા (સોનું)
નખલી (સોનું)
પાંદડી (સોનું)
બોળિયાં (સોનું)
મચકણિયું (સોનું)
લટકણિયાં (સોનું)
લોળિયાં (સોનું)
વાળી (સોનું)
વાળો (સોનું)
વેલ્લા (સોનું)

(3) નાકમાં પહેરવાનાં ઘરેણાં
ઓગન્યો (સોનું)
કાંટી (સોનું)
કાંટો (સોનું)
ચૂની (સોનું)
ઝૂલો (સોનું)
નથ (સોનું)
નથણી (સોનું)
પાંદડી (સોનું)
રવો (સોનું)
વાળી (સોનું)
વાળો (સોનું)

(4) ગળામાં પહેરવાનાં ઘરેણાં
આંહડી (સોનું, ચાંદી)
કંઠી (સોનું)
કોટીલો (સોનું)
ટૂંપિયો (સોનું)
ડોકિયું (સોનું)
ડોડા (સોનું)
ડોડી (સોનું)
પગલું (સોનું)
પાંદડી (સોનું)
બીજ (સોનું)
મગમાળા (સોનું)
માદળિયું (સોનું)
માળા (સોનું)
હાર (સોનું)
હાલરિયું (સોનું)
હુતળી (સોનું)
હેર (સોનું)
હોસ પગલું (સોનું, ચાંદી)

(5) હાથે પહેરવાનાં ઘરેણાં

કડલી (ચાંદી) બાળકને માટે
કડું (સોનું, ચાંદી)
કલ્લી (ચાંદી)
કાંકણ (સોનું)
કાંડિયા (સોનું, ચાંદી)
ચૂડ (ચાંદી)
ચૂડા (સોનું, ચાંદી)
ચૂડિયો (ચાંદી)
ચૂડી (ચાંદી)
દોણિયા (ચાંદી)
બાજુબંધ (સોનું, ચાંદી)
લૉકિટ (સોનું)
(6) કેડે પહેરવાનાં ઘરેણાં
કંદોરો (ચાંદી)
ઝૂડો (ચાંદી)
ઝૂમખું (ચાંદી)
(7) હાથની આંગળિયે પહેરવાનાં ઘરેણાં
અંગૂઠિયાં (સોનું)
કેયડો (સોનું)
ઘોડો (સોનું)
પાંચો (સોનું)
વેઢ (સોનું, ચાંદી)
વેંટી (સોનું, ચાંદી)
(8) પગની આંગળિયે પહેરવાનાં ઘરેણાં
અંગૂઠિયાં (ચાંદી)
ચવટિયાં (ચાંદી)
જીભ (ચાંદી)
ફૂલ (ચાંદી)
માછલી (ચાંદી)
(9) પગે પહેરવાનાં ઘરેણાં
કડાં (ચાંદી)
કલ્લાં (ચાંદી)
કલ્લી (ચાંદી)
કાંબી (ચાંદી)
ખીલી પંખીયાળાં કલ્લાં (ચાંદી)
ઝાંઝર (ચાંદી)
ઝાંઝરી (ચાંદી)
લંઘર (ચાંદી)
હાંકળાં (ચાંદી)
હાંકળી (ચાંદી)
પુરુષોનાં ઘરેણાં
(1) કાને પહેરવાનાં ઘરેણાં
ગંઠોડા (સોનું)
ઠાંસિયા (સોનું)
ફૂલિયાં (સોનું)
બોર (સોનું)
મરચી (સોનું)
લવંગિયા (સોનું)
વાળી (સોનું)
વાળો (સોનું)
(2) હાથે પહેરવાનાં ઘરેણાં
કડું (સોનું)
કેયડા (સોનું)
વેઢ (સોનું)
વેંટી (સોનું)
(3) પગે પહેરવાનાં ઘરેણાં
તોડો (સોનું, ચાંદી)
બેડી (સોનું)

વાળો (સોનું)

(4) કમરે પહેરવાનાં ઘરેણાં

કંદોરો (ચાંદી)

પાટો (ચાંદી)

(5) ડોકમાં પહેરવાનાં ઘરેણાં

ગુલાડોડી (સોનું)

ટૂંપિયો (સોનું)

ડોડી (સોનું)

પાંદડી (સોનું)

માદળિયું (સોનું)

હૂતળી (સોનું)

હેર (સોનું)

## ઘર

આગળો (પું.) ઘરની અંદરની બાજુએથી બારણું બંધ કરવા ગોઠવવામાં આવેલ લાકડાની પટ્ટી, લાકડાની પટ્ટીની સાંકળ

આજેણ (સ્ત્રી.) ચૂલામાંથી આગ, રાખ વગેરે કાઢીને સંગ્રહવાની જગ્યા

આંગણવટ (પું.) જે પાટડા ઉપર ઓસરીના છજાનો ભાર ગોઠવાય તે

આંગણું (નપું.) આંગણું, ઓસરી આગળની ખાલી જગ્યા

ઉમરો (પું.) જુઓ પેલ્લી.

કડાંવાળું (નપું.) કડાંવાળું જડતરનું બારણું

કડૂખલો (પું.) ઘરની આગળની બારણાવાળી ભીંત

કરો (પું.) ઘરની પછીત અને કડૂખલાને જોડતી દીવાલ, કરા (બ.વ.)

ખાણિયો (પું.) અનાજ ખાંડવા / છડવા જમીનમાં દાટેલ ખાડાવાળો પથ્થર

ખૂણો (પું.) ખૂણો, જ્યાં બે દિશા કે લીટી મળતી હોય તે જગ્યા, કોણ, ખાંચો

ગોખલો (પું.) દીવાલમાં કરેલ ચોરસ ખાડો (દીવો -- અન્ય સામાન મૂકવા ઉપયોગ થાય છે.)

ઘડતરનું (નપું.) લોખંડ અને પિત્તળના પાટા લગાવીને તૈયાર કરેલ (બારણું)

ઘર (નપું.) રહેઠાણ, રહેવા માટેનું સ્થળ

ચૂલો (પું.) ચૂલો, આગ સળગાવવાની જગ્યા

જેનો (પું.) મેડા ઉપર જવા દાદરાના મૂળ પાસે મૂકેલ બારણું

ટેકો (પું.) થાંભલી, કુંભી

ટોલ્લો (પું.) ટોડલો, ઓસરી આગળની અડધી દીવાલ

ડાગળી (સ્ત્રી.) ઘરમાં કરેલ નાનું માળિયું

ડાગળો (પું.) ઘરમાં કરેલ માળિયું, ભંડારિયું

થાંભલી (સ્ત્રી.) જુઓ ટેકો.

થાંભલો (પું.) થાંભલી કરતાં મોટો ટેકો

થેપવું (ક્રિ.) મૈડને ઘરમાં/આંગણામાં દબાવવાની ક્રિયા

દીવાધરી (સ્ત્રી.) દીવો મૂકવાનું લાકડાનું સ્ટૅન્ડ

દીવો (પું.) દીવો, પ્રકાશ આપનારું સાધન

નળિયાં (નપું.) છજા ઉપર છાવા(ઢાંકવા) માં આવતી નાળ (લાંબી પોલી દાંડી કે નળી)

નેંવા (પું.) છજાનો આગળનો ભાગ

પસીત (સ્ત્રી.) પછીત, ઘરની પાછળની ભીંત

પાંણિયારી (સ્ત્રી.) પાણિયારી, પાણીનાં માટલાં વગેરે મૂકવાનું સ્થાન

પેલ્લી (સ્ત્રી.) પેઢલી, થળી, ઊમરો, ઉંબર

ફરરાં (નપું.) લાકડાનાં પાટિયાં

બાયણું (નપું.) બારણું

બારહાખ (સ્ત્રી.) બારસાખ

બારી (સ્ત્રી.) બારી

બેડ (સ્ત્રી.) ચૂલાની બાજુની જગ્યા, ચૂલાબેડ

ભારવટ (પું.) મોભ, પાટડો, મોભારો

ભેંત (સ્ત્રી.) ભીંત

મેડો (પું.) મેડો, માળ

મૈડ (સ્ત્રી.) કાંકરાવાળી ચીકણી માટી

મોભારો (પું.) જુઓ ભારવટ.

મોવટી (સ્ત્રી.) નેવા પાસે નળિયાંને ટેકો આપવા મોવટી ગોઠવવામાં આવે છે; લાકડાની પાટડી

લેપવું (ક્રિ.) લીંપવાની ક્રિયા

લેંપણ (નપું.) લીંપણ (છાણમાટી ભેગાં કરી ઘરની દીવાલો લીપવામાં આવે છે.).

વળગણી (સ્ત્રી.) કપડાં ભેરવવાની જગ્યા

વળીઓ (સ્ત્રી.) પાતળી લાકડીઓ, નળિયાં ગોઠવવા મોવટીમાં વળીઓ ભેરવવામાં આવે છે.

હંગતરા (પું.) સંગતરા, એક પ્રકારનો છોડ

હડો (પું.) જુઓ હૈડિયો.

હાચવણું (નપું.) સાચવણું, તાળું

હાથણી (સ્ત્રી.) ઘરમાં રસોડું જુદું પાડવા બનાવેલી અડધી દીવાલ

હાથો (પું.) લાકડાના નાના ટુકડા

હૈડિયો (પું.) બારણું વાસવા માટેનું સાધન, હળધરા, હડો

હોંકોળ (સ્ત્રી.) સાંકળ

## ઘંટી

ઓરણિયો (પું.) જુઓ ઓરણી.

ઓરણી (સ્ત્રી.) ઉપલા પડના મધ્યમાં કરેલ અનાજ ઓરવા માટે કરેલ મોટું કાણું

ઓરવું (ક્રિ.) ઉમેરવું, નાખવું

ખાળ (સ્ત્રી.) થાળાની દીવાલમાં લોટ કાઢવા પાડેલું કાણું

ખૂંટો (પું.) લાકડાનો ખીલો (જેના પર ઘંટિયું રાખવામાં આવે છે.)

ઘંટિયું (નપું.) ઘંટીનું ઉપલું પૈડું, પડ

ઘંટિલો (પું.) ઘંટીના ઉપલા પડને (ઘંટિયા) ચલાવવા માટે તેમાં જડેલો લાકડાનો હાથો

ઘંટી (સ્ત્રી.) અનાજ દળવા માટે પથ્થરનું સાદું યંત્ર

ચીપ (સ્ત્રી.) લાકડાની ચીપ (ઘંટીના તળિયે ગતિ નિયંત્રિત કરવા માટે ગોઠવાય છે.)

થાળું (નપું.) જેમાં દળાયેલ લોટ ભેગો થાય છે.

નીચલું (નપું.) નીચેનું પૈડું

પાયા (પું.) પાયા જેના ઉપર થાળું તૈયાર કરી ઘંટી ગોઠવવામાં આવે છે.

માંકડી (સ્ત્રી.) દાંતો, (ઘંટિયાના ઓરણિયામાં આડો બેસાડવામાં આવે છે, જેમાં ખૂટાનો છેડો ગોઠવી ઘંટિયા પડને ઊંચું કરવામાં આવે છે.)

લોટ (પું.) લોટ

વાહણ (નપું.) વાસણ

ગાળો સાફ કરવો (દળી રહ્યા પછી ઘંટીની સફાઈ કરવી.)

ઘંટીએ બેસવું (દળવા બેસવું.)

ઘંટી ટંકાવવી (પૈડિયાં ટંકાવવાં.)

ઘંટી ફેરવવી (ઘંટી ચલાવવી.)

ઘંટી ફોરી કરવી (ઘંટી ઝડપથી ફરે તેવી કરવી.)

થાળું સાફ કરવું (થાળામાંથી લોટ લઈ લેવો.)

દાણા ઓરવા (દળવા માટે દાણા ઘંટીમાં નાખવા.)

*

## ઓકો (ઉકો, હોકો)

અંગારા (પું.) અંગારા (ચલમમાં ભરવામાં આવે છે.)

ઉકો (પું.) ઓકો, હોકો, તમાકુ પીવાનું સાધન (જેમાં પાણી ભરવામાં આવે છે, તે કાચલી)

ઓકો (પું.) જુઓ ઉકો.

કાંકરી (સ્ત્રી) ભંડારિયામાં મૂકવામાં આવે છે.

કાચલી (સ્ત્રી) ચલમ નીચેનું પાત્ર જેમાં પાણી ભરવામાં આવે છે. (જેના ઉપર ચલમ અને બાજુમાં તમાકુ પીવા ને બેસાડવામાં આવે છે.) કાછલી

ચલમ (સ્ત્રી) માટીનું કટોરા જેવું પાત્ર જેના નીચે મૂઢિયું અને વચ્ચે ભંડારિયું હોય.

ટેચી (સ્ત્રી.) ઠેસી, કાચલીને તળિયે હોકાને નીચે સરખો ગોઠવવા, ટેકણ બનાવવામાં આવે તે.

તબો (પું.) ગોળ નાની ઠીકરી જે ભંડારિયામાં ભરેલી તમાકુ ઉપર ગોઠવવામાં આવે છે.

તમાકુ (સ્ત્રી.) ગડાકુ (તમાકુ અને રસી ભેગાં કરી તૈયાર કરેલ તમાકુ)

નેં (સ્ત્રી.) પોલી નળી, જે કાછલીના મોઢામાં બેસાડવામાં આવે.

પા (નપું.) સડેલા ગોળની રસી

પાણી (નપું.) પાણી કાચલીમાં (હોકામાં) ભરવામાં આવે છે.

ભંડારિયું (નપું.) ચલમની મધ્યમાં મૂઢિયાની શરૂઆતમાં તમાકુ મૂકવા માટેનું કાણું

મૂંઢિયું (નપું.) ચલમને તળિયે લાંબું મોઢું જેને મેર ઉપર ગોઠવવામાં આવે છે.

મૂંઢું (નપું.) કાછલીનું મોઢું જેમાં નેં ભેરવવામાં આવે છે.

મેર (સ્ત્રી.) કાછલીમાં ભરેલા પાણી સુધી પહોંચતું પોલું નળી જેવું માટીનું

સાધન જેના બહારના ભાગે ચલમ ગોઠવવામાં આવે છે.

*

ઓકો તાંણવો (હોકો પીવો.)

ઓકો પાણી કરાવવા (વિસામો આપવો - સ્વાગત કરવું.)

ઓકો માંડવો (હોકો પીવા માટે તમાકુ, અંગારા, પાણી ભરી તૈયાર કરવો.)

ઓકો સરતે કરવો (હોકાનું પાણી, તમાકુ, આગ જોઈ લેવાં.)

ચલમ ભરવી (તમાકુ માંડી અંગારા ભરી ચલમ તૈયાર કરવી.)

તમાકુ કૂટવી (તમાકુની ઝૂડીઓ કૂટીને ઝીણી કરવી.)

તમાકુ બનાબ્બી (કૂટેલી તમાકુમાં ગોળની રસી / પા ઉમેરી તમાકું બનાવવી.)

નેં બેહાડવી (હોકાની નળી બેસાડવી.)

પાણી બદલવું (હોકાનું પાણી

બદલવું.)

મેર મેરાઈ જવી (હોકાની મેર તૂટી જવી.)

રસી પાવી (તમાકુમાં રસી ભેળવવી.)

## ભોજન વિશે

અનાજ : જાર (જુવાર), બાજરી, ઘઉં, વરી ચોખા (લાલ ચોખા), બંટી, ચેણો, મગ, મઠ, અડદ, તુવેર, રૉમેળા (ચોળા), ચણા

### ભોજનની વાનગીઓ

કઠોળનું શાક (તુવેર, મગ, મઠ, અડદ, ચોળા)

કઢી (છાશ-બાજરીના લોટની)

કહાર (ભોળો કંસાર - ઘીગોળ પીરસી જમાય)

ખીસડી - ખીચડી (ખીસડો-ખીચડો)

ઘેંસ (જુવાર / ચોખાની કણકીની ઘેંસ)

ચલાહુ (ચૂરમું)

ચૂરમું (રોટલો-ઘી-ગોળનું મિશ્રણ)

ચોખા (ભીઠા ભાત)

ટોઠા (બાફેલું અનાજ)

ઠેઠાં

ઢેબરાં

ઢોકળાં

થૂલું (ઘઉંના બાફેલા મીઠા ફાડા)

દાળ (તુવેર, મગ, મઠ, અડદની થાય)

ધાણી (શેકેલું અનાજ)

બાટી

ભૈડકું (બાજરીની ઘેંસ)

ભોથાનું શાક (માંસનું શાક)

માતર (સુખડી)

માલુપા (માલપૂડા)

મોતી ચૂરના લાડવા (મોતીચૂર લાડુ)

મોલ્લા (ભોળા માલપૂડા)

મોળિયું (ગોળ વિનાનું ચૂરમું)

રોટલા

રોટલી

લાડવા (લાડુ)

લાપસી (લાવસી, મીઠો કંસાર)

વડાં (અડદનાં)

શાક : વંત્યાક (લાંબાં રીંગણ), રેંગણાં

(રીંગણ) બટ્યાકા (બટાટા), ડુંગળી, મેથીની ભાજી, ડોડીની ભાજી, વાલ્યોળ (વાલોળ), પાપડી, કાળિંગડાં, દૂધી, તૂરિયાં, ગલકાં, કંકોડી, કારેલાં, કાકડી, ગવાર

શીરો

સુવાળિયો (પૂરી)

હાકરિયા લાડવા (સાકરના લાડુ)

**કંદોઈની દુકાનેથી ખરીદાતી મીઠાઈ / ફરસાણ**

ગગનગાંઠિયા (મીઠા ગાંઠિયા)

ગાંઠિયા

ચવાણું

ચેવડો

જલેબી

જાડી સેવ

ઝીણી સેવ

પાપડી

પેંડા

ફરાળી ચેવડો

બરફી

બૂંદીના લાડુ

ભજિયાં (બટાટા, મરચાં)

મગસ

મુક્તી-લુક્ટી

લાકડસી લાડુ

## ભઠ્ઠી (મોટો ચૂલો)

### દારૂ ગાળવાની ભઠ્ઠી

કચૂરો (પું.) કોહવડાવેલાં મહુડાં

ગાળવું (ક્રિ.) બનાવવું (દારૂ ગાળવો - દારૂ બનાવવો)

ચેંકણી માટી (સ્ત્રી.) ચીકણી માટી. (બે માટલાંનાં મોઢાં એક બીજાંમાં ભેરવી વરાળ બહાર ન જાય તે માટે માટી ચોપડાય છે.)

તપેલી (સ્ત્રી.) તપેલી

દારૂ (પું.) આસવ, દારૂ, નશાવાળું પ્રવાહી

નાયો (પું.) પોલીનળી (બાબરિયામાં ગોઠવવામાં આવે છે; જે વડે વરાળ બાબરિયામાં ભેગી થાય, તે વરાળ વાસણ(બાટલા)માં પ્રવાહી રૂપે ભેગી કરાય

બાબરિયું (નપું.) માટલા ઉપરનું ખાલી માટલું જેમાં વરાળ ભેગી થઈ નાયા મારફત બાટલામાં જાય.

ભઠ્ઠી (સ્ત્રી.) મોટો ચૂલો (જેના પર માટલું મૂકવામાં આવે છે.)

માટલું (નપું.) નીચેનું માટલું જેમાં કચૂરો-મહુડા વગેરે કોવડાવવામાં આવે અને ભઠ્ઠી ઉપર ચઢાવવામાં આવે.

મોવડાં (નપું.) મહુડા (મહુડાનાં વૃક્ષનાં ફૂલ)

વરાળ (સ્ત્રી.) વરાળ

વાહણ (નપું.) દારૂ ભેગો કરવાનો શીશો

*

પેલી ધારનો (માટલામાંથી પહેલી વરાળને બાટલામાં ઠારવામાં આવે તે દારૂ.)

માટલું ઘાલવું (મહુડા થોડુંક પાણી માટલામાં ભરી સંપૂર્ણ બંધ કરી ઉકરડામાં દાબવામાં આવે.)

માટલું ચડાબ્બું (આથાવાળાં, કોહવાયેલાં, મહુડા સમેતનું માટલું દારૂ ગાળવા ભઠ્ઠી પર મૂકવું.)

વાહણ હંતાડવું (દારૂના બાટલા સંતાડવા.)

## ટીલડી (મોરનું પેંસુ, મોરપીંછ)

કડાયો (પું.) હોળાયો, લાંબું પીંછું જેમાં રંગીન ટીલડી હોતી નથી. □કલંગી (સ્ત્રી.) કલગી (મોરને માથે ચારપાંચ નાનાં પીંછાં હોય છે તે.)

ઘાંયજો (પું.) તલવાર જેવું વાંકું ટીલડી વિનાનું પીંછું

ટપલો (પું.) ઘાંયજો અને ટીલડી જોડાયેલાં હોય તેવું પીંછું

ટીલડી (સ્ત્રી.) રંગબેરંગી મોરપીંછ, પેંસુ, એક ટીલડીવાળું પીંછું

પેંસુ (નપું.) પીંછું, મોરપીંછ

બેલડી (સ્ત્રી.) બે ટીલડી જોડાયેલ હોય તેવું મોરપીંછું

### તંબૂરો (એકતારો)

ઘોડી (સ્ત્રી.) નાની લાકડાની ચીપ (તુમડાના પડા (ચામડા) પર ગોઠવવામાં આવે છે. ઉપર તાર પસાર કરવામાં આવે.)

ઠોડું (નપું.) દાંડાનો તુંબડા તરફનો છેડો

ઠોડો (પું.) વાંસનો પોલો દંડ, દાંડો (જેનો એક છેડો તુંબડામાંથી પસાર કરાય છે.)

તાર (પું.) તાર (એક છેડો મોયણે તથા બીજો છેડો ઠોડાએ બાંધવામાં આવે છે.)

તુંમડું (નપું.) તુંબડાના વેલાનું નરજાતિનું મોટું ફળ (તુંબડું) જેમાં ઠોડો બેસાડવામાં આવે છે.

પડું (નપું.) તુંબડા પર મઢેલું ચામડું

મોયણું (નપું.) ઠોડામાં કાણું કરી લાકડાનો ટુકડો ગોઠવવામાં આવે છે જેની સાથે તારને બાંધવામાં આવે છે.

### ગામનાં ઝાડવાં

| ઝાડ | ફળ | બીજ | ફૂલ |
|---|---|---|---|
| આસોપાલેવ | – | ઠીલિયો | મૉર |
| ઉમરો | ઉમરાં | બી | ફૂલ |
| આઁબલી | કાતરા | કચુકા | મૉર |
| આઁબળા | આઁબળું | ઠીલિયો | મૉર |
| આઁબો | કેરી | ગોટલો | મૉર |
| કણઝી | ઢોકળી/ પરપલ્યાં | ઢોકળી | મૉર |
| કેયડો | કેરાં/કેર | ઠીલિયો | મૉર |
| કોઠી | કોઠાં | બીયાં | ફૂલ |
| ગૂંદી | ગુંદોં | ઠીલિયો | મૉર |
| ગોરસ આંબલી | કાતરા | કચુકો | ફૂલ |
| જાંબુડો | જાંબુ | ઠીલિયો | મૉર |
| પેંપળ | ભૂનાં | બી | મૉર |
| પેંપળો | ભૂનાં | બી | મૉર |
| બાવોળ | પાપડી | પૈડા | બોરફૂલ |
| બિલાં | બિલું | બીયાં | ફૂલ |

| | | | |
|---|---|---|---|
| બોયડી | બોર | ઠીલિયો | મૉર |
| મકરૉણ | મકરોડું | બી | ફૂલ |
| મોવડો | ડોળ | ડોળ | મોવડાં |
| રાગુંદો/ વડગુંદો | રાગુંદુ | ઠીલિયો | ફૂલ |
| રાબોર/ કલમીબોર | – | ઠીલિયો | મૉર |
| રૉણ | રાણ્યો | ઠીલિયો | મૉર |
| લેંબડો | લેંબોડા | ઠીલિયો | મૉર |
| લેંબુડી | લેંબુડાં | ઠીલિયા | મૉર |
| વગદો/ રૂખડો | પીલુ | બી | મૉર |
| વડલો | ટેટા | બી | મૉર |
| સીજડો | હાંગરિયો | બી | મૉર |
| સેંતૂર | સેંતૂર | બી | ફૂલ |

## અન્ય

| | | | |
|---|---|---|---|
| આકડો | ડોડા | ફૂદાં | ફૂલ |
| તળસ્યા/ તુલસ્યા | – | બી | ફૂલ |
| ધતૂરો | જેડવા | બી | ફૂલ |

## ઘાસનાં નામ

કાયો, ખરહલી, ખાપરો, ઘરજીવી, ચાર, ચીડ, ચીડો, ચીયો, ચીલ, ચેંબળું, ઝેંઝવું, ઢેબરો, તારોલિયું, ધરો, ધામણ, મણચી, હંગારિયું

## વેલાનાં નામ

કાળિંગડી, કુવેચ, ગલકી, ગરોહણ, ગોઠમડી, ચણોઠી, ટેટી, ડોડી, તૂરિયું, તરબૂચ, ફૂદેલ

## કાંટાવાળા છોડ

ગાડેર, ગૂતળી, ગોખરુ, થૂવર, ભોટંગડી (ભોંયરેંગણી), દારૂડી

## ટેકરે થતા છોડ

અઈણી, આકડો, આવોળ, કાસિન્દ્રા, કાંગસી, ખરહડિયા (ખરસંડા), જવાસી, ઝીલડો, પૂંવાડિયા (કૂવાડિયા), હંગતરા

## જાળાં

કંથેર, કેર, ભોંયબોયડી

## પંખીઓ

કબૂતર, કલકલિયો, કંસરો, કાગડો, કાબેર, કાળિયોકોશી, કુંભાર, કૂકડો, કૂંજડી, કોકડિયો, કોયલ, ગીધ, ઘંટીટાંકણો, ઘૂવોડ, ચકી, ચીબરી, ડોસી (રાજગીધ), તેતરો, દરજીડો, દેવલી (દેવચકલી), દૈયડ, નાચણ, પતરંગો, પીળક, પોપટ, બાજ, બામણી, બુલબુલ, મેંના, મોર, રૉંમહોલો, લક્કડખોદ, લટેરો, લાવરી, લેંલા, સક્કરખોરો, સારસ, હમડી, હુગરી, હુડો, હોલો, હોલાબાજ

## તળાવનાં પંખી

કાંકણ, કાંણી, કૂકડી (જળકૂકડી), ટેંટોડી, ડૂબકી, ઢાંક, બગલી, બગલો, બતક

## જંગલી પ્રાણી

જંગલી બિલાડો, ઝરખ, દીપડો, નાવોર, નીલગાય, રામગાય, રોઝ, લૂંકડી, વરુ, વેઝુ, શિયાળ, સુવોર, હરણ

## ગામડાં / શહેરોનાં નાઁમ

કાઁડા - કહોડા
કાઁદરાઁમ - કોદરામ
કાઁહા - કાંસા
ખટાહણું - ખટાસણા
ગોકરિયું - ગોકળિયું
ચાઁણહૉલ - ચાણસોલ
જઁગુદણ - જગુદણ
પાઁસા - પાનસા
બળાધ્ય - બળાદ
મલીકપર - મલેકપુર
મસાવા - મછાવા
મંડ્યાલી - મંડાલી
મીયોલ - મહીયલ
મેહાઁણા - મહેસાણા
રાઁમપુરા - રામપુરા
લણવા - લુણવા
વનરાવન - વૃંદાવન
વિઠોરા - વીઠોડા
વીજાપર - વીજાપુર
વીહનગર - વીસનગર
વૈણગર - વડનગર
સરાળુ - ખેરાલુ
સિધપર - સિદ્ધપુર

## દેવીઓ/માતાઓનાં નામ

ઊગતાની મેલડી - મેલડી મા
કાળકા મા / કાળી મા - મહાકાલી
ચિતરામા - શીતળામાતા
ચેહર મા - કેશર ભવાની
જોગણી મા - યોગિની મા
ઠૂંહલી મા - ઉટાંટિયું રોગ મટાડતી દેવી
ડાચેણ મા - ડાકણ માતા
બાવળીની મા - શિકોતર મા
માપલી મા - ગાય-ભેંસને સુખ આપનાર માતા
રાઁગળી મા - રાંધળી માતા - લકવો મટાડનાર માતા
વેરઇમા - વારાહીમાતા
સધી મા - સિદ્ધેશ્વરી માતા
સિકોતર - શિકોતર (ઘરની માતા)
હડકઈ મા - હડકવા મટાડનાર માતા
હડકશા મા - હડકવા મટાડનાર માતા

## દેવ/ભગવાનનાં નામ

કાઁન મહરાજ - કૃષ્ણ
ખેતરપાળ - ક્ષેત્રપાળ (ખેતરના દેવ)
ગોગબાવજી - ગોગ (નાગદેવ)
જેહલપીર - જેસલપીર (પીર)
ઢૂંઢિયા બાવજી - ઇન્દ્રદેવ (વરસાદનો દેવ)
ધૂંધણીમલ - ઉત્તર દિશાનો દેવ
નરસંગ સાહેબ - નૃસિંહ ભગવાન
નરસંગજી - નૃસિંહ ભગવાન
નરસિજી - નૃસિંહ ભગવાન
માદેવ - મહાદેવ
મીરાઁ દાતાર - મીરાં દાતાર (પીર)
રામજી - રામ
રાઁમા પીર - રામદેવપીર

શંકર - મહાદેવ

ગુણપત મારાજ - ગણપતિ

અનુમાંન - હનુમાન

## પાટ વિશે

[દલિતોની ધાર્મિક પરંપરામાં પાટપૂજા મુખ્ય છે. જેમાં બે પ્રકાર છે : જ્યોતિપાટ અને લીંબુપાટ. આરાધ્યદેવ નરસિંહ / વિષ્ણુ અને મા શક્તિ છે. જ્યોતિપાટમાં મૂડા ઉપર જ્યોત મૂકવામાં આવે છે. આ પ્રકારના પાટમાં થાળીપાટ (જ્યોત ગાયત્રી), ચતુર્ભુજ પાટ, ગુરુ ઉગમશીનો કંઠીપાટ, નકલંક (રામદેવ) રામાપીરનો પાટ ગણાય. જ્યારે લીંબુપાટ ભગવાન નૃસિંહ સાથે જોડાયેલા છે. પહેલાં તેમાં પશુબલિ સ્વીકાર્ય હતો. આ પાટમાં પાંચ લીંબુપાટ, નવ લીંબુપાટ, ચોર્યાશી લીંબુપાટ અને સવાસો લીંબુપાટ મુખ્ય ગણાય.

મધ્યગુજરાતમાં પાટપરંપરાને નરસિંહ કે નરસી ઓચ્છબ કહીને જ્યારે સૌરાષ્ટ્રમાં મંડપ નામ આપી ઉજવણી કરવામાં આવે છે.]

અંચળો (પું.) જુઓ ઑંચળો.

ઑંચળો (પું.) અંચળો, ફટકો, સફેદ/લાલ રંગનો કોરા કપડાનો ચોરસ ટુકડો (પાટ પર પાથરવાના ઉપયોગમાં લેવાય છે.)

ઓધારવું (ક્રિ.) શરૂઆત કરવી (2) પાટ ઓધારવો : પાટ શરૂ કરવો. (3) પાટ માંડવો : પાટ શરૂ કરવો.

કંઠી (સ્ત્રી.) ગુરુ દ્વારા ચેલાને બાંધવામાં આવતી કંઠી.

કળહ (પું.) કળશ, કુંભ

કળહ મૂકવો : પાટ પાસે નવગ્રહના ચિતરામણ કરી કળશ મૂકવો, ઉપર નાળિયેર મૂકવું. શિકોતર પાટ હોય તો નાળિયેરને ચૂંદડી ઓઢાડવી.

ગાવંત્રી (સ્ત્રી.) પાટના શ્લોક, મંત્ર (2) ગાવંત્રી બોલવી : શ્લોક બોલવો

ચતરભુજી (પું.) ચાર હાથ(જ્યોત)નો પાટ, વિષ્ણુપાટ

ચિતરૉંમણ (નપું.) પાટની આજુબાજુ લોટથી ચિત્રાણ કરવું / નવગ્રહ ચીતરવા.

જોત (સ્ત્રી.) જ્યોત, સળગતો દીવો (2) જોત થાપવી : દીપક સળગાવવો.

જોત પાટ (પું.) જ્યોતિપાટ, જ્યોતિને મુખ્ય આધાર ગણી રચવામાં આવતા પાટ

જોતિયું (નપું.) પૈણાયું, પરણાયું, મોટું કોડિયું

ધૂપાયણું (નપું.) ધૂપિયું, ધૂપદાની, હવનિયું

નુગરો (પું.) જેણે ગુરુ ન કરાવ્યા હોય તેવી વ્યક્તિ

પરગટિયો (પું.) સૂતરની આંબળીને તૈયાર કરેલ દિવેટ (પ્રથમ દિવેટ સળગાવીને તેના વડે પાટની જ્યોત સળગાવાય.)

પરસાદ (પું.) કોળીપાટ, પ્રસાદ (2) કોળીપાટ નવ કાચા પ્રસાદ અને નવ પાકા પ્રસાદ ભેગા કરી ખોબે પ્રસાદ વહેંચાય.

પાટ (પું.) માટીની ચોરસ ઓટલી/ઓટલો જેના પર પાટ ઓધારવામાં/ માંડવામાં આવે. (2) થાળી પાટ : જ્યોતિ ગાવંત્રી પાટ

પાટ શરૂ કરવો

પિયાલો (પું.) પ્યાલો (2) પિયાલો પાવો : ગુરુ દ્વારા ચેલાને કંઠી બાંધી / ગુરુમંત્ર કાનમાં ફૂંકી પ્યાલામાં પાણી લઈ પિવડાવવામાં આવે તે ક્રિયા.

પૈણાયું (નપું.) કોડિયું

બાજવટ (પું.) બાજોટ, બાજઠ, બાજોઠ (જેના ઉપર આઁચળો ઢાંકી પાટ માંડવામાં આવે)

મૂડો (પું.) મેરુદંડ, પાટ ઉપર પાથરેલા આંચળા ઉપર ઘઉંની ઢગલી કરી મેરુદંડ રચવામાં આવે છે.

વાયક (નપું.) પાટમાં પધારવા માટેનું કહેણ / નોતરું (ધાર્મિક અનુષ્ઠાનમાં ‘વાયક’ અપાય.)

સાખીઓ (પું.) બાજઠ ઉપર જમણી બાજુએ એક કોડિયું સળગાવી મૂકવામાં આવે તેને સાખીઓ / કોટવાળ/ સાક્ષી / રક્ષક કહેવાય છે.

## લગ્ન-મૃત્યુ સંબંધી (દલિત સમાજ સંદર્ભે)

### લગ્ન સંબંધી

અણવોર (પું.) અણવર, લગ્ન થઈ ગયાં પછી આણું વળાવતાં કન્યા સાથે કન્યાનો ભાઈ કે કોઈ નાનો છોકરો આણામાં સાથે જાય.

ઊઘલવું (ક્રિ.) સૂંઢાળવું, તૈયાર થવું. (2) જૉન ઊઘલવી : જાન તૈયાર થવી.

ઑણું (નપું.) પિયરથી કન્યાને લગ્ન બાદ વિધિસર મોકલવી, આણું. (2) વરતનું / પૈણેત ઑણું : લગ્ન પછી તુર્ત કન્યા સાસરે વળાવવી. (3) વાયણાનું ઑણું કન્યાને પૈણેત ઑણા પછી બીજી વાર આણે મોકલવી. (4) ગવાડાનું ઑણું : કન્યાને ત્રીજી વાર રિવાજ મુજબ કપડાંલત્તાં લઈ આપી સાસરે મોકલવી, ટ્રંકનું આણું

(5) જીયાણું : કન્યાને બાળક થાય ત્યારબાદ તેને કરિયાવર લઈ આપી સાસરે મોકલવામાં આવે.

ઑંગણું (નપું.) આંગણ (2) ઑંગણે બેસાડવું : લગ્ન પછી વરરાજાને કન્યા પક્ષ દ્વારા ઘેર બોલાવી પહેરામણી કરી આંગણું દેખાડવાનો રિવાજ

ઘરભમરી (સ્ત્રી.) લગ્ન પછી વાસનાં તમામ ઘરો ઉપરાંત અન્ય જાતિઓને પહેરામણીમાં કંઈક આપવું. (2) ઘર જોવા જવું. : સગાઈ નક્કી થયા પછી વર-કન્યા પક્ષે એકબીજાંને ઘેર સગાંઓ લઈને મળવા જવું.

ચલાહું (નપું.) ઘી, ગોળ, ઘઉંની રોટલી ભાગી કરેલું ચૂરમું (2) ચલાહું આલવું : જાન ઝાંપે / ભાગોળે આવે ત્યારે મોટો થાળ ભરી ચૂરમું વરરાજાને પીરસવું.

જૉંનીવાહો (પું.) જાનીવાસ, જાનને ઉતારો આપવાની જગ્યા.

ટકો (પું.) (સગાઈ કરવા માટે સામાજિક રિવાજ મુજબ) તાંબાના ત્રણ પૈસા/

(હવે) રૂપિયો (2) ટકો દરસાવવો : મેળામણી કરાવનાર અને કન્યા પક્ષનાં સગાં ભેગાં થઈ પંચમાં ટકો દેખાડવો. (3) ટકો ફેરબ્બો : પંચમાં બેઠેલા લોકોમાં ટકો જોવા માટે હાથોહાથ ફેરવવો. (4) ટકો આપવો : કન્યા પક્ષ ટકો મેળામણી કરાવનારને આપે. (5) ટકો લેવો / ઉપાડવો : મેળવણી કરાવનાર ટકો સ્વીકારે. (6) ટકો પહોંચાડવો : વર પક્ષના ઘેર સગાં પંચ ભેગું કરી ટકો આપે એટલે સગાઈ નક્કી થઈ ગઈ કહેવાય. (સગાઈ જાહેર કરવામાં આવે)

તોયણ (નપું.) તોરણ (2) તોયણ બાંધવું : વાસના નાકે તોરણ બાંધવું. (3) તોયણે કરવું : જાન લગ્ન માટે આવે ત્યારે વરરાજાને તોરણ નીચે ઊભા રાખી વધાવવાની ક્રિયા કરવી.

થાપો (પું.) પતંગિયા રંગથી હાથનો પંજા પલાળી ભીંતે, બારણે હાથથી થાપો દેવો. (2) થાપા દેવા : કંકુ/પતંગિયા રંગથી વરરાજાની આંગડી (અંગરખું) ઉપરણી (ઉપર ઓઢવાનું વસ્ત્ર, ખેસ) ઉપર થાપા દેવા.

નુંસણાં (નપું.) અણવારવું (2) નુંસણાં કરવાં : ચૉરી થઈ ગયા પછી વરકન્યાને આશીર્વાદ આપી, તેમને માથે પૈસા અણવારી બ્રાહ્મણને દાન કરવું (3) નુંસણાં ગાવાં : બ્રાહ્મણ દ્વારા ગવાતું દાનનું ગાન.

પૉણી (નપું.) પાંણી (2) પાંણી આલવું : જાન ગોંદરે આવે ત્યારે ગોળનું પાણી આપવું - સામસામે પિવડાવવું, ગોળના પાણીથી સ્વાગત કરવું

પૈણેત (સ્ત્રી.) પરણેતર, પત્ની (પું.) પતિ, (2) પૈણેત કરવાં : લગ્ન કરવાં (3) પૈણેત કરાબ્બા : લગ્ન કરાવવાં

ફટાણાં (નપું.) ગાળોનાં લોકગીત

માંડવો (પું.) કન્યાપક્ષનું ઘર, આંગણામાં રચેલી ચૉરી, (2) વર માંડવે લાબ્બો : વરને ચોરીમાં લાવવો (3) માંડવો વરસાબ્બો : લગ્ન થઈ ગયા બાદ વરરાજા દ્વારા માંડવાને વધાવવાની ક્રિયા.

મુંહાળ (નપું.) મોસાળ (2) મુહાળિયો : મોસાળનો, મોસાળ પક્ષનો (3) મુહાળું; મોસાળું, દીકરીને મામા પક્ષ તરફથી અપાતી પહેરામણી

મૂઠી (સ્ત્રી.) મુઠ્ઠી (2) મૂઠી વાળવી : લગ્ન પત્યા પછી ગોંદરે સામસામે વેવાઈ મળે અને વરપક્ષવાળા પુરુષ કન્યાપક્ષના પુરુષોને રામરામ કરતાં હાથમાં હાથગૈણું કરાવે/મૂઠી વળાવે. મૂઠીમાં પૈસા આપે.

મેળાંમણી (પું.) વર/કન્યાપક્ષને ભેગા કરાવી આપનાર, મેળામણિયો, વચગાળિયો. લગ્નનું ગોઠવી આપનાર

મોળિયો (પું.) મુગટ (વરરાજા-કન્યાને માથે પહેરાવાતો મુગટ) મોડ

રંગ (પું.) પતંગિયો રંગ (2) રંગ રમવો : વેવાઈ અને વેવાણ વચ્ચે રંગની હોળી રમાય, રમ્યા પછી વેવાઈ વેવાણને પહેરામણી આપે.

લગન (નપું.) લગ્ન (2) લગને જવું : વર પક્ષવાળા કન્યા પક્ષને ત્યાં લગ્ન

અંગેની ગોઠવણ કરવા જાય. (3) લગન વધાવવું : લગ્નની તૈયારી રૂપે કન્યા પક્ષવાળા વર પક્ષને ત્યાં જાય અને વરને બાજઠ ઉપર બેસાડી ચાંલ્લા કરાવરાવે.

વરઘડિયો (પું.) વરઘડ, કન્યાપક્ષ તરફથી એક પુરુષ જાન તેડવા આવે તે.

હાઇડા મોકલવા : વરકન્યાના લગ્ન પછી વરની સાસરીમાંથી હારડા અને એક સોના-ચાંદીનો દાગીનો મોકલવાની પ્રથા

હાથગૈણું (પું.) વરરાજા/કન્યાને સગાઓ તરફથી અપાતા વાપરવા માટેના પૈસા/હાથરૂમાલ

## મૃત્યુ સંબંધી

કાંધ (સ્ત્રી.) ખભો, (2) કાંધ આપવી : ઠાઠડી ઉપાડવામાં મદદ કરવી. (3) કાંધિયા : ઠાઠડી ઉપાડનાર

કોગળો (પું.) ડાઘુઓ સ્મશાનેથી પરત આવે - સ્ત્રીઓમાં ચૂડાકરમ થઈ જાય પછી મોઢામાં પાણી લઈ થૂંકી નાખવા અપાતું પાણી. (2) કોગળો આલવો : લોકાચાર આવતા માણસોને અપાતું પાણી. (3) કોગળો લેવો : લોકાચાર જઈ કરેલ કોગળો. (4) હજ કાઢવી.

ખોળા પાથરવા (ક્રિ.) મરનારની ઠાઠડી પાસે આવી સાડલાનો છેડો પાથરી આશિષ માગવી.

ઘોર (સ્ત્રી.) મુડદું ખાડામાં દાટી ઉપર કબર જેવું કરવામાં આવે, કાચી કબર

ઘોરીવાડો (પું.) સ્મશાન જ્યાં મુડદાં દાટવામાં આવે.

ચૂડાકરમ (ક્રિ.) પતિ પાછળ બલ્લિયાં ફોડવાની વિધિ, સૌભાગ્યચિહનો ઉતારવાની ક્રિયા.

છાજિયાં (પું.) છાતી કૂટવી

દૂણી (સ્ત્રી.) નાની માટલી (2) દૂણી ઝાલવી : દૂણીમાં આગ લઈ ઠાઠડી આગળ ચાલવું.

પણઝા (પું.) મરસિયા (2) પણઝા ગાવા : મરશિયા ગાવાં

પાલસી (સ્ત્રી.) ઠાઠડી, પાલખી (2) પાલસી ઉપાડવી : ઠાઠડી ઉપાડી ચાલવું

પોતનાં (નપું.) શોકનાં (2) પોતનાં લૂગડાં : શોકનાં કપડાં, નવાં વિધવાને યોગ્ય કપડાં, (3) પોતનાં લૂગડાં નાખવાં : વિધવાને કપડાં પહેરાવવાં.

ભોંય (સ્ત્રી.) જમીન (2) ભોય હૈણે કરવું : જમીન ગાયના છાણથી લીપી મુડદું નીચે સુવડાવવું.

મૂઠી માટી (સ્ત્રી.) મુઠ્ઠી માટી (2) મૂઠી માટી વાળવી : ઘોરમાં હાથ વડે થોડી માટી નાખવી (3) માટી વાળવી : મુડદું દાટી દેવું.

મૈણ (નપું.) મૈણું, મૃત્યુ, મરણ, મોત (2) મૈણપોક મૂકવી : મૃત્યુની જાણ સૌને થાય તે માટે મરનારનું નામ લઈ મોટેથી પોક મૂકવી.

મોં વાળવું (ક્રિ.) છેડા કરી રોવું. (2) મોં છોડાબ્બું : રોતા છાના રાખવું

વિહોંમો (પું.) વિસામો (2) વિહોમો કરવો : સ્મશાન જવાના રસ્તામાં નિયત

સ્થળે વિસામો લેવા ઠાઠડી નીચે ઉતારવી.

સનોન (નપું.) સ્નાન. (2) સનોન કરાબ્બું : મુડદાને છેલ્લી વાર નવરાવવું. (3) સનોન કરવું. મરનાર પાછળ પહેરેલ કપડે નહાવું.

## મૃત્યુ પાછળ કારજ/ખર્ચ

ઉજમણું (નપું.) જીવતવરો, જીવતાં જગતિયું, મર્યા પહેલાં નાતને આંગણે તેડવી, સામૈયું કરવું અને નાત રિવાજે શીરો-દાળ-ભાતનું જમણ આપવું.

કળશ્યો (પું.) કાણ માટે એક દિવસે બધાં જ સગાં/વહાલાં બોલાવવાં, પરગણાંમાં નોતરું મોકલવું, શીરો-દાળ-ભાત જમાડવાં.

કૉંણ (સ્ત્રી.) કાંણ, મોકાણ, લોકાચાર લોકાઈ, ખરખરો. (2) કાંણે જવું : કોઈના મૃત્યુ પાછળ ખરખરે જવું. (3) સાદી કાંણ : બાર દિવસ સુધી લોક ખરખરે આવે. (4) કૉંણ સાચબ્બી : લોકાચાર આવનાર માણસોને શીરો-દાળ-ભાત જમાડવાં. (સગાં સાચવવાં, લાકડી પકડવી એમ પણ કહેવાય છે.)

કાળિયો (પું.) નજીકનાં સગાંને મરણના સમાચાર કહેવા રૂખી / ઓરગણો મોકલવો.

જગતિયું (નપું.) જુઓ ઉજમણું.

જીવતવરો (પું.) જુઓ ઉજમણું.

નાત (સ્ત્રી.) જ્ઞાતિપંચ, (2) નાત કરવી. મરણ પાછળ નાત તેડાવી જમણ આપવું. (3) નાતે જવું, જ્ઞાતિપંચમાં જમવા જવું. (4) બારમું

પંડ (પું.) પિંડ (2) પંડ મૂકવો : મરનાર પાછળ ધાર્મિક વિધિ કરવી. સુંવાળું કાઢવું વગેરે

પરભા (સ્ત્રી.) પ્રભા, શોભા, બારમાના દિવસે નાતને તેડાવી પાંચ વાર જમણ આપવું.

ફૂલ (નપું.) અસ્થિ (2) ફૂલ નાખવા જવું : સરાવવા જવું, શ્રાદ્ધ કરવા જવું (કાર્તિકી પૂર્ણિમાએ સિદ્ધપુર મુકામે).

બારમું (નપું.) મરણ પાછળ બારમા દિવસે ધાર્મિક વિધિ સહ પંચને તેડી જમાડવું

માગણ (પું.) માગણ જાતિના લોક : (મૃત્યુ પાછળ કોઈ પણ કારજ કરાય તો 'માગણ' જમાડવા પડે.)

લોકાઈ (સ્ત્રી.) જુઓ કૉંણ. (2) લોકાઈ આપવી : લોકાઈ પેટે દાન આપવું.

લોકાચાર (પું.) જુઓ કૉંણ.

વરો (પું.) ખર્ચ કરવો (2) વરો કરવો : પરગણાની તમામ દલિત જાતિઓને જમાડવી.

સુંવાળું (નપું.) મરનાર પાછળ ધાર્મિક વિધિ કરાવવી, માથાના વાળ ઉતરાવવા.

સેખોન (નપું.) મરણ પાછળ નાત જમાડવી.

સોક (પું.) શોક (2) શોક મેલાવવો : બારમાના દિવસ પછી સગાંસંબંધી બોલાવી સારું જમણ કરી શોક દૂર કરવા ભેગા મળી જમવું. (દારૂ-માંસ જમવાં)

# કેવતો (કેત, કહેવતો)

અદબેહરું એકેમ નઈ (અર્ધ ગાંડું કશાયમાં નહીં)

આગળ ઉછાળે ને પાછળ વેણતો જાય.

આજેણમાં ફૂચીએ તો આંસ્યો ભરાય

આડા લાકડે આડો વેર

આયાતા મળવા નઅ બેહાડ્યા દળવા

આંધળું દળઅ કૂતરાં ખાય

ઉતર ઓલા મારો વારો

ઉતા કરે આંબા ના પાકે

ઊઠ્યા એવા અળોતરા (ઉતાવળ કરવી.)

ઊભી ભેંસના હૂળા ભરવા (જૂઠું બોલવું.)

ઊંટ અતું ઉકેડે ચઢ્યું

ઊંટનું પાદ અધ્ધરિયાં જાય. (વાત સમજાય નહીં.)

એંઠાનો આંકડો ભારે

ઐડમગ સાદા પાણીએ ના ચઢે

ઓજું ઐડ તો આખલું મૈડ (જેવા સાથે તેવા)

ઓજું તો તોરીલું હોય (જાતિ ગુણ જાય નહીં)

ઓજું નઅ આખલું સરખા

કપાતરના કાંન લાંબા હોય

કરમ વનાના કરશનિયા, જોંની કુની જાયે, કરમમઅ લસ્યું ડોળિયું, તો જી ચ્યાંથી ખાયેં.

કંથેરમઅ આથ ઘાલિયે તો કાંટા વાગઅ

કાહ્યો ઢેડ ચેથરાં ફાડે

કુંવારી સોડીના ચેટલા વર

કૂતરું ખેંચે ગોંમ હામું, શ્યાળ ખેંચે સેમ હોમું

કૂવેલ કાગડાને કંખોડે

કેનારા કેતા ભલા આપણ હાંભળતા ભલા

કોળી ભઈનો કૂબો એક તૂટ્યો બીજો ઊભો

કોળી ભઈનો કૂબો એક બેઠો બીજો હુતો

ખાખરાની ખલી હાકર ખાવા નેંહરી

ખાતી વેળા ખાલપું કાંમ કરતઅ ગરોળું

ગાતર વનાની ગધેડી નઅ સિધપરનું ભાડું

ગામનો ગરોળો પરગામનો પંડ્યો

ગાય વાળઅ એ ગોવાળ

ગાલ ફાડ દાતણ નઅ ગાંડ ફાડ હગો

ગાલ ફૂલાયે ભૂંગોળ ના વાગઅ

ગાંડમઅ સાંણ નઈ નઅ રૉફ રાવણનો

ગોળી પાણીઆરીએ નઅ લોટો પંચમઅ ફરે

ઘર ગારાનું નઅ મૈડ આખા મલકનો

ઘેલી નઅ ઘેર ઘેર હાહરાં

ચકીની ચરકનઅ લાદ ના કેવાય

ચોખો રોટલો ચૉરઅ ખાવો

ચોયટાની ચાર નઅ આપણી બે

ચોયટાની માનઅ ભાંડ પૈણે

જી ઢળ્યું તો ખીસડામઅ

જી ઢળ્યું પણ માપ તો નહીં જ્યું

જીભ ટૂંકી નઅ આથ લાંબા રાખવા

જેટી ગાર ખાવા જાય નઅ ઊન મેલી આવઅ.

ટકાની ડોસી ઢબુનું મૂંડામણ

ટાઢા પાંણીએ ખોહ જાય

ટોઈલી પાણીએ કૂવો ના નેઠઅ

ઠાલીનઅ ઠઠારો બૌવ (ઠાલી રાંડ નઅ ઠઠારો બૌવ)

ઢૂંઢાનો ઢગૂલો લાકડી માર્યે વેરઈ જાય

ઢૂંઢિયા બાવજી મે વરહાવો તો કે દકાળ પડશે

ઢેડની સોડીનો કુણ ધણી

ઢેડનું સોકરું ઢેખલે રાજી

તરક કોઈનો ભઈ નઈ, વેસા કોઈની બુન નઈ

તલ અતો નઅ ટેંબે વાયો

તૂટી ઈની બૂટી નઈ

તેલ જોવું તેલની ધાર જોવી

થાય તો સેતી નકર ફજેતી

દાધારંગું દવ બાળઅ નઅ જીવઅ ત્યાં હુદી ભવ બાળઅ

દારૂ નઅ દેવતા મલઅ તો ભડકો થાય

દીવો લેઈ કૂવે પડવા જવું

દૂધ કરતાં સાસ જાડી

દેખ્યા દેવ નઅ પોંચી જાતરા

દોયડી બળઅ આંટ ના મેલઅ

નાગા ઉપર ઉઘાડો પડઅ

નાગાનઅ નાવું હું નેચોવું હું

નાગાના કુલે બાવળિયો તો કે સાંયો થ્યો

નાગાની પાંનસેરી હાતસેરી

નાજી રાંડનો બમણો વરો

નેંહારિયું નઅ પેંડારિયું હાચું ના બોલઅ

પળે મળી એ પદમણી

પારકે મુંઢે રોવું

પારકે રોટલે જાડી કોર

પૂનમે પરમાણવું

પેંધ્યો પરુણો નઅ લપકે આયું ઢોર હરખાં

પેંસે મોર રળિયામણો

પોતાની ઓહનો દીવો કરીએ તોય મેસ તો પડઅ

પોદળામઅ પાટું મારીએ તો, પગ બગડઅ નઅ પોતિયું છ્ંટાય

પોલ ભાળીનઅ પેહી જવું

ફઈનઅ મુસ્યો ના હોય

ફઈનઅ મુસ્યો હોત તો કાકા કેત

ફળફળતા પાંણીએ ઘર ના બળઅ

ફાંફાંની ફૂઈ વાતો કરતાં મૂઈ

બગાહું ખાતાં પતાહું મલ્યું

બીબી આંણાં જોગ મિયાં ઘોર જોગ

બુધાનું માર્યું ઊંચુ

બુંધે જાર બાજરી

બૌવ ડાયો બૌવ ખૈડાય

ભગતડું પેઠે ઘર વંઠે, કબૂતર પેઠે કૂવો

ભાજ્યું ગાડે ઘાલવું

ભાભો ભારમઅ વઉ લાજમઅ

ભાળ્યા કૂલા નઅ પડ્યા ભૂલા

ભીલની ભાયારી નઈ તરકની અસ્નઈ નઈ

ભૂસ્યો મિયોર આભલું તાકઅ

ભૂંગળિયો જશનાયે કરઅ નઅ જુતાનાય કરઅ

ભેંસનાં સેંગડાં ભેંસનઅ ભારે

ભોંયના પડ્યા ભોંય ના રે

મનનું મેલું નઅ લાકડાનું પોલું ખબર ના પડે

મરતોય નથી નઅ માંચો મેલતો નથી

મા ખાતી’તી મઠ, બાપ ખાતો ડોડી; ઈનો છોરો ચડ્યો ઘોડી, તે વાત રઅ થોડી.

મા મારકણી નઅ બાપ બૂહો

માગવો તો મીર લુંટવો તો ભંડાર

માજી ચ્યમ સો તો કે સોણાં થાપું સું

માટીના દેવ નઅ ચણોઠીની આંસ્યો

મારીનઅ માંચડે ચઢાવો તો ઘર હામે ગોળા નાખઅ

માંમાનું ઘર ચેટલે દીવો બળે એટલે

મિયોર નઅ જમ હરખા

મૂઈ ભેંસના મોટા ડોળા

મેતો મારેય નઈ ભણાવેય નઈ

મેંશ આંજે કાંણી દેખતી ના થાય

મૈડ મલકુ જીનો હિયું હોલાનું

મોર નાચઅ તાણઅ પાસળ નાગો દેખાય

મોર માર્યો ઈન્નું નખ્ખોદ જજો, પણ મોર મર્યો ઈનું હું

મોરની થનથન ઈની મોયડીઓ આગેળ

રઢિયાળા રઢ મેલો પણ હૂંઢાળો સોડતો નથી

રામાપીર નઅ મળ્યા ઢેડના ઢેડ

રાવળિયો રીસે બળઅ તો ગધ્યાળાના કાન આંબળે

રાંડ રંગીલી નઅ ભઈ ફઈબા

રુંગું તો જમનઅ વાલું

રોતી’તી નઅ પીયરિયાં મળ્યાં

રોતું આવઅ મુવાની ખબેર લાવઅ

લાલો આલે નઈ વાલો લે નઈ

લુંદાનું માર્યું નેચું

વઉ નાતરે જાય ને, ધણી ગાડવો લઈ પાસળ જાય

વઉ વેતરઅ નઅ, હાહુ હમુ કરઅ

વઉનું ઉઘાડું હાહું ઢાંકઅ

વણ ચોમાહે મોર બોલવા

વણકોર વણે હૂતર હેંડે કહૂતર

વાતનાં વડાં નઅ ઘેંહની હુંવાળિયો કરવી

વાધરી માટઅ ભેંસ ના મરાય

વાસી વધઅ નઈ કુત્તા ખાય નઈ

વૈણાજીમઅ વાળ નઅ ઘરેણાંમઅ ઘડિયાળ

સેઠ નમતું જોખો તો કે પેઢીએ પેહવા કુણ દેસઅ

સેનમો કદી સઈદ ના થાય

સેલડી ભેળી એરંડી પિલાય

હપાડા વના હગઈ ના થાય

હપાતર હગા હારું વાંચઅ

હલે જાર બાજરી, હલે કોઠીએ જાર

હાંકડા ઘરમઅ હાંબેલા બવ

હાડિયાનું અહવું નઅ દેડકાનો જીવ જાય

હાથી ખાય મસ, હગેય મસ

હાહુ મટી વઉં થવું

હુના હાલ્લાં ફાડવાં

હુંસીલી વઉનો રૂડિયો ધણી

હેંડતા બળદિયા નઅ આર ઘોંચવી

હો તાવડિયે તાંહણું ના થાય

હોંજના પરુણા વાહુ રઈ જાંય

હોંહો માર્યે વાઘ ના થવાય

હોંહો શિકારે આયો તો કૂતરો મુતરાંણો થ્યો.

# રૂઢિપ્રયોગો

અડધા શકને (તૂર્ત જ)
અમળાટ કરવો (રિસાઈ જવું)
અહાડે આભલું તાકવું (સમય આવે કામ ના કરવું)
અળા કાઢવા (સહકાર આપવો)
આકડે મધ હોવું (સરળ હોવું)
આડું લાકડું ઘાલવું (સારી વાતને બગાડી નાખવી)
આડો હાથ દેવો (રોકવું)
આથના પોલા (ખર્ચાળ હોવું, ઉડાઉ હોવું)
આથીના ભોલમઅ સીવડઈ લેવું (સજા કરવી, ધમકી આપવી)
આંધળી ચાકરણ જેવું (બે બાજુ બોલનાર)
આંબલી ખાઈ જવી (ખોટા ગુસ્સે થવું)
આંબલી હોવું (ગુસ્સાવાળું હોવું)
આંબા કે ત્યાં આકડાય ના હોય (જુદ્દા હોવું)
આંસ મચકાવવી (ઇશારો કરવો)
આંસે ના હમાવું (અણગમતા હોવું)
આંસ્ય ખરીયાં પડવા (દુશ્મનાવટ થવી)
આંસ્યોના આંધળા (ધ્યાને ના લેવું)
ઉંબાડું ચાંપબું (વેરઝેર કરાવવાં)
ઉલાળિયો કરવો (વિખેરી નાખવું)
ઉસી ઉધારા કરવા (ખૂબ કરકસર કરવી)
ઊભા નેળિયે નાહવું (સાનભાન ખોવું)
ઊભા ભાલે જવું (છતે પતિએ બીજે જવું)
ઊભા હુંકાવું (ચિંતા કરવી)
ઊભી ભેંસના હૂળા ભરવા (તદ્દન જૂઠ ચલાવવું)
ઊંચી જવું (ઇચ્છા ના રહેવી)
એંટમઅ રાખવું (યાદ રાખવું, બદલો લેવા)
એંઠા હાથે કૂતરું ન મારવું (કંજૂસ, ટૂંકા હાથનો)
એંઠી ગાંડે આવવું (સમજ્યા વિના બોલવું)
ઑંડે ઑંસ્યો હોવી (ધ્યાને ન લેવું, કાળજી ના લેવી)
ઑંસ્યોના ઉલાળા કરવા (ભરમાવવું)
ઑંસ્યોમઅ કૂકડા પાદવા (સાચી વાત ના સમજવી)
ઑંસ્યોમઅ મોર નાચવા (કુટિલતાથી આનંદ માણવો)
ઑળ પાડવો (કામ કરી આપવું, વ્યવસ્થા કરવી)
કરમના કાઠા (બદનસીબ)
કળા કરી જવી (છેતરવું)
કંથેરનું જાળું હોવું (પ્રતિકાર કરે તેવું હોવું)
કંથેરનો કાંટો હોવું (શક્તિશાળી હોવું)
કંથેરમઅ હાથ ના નાખવો (હાથે કરી મુસીબત ના વહોરવી)
કાછડી છૂટો (ચરિત્રહીન)
કાતરીઓ ખાવી (ગુસ્સાથી જોવું)
કાતરીઓ મારવી (ગુસ્સાથી જોવું)
કાહ જાય (તિરસ્કાર કરવો)
કાળજાનો કટકો (ખૂબ હેત હોવું)
કૂકડીનું મોઢું ઢેખલે (થોડામાં સંતોષ

માનનાર)
કૂચા કાઢવા (સાચું બોલવું)
કૂચા વાળવા (નભાવી લેવું)
કૂતરાં વાંદરિયાં કરવાં (દાંતિયાં કરવાં, સરખો જવાબ ન આપવો)
કૂલા ખંચેરવા (સહકાર ન આપવો)
કૈડી ખાવું (સંબંધોનો અંત લાવવો)
કોઠીના કાણાં હોવું (ગરીબ હોવું)
કોડાફાડ (કુહાડાના ઘા જેવું)
ખલી ભોર ભરી જઈ (અપશુકન થવાં)
ખાટલાનો મોળો (ઓછો આવકાર દેનાર)
ખાટલે ખોડ (વધારે મોટી ભૂલ હોવી)
ખાટલે તાણી બાંધવું (ગંદી ગાળો દેવી)
ખાટલે પડવું (બીમાર હોવું)
ખાટલે મોટી ખોડ ત્રણ પાયા નઈ (ભોં માથા વિનાનું)
ખાંચો પાડવો (ભૂલો જોવી)
ખૂણિયે ગોળ ચોપડવો (ખોટી લાલચ આપવી)
ખૂણે બેસી ખાવું (સાચું ના કહેવું)
ખૂણો પાળવો (સંતાતા રહેવું)
ખોળો ખાલી કરવો (જતા રહેવું)
ગધાડાને તાવ આવવો (ગુસ્સો આવે તેવું કરવું)
ગધાડી પર અંબાડી મેલવી (યોગ્ય ન થવું)
ગાડવા ભરી મેલવા (કટાક્ષમાં સુખી હોવું)
ગાડવે ઘી પીરસવું (ખૂબ ખર્ચ કરવો)
ગાંડ વની લોટી (ગમે તે બાજુ ઢળી પડનાર-અડવો)
ગાંમ ગધેડે ચડાબ્બું (વાત ફેલાવી દેવી)
ગુંજાનો કાંણો (ગરીબ હોવું - ઉડાઉ હોવું)
ગુંજામઅ આથ ના ઘાલવો (કંજૂસ હોવું)
ગુંજામથી આથ ના કાઢવો (ખોટી ડંફાસ હાંકવી)
ગુંજિયું મૂકવું (ભમરો મૂકવો - ટાપસી પૂરવી)
ગૂંગંદો (મનનો મેલો)
ગૈણું નાખવું (આબરૂ સાચવવી)
ગોટલામઅ હુકઈ જવું (મનની મનમાં રહી જવી)
ગોદે ગોદે આંસ્ય કાઢવી (ધીમે ધીમે વધારે નુકસાન પહોંચાડવું)
ગોદે ગોદે ખો કાઢવી (થોડું થોડું કરી વધારે નુકસાન પહોંચાડવું)
ગોફણનઅ ગોળા કૂવામઅ નાખવા (નિરાંતે જીવવું, હાયવોય છોડી દેવી)
ઘર માંડવું (લગ્નગ્રંથિથી જોડાવું)
ઘર હાચબ્બું (ચૂપ રહેવું)
ઘરમઅ અઢાર આથનો ફરવો (ગરીબ હોવું)
ઘરમઅ ઘોલું ઘાલવું (કંકાસ કરવો)
ઘૂંચ પરુણો કરવો (પરેશાન કરવું)
ઘૈણ ઘેલો (કામ વખતે છટકી જનાર)
ઘૈણ લાગવું (ખરાબ સમય હોવો)
ચબૂતરુંય ચણી જાય એવું (નફ્ફટ હોવું)
ચાવા થવું (જાહેર થવું, ઓળખાઈ જવું)
ચાવા ભાલે જવું (હયાત પતિને છોડી બીજે જવું, જાહેરમાં કામ કરવું.)

ચીપ દેવી (કહ્યામાં રહેવું)
ચીરું આવવું (કડવાશ પેદા થવી, ભૂલ થવી)
ચૂંટી લેવું (બેફિકર થઈ જવું)
ચેંથરાં ફાડવાં (હવાતિયાં મારવાં)
ચેટલા શેરે મણ થાય (ખબર પડવી)
ચોખા મેલવા (સન્માન કરવું - આદર કરવો)
જમ જાગવો (ખરાબ થવું)
જમ પેંધા પડવા (સતત નુકસાન થવું)
જમનઅ રૂંગુ વાલું (બૂરા લોકોને કોઈનું દુ:ખ જોઈ આનંદ થાય)
જમના મોઢે બોલવું (ખરાબ બોલવું)
જલમ બળ્યાં (જન્મથી દુ:ખી હોવું)
જલમપતરી જોવી (શરૂઆતથી ચકાસણી કરવી)
જલમારો કાઢવો (જેમતેમ જિંદગી પૂરી કરવી)
જાગતા મૂતરવું (અજાણ્યા હોવાનો દંભ કરવો)
જાત તોડવી (ખૂબ મહેનત કરવી)
જોગણી ભરખે (નાશ ઇચ્છવો)
ઝાકળિયાં લેવા (સામે થવું, બાથ ભીડવી)
ટકટકારો કરવો (કકળાટ કરવો)
ટકો લો, મનઅ ગણો (જબરજસ્તી માથે પડવું)
ટહકા કરવા (દુ:ખ રડવું)
ટંકારામ થવા (ભૂખે મરવું)
ટેકો પૂરવો (મદદ કરવી)
ઠાઠડી ભાગવી (ભૂંડું ઇચ્છવું)
ઠાઠડી ભેળા થવું (ખૂબ સહન કરવું)
ઠારીને ખાવું (નિરાંતે જીવવું)
ઠાલી ડુંખરાજી (ખોટી તુમાખી કરવી)
ઠૂંહ નેહરવી (ખૂબ થાકી જવું)
ઠૂંહ મારવી (ખોટી ડંફાસ હાંકવી)
ડાફેર મારવી (આડુંઅવળું જોવું)
ડાહકાં નાખવું (દાંતિયાં કરવાં)
ડાહકોર પડવી (બેહોશ થઈ જવું)
ડૂવો ખઈ દાડા કાઢવા (જે તે સ્થિતિમાં આનંદમાં રહેવું)
ડેંકલી લોઈ હોવું (અહંકાર હોવો, યુવાની હોવી)
ડોડવો વધી જવો (ખૂબ બોલવું)
ડોડવો હલાબ્બો (જીભ ચલાવવી)
ડોળા ડુંખરાબ્બા (ડરાવવું, ધમકી આપવી)
ડોળામઅ મરચું પડવું (સારું સહન ન થવું)
ઢપચી પડવું (ફરી જવું)
ઢેંચણ મારી (નફિકરાઈ દેખાડવી)
તરિયા તાંદળા જુદા કરવા (સાચું કહી દેવું)
તરિયો ના તોડવો (કામ ના કરવું)
તાણ કરવી (આગ્રહ કરવો)
તાબરો ચઢાબ્બો (અબોલાં લેવાં)
તાર ના તોડે એવું (આળસુ)
તાવડો કાઢવો (નક્કામી ચર્ચાઓ કરવી)
તાંણો માંડવો (માંડીને વાત કરવી)
તેણાની તોલે ના હોવું (કિંમત ન હોવી, આબરૂ ન હોવી)

તૈણાનું તૂત કરવું (પેંસાનું પારેવું કરવું) (નાની વાતને મોટી કરવી)

તૈણું ના તોડવું (તરણું ના તોડવું, મહેનત ન કરવી)

થન થન થવું (ઉત્સાહ દેખાડવો)

દાણો પાંણી ખૂટવા (સંબંધ પૂરો થવો)

દાધારંગું હોવું (અધવગું હોવું)

દારૂ નઅ દેતવા ભેગા થવા (સરખેસરખા મળ્યા)

દાંડનો દેવ ના પાકઅ (વડ એવા ટેટા)

દાંત્યા કરવા (સરખો જવાબ ન આપવો)

દૂવા બારમું (ખટરાગ હોવો)

દોરાની ગૂંચ વણકોર ઉચેલે (વણકર સારો માર્ગ બતાવે)

દોરો બાંધવો (સંબંધ બાંધવો)

નાક ના હોવું (આબરૂ વિનાના હોવું)

નાકલીટી તાંણવી (શરણે થઈ જવું)

નાક વાઢવું (આબરૂ લેવી)

નાકે નાથ નાખવી (વશમાં કરી લેવું)

નાડું બાંધવું (સંબંધ બાંધવો - ગાઢ મિત્રતા હોવી)

પટ્ટા ખેલવા (સામે થવું - ચાલબાજી કરવી)

પલિતીમઅ પથરો નાખવો (ખોટી વ્યક્તિને છ્છેડવી)

પંનર ઑની કરવી (આબરૂ લેવી)

પાટું મારવું (નુકસાન પહોંચાડવું)

પાડાખાર હોવો (ખૂબ દુશ્મની હોવી)

પાડાની મા પાસળ હોવી (ખરી મુસીબત બાકી હોવી)

પાંદડે પાણી પાવું (ખૂબ હેરાન કરવું)

પૂછ ગંધ લેવી (ખણખોદ કરવી)

પૂળા નાખવા (મદદ કરવી)

પૂળામઅ દેવતા મેલવો (સંબંધનો અંત આણવો)

પૂંસળી પગ વચી ઘાલવી (ગરીબડા થઈ જવું.)

પેટ ના આલવું (ખુલ્લા ન પડવું)

પેટમઅ દાટવું (વાત છુપાવવી)

પેટ વગોબ્બું (આબરૂ કાઢવી)

પેટ વળગવું (ચિંતા કરવી)

પેર્યા લૂગડે પલાણવું (તૂર્ત જ તૈયાર થઈ જવું)

પેંસાનું પારેવું (વાતનું વતેસર કરવું)

પોતિયામઅ મૂતરવું (જાણીજોઈને છુપાવવું)

પોન્યોમઅ ન આવવું (સરખા ન ઊતરવું)

ફદકે ચઢવું (ઉત્સાહી થવું)

ફરતો ફાગણ આબ્બો (સુખદુ:ખ આવવું)

ફળફળ ફોદા કરવા (વાતા ઉડાવી દેવી)

ફાચરાં ફાડવાં (ડિંગ હાંકવી)

ફાચોર મારવી (કામ ન થવા દેવું)

ફાંટમઅ લેવું (પક્ષમાં લેવું, રક્ષણ આપવું)

ફુલેકું કાઢવું (આબરૂ લેવી)

ફૂફાડે વાઘ (વાતોમાં જ બહાદુર હોવું)

ફૂલીને ફાળકો થવું (ખોટો આનંદ દેખાડવો)

ફૂસીનો ટોપલો આલવો (બદનામ કરવું)

ફેંચી લેવું (ધમકી આપવી)

ફોરા ભાળવું (કમજોર સમજવું)

ફોલ્લો ફોડવો (વાત જાહેર કરી દેવી)
બટકબોલું (ચાંપલું, વાચાળ)
બાબરી ઉતરાબ્બી (બાધા પૂરી કરવી)
બાયડીના કામના ના રેવું (ખૂબ થાકી જવું)
બાયણ જેવું (જલદી ગુસ્સે થાય તેવું)
બાયણું બતાબ્બું (કાઢી મૂકવું)
બારું ના રેવું (ચારેબાજુથી ભીંસમાં આવવું)
બાલાસ રાખવી (ધ્યાન રાખવું, આબરૂ રાખવી)
બાવનિયામઅ પડવા જેવું (અપમાનિત થવું)
બુદિયાળ હોવું (કમનસીબ હોવું)
ભટભટાઈને રહેવું (ગુસ્સો દાબી રાખવો)
ભડચેલી ભેંસ જેવું (રૂમલાયેલું, ડાફેરે ચઢેલું)
ભરમાંડ રચાઈ જવું (ઝઘડો થવો)
ભલાભઈની પ્રિત (નાજુક સંબંધ)
ભંઠ ભરાવા (પરેશાન થવું)
ભાની હોડે જવું (ખૂબ દૂર જવું)
ભારેલું હોવું (ભનમાં સંઘરી રાખવું)
ભાંખરી જેવડા થવું (ઉંમરલાયક થવું)
ભૂ પાવું (હરાવી દેવું)
ભૂંગોળ ફૂંકવી (બધાંને જાણ કરી દેવી)
ભેંત ભૂલવી (નાસમજ હોવું)
ભેંતે ભટકાવું (સાચે રસ્તે ના જવું)
ભેંસના સેંગડે માથું ઘાલવું (ખોટું કામ હાથમાં લેવું)
ભૈઠવનું (અસંસ્કારી)
ભોડાકૂટ કરવી (કકળાટ કરવો)
ભોથાં શેકવાં (ખૂબ મહેનત કરવી)
ભોથાંમાં મેઠું ભરવું (બૂરું તાકવું)
મણના સસેર કરવા (ખૂબ માર મારવો)
મરતાનઅ મેર ના કહેવું (કોઈનેય નુકસાન ન પહોંચાડવું)
માથામઅ ગજ ઘાલવા (બહાદુરી બકવી)
મુંઢા મઅ માસ્યો જવી (ખૂબ ગરીબ હોવું)
મૂતરી જવું (ડરી જવું)
મૂતરે દીવા થવા (પોતાની વાત મનાવવી)
મેરાયું કાઢવું (ફજેતો કરવો)
મેંણ થઈ રેવું (ભળી જવું)
મેંસના આલવા (અપયશ આપવો)
મોર ઉડાડી મૂકવા (માથે ન રાખવું)
મોર બોલવા (ડરી જવું)
મોર મારવો (ઉતારી પાડવું)
મોંફાડ (બેફામ)
મોં ફાડવું (વધારે માગવું)
રઢ લાગવી (રટણ કરવું, પ્રેમ થઈ જવો)
રણમઅ રાખવા (અધવચ્ચે છોડી જવું)
રહોળ વાળવું (નાશ કરવો)
રાતું ચણોઠી જેવું (તંદુરસ્ત)
રાવણ કાઢવો (ફજેતી કરવી)
રાંઢવુંય ખેંચી જવું (બધું લૂંટી લેવું)
રેડો લાગવો (નેડો લાગવો, પ્રેમ થઈ જવો)
રેંડા જેવું (ખૂબ સારું)
રોટલે રાબ વળગવી (ખૂબ સુખી થવું)
રોળ કમાવી (કમાણી કરવી)

રોળ વાળવું (નુકસાન કરવું)

લખણું લેવું (ફારગતી કરવી, છૂટાછેડા લેવા)

લખમીનાં લાડ (પૈસાદારની તરફદારી કરવી)

લમણું વાળવું (ધ્યાન રાખવું, ખબરઅંતર પૂછતા રહેવું)

લમણે લખાયું (માથે પડ્યું)

લહ લહ થવું (થાકી જવું)

લંકામાં જવું (ગમે ત્યાં જવાની તૈયારી રાખવી)

લાખ નોરા કરવા (વિનંતી કરવી)

લાખેણા હોવું (આબરૂદાર હોવું)

લારા ચાવવા (ગુસ્સે થવું)

લાળ પાડવી (ખુશામત કરવી)

લાંભુ માથે આબ્બું (મુસીબત માથે પડવી)

લુંડિયાના ગોર (ચોરનો ભાઈ ઘંટીચોર)

લુંડિયાના હાળા (હલકા હોવું)

લુંદાનું લેટવું (મફતનું ખાનાર)

લૂંડાપા કરવા (ગુલામી કરવી)

લે લેંબુડાં કરવાં (અસફળ પ્રયત્ન કરવો)

લેંબુડાં લેવરાબ્બાં (પરેશાન કરવું)

વગડાના વેઝું (સમજણ વિનાના હોવું)

વનું વનું કરવું (વેરવિખેર થવું)

વાઢી વાઢીનઅ ખાવું (કંગાળ હોવું)

વેતર વંઠ્યું (પોતાનાં વેરી થયાં)

વૈણ વનું (આબરૂ વિનાનું)

વૈણાજી કરવી (ખોટો ડોળ કરવો, વરણાગીવેડા કરવા)

સકન પાળવા (બોલેલું પાળવું)

સઠ્ઠીનું ધાવણ નેહરી જવું (ખૂબ મારવું)

સાતીમઅ તાપણું હાચબ્બુ (વેર યાદ રાખવું)

સાતીમઅ તાપણું હારું નઈ (વેરઝેર યાદ ન રાખવાં)

સીરામઅ જી રેડવું (ખૂબ સેવા કરવી)

સેંકણી તોલે (કાંઈ કિંમત ન હોવી)

સેંકણી લેવી (ધ્યાનમાં લેવું)

સેંણી મેલવી (સંબંધ કાપી નાખવો)

સોંટો-પાણી લેવાં (નશો કરવો)

હુના હાલ્લા ફાડવા (ગપ્પાં મારવાં)

હુળા ભરવા (બૂરું તાકવું)

હુંસી કપાળિયો (નસીબનો બળિયો)

હો મણ મેંઠું ખાઈ મરવું (ખૂબ લાંબું જીવવું)

હોલાની પઠ્ઠમ ફરુરુ (ડરીને ભાગી જવું)

હો હો હિયે રાખવું (ખૂબ સેવા કરવી)

હોળ હંડું કમાવું (ખૂબ ધન કમાવું)

હોળાયા જેવું (નક્કામો)

# બોલતાં બેવડાતા શબ્દ

## અ

અકલીઝકલી (સામાન્ય, કાંઈ નહીં)
અન્યાડીબન્યાડી (નકામું, તોફાની)
અલાબલા (પાપનિવારણ કરવું)
અસ્નઈબસ્નઈ (મશ્કરી)
અસ્યાઅસ્ય (હસાહસ)

## અં

અંબાડીબંબાડી (અંબાડી)

## આ

આકડોબાકડો (આકડો)
આઘુંપાસું (ફેરફાર)
આઘોપાસો (દૂર, આઘા જવું)
આડુંઅવળું (ખોટું, ખોટી જગ્યાએ)
આડુંબાડું (જાડું લાકડું)
આડોબાડો (દંડો, ધોકો)
આદાપાદ (ખૂબ વધારે)
આફરોબાફરો (રિસાઈ જવું)
આયોજ્યો (આવ્યો-ગયો)
આરીકારી (દવાદારૂ)
આલોમાલો (ગમે તેવો)

## ઈ

ઈશ્વરબીશ્વર (ઈશ્વર)
ઈહબીહ (ઈસ)

## ઊ

ઊનુંબુંનું (ગરમ હોવું)
ઊંચેનેંચે (ઊંચેનીચે)
ઊંટબૂંટ (ઊંટ)

## એ

એકીબેકી (એક-બે)
એકોબેકો (એકો)
એંઠુંજૂઠું (એંઠું)

## ઓ

ઓજુબોજુ (વણાટ)
ઑડબોડ (ડોક)
ઑંબોબૉંબો (આંબો)
ઑંહુંબૉંહું (આંસુ)

## ક

કટકબટક (થોડુંક જમવું)
કટકોબટકો (કટકા જેટલું)
કબીરોબબીરો (એકાદ માટીનું પાત્ર)
કંકાહબંકાહ (કંકાસ જેવું)
કાગોબાગો (કાગડા જેવું પંખી)
કાટબાટ (કાટ જેવું)
કારજુંબારજું (હિંમત હોવી)
કારુંધોળું (કાળું કામ, ખરાબ કાર્ય)
કારુંબારું (કાળાશ જેવું)
કારુંમેશ (ખૂબ કાળું)
કાળિયોબારિયો (કોઈ એકાદ જણ)
કાંકરોબાંકરો (કાંકરા જેવું)
કાંણુંબાણું (કાણા જેવું)
કાંહોબાંહો (કસો જેવું, દોરડા જેવું)
કીધુંબીધું (કહેવું)
કેતબેત (કહેવત જેવું)
કોડીબોડી (નગણ્ય જેવું)

કોરુંબોરું (કોરા જેવું)

નોંધ : 'ક' અક્ષરથી શરૂ થતા કે બેવડાતા શબ્દ સાથે 'બ' જોડાય છે; પરંતુ અન્ય અક્ષર જોડાતાં શબ્દની ઘટ્ટતા વધી જાય છે. દા.ત. કારું મેશ - ખૂબ કાળું

### ખ

ખજૂરાબજૂરા (જીવાત જેવું)

ખણખોદ (શોધખોળ)

ખરુંખોટું (ગમે તેમ બોલવું)

ખાટલોબાટલો (ખાટલો)

ખાટુંચૈડ (ખૂબ ખાટું)

ખાટુંબાટું (ઓછી ખટાશવાળું)

ખાધુંપીધું (આનંદ કર્યો)

ખારુંમોરું (અધકચરું, સહેજ ખારું)

ખારોબારો (ખારું કરવું)

ખાલીપીલી (અર્થ વગરનું)

ખાલીબાલી (ખાલી હોવું)

ખાંડુંબાંડું (તલવાર જેવું)

ખાંણબાણ (ખાણ જેવું)

ખેંપડબેંપટ (પાતળા હોવું)

ખૈડાવુંબૈડાવું (બગડવું)

ખૈંડખૂં (વારેવારે ખાંસી ખાવી)

ખોટબોટ (પથરા જેવું)

ખોટ્ટુંબોટ્ટું (થોડુંક ખોટું હોવું)

ખોધુંબોધુ (સડેલા મોટા લાકડા જેવું)

ખોંણિયોબોંણિયા (ખાણિયા જેવું)

### ગ

ગધેડુંબધેડું (ગધેડા જેવું કોઈ જાનવર હોવું)

ગહારોબહારો (આવનજાવન હોવી)

ગાયબાય (ગાય જેવું પ્રાણી હોવું)

ગાંડુંબાંડું (ગાંડપણ હોવું)

ગુચપુચ (ચૂપચાપ)

ગુણગુણ (ગુણ [થેલો] જેવું, ગણગણાટ જેવું)

ગુસપુસ (ખાનગી)

### ઘ

ઘચાઘચ્ચ (સખત રીતે)

ઘરબર (ઘર હોવું)

ઘૂણિયોબૂણિયો (ઘડા જેવું હોવું)

### ચ

ચણભણ (ગણગણાટ)

ચણ્યાબણ્યા (ચણા જેવું કંઈક)

ચારોબારો (ઘાસ જેવું)

ચાંચબાંચ (ચાંચ)

ચૂંકબૂંક (ચૂંક જેવું - પેટમાં ચૂંક આવવી)

ચૈડચૂ (અવાજ)

### જ

જપોબપો (શાંત કરવા)

જમબમ (જમ)

જરાતરા (થોડુંક)

જાડુંપાડું (જાડા હોવું)

જારબાર (જુવાર)

જીરુંબીરું (જીરું)

જોટુંબોટું (ભેંસ જેવું હોવું)

જોડાજોડ (સાથે હોવું)

જોવુંબોવું (જોવું)

## ઝ

ઝટપટ (ઝડપથી ઉતાવળથી)
ઝૂડાઝૂડ (મારવું)
ઝૂંટાઝૂંટ (ખેંચતાણ કરવી)
ઝૈડઝુ (ખેંચાતાણી)
ઝૈડબૈડ (ઝૈડ-ઝરડાં)
ઝોડબોડ (ભૂતપલીત)

## ટ

ટકટકારો (બોલચાલ કરવી)
ટકોબકો (ટકો-માથું મૂંડાવવું)
ટપબપ (સાધન)
ટાઢુંઊનું (નવશેકું)
ટુચકુંબુચકું (ટૂચકું કરવું)
ટૂંકુંબૂંકું (ટૂંકું હોવું)
ટૈંડટૂં (મૃત્યુ પામવું)
ટૈંડપૈડ (ગુસ્સો કરવો)
ટોકારેબોકારે (ટોચે)
ટોલુંબોલું (ટકો મૂંડન)
ટોળટપ્પું (ખોટી વાતચીત)
ટોળીબોળી (ટોળી)

## ઠ

ઠકઠક (અવાજ)
ઠગબગ (છેતરનાર, ઠગ)
ઠગવુંબગવું (છેતરવું)
ઠગારોબગારો (ઠગ)
ઠાગાઠૈયા (આનાકાની)
ઠામબામ (સ્થળ)
ઠૂંહોબૂંહો (મુક્કો)
ઠેરઠેકાણું (નિવાસ)
ઠૈડઠું (શાંત થઈ જવું)
ઠોકમઠોક (ગપ્પું મારવું)

## ડ

ડબોબબો (ડબ્બો)
ડરબર (બીક)
ડાગોબાગો (ડાઘ)
ડાચુંબાચું (મોઢું)
ડાંહબાંહ (મચ્છર - ડાંસ)
ડાંહોબાંહો (પીવું)
ડૂવોબૂવો (ડૂવો)
ડૂંગુંબૂંગું (ઊંબાડું)
ડેકુંબેકું (લાકડાનું ખોધું)
ડોહોબોહો (ડોસો)

## ઢ

ઢગબગ (ઢગલો)
ઢગરાબગરા (કૂલા)
ઢમઢોલ (ફૂલેલું)
ઢેખલોબેખલો (પથરો)
ઢેપુંબેપું (ઢેફું)
ઢેફાંબેફાં (ઢેફાં)
ઢેબરાંબેબરાં (ઢેબરાં)
ઢેંડાબેંડા (ઢેડાં)

## ત

તકલીબકલી (તકલી)
તરાકબરાક (ત્રાક)
તાજુંમાજું (તાજું)
તાડબાડ (તાડ)
તારબાર (તાર, દોરો)

તૂટવુંબૂટવું (તૂટવું)
તેડવુંબેડવું (નોતરવું)
તેંડેબેડે (કિનારે)
તૈણુંબૈણું (તરણું)
તોડફોડ (તોડવું)
તોડવુંબોડવું (તોડવું)
તોરબોર (ગુસ્સો)

## થ

થનથન (આનંદિત)
થાકબાક (થાકવું)
થેકબેક (થેકવું, કૂદવું)
થોડુંબોડું (થોડુંક)

## દ

દાઝવુંબાઝવું (દાઝવું)
દાડોબાડો (દિવસ)
દોડબોડ (દોડવું)

## ધ

ધકોબકો (ધક્કો)
ધજાબજા (ધજા)
ધનધન (ધન્યવાદ)
ધનબન (ધન)
ધમાધમ (ગરબડ, મારામારી)
ધાંણાબાંણા (ધાણા)
ધાંનબાંન (ધાન)
ધોકોબોકો (ધોકો)
ધોળુંકાળું (ખરાબ)

## ન

નઈડાંબઈડા (બાળકો)
નળિયુંબળિયું (નળિયું)
નાકુંબાકું (નાકું)
નાગાંપૂંગા (નાગા)
નાગોબાગો (નાગો)
નાણુંબાણું (નાણું)
નાતોબાતો (સંબંધ)
નાહભાજ (નાસવું)
નાહોબાહો (નાહવું)
નેજાબેજા (નેજા)
નેનુંમોટું (નાનું)
નેળિયુંબેળિયું (નેળિયું)
નૈડબૈડ (નૈડ)

## પ

પગબગ (પગ)
પટપટ (અવાજ)
પાદાપાદી (પૂછપરછ)
પાલીબાલી (નવરા થવું, પ્યાલી)
પાહણબાહણ (પાસે)
પીળુંપચ્ચ (ખૂબ પીળું)
પૂળાબૂળા (પૂળા)
પોપટબોપટ (પોપટ)

## ફ

ફગફગ (ઊડતું, વધારે હોવું)
ફળફળ ફોદા (નક્કામું થવું)
ફાગબાગ (આનંદ કરવો)
ફાળિયુંબાળિયું (ફાળિયું)
ફાંકુંબાકું (કાણું)
ફાંકોબાંકો (ફાંકો)
ફાંડુંબાંડું (કાણું, ફાંડું)

ફૂલબૂલ (ફૂલ)
ફૂલેલુંબૂલેલું (ખૂબ જાડું)
ફેરોબેરો (ફેરો)
ફેંદોબેંદો (ફેંદવું-શોધવું)
ફોદાબોદા (ફોદા)
ફોરુંફટ્ટ (હલકું)
ફોરુંબોરું (છાંટા-વરસાદના)

## બ

બળ્યોઝળ્યો (થાકેલો)
બાકુંવાકું (કાણું, બાકોરું)
બાડુપાડુ (બાડુ, દોઢિયું)
બુંગુંવુંગું (બુંગું - લાકડાનું ખોધું)
બેડુંવેડું (બેડું)
બૈડબુહ (તૂટી જાય તેવું બરડ)
બોલબોલ (બબડાટ - બોલવું)
બોલાચાલી (બોલચાલ, ઝઘડો)
બોળુંબટ્ટ (બોળું)

## ભ

ભમભમાટ (ઝડપથી)
ભમરોબમરો (ભમરો)
ભાજ્યોવાજ્યો (ભાગીદાર, ભાગિયો)
ભાંડુવાંડુ (પેટ)
ભાંણુંબાણું (ભાણું)
ભૂલોબૂલો (ભૂલ, ખોટે માર્ગે)
ભૈડભૂહ (એકદમ--ઝડપથી)
ભોટબોટ (ભોટ, અણઘડ)
ભોળુંભટ્ટ (ભોળું)

## મ

મઠબઠ (કઠોળ)
મર્યોબર્યો (ભરવાની રાહ જોવી)
માજી-તાજી (ભાગી લાવીને)
માડીબાડી (માડી)
મારુંતારું (મારું – ખેંચતાણ)
મૂંઢુંબૂંઢું (મોઢું)
મેંઠુંબેંઠું (મીઠું)
મૈડબૈડ (મૈડ - રિસાવું)
મોડબોડ (મોડ-મોડિયો)
મોરીમોરી (આગળ આગળ)
મોરુંમચ્ચ (મોળું)

## ર

રમણભમણ (તોડફોડ કરવી)
રાજીબાજી (ખુશ થવું)
રાતવરત (રાતને સમયે)
રાતીમાતી (તંદુરસ્ત)
રાતુંપીળું (ગુસ્સાવાળું)
રાતુંબાતું (લાલમલાલ)
રાંડબાંડ (રાંડ)
રુંગુંબુંગું (રડવું)
રેટવુંબેંટવું (ગંદુ)
રેંગણાંબેગણાં (રીંગણાં)
રોટલીબોટલી (રોટલી)
રોતીબોતી (રોતી)
રોયુંબોયું (રોયેલું)
રોંટુંબોંટું (વાંકું)

## લ

લટપટ (ખૂબ સંબંધ હોવો)
લપબપ (લપ, અણગમતું હોવું)
લમણુંબમણું (કપાળ)
લાગતુંવળગતું (સંબંધવાળું)
લાજીબાજી (સળગેલું - સળગતું)
લાલીબાલી (લાલી)
લુખાલખોટે (કાંઈ પણ આપ્યા સિવાય)
લુખાહુક્કા (ચાલે તેવું - લુખ્ખું)
લૂટબૂટ (લૂટ)
લૂલોલંગડો (ખોડવાળું)
લેંટબેંટ (લેંટ-લીંટ)
લેંટવુંબેંટવું (લાલચુ)
લેંડુંબેંડું (લેંડું, લીંડું)
લેંપ્યુંબેપ્યું (લીંપેલું)
લેંકુબેંકુ (લેંકું ટુકડો)
લેંબુંબેંબું (લીંબુ જેવું)
લોટબોટ (લોટ)

## વ

વજુવજુ (ખૂબ હેરાન થવું)
વાટકોબાટકો (વાટકો-વાસણ)
વારતેવાર (સમયાનુસાર)
વારવેવાર (પ્રસંગ ઊજવવો)
વાલુંદવલું (વહાલું - સરખું હોવું)
વાંકુબાંકું (વાંકું)
વાંદરુંબાંદરું (વાદરું)
વેજુંબેજું (જાનવર)
વેલડુંબેલડું (સાધન મળવું - વેલ)
વેલુંમોડું (સમય થવો)
વેળાકવેળા (સમય થવો)
વેંતબેંત (સગવડ થવી)

## સ

સણકોબણકો (છણકો)
સાંટબાંટ (પાણી છાંટી આભડછેટ ટાળવી)
સેઠબેઠ (શેઠ)
સૈડસુ (એક પ્રકારનો અવાજ - શરદી થવી)
સોડીબોડી (છોકરી)
સોનામોના (ચૂપચાપ)
સોનુમોનું (ચૂપચાપ, ખાનગી)
સોરબોર (સોર-અસ્ત્રો)
સોરાબોરાં (છોકરાં)
સોલબોલ (છોલ)

## હ

હમતમ (હુંસાતુંસી)
હમુંનકરું (સરખું)
હળદરબળદર (હળદર)
હાચુબાચુ (સાચું)
હાજાબાજા (સાજાનરવા)
હાથીભાજિયો (ભાગિયો)
હાલીચાલી (હાલવું-ચાલવું)
હાહબાહ (શ્વાસ)
હીબમહીબા (ઉપરાઉપરી)
હુંસાતુંસ (ખેંચતાણ)
હેઠુબેઠુ (નીચે)
હૈડહુંહુ (ઉતાવળેથી)
હોંચબોંચ (સરખું હોવું)

# શબ્દાવલી :'અ' થી 'હ' સુધી

## અ

અઈણી (સ્ત્રી.) અરણીનું ઝાડ

અકડાસ (વિ.) ગુસ્સો, સખતાઈ

અકડુ (વિ.) સખત દાણો, ન રાંધી શકાય તેવું

અકલ (સ્ત્રી.) અક્કલ, બુદ્ધિ, હોશિયારી

અકલગરો (પું.) એક ઔષધિ

અકલવનું (વિ.) અક્કલ વિનાનું, બુદ્ધુ

અકલીઝકલી (વિ.) સામાન્ય (સ્ત્રી.) છોકરીઓની એક રમત

અકળુ (વિ.) ગુસ્સાવાળું, અકડું

અખત (નપું.) વિષ્ટા (2) અખત પિયાલો (પું.) અખત પ્યાલો

અખેપાતર (નપું.) અક્ષયપાત્ર

અગરાજ (વિ.) હરામ, ન સ્વીકારવું

અઘણ (નપું.) વિષ્ટા, ગૂ

અઘણી (સ્ત્રી.) ગાંડ, મળદ્વાર

અઘવું (ક્રિ.) હગવું, શૌચક્રિયા કરવી

અઘેણી (સ્ત્રી.) અઘરણી, સીમંત, ખોળો ભરવાની ધાર્મિક ક્રિયા, ખોળાભૈણું

અઘોરી (પું.) ભયંકર (2) અઘોરી બાવો

અઘોંમણ (નપું.) ઝાડા

અજમો (પું.) એક પ્રકારનું કરિયાતું - ઔષધ

અજવારું (નપું.) અજવાળું (2) અજવારિયું (નપું.) શુક્લપક્ષ, અજવાળિયું

અજામ (પું.) હજામ, નાઈ, ઘાંયજો

અજાર (વિ.) અવાવરું, તૂટેલુંફાટેલું, હજાર

અજારીગલ (પું.) ગલગોટો, હજારીગલ

અજી (અ.) હજી, હજુ (2) અજુ (નપું.) હજુ

અજુરિયો (પું.) હજૂરિયો, પંચિયું, રૂમાલ, હેજિયું

અજૂકા (વિ.) હમણાંના

અજાંણ્યો (પું.) અજાણ્યો (2) અજાણ્યું (વિ.) ન જાણેલું

અટકચાળિયું (નપું.) તોફાની, મશ્કરી કરનાર

અટકચાળું (નપું.) મશ્કરી, તોફાન

અટકણ (નપું.) ટેકો

અટારું (નપું.) જિદ્દી, વાત ન માનનાર (2) અટારો (પું.) જિદ્દી

અટાંમણ (નપું.) રોટલી વણતાં કોરો લોટ લેવાય તે

અટૂલું (વિ.) એકલું, સાથ વિનાનું, નિરાધાર

અડધિયું (નપું.) નાનો ડબ્બો, અડધું

અડપાવું (ક્રિ.) અડપાવવું, મારવું

અડબંગ (પું.) નફિકરો, બુદ્ધિ વિનાનો, કામ ન કરે તેવો

અડબંગઈ (વિ.) નફિકરાઈ, ગાંડાવેડા

અડબોથ (સ્ત્રી.) તમાચો, લાફો (2) અડબોથ મેલવી, લાફો મારવો

અડવું (ક્રિ.) અડકવું, સ્પર્શ કરવો, શણગાર વિનાનું, બૂચું

અડાળી (સ્ત્રી.) ઓસરી, ઓહરી

અઢવાંણા (વિ.) અડવાણા, ખુલ્લા પગે

અઢૂકડો (વિ.) ઊભા પગે

અઢૂણી (સ્ત્રી.) ઈંઢોણી

અઢેલવું (ક્રિ.) ટેકે મૂકવું

અણબોલું (વિ.) મૂંગું, બોલી ન શકે તેવું

અણભોટ (વિ.) અભણ

અણવારવું (ક્રિ.) દુ:ખણાં લઈ દાન કરવાની ક્રિયા

અણવારેલું (વિ.) ચાર રસ્તે દેવનું સમિધ મૂક્યું હોય તે, ભૂતપલીત માટે ચાર રસ્તે મૂકેલું માગણું

અણવૉર (પું.) અણવર, કન્યા સાથે જનાર વ્યક્તિ

અણહાર (પું.) અણસાર, થોડી અસર, થોડું મળતાપણું

અણહારો (પું.) ઇશારો, અણસારો

અણિયારું (વિ.) અણીદાર, અણીવાળું

અણી (સ્ત્રી.) ટોચ

અણુંજો (પું.) પાકી, રજા પાડવી, કામકાજ બંધ રાખવું (કારીગર વર્ગ દ્વારા)

અતરું (વિ.) અતડું, કોઈમાં ન ભળે તેવું

અતાર (અ.) અત્યારે

અતી (ક્રિ.) હતી (2) અતું : હતું (3) અતો : હતો

અથર (પું.) અજ્ઞાની, બુદ્ધિ વિનાનો, જડ

અથરાવું (ક્રિ.) અથડાવું

અથવાર (વિ.) હાથ જાણનાર પશુ, હેવાયું થયેલ, હથવાર

અથેળી (સ્ત્રી.) હથેળી

અથોળી (સ્ત્રી.) હથોડી

અથોળો (પું.) હથોડો

અથ્યાર (પું.) હથિયાર

અદકું (વિ.) વધારે

અદઝાઝું (વિ.) થોડુંઘણું

અદબેહરું (નપું.) અડધું ગાંડું, અદવગું

અદવગું (નપું.) જુઓ અદબેહરું.

અદાણી (સ્ત્રી.) પાંજેત, પાંગત, સૂતર ભરેલા ખાટલાનો પગ તરફનો હિસ્સો

અદીલગણ (અ.) હમણાં સુધી

અદૂકડું (નપું.) વાંકું પાડવું

અદ્દલ (વિ.) ના જેવું

અધધ (વિ.) વધારે

અધમણ (વિ.) અડધો મણ

અધસેર (વિ.) અડધો શેર

અધસેરિયું (વિ.) અડધા શેરનું

અધેલી (સ્ત્રી.) અડધો રૂપિયો, આઠ આના (જૂનું નાણું)

અધોળી (સ્ત્રી.) મરેલા ઢોરના પકવેલા ચામડામાંથી માલિકને અપાતો સોળમો ભાગ (2) શેરનો સોળમો ભાગ

અન (અ.) અને

અનરથ (પું.) અનર્થ, (નપું.) નુકસાન

અનાદુ (વિ.) પરાપૂર્વથી

અનુમૉન (પું.) હનુમાન

અનેતી (સ્ત્રી.) અનીતિ

અન્યાડી (વિ.) અન્યાય કરનાર

અપલસણ (વિ.) અપલક્ષણ

અફણ (નપું.) અફીણ

અફરાવું (ક્રિ.) રિસાઈ જવું, પેટમાં આફરો ચઢવો

અફ્ફા (સ્ત્રી.) અફવા, ગામગપાટા

અબરક (નપું.) એક ચળકતી ધાતુ / રંગ, અબરખ

અબરકિયું (વિ.) અબરક ભરેલી સાડી

અબેતબે (વિ.) જેમ તેમ ધમકાવવું

અબ્બી (અ.) હમણાં જ, અબ્બીહાલ

અભડાબ્બુ (ક્રિ.) અભડાવવું, સ્પર્શ કરાવવો, આભડછેટ લગાડવી

અભડાવું (ક્રિ.) આભડછેટ લાગવી, સ્પર્શ થવો

અભરઈ (સ્ત્રી.) અભરાઈ, છાજલી

અભરખા (સ્ત્રી.) અબળખા

અભાજી (વિ.) અભાગી

અભાજે (અ.) નસીબયોગ, ક્યારેક જ

અભાજ્યું (વિ.) અભાગિયું, નસીબ વિનાનું

અભેં (વિ.) અભય(2) અભેં આલવી : અભયદાન આપવું

અભેંમાન (નપું.) અભિમાન, (પું.) અભિમાન્યુ

અમણઅ (અ.) હમણાં

અમથાં (વિ.) કારણ વિના (2) અમથું : નક્કામું

અમદાદ (નપું.) અમદાવાદ

અમરઈ (વિ.) અમળાઈ, રિસાઈ

અમરાવું (ક્રિ.) રિસાવું, અમરાટ, રીસ

અમલ (વિ.) નશો.

અમાંન્યા (સ્ત્રી.) માન રાખવું

અમીં (નપું.) અમૃત (2) અમી (અ.) અમે

અરખ (પું.) હરખ, આનંદ

અરખઈ (સ્ત્રી.) સરખાઈ, સરખાપણું, (ક્રિ.) આનંદિત થવું

અરખુ (વિ.) અળખું, અળખામણું, સરખું

અરથી (સ્ત્રી.) ઠાઠડી

અરધર (સ્ત્રી.) હળદર

અરધું (વિ.) અડધું

અરપલું (ક્રિ.) અડપલું

અરવરિયું (નપું.) અડવડિયું, ગુલાંટ ખાઈ જવી, ચકરી (ખાઈ જવી)

અરહાબ્બું (ક્રિ.) અરસાવવું, ધાર કાઢવી (2) અરહાયું : ધારદાર કર્યું (3) અરસાયે : ધાર કાઢીશ

અરોંમી (વિ.) હરામી, તોફાની

અલકું (વિ.) હલકું

અલગ (અ.) જુદા

અલલું (વિ.) વધારે

અલવું (ક્રિ.) હલવું

અલાણી (સ્ત્રી.) ઢાળિયો, કૂવા પાસે બળદને કોસ ખેંચવા ચાલવા કરેલો ઢાળ

અલાબલા (નપું.) ભૂતપલીત, નડતર

અલિ (સ્ત્રી.) એક લહેકો (2) અલ્યા (પું.) એક લેહકો

અલૂણું (વિ.) મીઠા વિનાનું

અલેણું (વિ.) લેવાદેવા ન હોવી

અલ્યાતલ્યા (વિ.) જેમતેમ, ફાવે તેમ

અવ (અ.) હવે

અવગતિયું (નપું.) અકસ્માતથી થયેલ (મોત)

અવડ (વિ.) હવડ, અવાવરું

અવતાર (પું.) જન્મ

અવન (પું.) યજ્ઞ, હવન

અવરહવર (અ.) અવળસવળ

અવરો (વિ.) અવળો, નફ્ફટ (2) અવરું (નપું.) ઊંધું

અવસ્થા (સ્ત્રી.) ઉંમર, સ્થિતિ

અવળઈ (સ્ત્રી.) અવળચંડાઈ, તોફાન

અવાડો (પું.) હવાડો, ઢોરને પાણી પીવા માટેનું બાંધેલું પાકું સ્થળ

અવાળું (નપું.) પેઢું (દાંતનું)

અવિતરું (વિ.) તોફાની

અસત (નપું.) અસત્ય

અસનઈ (સ્ત્રી.) મશ્કરી

અસર (સ્ત્રી.) પ્રભાવ

અસવાર (પું.) ઘોડેસવાર

અસવારી (ક્રિ.) ઘોડેસવારી

અસું (ક્રિ.) હોઈશું

અસ્તરી (સ્ત્રી.) સ્ત્રી

અહલી (સ્ત્રી.) હસાઈ, મશ્કરી

અહવું (ક્રિ.) હસવું (2) અહાડવું (ક્રિ.) હસાવવું

અહાગરો (પું.) વસવસો

અહાડ (પું.) અષાઢ

અહાડું (વિ.) અષાઢનું, વરસાદ આવતાં કરેલી પ્રથમ વાવણી

અહુંરાં (વિ.) કસમયનું

અહોડો (પું.) અસોડો, ઢોરને બાંધવા માટેનું દોરડું

અહોતરું (વિ.) કવેળાનું

અળઈ (સ્ત્રી.) ઉનાળામાં શરીર ઉપર થતી ઝીણી ફોલ્લીઓ

અળખું (વિ.) અળખામણું

અળગું (વિ.) જુદું, દૂર

અળસ (સ્ત્રી.) આળસ (2) અળસી જવું : થાકી જવું, નાસીપાસ થવું

અળસિયું (નપું.) એક જીવ

અળા (સ્ત્રી.) કાબૂ (2) અળા કાઢવી : કાબૂમાં રહેવું (3) અળા ના કાઢવી : સહકાર ન આપવો

અંકડાસ (સ્ત્રી.) અકડાશ, ગુસ્સો, મગરૂરી

અંકાવું (ક્રિ.) વંચાવું, ખરાબ ગણાવું

અંકાશ (નપું.) આકાશ

અંકોડી (સ્ત્રી.) કડી, વાંકી ખીલી

અંકોડી ભરત (નપું.) એક પ્રકારનું ભરતકામ

અંકોડો (પું.) આંકડો, મૂછનો વળાંક, વીંછીનો ડંખ

અંકોરો (પું.) નિશાન, છાપ રહી જવી, ઘસરકાનાં નિશાન

અંગારિયો (વિ.) બગાડનાર, નાલાયક

અંગારો (પું.) સળગતો કોલસો (2) અંગારા (બ.વ.)

અંગૂઠિયું (નપું.) અંગૂઠે પહેરવાનો દાગીનો

અંગૂઠી (સ્ત્રી.) વીંટી

અંગૂઠો (પું.) અંગૂઠો

અંચઈ (સ્ત્રી.) અંચી, જૂઠ

અંજીન (નપું.) (રેલવે) એન્જિન

અંટી (સ્ત્રી.) લખોટી

અંટીસ (સ્ત્રી.) અંટસ, ઝઘડો, ખાર

અંટો (પું.) લખોટો

અંતરઈ (પું.) અડચણ, અંતરાય

અંદેહો (પું.) વહેમ, શંકા

અંધાપો (વિ.) આંધળાપણું

અંધારું (નપું.) અંધકાર

અંધો (પું.) આંધળો

અંબઈ (વિ.) ખટાઈ જવું, ખાટી થવી

અંબાડી (સ્ત્રી.) હાથી ઉપરની બેઠક

અંબામા (સ્ત્રી.) અંબિકા દેવી

અંબોઈ (સ્ત્રી.) પેચોટી, નાભિ ખસવી

અંબોડો (પું.) ચોટલો (2) અંબોડી (સ્ત્રી) ચોટલી, નાનો ચોટલો

અંબોયણ (નપું.) ઉમેરણ, અંબોરણ

## આ

આઈ (ક્રિ.) આવી

આઉ (નપું.) ઉવાંળી, અડણ, બાવલું, ગાય-ભેંસ કે અન્ય પશુના સ્તનની ડીંટડી ઉપરનો ભાગ (2) આવું

આક (પું.) આકડો, આકરો

આકરી (વિ.) સખત, ન પાળી શકાય તેવી

આકરો (વિ.) ગુસ્સાવાળું, સખત

આકવું (ક્રિ.) હાંકવું, ચલાવવું

આકોટો (પું.) હાકોટો, દેવનો વાયરો આવવો

આખડી (સ્ત્રી.) બાધા, માનતા (ક્રિ.) લડવું

આખલો (પું.) સાંઢ, આખલો, રખડેલ

આખો (વિ.) પૂરો

આગર (અ.) આગળ (2) આગેર (વિ.) સામે

આગરો (પું.) આગળો, આડ

આગલો (પું.) આગળનો

આગેડું (પું.) આગેવાન, નેતા

આગોતરું (અ.) અગાઉથી

આઘું (અ.) દૂર (2) આઘો (વિ.) દૂર

આચરકૂચર (વિ.) ગમે તે, નક્કામું, પરચુરણ

આચરવું (ક્રિ.) અમલ કરવો

આજ (સ્ત્રી.) આગ

આજર (વિ.) હાજર

આજી (અ.) આજે

આજેણ (સ્ત્રી.) ઓલો, ઊલ, ચૂલા બહાર રાખ રાખવાની જગા

આટો (પું.) લોટ

આડ (સ્ત્રી.) ન દેખાય માટે ગોઠવણ કરવી, પડદો વગેરે

આડકું (નપું.) હાડકું

આડિયો (પું.) હાડિયો, કાગો, હાડો, કાગડો

આડી (સ્ત્રી.) મરેલાં ઢોર ઉપાડવા માટેનું મજબૂત લાકડું

આડું (નપું.) આડું, ગાડાને ઉપયોગી લાકડું

આડું (ક્રિ.) બંધ, નડતર થવું.

આડો (પું.) વણાટ બાંધવાની થાંભલી

આથ (પું.) સાથસંગાથ, હાથ

આથડિયો (સ્ત્રી.) ઓળ

આથડી (ક્રિ.) અથડાઈ, ફરી ફરીને (આથડી આથડી)

આથમણી (સ્ત્રી.) આથમણી દિશા, પશ્ચિમ

આથળી (સ્ત્રી.) સાથરી, હાથરી, ઢોરને

ચીરફાડ કરવાની જગ્યા.
આથેલું (વિ.) આથો લાવેલું
આદત (સ્ત્રી.) આદત, ટેવ
આદર્યું (ક્રિ.) શરૂ કરવું (2) આદરેલું : ધારેલું
આદા (પું.) મળ
આદી (સ્ત્રી.) ટેવવાળું હોવું
આપડવું (ક્રિ.) પહોંચવું, આવી મળવું
આપડે (અ.) આપણે
આપવું (ક્રિ.) આપવું, આલવું
આપૂસ (સ્ત્રી.) આફૂસ કેરી
આફરો (પું.) ગૅસ થવો, પેટનું ફૂલી જવું
આફૂદરા (વિ.) આફૂતરા, જાતે જ
આફેરા (અ.) આ વખતે
આબરૂ (સ્ત્રી.) આબરૂ, માન, ઇજ્જત
આભડસેટ (સ્ત્રી.) આભડછેટ, અસ્પૃશ્યતા
આભલું (નપું.) આકાશ
આય (ક્રિ.) આવ.
આયનો (પું.) દર્પણ, ચાટલું
આયપત (સ્ત્રી.) મિલકત, વારસો, આફત
આર (સ્ત્રી.) અણીદાર ખીલી, પરોણામાં બેસાડેલી ખીલી, (2) છરી-ચાકુની ધાર સરખી કરવા વપરાતો સળિયો
આરી (સ્ત્રી.) કરવતી
આરેણ (સ્ત્રી.) આરણ, ભઠ્ઠીમાં ઓગાળેલું લોખંડ
આરો (પું.) કિનારો (2) અંત
આરોંમ (પું.) નિરાંત, આરામ
આલત (સ્ત્રી.) હાલત, સ્થિતિ
આલમેલ (સ્ત્રી.) લેવડદેવડ, વહેવાર
આલવું (ક્રિ.) આપવું (2) આલે : આપીશ
આવકારો (પું.) આવકાર
આવડ (સ્ત્રી.) આવડત
આવડું (વિ.) નાનું
આવણું (ક્રિ.) આવવું
આવરો (પું.) પાણીનો માર્ગ, રસ્તો
આવોય (ક્રિ.) આવીશ
આસ (સ્ત્રી.) છાશનું નિતારેલ પાણી, (2) આશા
આસરવાદ (પું.) આશિષ
આસરો (પું.) આશરો, અંદાજ, શરણ
આસાવાંના (વિ.) ખૂબ સેવા કરવી
આહણપાહણ (અ.) આજુબાજુ
આળ (નપું.) આરોપ, આળ
આળહુ (પું.) આળસુ
આળો (પું.) કચરો
આળોટવું (ક્રિ.) આળોટવું
આંટવું (ક્રિ.) નિશાન તાકવું

## ઈ

ઈકણ (અ.) ત્યાં આગળ, (2) ઈયાકણે
ઈતળી (સ્ત્રી.) ઇતડી, ઇતરી, જેંગોડા જેવી એક પરજીવી જીવાત
ઈનો (અ.) એનો
ઈન્દરી (સ્ત્રી.) પુરુષની જનનેન્દ્રિય
ઈમ (અ.) એમ
ઈમનીમ (વિ.) મફત, કાંઈ પણ લીધા વિના
ઈમનેરો (અ.) ઈમથેરો, દૂર, આઘો
ઈમનો (પું.) તેઓનો

ઈયાદ (સ્ત્રી.) યાદ, સ્મરણ

ઈયાર (પું.) મિત્ર

ઈયાં (અ.) અહીં

ઈયું (નપું.) હૈયું

ઈરખા (સ્ત્રી.) ઈર્ષા

ઈલાચી (સ્ત્રી.) ઇલાયચી, એલચી

ઈસવર (પું.) ઈશ્વર

ઈસ્તરી (સ્ત્રી.) સ્ત્રી

ઈહ (સ્ત્રી.) ખાટલાની ઈસ

ઈંકવું (ક્રિ.) ઈંચવું, હીકવું, ફેંકવું (2) ઈંકું : ફેંકું

ઈંચવું (ક્રિ.) ફેંકવું

ઈંટ (સ્ત્રી.) ઈંટ

ઈંટાળિયું (નપું.) ઢેખાળિયું, પથ્થરમારો

ઈંટાળો (પું.) ઈંટનો ટુકડો, પથ્થર, ઢેખાળો

## ઉ

ઉ (પું.) હું, મું

ઉકાળવું (ક્રિ.) ઉકાળવું

ઉકાળો (પું.) દૂધ વિનાની કાળી ચા

ઉકેડો (પું.) ઉકરડો

ઉખડિયો (પું.) તવીથો, તવેયો

ઉખરાળ (સ્ત્રી.) રોટલો શેકતાં કલેડીમાં જે ભાગ ચોંટે તે (2) ઉખળી

ઉખેડવું (ક્રિ.) ઉખાડવું

ઉખેરવું (ક્રિ.) જુદું કરવું, ઉખાડવું (2) જૂની વાત યાદ કરવી

ઉખોંણું (નપું.) ઉખાણું, સમસ્યા, કોયડો

ઉગમણી (સ્ત્રી.) પૂર્વ

ઉગામ્બું (ક્રિ.) ઉગામવું, મારવા ઉપાડવું

ઉગારો (પુ.) બચાવ

ઉઘલાઈ (ક્રિ.) સજાવીને તૈયાર કરેલ

ઉઘલી (ક્રિ.) બહાર નીકળવું

ઉઘાડ (અ.) તડકાવાળું આકાશ

ઉઘાડી (વિ.) ખુલ્લી, નાગી (2) ઉઘાડું (નપું.) નાગું

ઉચાટ (પું.) ચિંતા

ઉચાળા (વિ.) ઊંચા સ્થાને, ઊંચા

ઉચાળું (વિ.) ઊંચું

ઉચી (સ્ત્રી.) બાખડી (ગાય, ભેંસ), દૂધ ન આપવું (2) બાખડિયું (નપું.) દૂધ ન દેનાર પશુ

ઉચેલવું (ક્રિ.) ગડી છૂટી પાડવી, ઉકેલવું (2) વાંચવું, ચીરફાડ કરવી

ઉજણું (ક્રિ.) વરકન્યા વધાવવાની ક્રિયા (2) ઉજણું પુખવું : વરકન્યાને પોંખવાં

ઉજમણું (નપું.) જીવતેજીવત નાત જમાડવી, હરખ કરવો

ઉજળું (વિ.) સફેદ, સાફ

ઉજા (અ.) દોડ

ઉજાવું (ક્રિ.) દોડવું

ઉજેણી (સ્ત્રી.) ઉજાણી, ઉત્સવ

ઉજેત (નપું.) અજવાળું, ઉજેહ

ઉજ્યું (ક્રિ.) ઊગ્યું (2) ઉજી (સ્ત્રી.) ઊગી

ઉટ (નપું.) ઊંટ (2) ઊંટલારી (સ્ત્રી.) ઊંટ વડે ચાલતી લારી

ઉઠવું (ક્રિ.) (ઊંઘમાંથી) જાગવું

ઉડઉ (વિ.) ફના કરનાર, ઉડાઉ

ઉડણઘો (સ્ત્રી.) ઊડણઘો, ચંદનઘો

ઉઢાણી (સ્રી.) ઈંઢોણી

ઉણ (વિ.) આ વરસે, ચાલુ વરસે

ઉતકુતિયું (નપું.) તોફાની, ચિંતા કરાવનાર (2) ઉતપાતિયું

ઉતપાત (પું.) તોફાન

ઉતરી ગયેલું (વિ.) વાસી થયેલું

ઉતરોંણ (સ્રી.) ઉત્તરાયણ

ઉતા (સ્રી.) ઉતાવળ

ઉતાર (પું.) નાલાયક, નપાવટ

ઉતારો (ક્રિ.) અનાજ પાકવું (2) વિરામ સ્થાન

ઉતાવળ (સ્રી.) ઝડપ

ઉતેડવું (ક્રિ.) ટાંકા ખોલવા

ઉથલાબ્બુ (ક્રિ.) ઉથલાવવું, સ્થાનભ્રષ્ટ કરવું, ગબડાવી પાડવું

ઉથલો (પું.) ફરીથી થવું

ઉધમાતિયું (નપું.) ઊંધી મતિનું (2) તોફાની

ઉધરાબ્બુ (ક્રિ.) ઊભા કરી દેવું, વ્યવસ્થિત મૂકવું

ઉધરો (સ્રી.) ખાંસી, ઉધરસ

ઉધેઈ (ક્રિ.) તોફાન, ખોટું (કરવું)

ઉધેડવુ (ક્રિ.) ખોલવું, ટાંકા ખોલવા

ઉનામણિયું (નપું.) ધાતુનું (તાંબા-પિત્તળ) પાણી ગરમ કરવાનું પાત્ર

ઉનાળું (નપું.) ઉનાળે લીધેલો પાક, શ્વાસનળી

ઉનાળે જવું (ક્રિ.) અંતરસી જવું

ઉનિયાં-ગુનિયાં (નપું.) આનાકાની,

હા-ના કરવી

ઉપણવું (ક્રિ.) ખળામાં વાયરો નાખી અનાજનાં ઢૂંઢાં જુદાં પાડવાની ક્રિયા (2) જાહેર કરી દેવું (3) સાફ કરવું

ઉપણી (સ્રી.) ઊપણવાની ક્રિયા, સૂપડું

ઉપરહાથે (અ.) ઊંચા હાથે, સ્પર્શ ન થાય એ રીતે

ઉપરોંણું (નપું.) ઉપરાણું

ઉપલું (નપું.) ઘંટીનું ઉપરનું પૈડું

ઉપલો (અ.) ઉપરનો

ઉપા (પું.) ઉપાય

ઉપાડા (પું.) ધમપછાડા

ઉપાસણ (નપું.) તોફાન, આઘુંપાછું કરવું, સળી કરવી

ઉપૈણી (સ્રી.) ઉપરણી, ખેસ

ઉફરાંટુ (નપું.) વિરોધી, આડું ફંટાયેલું

ઉફરું (અ.) વિરોધમાં, સામે

ઉફંડો (પું.) ઊભરો (2) ઉફંડુ (નપું.) ઉઘાડું, નાગું

ઉબેટ (પું.) ઉબેટ, ટેકો મૂકવો

ઉભરાટ (ક્રિ.) ઊભરો આવવો

ઉભરોંણ (નપું.) ઉભરાઈ બહાર આવેલ ફીણ

ઉભરો (અ.) ઊભરો, ગુસ્સો

ઉભાપજે (વિ.) ઉતાવળું (2) ઊભા પગે બેસવું (વિ.) ઉભડક બેસવું

ઉમરાં (નપું.) ઊમરાનાં ફળ

ઉમરો (પું.) ઊમરાનું ઝાડ, ઉંબર, થળી

ઉલ (સ્રી.) ચૂલાનો આગળનો આગ વિનાનો રાખ રાખવાનો ભાગ

ઉલકારવું (ક્રિ.) ઉશ્કેરવું, ગુસ્સે થવું / ઉલકારિયું (નપું.) ગુસ્સે થઈ જતા

રહેનાર

ઉલાળવું (ક્રિ.) ઉછાળવું, નાખી દેવું

ઉલાળિયું (ક્રિ.) વાત ન માનવી

ઉલાળો (પું.) હોંશ, ધમકાર, ઇચ્છા

ઉવાળી (સ્ત્રી.) પશુના સ્તનનો આંચળ ઉપરનો ભાગ, આઉ, બાવલું

ઉસળવું (ક્રિ.) ઊછળવું

ઉસેળવું (ક્રિ.) ચીરવું, મરેલાં ઢોરની ચીરફાડ કરવી

ઉહેટી (ક્રિ.) ઉસેટી

ઉહેટવું (ક્રિ.) ઉસેડવું

ઉંબળ્યું (ક્રિ.) ઘા ખુલ્લો થવો, ઊપડ્યું, તાજું થવું

ઉંબી (સ્ત્રી.) ઊંબી (2) ઘઉંનું કણસલું (નપું.)

ઉંહું (અ.) ના

## ઊ

ઊકેલવું (ક્રિ.) સૂતરની ગૂંચ કાઢવી, સરખું કરવું, વાંચવું

ઊખડવું (ક્રિ.) ઊખડી જવું

ઊઘલી (ક્રિ.) બહાર નીકળવું

ઊંકલું (નપું.) ઘાઘરાના નેફા પાસેનો કાપ

ઊંકારો (પું.) હોંકારો, ઊંહકારો

ઊંકેડી (સ્ત્રી.) ઊકરડી, એક પ્રકારની જીવાત

ઊંકેડી (સ્ત્રી.) નાનો ઉકરડો

ઊંકેડો (પું.) ઉકરડો

ઊંઘ (સ્ત્રી.) ઊંઘ

ઊંઘણશી (વિ.) ખૂબ ઊંઘનાર

ઊંડઈ (વિ.) ઊંડાઈ, ઊંડાણ

ઊંડોળ (સ્ત્રી.) બે હાથમાં સમાય તેટલું

ઊંણું (વિ.) ઓછું હોવું, થોડું ખાલી હોવું

ઊંતેડવું (ક્રિ.) ટાંકા તોડવા, ટાંકા ખોલવા, ઉતરડવું

ઊંતોર (પું.) જવાબ

ઊંદરી (સ્ત્રી.) માથામાં થતો રોગ

ઊંદેડી (સ્ત્રી) ઉંદરડી

ઊંદેડો (પું.) ઉંદરડો

ઊંધેઈ (સ્ત્રી.) ઊધઈ, એક પ્રકારની જીવાત

ઊંધેડ (વિ.) ઉચ્ચક, રકમ નક્કી કરીને આપેલ કામ

ઊંન (નપું.) ઘેટાંના વાળ

ઊંનું (વિ.) ગરમ, ઊનું

ઊંપણું (નપું.) ખાટલાની માથા અને પાંગોથ તરફનાં આડાં લાકડાં

ઊંબાડું (નપું.) સળગતું લાકડું,

ઊંલકુ (ક્રિ.) હલકું પાડવું

ઊંહ (સ્ત્રી.) ઉસ, ખાર, પડતર જમીન પર થતો સફેદ પદાર્થ

## એ

એઈ (અ.) પતિ, પત્ની દ્વારા એકબીજાને બોલાવવા કરાતું સંબોધન

એઈડી (સ્ત્રી.) એરંડી (2) એયડા (પું.) એરંડા

એકડિયું (નપું.) પહેલું ધોરણ

એકડો (રો) (પું.) એક

એકઢાળિયું (નપું.) એક ઢાળના છજાવાળું ઘર

એકતારો (પું.) એક તારવાળો તંબુરો

એકતાઁન (નપું.) ધ્યાનમગ્ન, મસ્ત થયેલું

એકધારું (વિ.) સતત

એકપા (અ.) એક તરફ

એકપાહુ (વિ.) એક પાસું

એકમગા (અ.) એક તરફ, એક બાજુ

એકરાગું (વિ.) સરખું, સંપીલું

એકલું (વિ.) એકાકી (2) એકલવાયું (3) એકાવું

એકવડું (વિ.) સીધું, ગડી કર્યા વિનાનું, પાતળું

એકહરું (વિ.) ગડી કર્યા વિનાનું, એકવડું

એકહૂંપ (વિ.) એકસંપ

એકહઁઠ (પું.) એકસઠ

એકાદ્દુ (નપું.) એક જણ (એકાદ જણ)

એકાહણું (નપું.) એકટાણું, એકટાણાનો ઉપવાસ

એકી (સ્ત્રી.) પેશાબ

એકીહૈણે (વિ.) એકસાથે, સામટું

એકો (પું.) એક બળદનું ગાડું

એનીમેર (અ.) પેલી તરફ (2) એણીમેર

એરણ (સ્ત્રી.) એરણ

એહાળિયો (પું.) એસારિયો, એક ઔષધ

એંકાર (પું.) અહંકાર

એંચવું (ક્રિ.) હેંકવું, હીંચવું (2) એંકોળો (પું.) હીંચકો

એંટ (પું.) આંટી, અંટશ, ગાંઠ

એંઠું (વિ.) ખાતાં વધેલું (2) એંઠ (સ્ત્રી.) એંઠવાડ

એઁઠિયું (નપું.) ચાટિયું, ચાટ, જેમાં એંઠવાડ (વધેલું ભોજન) નાખવામાં આવે

એઁડા (પું.) ઈંડાં

એઁદી (વિ.) આળસુ

એઁધરાં (પું.) બળતણનાં લાકડાં

એઁધાણ (નપું.) ગર્ભ (2) નિશાની

એઁધાણી (સ્ત્રી.) પાંગોત, પાંજેત, અદાણી, અધાણી

એઁબ (સ્ત્રી.) ખામી

એઁરું (નપું.) સાપ

## ઐ

ઐડ (પું.) અહંકારી, કાઠું, અકડું

ઐણી (સ્ત્રી.) અઈણી, અરણીનું વૃક્ષ

## ઓ

ઓઈયાં (અ.) હોઇયાં, ઓડકાર

ઓકરી (સ્ત્રી.) ઓકળી (2) ઓકળિયો (બ.વ.) ઘરની અંદર લીંપણ દ્વારા કરવામાં આવેલ ભાત

ઓકલી (સ્ત્રી.) હોકલી, ગુજરું, નાનો હોકો

ઓકાવું (ક્રિ.) ઓકાવવું, ઊલટી કરાવવી, પાછું મેળવવું

ઓકો (પુ.) હોકો

ઓખાત (સ્ત્રી.) વ્યવસ્થા, ગુંજાશ, સ્થિતિ

ઓગણા (પું.) ગાંગણા, અકડુ દાણા, ધાણીના ફૂટ્યા વિનાના દાણા

ઓગરવું (ક્રિ.) ઓગળવું (2) ઓગર્યું : ઓગળ્યું

ઓગરું (પું.) ઓગાટ, ઓઘાટ, વાગોળવા માટે પ્રાણી કોળિયો પાછો મોઢામાં લાવે તે

ઓગાટ (પું.) જુઓ ઓગરું.

ઓઘરાં (પું.) વણવા માટેનું ટૂંકા તારનું સૂતર

ઓઘાં (પું.) કોતરો (બ.વ.)

ઓઘાવું (ક્રિ.) મૂંઝાવું, ગભરાવું

ઓજરી (સ્ત્રી.) હોજરી, પેટ

ઓજું (નપું.) વણાટ માટેનો તૈયાર તાણો

ઓજોટ (સ્ત્રી.) ઓઝોટ, ભૂતપલીત, દેવની ઝપટમાં આવી જવું

ઓટણ (નપું.) ઓટવું, બખિયો

ઓટોમણ (નપું.) ઓટવવાની મજૂરી

ઓઠ (પું.) હોઠ

ઓડ (પું.) ઓડ જાતિનો પુરુષ, એક જાતિ

ઓડકારો (પું.) ઓડકાર

ઓડેણ (સ્ત્રી.) ઓડ સ્ત્રી

ઓઢવું (ક્રિ.) ઓઢવું

ઓતરા-ચીતરા (નપું.) ઉત્તરા-ચિત્રા (ના સમયનો તાપ)

ઓતવું (ક્રિ.) ઝીણી ધારે રેડવું

ઓથ (સ્ત્રી.) મદદગારી, સાથ

ઓથે (અ.) પાછળ સંતાવું

ઓધારવું (ક્રિ.) તૈયાર કરવું

ઓબાળો (પું.) હોબાળો, ઘોંઘાટ, બૂમાબૂમ

ઓયડી (સ્ત્રી.) ઓરડી

ઓયણી (સ્ત્રી.) ઓઢણી

ઓરગણો (પું.) વાલ્મીકિ, ભંગી, ઑરગૉણો

ઓરવું (ક્રિ.) ઘંટીમાં અનાજ નાખવું, ઉમેરવું

ઓરી (સ્ત્રી.) ઓરીનો રોગ

ઓવારવું (ક્રિ.) ઓવારી જવું

ઓવારો (પું.) કિનારો, ઘાટ, બચવાની તક

ઓસલો (પું.) મરણ પાછળ છાતી કૂટવી, હોસલો

ઓસિયાળ (સ્ત્રી.) પરાધીનતા

ઓસિયાળું (નપું.) દુઃખી, ઓશિયાળું, દબાયેલું

ઓહાણ (નપું.) ધ્યાન, નિશાન

ઓહામણ (નપું.) ઓસામણ

ઓહાવવું (ક્રિ.) ઓસાવવું, ઓસાબ્બું

ઓળ (સ્ત્રી.) ક્રમ, હાર

ઓળગણી (સ્ત્રી.) વાલ્મીકિ સ્ત્રી

ઓળંડવું (ક્રિ.) ઓળંગવું, ઓળંગી જવું

ઓળો (પું.) પોંક, પડછાયો

ઑંક (પું.) આંક, ઘડિયા, વાંક, ઊલટી

ઑંકલી (સ્ત્રી.) વાંકી સાંડસી

ઑંકવું (ક્રિ.) ઊલટી કરવી, ઑંકેળ, વાંકા જેવું, નિશાની કરવી

ઑંકી (સ્ત્રી.) વાંકી

ઑંકી (ક્રિ.) ઊલટી કરવી

ઑંકું (નપું.) વાંકું

ઑંકેળ (સ્ત્રી.) ઊલટી

ઑંકોલ (સ્ત્રી.) વાંકોલ, વાંકી છરી (પકવેલા ચામડા પરથી કાશ ઉતારવા વપરાતી છરી)

ઑંગણવટ (પું.) લાકડાનો પાટ જેના પર ઓસરીનો ભાર ઝિલાય છે.

ઑંગણું (નપું.) આંગણું, ઘરની ઓશરીની આગળનો ખુલ્લો ભાગ

ઑંગળ (નપું.) આંગળીનું માપ

ઑંગળિયો (પું.) આંગળિયાત, આગલા પતિનો પુત્ર આંગળીએ સાથે લાવેલ હોય તે

ઑંગળી (સ્ત્રી.) આંગળી, આંગડી, અંગરખું

ઑંગળવું (ક્રિ.) ભળી જવું, ઓગળી જવું

ઑંઘરાં (પું.) ટૂંકા તારનું સૂતર

ઑંઘરાળા (પું.) લપેડા, રેંગડા, રેલા ઊતરવા

ઑંઘું (નપું.) કોતર, ઓઘું

ઑંચ (સ્ત્રી.) નુકસાન થવું

ઑંચ (સ્ત્રી.) જ્વાળા

ઑંચકી (સ્ત્રી.) આંચકી, એક પ્રકારનો રોગ

ઑંચવું (ક્રિ.) વાંચવું

ઑંજણી (સ્ત્રી.) આંજણા જાતિની સ્ત્રી, કણબી સ્ત્રી

ઑંજણી (સ્ત્રી.) વાંઝણી સ્ત્રી, આંખમાં પાંપણ પાસે થતી ફોડકી

ઑંજણો (પું.) આંજણા જાતિનો પુરુષ

ઑંજ્યું (નપું.) વાઝિયું

ઑંટ (સ્ત્રી.) ટેક

ઑંટવું (ક્રિ.) નિશાન પાડવું, આગળ જવું

ઑંટા (પું.) આંટા-ફેરા, ઑંટો (પું.) ફેરો, ખબર પૂછી આવવું

ઑંટી (સ્ત્રી.) મનમેળ ન હોવો, ગૂંચવણ (ઑંટી પડવી : ગૂંચવણ ઊભી થવી)

ઑંઠુ (ન.) ઉદાહરણ, આડ

ઑંડિયા (પું.) વૃષણ, ડોક સુધીના કપાવેલ બાલ, કપૂરિયા

ઑંડી (અ.) ગળે, ડોકે

ઑંડ્ય (સ્ત્રી.) ડોક, ગળું

ઑંઢો (પું.) વાંઢો, પરણ્યા વિનાનો પુરુષ (2) ઑંઢી (સ્ત્રી.) પરણ્યા વિનાની સ્ત્રી, કુંવારી, વાંઢી

ઑંણ (નપું.) વાણ, ખાટલા ભરવાની રસી

ઑંણ (પું.) પ્રભાવ

ઑંણ (સ્ત્રી.) હદ

ઑંણવું (ક્રિ.) સંવનન કરવું

ઑંણિયાત (સ્ત્રી.) આણે તેડાવેલ સ્ત્રી

ઑંણી (સ્ત્રી.) તાણિયો, તાણો (અરણીની લાંબી પાતળી દાંડી છેડે કડી લગાવેલી હોય છે જેના વડે તાણીને તૈયાર કરવામાં આવે)

ઑંણું (નપું.) પરણેલી સ્ત્રીને પતિગૃહે મોકલવાનો સામાજિક રિવાજ

ઑંણે (અ.) આણે તેડાવવું

ઑંણો (પું.) તાણો, વણવા માટે તૈયાર કરાયેલ સૂતર

ઑંતરસેવો (પું.) કપડા પર ન દેખાય તેવો ટાંકો / ટેભો

ઑંતરવું (ક્રિ.) રોકવું, બળજબરીથી રોકવું

ઑંતરાદાડે (પું.) એક દિવસ છોડી બીજે દિવસે

ઑંતરી (સ્ત્રી.) વણાટમાં તાર તૂટેલ જગ્યા

ઑંતરો (પું.) ભેદભાવ રાખવો, અંતર રાખવું

ઑંતેંડું (નપું.) આંતરડું

ઑંતૈડાં (નપું. બ.વ.) આંતરડાં

ઑંદરું (નપું.) વાંદરું (2) ઑંદરાં (બ.વ.)

વાંદરાં
ઑંધરું (વિ.) આંધળું
ઑંધાન (પું.) ગર્ભ હોવો
ઑંધાર (પું.) ઉદ્ધાર
ઑંધું (નપું.) વંટોળ, વાવાઝોડું
ઑંની (સ્ત્રી.) એક આની (જૂનું ચલણ)
ઑંનું (અ.) આનું
ઑંનો (પું.) એક આનો (જૂનું ચલણ)
ઑંફ (સ્ત્રી.) હાંફ, શ્વાસ ચઢવો
ઑંફવું (ક્રિ.) હાંફવું
ઑંબલી (સ્ત્રી.) આંબલી, એક વૃક્ષનું નામ
ઑંબો (પું.) આંબો, એક વૃક્ષનું નામ
ઑંમ (અ.) આ તરફ
ઑંમતેમ (અ.) આમતેમ
ઑંમથેરું (અ.) નજીકનું
ઑંમળવું (ક્રિ.) મરડવું, આમળવું
ઑંમળો (પું.) વળ, ખાર
ઑંય (અ.) અહીં
ઑંયનો (અ.) અહીંનો
ઑંર (સ્ત્રી.) જન્મેલા બાળક ઉપરનું પાતળું પડ
ઑંસ (સ્ત્રી.) આંખ (2) ઑંસ્યો (બ.વ.) આંખો
ઑંહ (પું.) વાંસ, વાંસડો, ઑંહડો
ઑંહ (સ્ત્રી.) મરેલા ઢોરની ચરબી ઉકાળતાં નીકળતો ઘી જેવો તૈલી પદાર્થ
ઑંહડ (નપું.) ઓસડ
ઑંહડી (સ્ત્રી.) હાંસડી, ગળામાં પહેરવાનું ઘરેણું
ઑંહડો (પું.) જુઓ ઑંહ.
ઑંહરી (સ્ત્રી.) ઓસરી
ઑંહું (નપું.) આંસુ
ઑંહે (અ.) પાછળ, વાંસે, પૂંઠે, પછવાડે
ઑળબંધ (વિ.) ક્રમાનુસાર, હારોહાર

## ક

કકરાટ (પું.) કકળાટ, ઝઘડો
કકરાબ્બું (ક્રિ.) કરકરાવવું, દાતરડાના / આરીના દાંતાઓને ધાર કઢાવવી
કકરું (વિ.) કરકરું, ખરબચડું
કકરો (વિ.) વધારે શેકાયેલો, ખરો (રોટલો)
કકો (પું.) કક્કો, ગુજરાતીના મૂળાક્ષરો
કગરવું (ક્રિ.) કરગરવું, વિનંતી કરવી
કચકચાબ્બું (ક્રિ.) કચકચાવવું, સખતાઈ કરવી
કચકચ્યું (વિ.) કચકચ કરનાર, બોલકું
કચરવું (ક્રિ.) કચડવું
કચવું (ક્રિ.) ગંદું
કચૂકો (પું.) આંબલીનો ઠળિયો
કચ્યાં (પુ.બ.વ.) પાંચીકા
કચ્યું (નપું.) પાંચીકો, કૂકો
કજાત (વિ.) જાત વિનાનું, નફ્ફટ, કમજાત
કજોરું (વિ.) કજોડું
કઝાડ (વિ.) ઝઘડાખોર, ખોટા ઝઘડા ઊભા કરે તેવું
કટક (નપું.) ટોળું, ધણ
કટકબટક (નપું.) થોડુંઘણું
કટકબટક કરવું (ક્રિ.) થોડુંક જમવું

કટકી (સ્ત્રી.) નાનો ટુકડો

કટકો (પું.) ટુકડો

કટલું (નપું.) સાંઠી, સંઘતરાથી બનાવેલી બારણા જેવી આડ, કટલી (સ્ત્રી.)

કટંબ (નપું.) કુટુંબ

કટેવ (સ્ત્રી.) કુટેવ, ખરાબ ટેવ

કટ્ટર (નપું.) ડટ્ટર, રાયડાના સાંઠા

કઠણ (વિ.) કાઠો, સખત, મજબૂત

કઠવું (ક્રિ.) કૂંચવું, ખૂંચવું, દુઃખી થવું

કડલું (નપું.) પગે પહેરવાનું ચાંદીનું ઘરેણું, (બ.વ.) કડલાં

કડાં (પું.) કડાં, હાથે પહેરવાના દાગીના

કડાયો (પું.) ટીલડી વિનાનું મોરપીંછ, હોળાયો

કઢંગો (વિ.) કદરૂપો, મેળ વિનાનું, ઢંગ વિનાનો

કઢાપો (પું.) બળાપો, ઊભરો

કણચી (સ્ત્રી.) ચમચી, અનાજની કણકી

કણચો (પું.) મોટો તાવેથો, ચમચો

કણબી (પું.) ખેડૂત

કતરેણ (સ્ત્રી.) કતરણ, દરજી દ્વારા કપડાં વેતરતાં જે ચીંદરડાં પડે તે

કતીક (અ.) થોડુંક, ચપટી

કતીલું (નપું.) કુરકુલ્યું, કુરકુરિયું

કતેરું (નપું.) કતેડું, તગારું, ઘમેલું

કથીર (નપું.) રૂપું, ખોટું, પિત્તળ

કથોલું (વિ.) અયોગ્ય જગ્યાએ, અણઘડ રીતે (મારવું)

કદમ (નપું.) કદંબવૃક્ષ

કદવા (સ્ત્રી.) શાપ

કદવો (પું.) માટીનો લોટો

કદાળી (સ્ત્રી.) કદયાળી, કોદાળી

કદાળો (પું.) કદયાળો, કોદાળો

કદી (અ.) કોઈ દિવસ

કન (અ.) પાસે, કોને

કનારી (સ્ત્રી.) કનેરી, કિનાર, છેડો, મોવટી

કનેરી (સ્ત્રી.) કિનાર

કનો (અ.) કોનો

કપટ (નપું.) દગાખોરી

કપરી (સ્ત્રી.) કોપરી, જુવાર/બાજરીના રોટલાનું ઉપરનું પડ

કપરી (સ્ત્રી.) અઘરી

કપાતર (વિ.) કુપાત્ર, નક્કામો

કપાળ (નપું.) કપાળ

કપૂરિયા (પું.) વૃષણ; અંડકોશ - આંડવા

કફ (પું.) ગળફો, એક બીમારી

કફન (નપું.) કફન, શબને ઓઢાડવાનું વસ્ત્ર

કફ્ફે (વિ.) ગુસ્સે

કબીરો (પું.) વાટકો, કબીર ભક્ત

કભારજા (વિ.) ઝઘડાળું સ્ત્રી

કમઈ (સ્ત્રી.) કમાણી

કમઉ (વિ.) રોજી રળનાર, કમાનાર

કમખો (પું.) કાંચળી, કંચવો, ચોળી

કમત (સ્ત્રી.) કુમતિ, ખોટી અક્કલ (મતિ)

કમાડ (નપું.) બારણાં

કમાડિયું (નપું.) બારણાનું અડધિયું

કરકોલવું (ક્રિ.) ઠોલવું, કાતરવું, કોતરવું

કરગઠિયાં (નપું. બ.વ.) કરાંઠાં, કલ્લામાં સમાય તેટલાં બળતણનાં લાકડાં

કરચો (પું.) ફણગો, ઠૂંઠું, બાજરીના છોડને કાપતાં વધેલાં ઠૂંઠાં

કરાંઝવું (ક્રિ.) મોટેથી બોલવું, ગુસ્સામાં બોલવું

કરાંઠા (પું.) કરગઠિયાં, બળતણનાં પાતળાં લાકડાં

કરીતું (નપું.) કરિયાણું, કરીતું, ઔષધ

કરો (પું.) ઘરની બાજુની દીવાલ

કલકલિયો (પું.) એક પંખી (કીંગ ફિશર)

કલપ (નપું.) કલ્પાંત, કળકળવું

કલવવું (ક્રિ.) મિશ્રણ કરવું, ભેળવવું

કલવ્યું (ક્રિ.) મિશ્રણ કર્યું

કલંગી (સ્ત્રી.) કલગી, મોરને માથે રહેલાં પીંછાં

કલીલ (સ્ત્રી.) સમડી

કલુરી (સ્ત્રી.) કલુડી

કલુરો (પું.) કલુડો

કલ્ચી (પું.) કલ્કી (ઈશ્વરનો દશમો અવતાર)

કલ્યાળી (સ્ત્રી.) કલાડી, કલેડી, ચૂલા ઉપર મૂકી રોટલા શેકવાનું માટીનું પાત્ર

કલ્લો (વિ.) હાથમાં પકડી શકાય તેટલું

કવ (ક્રિ.) કહું

કવરૂપ (વિ.) કૂબડું, કદરૂપું

કવલાં (પું.બ.વ.) મોભારિયા, છાપરાના મોભારે ગોઠવવાનાં પહોળાં નળિયાં

કવાડી (સ્ત્રી.) કોઢી, કુહાડી, લાકડાં ચીરવાનું લોખંડનું ઓજાર

કવાડો (પું.) કોઢો, કુહાડો, લાકડાં ચીરવાનું લોખંડનું ઓજાર

કવેણ (વિ.) ખોટાં વચન

કવેળા (વિ.) અયોગ્ય સમય, કસમય

કહઈ (પું.) કસાઈ

કહણ (સ્ત્રી.) વાધેડ, વાધરી, વાધર, ચામડાની પાતળી પટ્ટી

કહળાસમી (સ્ત્રી.) ખબરઅંતર, કુશળક્ષેમ

કહળું (વિ.) આખું, પૂરેપૂરું

કહાર (પું.) કંસાર

કહાલું (નપું.) બેસ્વાદ્દુ

કહોચ (વિ.) બગડેલું

કહોળ (નપું.) કુશળતા

કળકળાવવું (ક્રિ.) ખૂબ ઉકાળવું

કળપો (પું.) રાચ બનાવવા માટેનું ચોરસ હાથાવાળું લાકડાનું નાનું સાધન

કળહું (વિ.) કહાલું, બેસ્વાદ્દુ, ન ભાવે તેવું

કળામણ (વિ.) જેના ઘરમાં મૃત્યુ થયું હોય તેમને બાર દિવસ જમણ આપવું તે

કળુખલો (પું.) ઘરની બારણાવાળી ભીંત

કંકાવટી (સ્ત્રી.) કુમકુમ રાખવાની લાકડાની નાની ડબ્બી

કંકોળાં (નપું.) કંકોડીનાં ફળ, કંકોડાં

કંકોળી (સ્ત્રી.) કંકોડી, એક વેલો

કંખોડવું (ક્રિ.) વખોડવું

કંગઈ (સ્ત્રી.) કાંસકી, માથું ઓળવાનું સાધન

કંચવો (પું.) કાંચળી, ચોલી

કંચાવું (ક્રિ.) સંભોગ કરાવવો, હેરાન થવું

કંટોડી (સ્ત્રી.) એક પ્રકારની વેલ

કંઠી (સ્ત્રી.) ગળાનું ઘરેણું

કંતાવું (ક્રિ.) હેરાન થવું
કંથ (પું.) પતિ, ધણી
કંથા (સ્ત્રી.) બાવાની ગોદડી
કંથેર (નપું.) કંથેરનું જાળું, કાંટાવાળું જાળું
કંપ (ક્રિ.) ધ્રૂજવું
કંપો (પું.) બોરડીનું ખેતર
કાઈટિયો (પું.) કાહટિયો, ચૌદશિયો
કાકર (સ્ત્રી.) કાકોર, ધાર
કાકરવું (ક્રિ.) દાતરડા/આરીની ધાર કાઢવી
કાકરી (સ્ત્રી.) કાકડી
કાખ (સ્ત્રી.) બગલ
કાખબલાઈ (સ્ત્રી.) બગલમાં થતું ગૂમડું
કાખલી (સ્ત્રી.) બગલ (કાખલી કૂટવી : નિંદા કરવી)
કાગર (પું.) કાગળ
કાગો (પું.) કાગડો, હાડો
કાચલી (સ્ત્રી.) કાસલી, કાછલી, તોડેલ નાળિયેરનો અડધો હિસ્સો
કાચી (સ્ત્રી.) કાકી, પાક્યા વિનાની
કાટ (પું.) લોખંડનો કાટ, ખરાબ જણ
કાટકો (પું.) કડાકો, વાદળાં અથડાવાથી થતો અવાજ
કાટલાં (નપું.) બાટ, વજનિયાં
કાઠું (વિ.) મજબૂત
કાઠું (વિ.) ઊંટનું પલાણ, કઠેડો
કાઠું (વિ.) દેખાવ
કાઠું (વિ.) સખત
કાઠું (વિ.) હિંમતવાળું
કાડિયા (પું.) દોણિયા - સાળ / ઘોડિયામાં ઉપયોગમાં લેવાતા દંડા
કાત (સ્ત્રી.) ટચાકા, માંસનો એક હિસ્સો
કાતરવું (ક્રિ.) તફડાવી લેવું, કાપી લેવું, વેતરવું
કાતરા (પું.) જીવાત
કાતરા (પું.) આંબલીનું ફળ
કાતરિયાં (વિ.) ગુસ્સાભરી નજરે જોવું
કાતરિયું (નપું.) ગાડાના આગળના ભાગે સામાન મૂકવા માટે કરેલું ખાનું
કાતી (વિ.) વેરભાવ, કાતિલ
કાતોક (સ્ત્રી.) કાત્યોક, કાર્તિક માસની પૂર્ણિમા
કાતોર (સ્ત્રી.) બૂમરેંગ જેવું વાંકું લાકડાનું હથિયાર
કાથી (સ્ત્રી.) નાળિયેરનાં છોડાંમાંથી તૈયાર કરેલ વાણ / દોરડું
કાથો (પું.) પાનમાં ખાવાનો પદાર્થ
કાદેવ (પું.) કાદવ, કીચડ
કાપ (પું.) કાનમાં પહેરવાનો દાગીનો
કાપલું (નપું.) નાનું ખેતર
કાપા (પું.બ.વ.) કાપા, ચીરા
કાપો (પું.) ચીરો
કાબરી (વિ.) કાબરી, કાબરચીતરી (વિ.) કાબરચીતરું
કાબા (પું.) ખાટલાના ઈસ, ઉપણા પરના સૂતરની રસીના પાટા
કાબેર (સ્ત્રી.) કાબર
કાબો (પું.) હોશિયાર
કાબો (પું.) ચાલાક ચોર
કાયું (વિ.) અકળાયેલું, કાહ્યો (વિ.)

અકળાયેલો, ગુસ્સે થયેલો
કાયોર (વિ.) કાયર, ડરપોક
કારજુ (નપું.) કાળજું (લીવર)
કારી (સ્ત્રી.) ઉપાય
કારીંગરું (નપું.) કારીંગડું
કારીંગો (પું.) કળયુગ, કાળિંગો
કારેલું (નપું.) કારેલું, શાકનું નામ
કાલુ (નપું.) તોતડું,
કાલું (નપું.) કપાસનું કાલું, જીંડવું
કાલેર (સ્ત્રી.) પૂળાની ચોરસ ગંજી
કાવચારી (સ્ત્રી.) કટાક્ષ, વાંકું બોલવું
કાવસ (અ.) કાંઈ પણ ન હોવું
કાવિતરું (નપું.) કાવતરું
કાવો (પું.) ઉકાળો, દૂધ વિનાની ચા
કાહ જાય (ક્રિ.) અણગમો દેખાડવો
કાહ (સ્ત્રી.) પકવેલા ચામડા પરથી સાફ કરાયેલ કચરો
કાળબૂટ (વિ.) ખૂબ કાળું
કાળિયો (પું.) મૃત્યુના સમાચાર લઈ જનાર / આપવા આવનાર માણસ
કાંબી (સ્ત્રી.) ભરત ભરવા માટે કાપડને તંગ રાખવા માટેનું ગોળ સાધન
કાંબી (સ્ત્રી.) પગના પંજા ઉપર પહેરવાનું ચાંદીનું ઘરેણું
કીટલી (સ્ત્રી.) ચાની કીટલી
કુચવું (ક્રિ.) ખૂંચવું
કુડું (વિ.) ભૂંડું, ખરાબ
કુડો (પું.) કચરો
કુતિયાના લાડુ (વિ.) શેકેલાં મહુડા, ઘઉં અને ઘી ખાંડી બનાવેલ લાડુ
કુદમકુદા (અ.) કૂદકા મારવા
કુબળ (સ્ત્રી.) ખૂંધ
કુબળું (વિ.) કૂબડું, બેડોળ ખૂંધવાળું
કુમળું (વિ.) કોમળ
કુરકુલ્યું (નપું.) જુઓ કતીલું.
કુલડું (નપું.) મોટી કુલડી
કુલા (પું.) કૂલા
કુસકી (સ્ત્રી.) ધાનનાં ફોતરાં, છોડાં
કુંજડી (સ્ત્રી.) એક પંખી, કૂંજ
કુંજો (પું.) પાણી ભરવાનું સાધન
કુંડ (નપું.) કાચાં ચામડાં પકવવા માટેનો ખાડો
કુંભાર (પું.) એક જાતિનો માણસ, કુંભાર
કૂકડી(રી) (સ્ત્રી.) મરઘી
કૂકરો(ડો) (પું.) મરઘો
કૂકવા (વિ.) બૂમરાણ, મોટેથી રડવું
કૂકવો (પું.) ઠૂંઠવો, મરણપોક મૂકવી
કૂકા (પું.) પાંચીકા, છોકરીઓની રમત
કૂકુ (નપું.) કુરકુરિયું, ગલૂડિયું
કૂકો (પું.) પાંચીકો
કૂચડો (પું.) તાણો સરખો કરવા વપરાતું બ્રશ, કૂસડો
કૂચા (પું.) વલોણામાં છાશમાં રહી જતા ફોદા
કૂટ (સ્ત્રી.) માર
કૂટવું (ક્રિ.) મારવું, ઝૂડવું
કૂડ (નપું.) જૂઠ, અંચાઈ
કૂંડિયું (વિ.) જૂઠું બોલનાર
કૂણ (અ.) કોણ
કૂતિયું (વિ.) નાની મધમાખે ભેગું કરેલું

મધ

કૂથલી (સ્ત્રી.) બૂરાઈ, નિંદા

કૂદકો (પું.) કૂદકો, ઠેકડો, છૂલાંગ

કૂદવું (ક્રિ.) જાતે કૂદકો મારવો

કૂનો (અ.) કોનો

કૂપી (સ્ત્રી.) તેલ પૂરવાનું સાધન

કૂબી (સ્ત્રી.) એક શાક

કૂબો (પું.) ગોળ છાપરું

કૂરી (સ્ત્રી.) એક હલકું ધાન

કૂવાડિયા (પું.) પૂંવાડિયા, ટેકરે થતો એક છોડ

કૂસડો (પું.) જુઓ કૂચડો.

કૂંખ (સ્ત્રી.) પેટ, ખોળો

કૂંચી (સ્ત્રી.) તાળાની ચાવી

કેણ (નપું.) કહેણ

કેણી (સ્ત્રી.) કહેણી

કેત (સ્ત્રી.) કહેત, કહેવત

કેફ (પું.) નસો

કેમત (સ્ત્રી.) કિંમત

કેયરાં (નપું.) કેયરાંનાં ફળ, કેરા, કેરડાં

કેર (નપું.) કેરડાની ઝાડી

કેરી (સ્ત્રી.) કેરી

કૈડ (ક્રિ.) કરડ

કૈડવું (ક્રિ.) કરડવું

કૈંક (અ.) ઘણાબધા

કોચ (સ્ત્રી.) ખાડો, ઘા

કોચવું (ક્રિ.) ખોદવું, (ચોરી કરવા ભીંત કોચવી)

કોચામણી (સ્ત્રી.) બાળકોની એક રમત, (એક જાડા સળિયાને જમીનમાં ખૂપે એમ ઊભો નાખીને રમાય છે.)

કોચેણ (સ્ત્રી.) મરેલા ઢોરનું ચામડું ઉતારતાં ચામડા પર ચોંટી રહેલ માંસ

કોટ (પું.) ડગલો, (સ્ત્રી.) ડોક, (નપુ.) ગળું

કોટિયું (નપું.) ગળામાં પહેરવાનું ઘરેણું, ઢોલને ગળામાં લટકાવવા બાંધેલ રસી, માદળિયું

કોઠી (સ્ત્રી.) અનાજ ભરવાનું માટીનું મોટું પાત્ર

કોઠીબડુ (નપું.) ગોઠીમડું, વેલા ઉપર થતું ફળ

કોઠુ (નપું.) કોંઠું, એક ફળ

કોડ (પું.) એક રોગ, કોઢ, ઇચ્છા

કોડી (સ્ત્રી.) કોડાથી નાની કોડી

કોડો (પું.) સમુદ્રમાંથી મળતો કોડો

કોઢ (સ્ત્રી.) ગમાણ, ઢોર રાખવાનું સ્થળ

કોતર (નપું.) નદીના વાંઘા

કોતરવું (ક્રિ.) ધીમે ધીમે ખોતરવું, ખોદવું

કોથળી (સ્ત્રી.) થેલી, અનાજ ભરવાની થેલી

કોથળો (પું.) થેલો, અનાજ ભરવાનો શણનો થેલો

કોદરા (પું.) એક અનાજ

કોપ (પું.) ચા પીવાનો કપ, ક્રોધ

કોયલી (સ્ત્રી.) કોયલ

કોયલો (પું.) સડેલો, કોલસો

કોયેલું (ક્રિ.) સડેલું

કોર (સ્ત્રી.) કિનાર, બાજુ, તરફ

કોરમું (નપું.) ચળામણ

કોરમોર (અ.) ચારે તરફ, આજુબાજુ

કોરું (વિ.) સુકાયેલું, સૂકું

કોરોટ (સ્ત્રી.) એક જાતિ

કોલો (પું.) ખૂણો, ખાંચો

કોસલું (નપું.) કાચલું, અડધું, ફાડિયું

કોહ (પું.) કોસ, કૂવામાંથી પાણી કાઢવાનું ચામડાની મસક જેવું સાધન

કોળિયો (પું.) એક વાર મોઢામાં લઈ ચાવી શકાય તેટલો ખોરાક

કોળી (સ્ત્રી.) એક જાતિ

કોળીપાટ (પું.) પાટમાં વહેંચાતો પ્રસાદ

કોંઈ (અ.) કંઈક

કોંક (અ.) કશું

કોંકણિયો (વિ. બ.વ.); જુઓ કોંકણી.

કોંકણી (સ્ત્રી.) સુકવણી, વલુરી, સૂકવેલા માંસના રસી જેવા પાતળા ટુકડા

કોંકરી (સ્ત્રી.) કાંકરી કોંકરો (પું.) કાંકરો

કોંગ (સ્ત્રી.) એક અનાજ

કોંગસિયા (સ્ત્રી.) કાંસકી, સોય, બજરબૂટિયાં વેચનારી ભટકતી જાતિ

કોંગસી (સ્ત્રી.) કાંસકી, કંગઈ, લાકડાની કાંસકી

કોંટી (સ્ત્રી.) નાકમાં પહેરવાનું ઘરેણું (2) કોંટો (પું.) નાક માટે મોટું ઘરેણું

કોંઠલાપેટી (સ્ત્રી.) ફટકા સાળમાં જેમાં નળો ફેંકવામાં આવે છે.

કોંઠલો (પું.) કાંઠલો, નળો, ધાંધિલો

કોંડ (સ્ત્રી.) નિભાડા પાસે માટલાં ઘડવા માટે બેસવાની જગ્યા

કોંડી (સ્ત્રી.) કોડી, સમુદ્રમાંથી મળતું રમત માટેનું એક સાધન

કોંણ (સ્ત્રી.) લોકાચાર, કાણ મોકાણ

કોંણું (નપું.) કાણું, છિદ્ર, બાકું

કોંણો (વિ.) એક આંખવાળો, કાણો

કોંતવું (ક્રિ.) કાંતવું

કોંધ (પું.) ખભો, કાંધ

કોંધિયા (વિ.) ખભે ઉપાડનારા - ઠાઠડી ઉપાડનારા, ખાંધિયા

કોંનખજૂરો (પું.) બહુપગવાળું એક જીવડું

કોંનપુરિયો (વિ.) ભંભેરણી કરનાર

કોંનો (પું.) કાનજી, કહાન

કોંમ (નપું.) કામ, કામગીરી

કોંમળી (સ્ત્રી.) કામળી, ધાબળી

કોંય (ક્રિ.) કે, કહીશ

કોંસ (સ્ત્રી.) કાંસ, નહેર, કોંહ

કોંહ (સ્ત્રી.) કાંચળીની કસ, કાંચળી બાંધવાની ફૂમતાંવાળી નાની દોરડીઓ

કોંહળી (સ્ત્રી.) કાંસળી, કાંચળી, ચોળી

ક્યોત (અ.) કહેત

## ખ

ખઈ (સ્ત્રી.) ખાઈ, મોટો ખાડો

ખઈ (પું.) ક્ષય, ખેં

ખઈબદેલ (વિ.) નફ્ફટ, હોશિયાર

ખખરો (પું.) ખરખરો, શોક પ્રદર્શિત કરવો

ખખળવું (ક્રિ.) ખખડવું, ખડખડવું, અવાજ થવો

ખચકો (પું.) વાંધો, વચકો

ખચાક (અ.) એક અવાજ, ઝડપથી

ખજવાળ (સ્ત્રી.) ખંજવાળ

ખજૂરા (પું.) તોફાન, મસ્તી

ખજૂરો (પું.) વણાટના તાણાવાણામાં બેવડ તાર આવવો

ખજોનો (પું.) ખજાનો

ખટકો (પું.) કાળજી, ચિંતા

ખટરાગ (પું.) કંકાસ, વણસેલો સંબંધ

ખટાબ્બું (ક્રિ.) ખટાવવું, લાભ કરી આપવો

ખટારો (પું.) ફટકા સાળ, લાકડાનું વણાટ યંત્ર

ખટુંમડું (વિ.) ખાટુંમીઠું, ખટાશવાળું

ખડકો (ક્રિ.) ગોઠવો

ખડચી (સ્ત્રી.) ખડકી, ગોઠવીને મૂકેલ

ખડચીતરો (નપું.) એક પ્રકારનો નાનો સાપ

ખડબૂચું (નપું.) તરબૂચ

ખડમોર (પું.) ઘાસિયા મેદાનનો મોર

ખડિયો (પું.) શાહી ભરવાનું નાનું પાત્ર, ઘાસલેટનો દીવો, બ્રાહ્મણનો ભિક્ષાવૃત્તિનો થેલો

ખડી (સ્ત્રી.) માટલાં રંગવાની સફેદ માટી

ખડો (પું.) કબૂતર / મરઘાંનું ઘર, ખડ્ડો

ખડોલિયું (નપું.) ખોડીબારું, ખેતરમાં પેસવાનું છીંડું, ખંડેર

ખણકાર (પું.) એક પ્રકારનો અવાજ, રણકાર, ખનકાર

ખણખોદ (સ્ત્રી.) તપાસણી, ચકાસણી

ખણખોદિયું (વિ.) ઝીણવટથી તપાસ કરનાર

ખણવું (ક્રિ.) વલૂરવું, ખંજવાળવું

ખતરી (પું.) રંગારો, રંગકામ કરનાર, ખત્રી, ક્ષત્રિય

ખતુ (નપું.) ખોદેલી ચોકડી, નાનું ખેતર, કાપલું

ખદખદવું (ક્રિ.) ઊકળવું

ખદખદાબ્બું (ક્રિ.) ખૂબ ઉકાળવું

ખદડવું (ક્રિ.) ખદેડવું, દૂર કરવું, મારીને ભગાડવું

ખપ (સ્ત્રી.) જરૂરિયાત

ખપેડું (નપું.) મોટી ખૂરપી

ખપ્પર (નપું.) એક શસ્ત્ર, હથિયાર

ખપ્પર જોગણી (સ્ત્રી.) શસ્ત્રધારી દેવી, યોગિની

ખબરદાર (વિ.) તંદુરસ્ત, હોશિયાર

ખબેર (અ.) ખરખબર

ખભો (પું.) ખભો, સ્કંધ, કાંધ

ખમચઈ (ક્રિ.) અટકી, અટકવું

ખમચાવું (ક્રિ.) અટકવું

ખમવું (ક્રિ.) સહન કરવું, રાહ જોવી

ખમીસ (નપું.) પહેરણ

ખર (પું.) ગધેડો

ખરકડો (પું.) રાચને ઉપર-નીચે કરવા માટે સાળમાં મોભનું સ્થાન ધરાવતો દંડો

ખરકલા (પું.) ઢગલા, ખડકલા

ખરપડી (સ્ત્રી.) રાંપી, રાંપડી

ખરપડી (પું.) નખલો, ચામડું કાપવાની ઊભી છરી

ખરપો (પું.) થાપાનું હાડકું

ખરવા (પું.) શિંગડાંવાળાં પ્રાણીઓને થતો

શિંગડાં સડવાનો રોગ

ખરવાવું (ક્રિ.) કટાઈ જવું, સડવું, કાટ ચઢવો

ખરવું (ક્રિ.) ખરવું, તૂટવું

ખરહડિયા (પું.) ટેકરે થતો એક છોડ

ખરહલી (સ્ત્રી.) ખરસલી, એક પ્રકારનું ઘાસ

ખરી (વિ.) સાચી

ખરી (સ્ત્રી.) ઢોરના પગની ખરી

ખલ (પું.) મસાલા-મરચું વાટવાનો ઘડતર કરેલ પથ્થર

ખલકું (ક્રિ.) ઢીલું, ખુલ્લું

ખલાવું (ક્રિ.) ખળાવું, અટકી રહેવું, ભરાઈ રહેવું

ખલી (સ્ત્રી.) ખિસકોલી

ખલેસી (સ્ત્રી.) ભાથો, તમાકુ ભરવાની ચામડાની થેલી, ભાથડિયું

ખવરાબ્બું (ક્રિ.) ખવરાવવું (2) ખવરાયે : ખવરાવીશ (3) ખવરાયું : ખવરાવ્યું

ખવારવું (ક્રિ.) ખવરાવવું

ખવી (પું.) એક ભૂત

ખસ (અ.) દૂર જા, આઘો જા, (સ્ત્રી.) ખો, ખોહ

ખસી (ક્રિ.) કાપવું

ખસી (ક્રિ.) રેલ્લાને નપુંસક બનાવવાની ક્રિયા

ખસ્યું (ક્રિ.) દૂર ગયું

ખહતું (ક્રિ.) ખસેડી શકાય તેવું

ખહલું (નપું.) ઘાસ, તણખલું, તરણું, તૈણું

ખહવું (ક્રિ.) ખસવું

ખહો (ક્રિ.) દૂર થવા આદેશ, ખસો

ખળી (સ્ત્રી.) તમાકુની ખળી

ખળી (સ્ત્રી.) માટલાં રંગવાની ખડી

ખળું (નપું.) કાપણી પછી કણસલામાંથી દાણા છૂટા પાડવા જ્યાં ભેગા કરવામાં આવે તે જગા

ખંચાવું (ક્રિ.) અટકાવું, ખચકાટ થવો

ખંચેરવું (ક્રિ.) ખંખેરવું, ઝૂડવું, પડાવી લેવું

ખંટાતી (અ.) ગમતી, સ્વીકાર્ય

ખંટાવું (ક્રિ.) સહન કરવું, ગમવું, સ્વીકારવું

ખંડઈ (સ્ત્રી.) હેરાન થયેલ

ખંડાવું (ક્રિ.) હેરાન થવું

ખંદ (પું.) છૂંદ, ચાળા

ખંદીલું (વિ.) વાદ લેનારું, વાદીલું

ખંદેખંદે (અ.) વારે વારે, ચાહીને

ખાખ (સ્ત્રી.) ખાક, રાખ, રસ્યા

ખાખરો (પું.) કેસૂડો

ખાખલી (સ્ત્રી.) કાખલી, બગલ

ખાખી (પું.) ખાખી બાવો, ભિખારી, ખાખી રંગ

ખાખેડો (પું.) આળો, કચરો

ખાખેર (સ્ત્રી.) આંબાના પાનનો કચરો

ખાખેર (સ્ત્રી.) ખંડેર,

ખાજા (નપું.) ખાટલાના ભરેલ વાણની કારીગરી

ખાજા (પું.) ખાવાની વાનગી

ખાજો (ક્રિ.) ખાઈ લેજો

ખાટ (સ્ત્રી.) હિંડોળાખાટ, લાકડાની પાટ

ખાટચી (પું.) કસાઈ

ખાટલી (સ્ત્રી.) માંચી

ખાટલો (પું.) માંચો

ખાટહૂરા (વિ.) ખાટસ્વાદિયા, ખાટસૂરા, ખોટી વાતમાં રસ ધરાવનાર

ખાટિયું (નપું.) આંબોળિયું, કાચી કેરીની સૂકવેલી ચીરીઓ

ખાટુંચૈડ (વિ.) ખૂબ ખાટું

ખાટુંમોરું (વિ.) ખાટુંમોળું

ખાડ (સ્ત્રી.) ઊંડો ખાડો

ખાતર (નપું.) ખાતર, ચોરી

ખાતર (અ.) ને માટે

ખાતરવું (ક્રિ.) ગાળો દેવી

ખાતરી (સ્ત્રી.) ચોકસાઈ, વિશ્વાસ

ખાદ (સ્ત્રી.) નુકસાન, ખાધ, ટોટો

ખાદરું (નપું.) કાચો કૂવો, તળાવ-નદીમાં પાણી મેળવવા કરેલ ખાડો

ખાધ (સ્ત્રી.) નુકસાન, ટોટો

ખાધરો (વિ.) ખાઉધરો, ખૂબ ખાનાર

ખાપ (સ્ત્રી.) દર્પણ

ખાપ (સ્ત્રી.) લાકડાની ચીપ, લાકડાની ફાડ

ખાપરો (પું.) પ્રખ્યાત ચોરનું નામ, ચોરીમાં હોશિયાર હોવું

ખાબોચિયું (નપું.) ખાબોચિયું, પાણીથી ભરેલો નાનો ખાડો

ખાર (પું.) ઈર્ષા, દુશ્મનાવટ

ખારો (ક્રિ.) કાચા ચામડાને મીઠું અને રાખ ચોપડવાની ક્રિયા

ખારોડ (સ્ત્રી.) ખારવાળી જમીન, ખારલૅન્ડ

ખાલ (સ્ત્રી.) ચામડી, ચામડું

ખાલું (નપું.) ઘરથાળની જમીન, ઘર બનાવવા માટેની ખાલી જમીન

ખાવું (ક્રિ.) જમવું, ખાધું (ક્રિ.) જમ્યા

ખાહડાં (નપું.) ખાસડાં, જોડા

ખાંખેત (સ્ત્રી.) કાળજી રાખવી, ઉત્સાહ

ખાંજરું (નપું.) કૂટણખાનું

ખાંટું (વિ.) હોશિયાર, ચાલાક

ખાંડવું (ક્રિ.) ખાંડવું

ખાંડું (નપું.) લગ્ન માટે મોકલાતી તલવાર, લાકડાની રંગેલી તલવાર

ખાંણ (સ્ત્રી.) ખાણ, (નપું.) ઢોરનું નિરણ,

ખાંણિયો (પું.) ખાણમાં કામ કરનાર, ખાંડવા માટેનું પથ્થરનું સાધન, ખાંડણો, ખાંયણો

ખાંણું (નપું.) ભોજન

ખાંધ (સ્ત્રી.) ખભો, કાંધ

ખાંધિયો (પું.) ઠાઠડી ઊંચકનાર, કાંધિયો, કાંધ આપનાર

ખાંનું (નપું.) ખાનું

ખાંપવું (ક્રિ.) ભેળસેળ કરવી, એક કરવાની ક્રિયા

ખાંમણું (નપું.) નાનો ખાડો, (પાણિયારે માટલું ગોઠવવા ખામણું કરાય છે)

ખાંમી (સ્ત્રી.) ભૂલ

ખાંયણી (સ્ત્રી.) ખાંડણી

ખાંયણો (પું.) ખાંડણો

ખાંસી (સ્ત્રી.) ખાંસી, ધાંસ

ખિજાવું (ક્રિ.) ગુસ્સે થવું

ખીખી (અ.) ખીખી કરી હસવું

ખીજ (સ્ત્રી.) ગુસ્સો

ખીજડો (પું.) સીજડો, સીમડો

ખીલ (સ્ત્રી.) ચાકડાની ગબી નીચે ગોઠવેલી લાકડાની આડી ચીપ

ખીલવું (ક્રિ.) આનંદિત થવું

ખીલો (પું.) ખૂંટો, ખીલડો

ખીલોડી (સ્ત્રી.) ખલી, ખિસકોલી

ખુંખલી (સ્ત્રી.) ખેંખલી, પાતળી

ખુંખલું (નપું.) પાતળું, ખેંખલું

ખુંખારવું (ક્રિ.) ખોંખારો ખાઈ અવાજ કરવો, ચેતવવું

ખુંચવું (ક્રિ.) કુંચવું, દુખવું

ખુંણિયા (નપું.) ખૂણા, વાળ કાપવાની ખૂણિયાની ફૅશન

ખુંમચો (પું.) લાકડાની દુકાન, ગલ્લો

ખુંવાર (વિ.) બરબાદ, ઘસાઈ જવું

ખૂંખા (નપું.) કેડ, ખોળો (ખૂંખામાં ભરાવું : સંતાવું)

ખૂંખૂં (નપું.) ખાંસીનો અવાજ, સોડ

ખૂંટ (પું.) ધણખૂંટ -- ખૂટો

ખૂંટવું (ક્રિ.) બેંટવું, તોડવું, ચૂંટવું

ખૂંટો (પું.) લાકડાનો ખીલો

ખૂંણિ (સ્ત્રી.) કોણી

ખૂંદવું (ક્રિ.) ગૂંદવું, કચરવું

ખૂંપ (પું.) ફૂલનો ઓછાડ, ફૂલનો બુરખો

ખૂંભી (સ્ત્રી.) કૂંભી

ખેપ્યો (પું.) ખેપિયો, સમાચાર લાવનાર

ખેર (અ.) ભલે, વાંધો નહીં

ખેરવું (ક્રિ.) ખેરવવું

ખેહ (પું.) ખેસ, ઉપરણી

ખેં (સ્ત્રી.) જુવારની કાંજી, પાણ, આર, ખેર (પું.) ક્ષય, (ક્રિ.) બાદ થવું, ઓછું કરવું

ખેંખલી (સ્ત્રી.) પાતળી સ્ત્રી

ખેંગારવું (ક્રિ.) ખંગાળવું, વીછળવું, ધોવું

ખેંટી (સ્ત્રી.) ખૂંટી, ખીંટી

ખેંણ (સ્ત્રી.) ખીણ, ખાડો

ખેંપ (ક્રિ.) ખેપ, વહન કરવું

ખેંપટ (સ્ત્રી.) વાંસની પાતળી પટ્ટી

ખેંપાની (વિ.) લુચ્ચું

ખેંરી (પું.) જંગલી બાવળ, ખેર

ખૈડવું (ક્રિ.) ખરડવું, બગાડવું, (2) બદનામ કરવું

ખૈડાવું (ક્રિ.) બગડવું, બદનામ થવું

ખૈનઅ (ક્રિ.) ખાઈને

ખો (સ્ત્રી.) આદત, ખૉહ (ખો કાઢવી : જડમૂળથી કાઢવું)

ખોઈ (સ્ત્રી.) કપડાનું ઘોડિયું, ખોયું, ઝોળી

ખોખરું (વિ.) બોદું, તૂટેલું, બોદા અવાજવાળું

ખોખાં (નપું.) ખોખાં, હાંગરિયો (ખીજડાની સીંગો) (બ. વ.)

ખોખું (નપું.) પોલું, દમ વગરનું

ખોટ (પું.) પથ્થર, ઢેખાળો, ઓછું, નુકસાન

ખોટેણું (નપું.) ઈંટનો ફરમો સાફ કરવાનું છરી જેવું સાધન

ખોડિલું (વિ.) ખોડવાળું, મશ્કરું

ખોત (ક્રિ.) ખાધું હોત, ખાત

ખોતરવું (ક્રિ.) ધીમે ધીમે કરકોલવું

ખોધું (નપું.) મોટું સૂકું થડ

ખોબો (પું.) ખોબો -- બે હાથના પંજાને

જોડીને થતો આકાર
ખોભડું (નપું.) ઢોલનું પોલું ખોભડું
ખોલકી (સ્ત્રી.) ગધેડી
ખોલકો (પું.) ગધેડો
ખોહવું (ક્રિ.) ઘાલવું, ખોસવું
ખોળ (ક્રિ.) બેવડું કરવું
ખોળ (સ્ત્રી.) ગોદડી બનાવવાનું કવર
ખૉરું (વિ.) બગડી ગયેલું
ખૉહ (સ્ત્રી.) ખસ, એક રોગ
ખૉહલું (સ્ત્રી.) ખસના રોગવાળું
ખૌઉ (ક્રિ.) ખાઉ

## ગ

ગઈ (સ્ત્રી.) દાવ, ઘઈ, ગઈ
ગઉ (પું.) ગાઉ (સ્ત્રી.) ગાય
ગઉદાન (વિ.) ગાયનું દાન
ગગલાબ્બું (ક્રિ.) ગગલાવવું, ઠપકો આપવો
ગચરકું (નપું.) ખાટો, તીખો ઓડકાર
ગચ્ચું (વિ.) ગઠ્ઠો, ગચિયું
ગજ (પું.) બે ફૂટનું માપ
ગજવેલ (નપું.) સારા પ્રકારનું લોખંડ
ગજિયું (વિ.) બે ફૂટના પનાવાળું હાથવણાટનું કાપડ
ગજી (સ્ત્રી.) ઈંટવાડાને પાકી ઈંટોનું કરેલ આવરણ
ગજું (નપું.) ખિસ્સું, ગજવું, હિમ્મત
ગઠિયો (પું.) છેતરનાર, ગાંઠનો રોગ
ગડથોલું (નપું.) ગુલાંટ
ગડદો (પું.) ગુમ્બો, મુક્કો, ઠૂંહો, ફેંટ
ગડમડ (અ.) એકબીજામાં ગોટમોટ
ગડુડુ (નપું.) માટીનું મોરિયું, માટીનું નાનું પાત્ર
ગડૂલો (પુ.) ઘડૂલો, ઘડો
ગઢી (સ્ત્રી.) માટીની પાકી કોઠી
ગઢો (પું.) કોઠાર, માટીનો મોટો પાકો કોઠો
ગણ (પું.) ગુણ, ઉપકાર
ગત (અ.) સ્થિતિ
ગદડવું (ક્રિ.) ગદડવું, કચરવું, હેરાન કરવું
ગદરાયેલું (વિ.) પાકી ગયેલું
ગદેલું (નપું.) તકિયો, ઓશીકું, ઓસંગું
ગદ્યા (સ્ત્રી.) ગદા
ગધમણ (વિ.) ગધેડું ઉપાડી શકે તેટલું વજન, દોઢ મણ
ગધેળી (સ્ત્રી.) ગધેડી
ગધેળું (નપું.) ગધેડું
ગધેળો (પું.) ગધેડો
ગનકા (સ્ત્રી.) ગુનકા, વેશ્યા, ગણિકા
ગનો (પું.) ગુનો
ગપ (નપું.) જૂઠ
ગપોળી (વિ.) જુઓ ગપ્પી
ગપ્પી (વિ.) જૂઠો માણસ, ગપ્પાં મારનાર, ગપોળી
ગફા (સ્ત્રી.) ગુફા, ગફોલ
ગફોલ (સ્ત્રી.) જુઓ ગફા.
ગફોલાં (નપું.) ગાલફોરાં, ગાલફારિયાં
ગફોલો (પું.) ગાલ
ગબી (સ્ત્રી.) નાનો ખાડો, ટૂવો (2) ચાકડા

ઉપરનું કાણું

ગબીદાવ (સ્ત્રી.) બાળકોની ગબી-લખોટીની રમત

ગબો (વિ.) અક્કલ વિનાનો, મોટો ખાડો

ગભારો (પું.) મંદિરનું ગર્ભગૃહ

ગમ (અ.) ખબર,-ની તરફ

ગમતીલું (વિ.) આનંદી, ગમી જાય તેવું

ગરગોટી (સ્ત્રી.) માટીની ગોળ લખોટી

ગરથ (પું.) નાણાં, રૂપિયા

ગરદી (સ્ત્રી.) ટોળું, ભીડ

ગરાક (પું.) જજમાન, ગ્રાહક, ઘરાક

ગરાકવટી (સ્ત્રી.) જજમાની, ગરાશનો હક્ક

ગરાશ (પું.) જજમાનીનો હક્ક

ગરિયો (પું.) કરોડનો મણકો

ગરુ (પું.) ગુરુ

ગરોહ (પું.) ગ્રહ

ગલ (પું.) હોકાની બળેલી તમાકુની ગોળી

ગલકું (નપું.) એક શાક, એક વેલો

ગલપચોડું (નપું.) ગળામાં થતો રોગ

ગલાલ (પું.) ગુલાલ

ગલોલો (વિ.) તંદુરસ્ત

ગલ્લી (સ્ત્રી.) ગલી કરી હસાવવું

ગવાળો (પું.) ગવાડો, ચોરસ થેલો

ગહવું (ક્રિ.) ઘસવું

ગહાતું (ક્રિ.) ઘસડાતું, ઘસેડાતું

ગહારો (ક્રિ.) ઘસારો

ગહાવું (ક્રિ.) ઘસાવું

ગહેડાતું (ક્રિ.) ઘસડાતું, ગહડાતું

ગળાવ (પું.) આશરો, કૂવો ગાળતાં કાઢેલી માટી

ગળી (સ્ત્રી.) લાકડાની ખૂંટી, ખીલી

ગળું (નપું.) ગળું (શરીરનું એક અંગ - જે મોઢાની દાઢી નીચેથી શરૂ થઈ હાથના ખભા સુધી જોડાયેલું)

ગંજ (પું.) વેપારનું સ્થળ, અંબાર, ઢગલો

ગંઠવું (ક્રિ.) ગૂંથવું, સાંઠગાંઠ કરવી

ગંઠોડાં (પું.) કાનમાં પહેરવાનાં ઘરેણાં

ગંઠોડાં (પું.) એક ઔષધ

ગંધ (સ્ત્રી.) ગંધ, વાસ, સોડ, દુર્ગંધ

ગંધિલું (વિ.) બકબક કરનાર, ચીકણું

ગા (સ્ત્રી.) ગાય, ગાવડી

ગાગેર (સ્ત્રી.) ગાગર, માટીનું પાણી ભરવાનું પાત્ર

ગાડવો (પું.) ઘી, તેલ ભરવાનું માટીનું પાત્ર

ગાડું (નપું.) ગાડું, ગાડાં (બ.વ.)

ગાડેર (નપું.) એક કાંટાળી વનસ્પતિ

ગાડેર (નપું.) ઘેટાંનું ટોળું

ગાતર (નપું.) કાઠું, શરીર, દેખાવ

ગાવડી (સ્ત્રી.) થૂવરનાં પાન, ગાય

ગાવંત્રી (પું.) મંત્ર, શ્લોક

ગાસતેલ (નપું.) કેરોસીન

ગાળ (સ્ત્રી.) ગાળ

ગાળ (પું.) સમજવા પ્રયત્ન કરવો (ગાળ લેવો - વિચાર જાણવા / સમજવા)

ગાળવું (ક્રિ.) ખોદવું (કૂવો ગાળવો : કૂવો ખોદવો)

ગાંગણા (વિ.) ઓગણા, કઠોર દાણા

ગાંગળો (પું.) ગાંગડો, ટુકડો

ગાંગેરવું (ક્રિ.) ગાંગરવું, મોટેથી બોલવું

ગાંગેરવું (ક્રિ.) ઊંટની બોલી

ગાંગો (પું.) અર્ધપાગલ, અણસમજુ

ગાંઠનું (અ.) પદરનું, પોતાનું

ગાંઠવું (ક્રિ.) તાબે થવું, કહ્યામાં રહેવું

ગાંઠાળ (વિ.) ગાંઠોવાળું, મનમાં ઝેર રાખનાર

ગાંઠિયા (પું.) ચણાના લોટનું ફરસાણ

ગાંડ (સ્ત્રી.) મળદ્વાર, ગાંડ, હરવડો

ગાંડિયું (નપું.) ગાંડું

ગાંણું (નપું.) ગીત (પ્રેમગીત)

ગિરવી (વિ.) ગીરો મૂકવું, અડાણે મૂકવું

ગિલીદંડો (સ્ત્રી.) લાકડાના દંડા અને મોઈની રમત, મોઈદંડાની રમત

ગિલેટ (વિ.) દાગીનાને સોનાનો ઢોળ ચઢાવવો

ગિલેટબાજી (સ્ત્રી.) છેતરપિંડી

ગીધ (પું.) ગીધ -- એક પંખી

ગુગોળ (પું.) ગૂગળ

ગુચપૂચ (અ.) ચૂપચાપ ચર્ચા કરવી, છાની ચર્ચા કરવી

ગુજરુ (નપું.) ગુજરિયું, નાની હોકલી, તમાકુ પીવા માટેનું માટીનું સાધન

ગુજુ (નપું.) ગુંજુ, ગજવું, ગુંજો, ખીસું

ગુણ (સ્ત્રી.) શણની મોટી ગૂણ, (નપું.) ગુણિયું

ગુણ (પું.) ઉપકાર

ગુણચોર (વિ.) ઉપકાર ભૂલી જનાર

ગુમળું (નપું.) ગૂમડું

ગુમૂતર (નપું.) ગૂમૂતર

ગુંગણો (વિ.) નાકમાંથી બોલનાર (2) ગૂંગણું

ગુંચળું (નપું.) ગૂંચવાયેલું, ભેગા મળી (બેસવું)

ગુંજીયું (નપું.) તુક્કો, મમરો મૂકવો

ગુંદવું (ક્રિ.) ખૂંદવું, મસળવું

ગુંલ્લાં (નપું.) ગુંલ્લીનું બહુવચન

ગુંલ્લી (સ્ત્રી.) પગના નળાનો અડધો ભાગ

ગુંવેળો (વિ.) ગંદકીવાળું, ગંદું (2) ગુગંદું : મેલું

ગૂડો (પું.) થાપાનું હાડકું

ગૂ (નપું.) વિષ્ટા, મળ

ગૂંગું (વિ.) નાકમાંથી નીકળતો સુકાયેલ કચરો

ગૂંઠા (નપું.) જમીનનું માપ

ગૂંદ (પું.) ગુંદર

ગૂંદા (પુ.) ગૂંદીનાં ફળ

ગૂંદી (સ્ત્રી.) ફળાઉ વૃક્ષ

ગેમરાજી (વિ.) ડોફરાજી, ખોટો દંભ દેખાડવો

ગેલફાડ્યું (વિ.) ઘેલું

ગેંગો (વિ.) અડવો, અદવગો

ગેંગોડો (પું.) લોહી ચૂસનાર જીવડું

ગૈણ (નપું.) ગ્રહણ

ગોખલો (પું.) ગોખલો, ગોખ, છજું, ઝરૂખો

ગોગ (પું.) નાગદેવ

ગોઝારું (વિ.) અપવિત્ર થયેલું

ગોટમોટ (અ.) પગથી માથા સુધી ઢંકાયેલું

ગોટલો (પું.) ગોટલો, પગની પિંડી

ગોઠ (નપું.) ગરાકને અપાતી શીખ, ભેટ
ગોઠમડું (નપું.) એક વેલનું ફળ
ગોઠિયો (પું.) મિત્ર
ગોઠીપણાં (વિ.) સહિયરપણું
ગોત (ક્રિ.) ગાયું હોત
ગોતરિજો (પું.) ગોત્રજ, કળશ અને નાળિયેર લઈ પૂજા માટે જવું
ગોથું (નપું.) માથું મારવું, ઢીંક
ગોદવું (ક્રિ.) ખોદવું
ગોદળી (સ્ત્રી.) ગોદડી
ગોદળું (નપું.) ગોદડું
ગોદો (પું.) હાથનો ગોદો, મુક્કો, ઠોંસો
ગોધો (પું.) આખલો
ગોફણો (પું.) બનાવટી ચોટલો
ગોફેણ (સ્ત્રી.) ગોફણ, ઢેફાં ફેંકવાનું જોતર જેવું સાધન
ગોબો (પું.) વાસણ પર પડેલ ટીચો, ખાડો
ગોયણી (સ્ત્રી.) સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતી પૂજા
ગોર (પું.) ગોર, ક્રિયા-કરમ કરાવતા બ્રાહ્મણ
ગોરાડું (સ્ત્રી.) જમીનનો એક પ્રકાર
ગોરું (વિ.) ઊજળું (2) ગોરાશ (વિ.) ઊજળું
ગોરુંચંદન (નપું.) ગોરોચંદન, ગોરમટ
ગોલણ (સ્ત્રી.) ગોવાલણ
ગોલિયું (નપું.) નાનો બળદ, તીતીઘોડો
ગોવાળ (પું.) ગોવાળ, ઢોર ચરાવનાર
ગોસ (નપું.) માંસ, ભોથાં
ગોળ (પું.) પરગણું, ગોળ
ગોળવો (પું.) લાકડાનો લાંબો ગોળ ટુકડો
ગોળિયો (પું.) વહીવંચો, વહી લખનાર બારોટ
ગોળી (સ્ત્રી.) માટલું
ગોળો (પું.) મોટું માટલું
ગોંદરું (નપું.) ભાગોળ
ગાઁમ (નપું.) ગામ
ગાઁમલેણી (વિ.) ગામની હારોહાર,
ગાઁમહૈણી (વિ.) ગામને શરણે
ગાઁમેતી (પું.) ગામનો રહીશ, ગામધણી
ગાઁમોટ (પું.) ગામનો જજમાન બ્રાહ્મણ, ગામનો ગોર

## ઘ

ઘઈ (સ્ત્રી.) વારો, સમય
ઘઘૈણું (નપું.) ઘરગૈણું, નાતરું, સાજનું, બીજાં લગ્ન
ઘચૂમલી (સ્ત્રી.) ટોળું, ગૂંચળું વળીને બેસવું
ઘચ્ચ (અ.) ઘોંચવાનો અવાજ
ઘટ (વિ.) ઓછું
ઘટવું (ક્રિ.) ઓછું થવું, નેઠવું
ઘટારો (વિ.) ઘટાડો, ઓછું થવું
ઘડઈ (સ્ત્રી.) દાગીના ઘડવાની મજૂરી, મહેનતાણું, ઘડામણ
ઘડતર (નપું.) ઘડતર, ઘડવું
ઘડભાંજ (અ.) ઘડભાગ
ઘડમથલ (સ્ત્રી.) ગડમથલ, મૂંઝવણ
ઘડામણ (નપું.) જુઓ ઘડઈ.
ઘડાયેલું (નપું.) પાક્કું હોશિયાર, કારીગરના હાથે તૈયાર થયેલું
ઘડૂલો (પું.) માટીનો ઘડો
ઘઘાબ્બું (ક્રિ.) પરેશાન કરવું, પદાવવું

ઘરભમરી (સ્ત્રી.) શુભ પ્રસંગે ઘેર ઘેર જઈ પહેરામણી આપવી

ઘરવટો (પું.) ઘરમાંથી કાઢી મૂકવું

ઘરેડ (સ્ત્રી.) ચાલી આવતી સ્થિતિ; પરંપરા

ઘલાણો (પું.) સાથે હોવું

ઘલ્લી (સ્ત્રી.) સળ (પડવો) (ઘલ્લી વાળી મૂકવું : સરખું વાળી મૂકવું)

ઘવ (પું.) ઘઉં, એક અનાજ

ઘવરાબ્બું (ક્રિ.) ઘવરાવવું, કચરાવવું, કચડાવવું, ડૂંડામાંથી દાણા છૂટા પાડવા ખળામાં હાલરુ કરી બળદ ફેરવવા.

ઘહણી (વિ.) બેઠાં બેઠાં ચાલવું, ગાંડ ઘસીને ચાલવું

ઘહરકો (પું.) ઘસરકો

ઘહેડવું (ક્રિ.) ઘસડવું

ઘંટ (પુ.) વગાડવાનો ઘંટ

ઘંટિલો (પું.) ઘંટીના ઉપલા પડને ફેરવવાનો દાંડો

ઘંટૂડી (સ્ત્રી.) ઘંટી, અનાજ દળવાનું સાધન

ઘાઘરી (સ્ત્રી.) છોકરીઓને પહેરવાનું વસ્ત્ર

ઘાઘરો (પું.) ચણિયો

ઘાટડી (સ્ત્રી.) ચૂંદડી, સ્ત્રીના માથાનો કપાળનો ભાગ,

ઘાટવું (ક્રિ.) ઘાટ આપવો, તૈયાર કરવું

ઘાટી (સ્ત્રી.) એક જાતિ

ઘાણ (પું.) તૈયાર કરવું

ઘાત (સ્ત્રી.) મોત થાય એવું, ઘાંટી

ઘારું (નપું.) ઘારું, સડેલો ઘા

ઘાલવું (ક્રિ.) અંદર નાખવું, ખોસી દેવું

ઘાવ (પું.) દુહો, ઘા

ઘાવું (ક્રિ.) કચડવું, પીલવું

ઘાંઘિલો (પું.) માટલાનો તૂટેલો કાન, કાંનો, કાંઠો

ઘાંઘું (વિ.) ઉતાવળિયું, હડપતિયું

ઘાંટી (સ્ત્રી.) આંટી

ઘાંણી (સ્ત્રી.) ઘાણી, તેલીબિયાં પીલવાનું સાધન. (ઘાણી થવી : પરેશાની થવી)

ઘૂઘરાં (પું.) ઢોરની ચરબી ઉકાળી તૈલી પદાર્થ જુદો પાડતાં વધેલો ભાગ

ઘૂઘરી (સ્ત્રી.) પોલી ખખડતી ગોળ વસ્તુ

ઘૂણિયો (પૂં.) માટીનો / ધાતુનો ઘડો

ઘૂમટો (પું.) ઘૂંઘટ

ઘૂમૈડી (સ્ત્રી.) ફૂદડી, ફુદરડી

ઘૂરવું (ક્રિ.) ઘૂરકવું, ઘૂરી કરવી

ઘૂંટ (પું.) પાણીનો ઘૂંટડો -- ગળા વાટે એકીસાથે ઊતરી શકે તેટલું પ્રવાહી

ઘેડ (સ્ત્રી.) સમજણ

ઘેડ (સ્ત્રી.) પડ

ઘેર (નપું.) ઘર; ઘાઘરાનો ઘેરાવો (પું.) હોળીનાં ઘરૈયાં (નપું.) ઘેરિયાંની ટોળી

ઘેરિયાં (નપું.) ઘેરૈયાં -- હોળી રમેલા માણસો

ઘેંણ (પું.) ઘણ, લોખંડનું ટીપવાનું સાધન

ઘેંહ (સ્ત્રી.) ઘેંશ, ખાવાની વાનગી

ઘૈડઈ (વિ.) સમજણ, મોટપણ

ઘૈડાપો (વિ.) ઘડપણ

ઘૈડા ભા (પું.) દાદા

ઘૈડાં (નપું. બ.વ.) ઘરડાં

ઘૈડાંવારી (વિ.) ઘરડાંઓના વખતની/નું

ઘૈડી મા (સ્ત્રી.) દાદી

ઘૈણ (નપું.) ગ્રહણ

ઘૈણઘેલો (વિ.) આળસુ

ઘો (સ્ત્રી.) ઘો, એક જીવ

ઘોઘર (વિ.) ભયંકર

ઘોઘરો (પું.) કોકડિયો કુંભાર

ઘોયું (નપું.) ખાડો પાડવો, ઘા મારવો

ઘોરાલિયું (નપું.) ઘોડાલિયું, વાંસની ચીપમાંથી બનાવાતું લોકવાદ્ય

## ચ

ચકતું (ક્રિ.) ચગતું, ચળકતું, ઝળકતું

ચકલાકડી (સ્ત્રી.) ચાકડો ફેરવવાની લાકડી, ચાકળી

ચકી (સ્ત્રી.) ચચી, ચકલી

ચકેરી (સ્ત્રી.) જુઓ ચકેળી.

ચકેળી (સ્ત્રી.) ચકેરી, ચકરડી, (બ.વ.) ચકેડાં, ચકરડાં

ચકો (પું.) ચકલો

ચગદવું (ક્રિ.) દબાવી દેવું, જમવું

ચગદોળ (સ્ત્રી.) ચકડોળ, ફુદરડી

ચણ (નપું.) ચકલાના દાણા

ચણબઈ (વિ.) ચૂમાઈ, દબાઈ

ચણવું (ક્રિ.) ચણતર કરવું, પંખી દાણા ચણે તે

ચણવું (ક્રિ.) ચણતર કરવું

ચણા (પું.) એક કઠોળ

ચપટી (વિ.) થોડું, કપડાને ભરાતી ચપટી

ચપણિયું (નપું.) રામિયું, રામપાતર, રામૈયું, માટીનો વાટકો

ચપાટ (સ્ત્રી.) સપાટ, સ્ત્રી માટેનાં ચામડાનાં ચંપલ

ચબૂતરી (સ્ત્રી.) બાળકોની એક રમત, કબૂતરી

ચબૂતરો (પું.) કબૂતરો માટે દાણા નાખવાનું સ્થળ

ચમચી (ક્રિ.) ભડકી, ભડકવું

ચમચી (સ્ત્રી.) નાની ચમચી

ચમરઈ (નપું.) કરમાઈ, ચીમડાઈ

ચમાર (પું.) એક જાતિ, મિયોર, ભાંભી

ચયણામત (નપું.) ચરણામૃત

ચરવો (પું.) કલુડો, માટીનો લોટો

ચરાડી (સ્ત્રી.) ખારોડ, (નપું.) ગોચર, ચરાણ

ચરીતર (નપું.) બિવડાવવા માટે કરેલું ચાલાકીભર્યું વર્તન

ચરુ (પું.) તાંબાનું કડાવાળું બેડું, મોટું તાંબાનું પાત્ર

ચરુડી (સ્ત્રી.) પાણી ભરવાનાં બેડાનું નીચેનું મોટું પાત્ર

ચરેડી (સ્ત્રી.) કોસની મોટી ગરગડી

ચરેરાટી (સ્ત્રી.) ચચરાટી

ચલકચલાણું (નપું.) બાળકોની એક રમત

ચલાહુ (નપું.) વરરાજાને અપાતું ઘી-ગોળનું જમણ

ચવટિયાં (નપું.) પગની આંગળીની વીંટી

ચવલી (સ્ત્રી.) ચાર આનાનો સિક્કો

ચહકવું (ક્રિ.) ચસકવું, છટકવું, છૂટવું

ચહકેલ (વિ.) ચસકેલ, ગાંડો

ચહકો (પું.) સણકો, આદત પડવી

ચળાંમણ (નપું.) લોટ ચાળતાં વધેલું કોરમું

ચંખલો (પું.) માંસ સાથે ચોંટેલો ચરબીનો ટુકડો

ચંત્યા (સ્ત્રી.) ચિંતા, ઉચાટ

ચંદણી (સ્ત્રી.) મંડપ માટેની ચાદર, ચાંદરણી, ચાંદલી

ચંબુ (નપું.) કુદરતી હાજતે જવા પાણી ભરી લઈ જવા માટેનું પતરાનું ડબલું

ચાઇણી (સ્ત્રી.) ચારણી, લોટ ચાળવાનું સાધન

ચાક (વિ.) સાફ, ચોખ્ખું

ચાકરી (સ્ત્રી.) નોકરી, સેવા

ચાકરો (પું.) ચાકળો, માટીનાં વાસણ બનાવવાનું સાદું યંત્ર

ચાકેણ (સ્ત્રી.) આંધળી ચાકરણ, એક પ્રકારનો સાપ

ચાખડી (સ્ત્રી.) લાકડાની પાવડી, લાકડાનાં ચંપલ

ચાચર (સ્ત્રી.) રકાબી, સૉસર - (saucer)

ચાટ (સ્ત્રી.) એંઠિયું, એંઠવાડ નાખવાનું પાત્ર, ચાટિયું

ચાટવું (ક્રિ.) ચાટવું – જીભ ફેરવી વસ્તુને ચાખવી, ચૂસવી કે ખાવી

ચાટવો (પું.) લાકડાનો ચમચો

ચાટિયું (નપું.) જુઓ ચાટ.

ચાડ (સ્ત્રી.) ખારોડ, ખારી જમીન

ચાડિયો (સ્ત્રી.) ચાડિયો, ખેતરમાં પંખીને ડરાવવા ઊભો કરેલ માણસ જેવો આકાર

ચાપડો (પું.) ફૂટપટ્ટી; લખવાની પાટીનો પાટો

ચાપડો (પુ.) માથામાં પહેરવાનું ઘરેણું; ચાંપ

ચામઠી (સ્ત્રી.) ભૂતડી, ગંદી સ્ત્રી

ચામડું (નપું.) ચામડું, ઢોરની ઉતારેલી ખાલ

ચાયડો (પું.) ક્યારો

ચાયણો (પું.) અનાજ સાફ કરવાનું સાધન, ચારણો

ચાર (સ્ત્રી.) ઘાસ

ચારવું (ક્રિ.) ઢોર ચરાવવાં

ચારિયાં (નપું.) ઘાસ લેનારા / કાપનારા

ચાલણચૂલો (પું.) ખસેડી શકાય તેવો ચૂલો

ચાલણચૂલી (સ્ત્રી.) ખસેડી શકાય તેવો નાનો ચૂલો

ચાલી (સ્ત્રી.) એક રૂમની ઓરડીઓની વસાહત

ચાવંડા (સ્ત્રી.) એક દેવી, ચામુંડા દેવી

ચાસ્યું (ક્રિ.) ચાખ્યું

ચાહટુ (નપું.) બાજરીની એક જાત

ચાળ (સ્ત્રી.) ઘાઘરાની પગ તરફની ઘેરવાળી પટ્ટી

ચાંચર (પું.) ચાચરચોક

ચાંચરવું (ક્રિ.) સંચરવું, ચાલવું, આગળ વધવું

ચાંચિયાત (પું.) ચોકિયાત

ચાંચી (સ્ત્રી.) ચોકી, ચોકીદારી

ચાંચૂડી (સ્ત્રી.) ચાંચ, અણીવાળી ટોચ

ચાંદણી (સ્ત્રી.) ચાંદરણી, ચંદણી

ચાંદવું (ક્રિ.) ચાંપલું, બહુ બોલનાર, બટકબોલું

ચાંદો (પું.) ચંદ્ર

ચાંપ (સ્ત્રી.) પીન, એક ઘરેણું, ચાપડો

ચાંપલું (નપું.) જુઓ ચાંદવું.

ચાંપવું (ક્રિ.) સળગાવવું, દબાવવું

ચિતરામા (સ્ત્રી.) શીતળામાતા, એક દેવી

ચિતરી (સ્ત્રી.) અણગમો

ચિતરૉંમણ (નપું.) ચીતરેલું, ચિત્ર, રુશવાઈ

ચિબડી (સ્ત્રી.) ચીબરી

ચીખું (વિ.) તીખું

ચીડ (સ્ત્રી.) ગુસ્સો, અભાવ (2) એક ઘાસ

ચીડબ્બું (ક્રિ.) ચીડવવું, ખિજાવવું

ચીડો (પું.) કીડો

ચીડો (નપું.) એક ઘાસ

ચીપ (સ્ત્રી.) દબાણમાં રહેવું, લાકડાની નાની પટ્ટી, ચપટી

ચીયો (અ.) કયો, એક ઘાસ

ચીરું (નપું.) વણાટમાં તાર તૂટવાથી ખાલી રહેલી જગા, (કિ.) ચીરવું

ચીહ (સ્ત્રી.) ચીસ, બૂમ

ચીહો (પું.) શીશો, બાટલો

ચુહણી (સ્ત્રી.) ચૂસણી, ધાવણી, બાળકને આપવામાં આવતું લાકડાનું ચૂસવાનું રમકડું

ચુહવું (ક્રિ.) ચૂસવું

ચુંવાણ (પું.) ચૌહાણ

ચુંવાળ (નપું.) પરગણાનું નામ

ચૂક (સ્ત્રી.) ભૂલ, ખીલી, નાકમાં પહેરવાની કાંટી

ચૂકવું (ક્રિ.) ચૂકી જવું

ચૂટલી (સ્ત્રી.) ચૂંટી

ચૂડી (સ્ત્રી.) ચાંદીનું સ્ત્રીના હાથે પહેરવાનું ઘરેણું

ચૂડેલ (સ્ત્રી.) એક સ્ત્રી ભૂત, ડાકણ, ડાચેણ

ચૂરમું (નપું.) ઘી, ગોળ, ઘઉંના રોટલાનું મિશ્રણ

ચૂરો (પું.) ભૂકો

ચૂલાગેર (સ્ત્રી.) ચૂલા આગળનો ભાગ, આજેણ

ચૂલાબેડ (સ્ત્રી.) ચૂલા ઉપરનો બાજુનો ભાગ

ચૂલો (પું.) ચૂલો

ચૂવો (પું.) વરસાદમાં છતમાંથી પાણી ટપકતું હોય તે જગ્યા

ચૂંક (સ્ત્રી.) પેટમાં દર્દ થવું

ચૂંકારો (પું.) ઊંહકારો

ચૂંગી (સ્ત્રી.) તમાકુ પીવાની નાની ચલમ, ધતૂરી

ચેઈ (અ.) કઈ

ચેટલું (અ.) કેટલું

ચેડી (સ્ત્રી.) પાછળ

ચેડો (પું.) હઠ, રઢ

ચેણ (સ્ત્રી.) ઘાઘરાનો નેફો બેસાડવા ચીપટી ભરી તૈયાર કરેલ ચેણ

ચેણો (પું.) એક પ્રકારનું અનાજ

ચેન (નપું.) આરામ, રાહત

ચેનિયું (નપું.) સતત ચર્ચા કરનાર, ચર્ચા ચાલુ રાખનાર, લપિયું

ચેંકણું (વિ.) ચીકણું

ચેંકલાં (નપું.) અવિતરાઈ, ટાપસી

ચેંગલાં (નપું.) જુઓ ચેંકલાં.

ચેંચૂડો (પું.) છોકરાંની રમત

ચેંટું (નપું.) ઘી તાવી કાઢી લેતાં વધેલ ભાગ

ચેંબળું (નપું.) એક પ્રકારનું ઘાસ

ચેંહ (સ્ત્રી.) ચિતા

ચૈડ (સ્ત્રી.) બૂટ પહેરીને ચાલતાં ચૈડ જેવો અવાજ નીકળે તે માટે મૂકવામાં આવતું ચામડું

ચૈડકો (પું.) ટૈડકો, ગુસ્સો

ચોઈટો (પું.) ચોર

ચોકળું (નપું.) ચોકડું, (2) ઘોડાના મોઢામાં પહેરાવવામાં આવતું ચોકઠું

ચોકાસી (સ્ત્રી.) વધારાનું બોલવું, દોઢડહાપણ

ચોખા (પું.) મીઠા ભાત

ચોડવું (ક્રિ.) ચોટાડવું, મારવું

ચોતારું (નપું.) ચાર તારવાળું

ચોથિયું (નપું.) રોટલાનો ચોથો ભાગ

ચોપ (વિ.) કાળજી, ખબર રાખવી

ચોપડવી (ક્રિ.) ખરું-ખોટું સંભળાવવું, લગાડવું

ચોપડીખાવા (નપું.) શાકપાંદડું

ચોપવું (ક્રિ.) રોપવું

ચોરંગ (સ્ત્રી.) હાથરી, સાથરી, ઢોરચીરફાડની જગ્યા

ચોરાસી (સ્ત્રી.) નર્ક, ગંદકી

ચોવટ (સ્ત્રી.) ચોખ્ખાઈ, સફાઈ

ચોવટિયું (વિ.) ચોખ્ખાઈવાળું

ચોહરું (નપું.) ચાર પડવાળું

ચોળા (નપું.) રામેળા, એક કઠોળ

ચ્યમ (અ.) કેમ

ચ્યાંકણ (અ.) ક્યાં આગળ

## જ

જઈ (ક્રિ.) ગઈ

જઈ (પું.) પૈસો

જક (સ્ત્રી.) હઠ, જીદ

જકીલું (વિ.) હઠીલું

જક્કુ (નપું.) જોડી

જખ (સ્ત્રી.) ગુદા

જગતિયું (નપું.) જીવતાં નાત જમાડવી

જગન (પું.) યજ્ઞ, વરો

જજમૉન (પું.) યજમાન

જજ્યા (સ્ત્રી.) સ્થળ, જગ્યા

જટા (સ્ત્રી.) બાવાની બાબરી

જડતોર (વિ.) જડતર

જડવું (ક્રિ.) ચોટાડવું, મળવું, ઠોકી બેસાડવું

જણ (પું.) માણસ

જણવું (ક્રિ.) પેદા કરવું

જણોસ (સ્ત્રી.) જણસ, દાગીનો, ચીજવસ્તુ

જતિ (પું.) પવિત્ર, બ્રહ્મચારી

જધામણ (વિ.) હેરાન થવું

જન (પું.) જંદ, માથા વિનાનું ભૂત,

જન (પું.) માણસ
જપ (પું.) શાંતિ, આરામ
જભલું (નપું.) ઝભલું, નાના બાળકનું વસ્ત્ર
જમઈ (પું.) જમાઈ
જમડો (પું.) જમ, યમ
જમી (સ્ત્રી.) પૃથ્વી, જમીન
જયો (અ.) ગયો
જરકોસ (નપું.) જરક, વરખ, ચળકાટવાળો કાગળ
જરબ (પું.) ગરભ, ફળનો અંદરનો ભાગ
જરાક (વિ.) થોડું, લગીર
જલમ (પું.) જન્મ, અવતાર
જવાર (પું.) જુહાર, રામપ્રણામ
જવાર (સ્ત્રી.) જુવાર, જાર, એક અનાજ
જવાસી (નપું.) એક વનસ્પતિ
જહ (પું.) વાહ વાહ, જશ
જહુરો (વિ.) ટોળાંબંધ, એકસાથે
જળતું (ક્રિ.) સળગતું, અજવાળતું
જળતો (ક્રિ.) બળતો, પ્રકાશ આપતો
જળવું (ક્રિ.) સળગવું, બળવું
જળ્યું (ક્રિ.) જડ્યું, મળ્યું
જાકારો (પું.) સ્વીકાર ન કરવો, તિરસ્કાર
જાગતી (વિ.) જાગતું, હાજરાહજૂરું
જાગરિયો (પું.) ડાકલું વગાડી રેડી ગાનાર, ભૂવાનો સાથી
જાજેમ (અ.) ઘણાં વધારે
જાજ્યો (ક્રિ.) જાગ્યો, જજો
જાતર (સ્ત્રી.) જાતોર, માતાજીને નામે રમાતી ભવાઈ
જાતરા (સ્ત્રી.) યાત્રા, દર્શને જવું,
જાપતો (ક્રિ.) કબજો, ધ્યાન રાખવું
જાબુ (નપું.) ઝાબુ, ડાઘ
જારવું (ક્રિ.) ઝારવું, પાતળી ધારે રેડવું
જારિયું (નપું.) જારનું કણસલું
જાલવું (ક્રિ.) પકડવું, ઝાલવું
જાલું (અ.ક્રિ.) પકડું, જાલ્યો : પકડ્યો
જાવરો (વિ.) ઘસારો, જવું
જાવસોય (સ્ત્રી.) યા હુસેનનું અપભ્રંશ, ખોટી ચર્ચા
જાવળી (વિ.) સંભાળપૂર્વક
જાહો (ક્રિ.) જશો, (પું.) જાસો
જાંખરાં (નપું.) ઝાંખરાં
જાંઘ (સ્ત્રી.) જાંઘ, શરીરનું એક અંગ, કેડ નીચેનો ભાગ, સાથળ
જાંનિયા (નપું.) જાનૈયા
જી (નપું.) ઘી
જીયાણું (નપું.) દીકરીને બાળકના જન્મ પછી માતાપિતા દ્વારા અપાતો કરિયાવર
જીવતવરો (પું.) જીવતે જગતિયું
જુક્તિ (સ્ત્રી.) યુક્તિ, જોડી, જુગલબંધી
જુતલી (વિ.) માથામાં જૂ પડી હોય તેવી સ્ત્રી
જુતલો (વિ.) માથામાં જૂ પડી હોય તેવો પુરુષ
જુવારુ (નપું.) જુદા પડવું, વહેંચણી કરવી, જુદારું, ભાઈઓ વચ્ચે વહેંચણી થવી
જૂ (સ્ત્રી.) માથામાં પડતી જીવાત
જૂવા (પું.) કોઢમાં પડતી જીવાત

જે (સ્ત્રી.) થળી, ઉંબર

જેડિયો (પું.) જુઓ જેડો.

જેડી (સ્ત્રી.) ગેડી, ઢોલ વગાડવાની દાંડી

જેડો (પું.) દંડો, જેડિયો, જાડી લાકડી, ગેડિયો

જેણો (વિ.) નાનો, પાતળો

જેબ (સ્ત્રી.) આબરૂ, શોભા

જેર (સ્ત્રી.) ઉંબર, ઉંબરો

જેરજેર (અ.) હોળીમાં ઘેરૈયા બૂમો પાડે તે (ઘેરવું)

જેરવું (ક્રિ.) આંતરવું, રોકવું, ઘેરવું

જેરો (પું.) ભુક્કો (જેરો થઈ જવું : મમત છોડી દેવી)

જેલો (ક્રિ.) ગયેલો, ગેલો

જેહજેહ (અ.) ઊંટ બેસાડવા કરાતો અવાજ

જેહલો (પું.) ટાંગાટોળી (જેહલો કરવો : ટાંગાટોળી કરવી)

જેહુડી (સ્ત્રી.) રેતી, રેત

જેં (પું.) જયઘોષ, જય હો

જેંગોડો (પું.) લોહી ચૂસનાર જીવડું, ગેંગોડો

જેંડવું (નપું.) જોડકું, સાથે અવતરેલાં બાળક

જેંડવું (નપુ.) કપાસનાં જીંડવાં

જેંડુરતન (નપું.) ઝળહળતું રતન

જોખવું (ક્રિ.) વજન કરવું, તોલવું

જોટી (સ્ત્રી.) જુઓ જોટો.

જોટો (પું.) જોડી, જોડ, બે

જોટું (નપું.) વેતર વિનાની ભેંસ

જોડા (પું.) દેશી બૂટ

જોડાજોડ (અ.) પાસે પાસે

જોણું (નપું.) તમાસો, ફજેતો

જોતરઈ (અ.) જોતરાઈ રહેવું, વળગી રહેવું

જોતરાં (નપું.) જોતર

જોર (પું.) તાકાત, બળ

જોવન (નપું.) યૌવન

જોવનાઈ (વિ.) યુવાની

જોસ (પું.) જોશ, ભવિષ્ય

જોસબંધ (વિ.) ઝડપથી

જોંન (સ્ત્રી.) જાન

જોંય (ક્રિ.) જાય

## ઝ

ઝટ (પું.) ઝડપથી

ઝટકાબ્બું (ક્રિ.) ઝટકાવવું, કાપી નાખવું

ઝટિયાં (નપું.) બાલ, વાળ, લોટિયાં

ઝટિરવું (ક્રિ.) મારવું

ઝણેણી (સ્ત્રી.) ઝણઝણાટી

ઝરણ (નપું.) ગોમૂત્ર

ઝળાળા (પું.) ઝળેળા, ફોલ્લા

ઝાકળો (પું.) આડાઓ ઉપર મોદનું આવરણ કરી ગાડામાં સામાન ભરવા બોડી બનાવવી

ઝાકોળ (નપું.) હીમ, ઠાર

ઝાટકો (પું.) તલવારનો ઘા, ઝટકો

ઝાપટ્યું (ક્રિ.) સાફ કર્યું

ઝાપોટ્યું (ક્રિ.) જમી ગયા, માર્યું

ઝાયણી (સ્ત્રી.) બેસતું વર્ષ

ઝારવું (ક્રિ.) ઓતવું, ઝીણી ધારે રેડવું

ઝારી (સ્ત્રી.) માટીનું નાળચાવાળું નાનું પાત્ર

ઝૂડવું (ક્રિ.) જૂડવું, ખંખેરવું, ખંચેરવું

ઝૂરવું (ક્રિ.) કોઈની રાહ જોવી, ઝૂરવું

ઝેમ (પું.) એક ધાર્મિક ક્રિયા

ઝેમી (વિ.) ઝેમીનો સાડલો

ઝેમેલ (સ્ત્રી.) લાલ મોટી કીડીઓ

ઝેંકારવું (ક્રિ.) ઊંટ બેસાડવું

ઝૈડ (નપું.) ઝરડું, સૂકું જાળું, ફાલનો હિસ્સો

ઝૈડ ઝૈડ (અ.) વલોણાનો અવાજ

ઝૈડકો (પું.) કાપડનું ફાટવું, વલોણાનો અવાજ

## ટ

ટકટકારો (પું.) બોલવું, બકવાસ

ટકાબ્બું (ક્રિ.) ટકાવવું, ટકાડવું, નિશાન પાડવું, આંટવું

ટકો (પું.) માથે મૂંડો કરાવવો

ટકો (પું.) ત્રણ પૈસા

ટચકો (પું.) ઝટકો, ઘા કરવો

ટચાકા (પું.) આંગળાં ફોડવાં, ઓવારણાં લેવાં

ટચ્યું (નપું.) કમરનો દુઃખાવો

ટચ્યું (ક્રિ.) ટકી રહ્યું

ટટળવું (ક્રિ.) વંચિત રહેવું

ટટળાબ્બું (ક્રિ.) રાહ જોવડાવવી, ઇચ્છા પૂરી ન થવા દેવી

ટટુમવું (ક્રિ.) ઝળૂંબી રહેવું

ટટુમી (વિ.) ઝળૂંબી, લટકી રહેલ

ટપ (વિ.) ઝડપથી

ટપકાબ્બું (ક્રિ.) ટપકાવવું, નોંધવું

ટપલી (સ્ત્રી.) ટપલાથી નાનું સાધન

ટપલો (પું.) માટલાં ઘડવા માટેનું લાકડાનું ભાતિયા જેવું સાધન

ટપાકો (પું.) બે હથેળી ભેગી કરી અવાજ કરવો, રોટલા ઘડતાં થતો અવાજ

ટપારવું (ક્રિ.) સમજાવવું, ઠપકો આપવો

ટબૂકતું (વિ.) ચળકતું

ટબૂકલું (નપું.) ચાંદરણું, ચાંદેણી, ચંદણી

ટહકાં (બ.વ.) ડૂસકાં

ટહકું (નપું.) ડૂસકું

ટહણ (નપું.) આદત, રૂઢ

ટળ્યું (ક્રિ.) ગયું, બાદ થયું

ટંક (પું.) એક સમયનું જમવાનું, વેળા

ટંક (સ્ત્રી.) ટ્રંક, પતરાની પેટી

ટંકારામ (વિ.) ભૂખ્યા રહેવું, જમવાનું ન મળવું

ટાટું (નપું.) દૂબળું, બકરું

ટાઢું (વિ.) ઠંડું

ટાઢેણ (સ્ત્રી.) વણતાં પનો સરખાઈમાં રાખવા માટે વપરાતી પટ્ટીઓ

ટાઢો (વિ.) ધીમો, કામમાં ઢીલો

ટાઢો (પું.) ડામ

ટાઢોડિયું (વિ.) ઠંડા પાણીનું માટલું

ટાયડું (નપું.) દૂબળું, નક્કામું

ટાલકું (નપું.) બોડું માથું, માથું

ટાંકો (પું.) સેવો, ટેભો

ટાંકો (પું.) પાણી ભરવાનો ટાંકો

ટાંગો (પું.) પગ, ટાંટિયો

ટાંટિયો (પું.) જુઓ ટાંગો.

ટાંણું (નપું.) શુભ પ્રસંગ, સમય, વખત

ટિચઈ (વિ.) અથડાઈ, ટકરાઈ

ટિચવું (ક્રિ.) ટીચવું, ટીપવું, તોડવું, મારવું,

ટિચાવું (ક્રિ.) રખડવું, કામ વિના ફરવું

ટિટયારો (પું.) ટિટિયારો, કજિયો

ટિપણું (નપું.) પંચાંગ

ટિપવું (ક્રિ.) જુઓ ટીચવું.

ટીચો (પું.) ગોબો, વાસણ પરનો ઘા

ટીલડી (સ્ત્રી.) મોરપીંછું, ચાંલ્લો

ટૂક્કલ (સ્ત્રી.) ગુબ્બારો

ટૂચકું (ક્રિ.) કામણટૂમણ કરવું, નાનું

ટૂટમૂટ (વિ.) તૂટેલફૂટેલ

ટૂંક (સ્ત્રી.) ટોકાર, ટોચ, શિખર

ટૂંપિયો (પું.) ગળામાં પહેરવાનો સોનાનો દાગીનો

ટૂંપો (પું.) ગળાફાંસો, ફાંસો (ટૂંપો ખાવો : આપઘાત કરવો)

ટૂંવો (નપું.) ગબી, ચાકડા ઉપરનું કાણું

ટેક (સ્ત્રી.) બાધા, આખડી, માનતા, ટેકી

ટેકો (પું.) જુઓ ટેભો.

ટેભો (પું.) ટાંકો, ટેકો, સેવો

ટેલ (સ્ત્રી.) ભિક્ષાવૃત્તિ માટે ફરવું

ટેલિયો (વિ.) ભિક્ષાવૃત્તિ માટે ફરનાર માણસ

ટેસ (પું.) આનંદ, મોજ

ટેસણ (નપું.) સ્ટેશન

ટેં (વિ.) થાકવું

ટેંખળ (નપું.) મશ્કરી, ટીખળ

ટેંગારવું (ક્રિ.) ટિંગાડવું, લટકાવવું

ટેંટું (વિ.) દૂબળું

ટેંટોળવું (ક્રિ.) ટાંગાટોળી કરી ઝુલાવવું

ટેંટોળી (ક્રિ.) લટકાવીને

ટેંટોળી (સ્ત્રી.) ટાંગાટોળી, જેહલો

ટેંપું (નપું.) ટીપું, પાણીનો છાંટો

ટેંબો (પું.) ટીંબો, ટેકરો

ટેંમ (પું.) સમય, વેળા

ટેંલુ (નપું.) ટીલું, કલંક, અપયશ

ટોકર (નપું.) તગારું, ઘમેલું

ટોકરી (સ્ત્રી.) ઘંટડી

ટોકરો (પું.) ઘંટ, ટોકરો

ટોકવું (ક્રિ.) ઠપકો આપવો

ટોકારે (સ્ત્રી.) ટોચે, શિખરે

ટોચકું (નપું.) ટોચ, ઉપરનો ભાગ

ટોચવું (ક્રિ.) કોચવું, ખોદવું, ચાંચ મારી ખાવું

ટોપરું (નપું.) કોપરું

ટોયલી (સ્ત્રી.) નાની લોટી

ટોલું (નપું.) ટકો કરાવેલ માથું, બોડું માથું

ટોલો (પું.) મોટી જૂ

## ઠ

ઠકરઈ (સ્ત્રી.) ઠકરાઈ, ઠાકોરપણું, શેઠાઈ, મોટાઈ

ઠકરાંણી (સ્ત્રી.) ઠકરાણી, ઠાકરાણી, ઠાકોરની સ્ત્રી

ઠગ (વિ.) ધુતારો, ઠગારો, છેતરનારો

ઠગઈ (સ્ત્રી.) ઠગાઈ, છેતરપિંડી, છેતરવું

ઠચકો (પું.) ટચકો, ઘા કરવો, ઠચાકો

ઠનઠન (અ.) ખાલી હોવું, ગરીબ હોવું

ઠપકારવું (ક્રિ.) ખખડાવવું

ઠમકો (પું.) ઠૂમકો

ઠમઠોરવું (ક્રિ.) મારવું

ઠરવું (ક્રિ.) ઠંડા થવું, શાંતિ રાખવી

ઠલબ્બું (ક્રિ.) ઠાલવવું, ખાલી કરવું, ઠાલબ્બું

ઠાકૈડા (પું.) ઠાકરડા – એક જાતિ

ઠાગા (પું.) દાંડિયા (ઠાગે રમવું - દાંડિયે રમવું)

ઠાઠું (નપું.) ખખડી ગયેલું, બિસ્માર, ભંગાર

ઠાઠું (નપુ.) ઊંટની પીઠ પર મૂકવાનું કાઠું

ઠાલિ (સ્ત્રી.) ખાલી, કપાસના કાલામાંથી રૂ લઈ લેતાં વધેલો ભાગ (2) ઠાલિયો (બ.વ.)

ઠાલિ (નપું.) કપાસની સોટીમાંથી બનાવેલ બૉબિન

ઠાલું (વિ.) ખાલી, નક્કામું

ઠાંઠેર (સ્ત્રી.) કામકાજ

ઠીકરાં (બ.વ.) ઠીકરું (નપું.) માટીના વાસણનો ભાગેલો કકડો

ઠીકરી (સ્ત્રી.) માટીના વાસણનો નાનો ટુકડો

ઠીઠયારો (પું.) ઠિઠિયારો, મશ્કરી, હસવું

ઠીઠોળી (સ્ત્રી.) મશ્કરી, ઠેંઠોળી

ઠીબ (સ્ત્રી.) ચાટ, તૂટેલા માટલામાંથી બનાવેલ એંઠવાડ નાખવાનું પાત્ર.

ઠીબું (નપું.) માટીનું શકોરા જેવું પાત્ર

ઠૂંઠવો (પું.) મોટેથી રડવું, પોક મૂકવી

ઠૂંઠા (પું.) સુક્કાં થડિયાં,

ઠૂંઠું (નપું.) બુઠ્ઠું, આંગળાં વિનાના કે કપાઈ ગયેલા હાથવાળું, ડાળા વગરનું ઝાડનું થડિયું, બીડી પિવાઈ રહ્યા પછી રહેલો ભાગ

ઠૂંહ (વિ.) થકવી નાખવું, બડાઈ, ગપ્પાં, ઠૂસ

ઠૂંહવું (ક્રિ.) ભરવું, ઘાલવું

ઠૂંહાટવું (ક્રિ.) મુક્કા મારવા

ઠૂંહો (પું.) ઠૂસો, મુક્કો, ફેંટ

ઠેક (પું.) કૂદકો (2) ઠેકડો (બ.વ.) કૂદકા

ઠેકમઠેક (અ.) કૂદકા ભરવા, વ્યવસ્થિત ન હોવું

ઠેકવું (ક્રિ.) કૂદવું, ફાળ ભરવી

ઠેકાણું (નપું.) સરનામું

ઠેઠ (અ.) છેક, અંત સુધી

ઠેઠું (નપું.) બાટી, આગમાં શેકી તૈયાર કરેલ જાડા રોટલા, (2) ઠેઠાં (બ.વ.)

ઠેડ (પું.) ચોક્કસ, પૂર્ણ, અંત સુધી

ઠેબલા (પું.) ઠોકર, આમથી તેમ અથડાવું

ઠેર (પું.) ચોક્કસ સ્થળ, સંપૂર્ણ

ઠેલવું (ક્રિ.) ધકેલવું, આઘુંપાછું કરવું

ઠેલી (સ્ત્રી.) થેલી

ઠેલો (પું.) થેલો

ઠેહ (સ્ત્રી.) ઠોકર, ધક્કો, ઠેસ

ઠેહલો (પું.) ધક્કો, (2) ઠેહલા (બ.વ.) ધક્કા

ઠેહી (સ્ત્રી.) ઠેસી, અણી, પીકર્સ

ઠેહુ (નપું.) કામ કરી આપવું

ઠેંગણું (વિ.) ઓછી ઊંચાઈવાળું, ટૂંકું

ઠેંગણો (વિ.) ઓછી ઊંચાઈનો પુરુષ, (2)

ઠેંગણી (સ્ત્રી.)

ઠેંગરવું (ક્રિયા.) ઠરવું

ઠેંગરાવું (ક્રિ.) ઠરી જવું, ઠંડી લાગવી

ઠેંગો (પું.) અંગૂઠો (ઠેંગો દેખાડવો : કાંઈ ન આપવું; ફરી જવું)

ઠૈડ (પું.) રીસ, ગુસ્સો; રુઆબ, દેખાવ

ઠૈડાવું (ક્રિ.) મૈડાવું, રિસાવું

ઠોક (સ્ત્રી.) ઉપાલંભ, પાપ, આક્ષેપ

ઠોકણી (સ્ત્રી.) લાકડાની હથોડી, મોગરી

ઠોકણું (નપું.) લાકડાનો હથોડો

ઠોકવું (ક્રિ.) મારવું, જડવું (ખીલી ઠોકવી - ખીલી જડવી)

ઠોકી (અ.) મારી, માર્યું

ઠોચી (સ્ત્રી.) માર્યું

ઠોડી (સ્ત્રી.) છેડો

ઠોડું (નપું.) છેડો, (સ્ત્રી.) અણી ટોચ

ઠોડુજી (વિ.) બડાઈ મારનાર, બડાઈખોર, દંભી, લુચ્ચો

ઠોડો (પું.) દાંડો, છેડો, દંડો

ઠોલવું (ક્રિ.) કરકોલવું, કાતરવું

ઠોલેલું (અ.) કાતરેલું, ફોલેલું

ઠોળ (સ્ત્રી.) છોળ (ઠોળ ઊડી : આનંદની છોળ ઊડી)

ઠોળિયાં (નપું.) લાકડાના કાપ, કાનમાં પહેરવાનો લાકડાનો દાગીનો

## ડ

ડખળવખળ (વિ.) વેરવિખેર, ડખેળવખેળ

ડખેળવખેળ (વિ.) જુઓ ડખળવખળ.

ડખો (પું.) ઝઘડો, અંટસ, વાંધો

ડગડગિયું (નપું.) અવાજ કરતું રમકડું

ડગમગ (વિ.) ડગુંમગું, હાલકડોલક, અસ્થિર

ડગલી (સ્ત્રી.) બાંય વિનાની બંડી

ડગલું (નપું.) પગલું

ડગલો (પું.) પહેરણ, ઝબ્બો

ડચકલી (સ્ત્રી.) હેડકી, ડચકી

ડચકારો (પું.) ગાય-બળદ જેવાં પ્રાણીઓને હાંકવા માટે કરવામાં આવતો અવાજ

ડચકો (પું.) આંચકો; ડચકા (પું. બ.વ.) આંચકા

ડચૂરો (પું.) ગળું રૂંધાઈ જવું

ડટાવું (ક્રિ.) દટાવું, નીચે દબાઈ જવું

ડણકી (સ્ત્રી.) નાનો દાંડિયો, ડેણકી

ડણકો (પું.) દાંડિયો, ડેણકો

ડપડાબ્બું (ક્રિ.) પૂરું કરવું

ડફણું (નપું.) ગધેડાને મારવાનો દંડો, ધોકો

ડફલવું (ક્રિ.) ગાળો દેવી

ડફલાબ્બું (ક્રિ.) ગાળો દેવડાવવી

ડફોળ (પું.) મૂર્ખ

ડફોળાઈ (વિ.) મૂર્ખતા, મૂર્ખામી, મૂર્ખાઈ

ડબકડોયાં (નપું.) વારેવારે ડૂબકી ખાવી

ડબલી (સ્ત્રી.) ડબ્બી, ડાબલી, નાનો ડબ્બો

ડબો (પું.) ડબ્બો

ડબોળવું (ક્રિ.) પાણીમાં ડુબાડવું, પલાળવું

ડબ્બાક (અ.) પાણીમાં ડૂબવાનો અવાજ

ડમચી (સ્ત્રી.) ડંકી

ડમરી (સ્ત્રી.) નાનો વંટોળ, ફુદરડી

ડમરું (નપું.) ચામડાનું વાદ્ય

ડમરો (પું.) એક વનસ્પતિ, શાંત
ડર (પું.) બીક
ડરાબ્બું (ક્રિ.) ડરાવવું
ડલ્લો (પું.) દલ્લો, મિલકત, જથ્થો
ડળક ડળક (વિ.) ટપક ટપક, ડળોક ડળોક
ડળોક ડળોક (વિ.) જુઓ ડળક ડળક.
ડંકી (સ્ત્રી.) ડમચી, જમીનમાંથી પાણી કાઢવા હાથથી ચલાવાતું યંત્ર
ડંકો (પું.) ઢોલનો અવાજ, બધે ફેલાવી દેવું, વાહ વાહ થવી
ડંખ (પું.) સાપ, વીંછીનું કરડવું; વેરભાવ
ડંગો (પું.) રખડતી જાતિઓનો પડાવ, ડેરો, દંગો, છાવણી
ડંગોરો (પું.) જાડો ધોકો
ડંડી (સ્ત્રી.) નાનો ધોકો
ડંડો (પું.) ધોકો
ડંફાસ (પું.) ખોટી બહાદુરી
ડાક (સ્ત્રી.) ડાકલું, ડાકુ, ચામડાનું વાદ્ય, ડમરુંથી મોટું વાદ્ય
ડાકલી (સ્ત્રી.) મોઢું, નાનું ડાકલું
ડાકલું (નપું.) જુઓ ડાક.
ડાકુ (વિ.) લુટારો
ડાગળી (સ્ત્રી.) ઘરમાં કરેલ સામાન મૂકવાનું નાનું માળિયું
ડાગળો (સ્ત્રી.) સામાન મૂકવાનો મેડો, માળિયું
ડાઘિયો (વિ.) બૂઢિયો - ભયંકર
ડાઘો (પું.) ડાઘ, ભયંકર; મોટો વાંદરો
ડાચિયું (વિ.) ભૂખડું, લાલચુ; ડાચિયો (પું.) ભૂખાળવો
ડાચું (નપું.) મોઢું, દીદાર
ડાચેણ (સ્ત્રી.) ડાકણ, સ્ત્રી-ભૂત
ડાટ (પું.) અનર્થ, નુકસાન
ડાટવું (ક્રિ.) દાટવું, જમીનમાં ઘાલવું
ડાઢ (સ્ત્રી.) દાઢ
ડાઢી (સ્ત્રી.) દાઢી
ડાપણ (વિ.) ડહાપણ
ડાફેર (સ્ત્રી.) ડાફોર, નજર (ડાફેર મારવી : આમતેમ જોવું)
ડાબો (પું.) ડાબો
ડાભળો (પું.) ડાભડો, એક ઘાસ
ડાભેણ (વિ.) ડાબી તરફ
ડામચો (પું.) ગાડાં આગળનો બેસવાનો ભાગ
ડાયું (વિ.) ડાહ્યું (2) ડાયા (બ.વ.) ડાહ્યા
ડાહકું (નપું.) વડકું, વાંદરનું કરડવું, દાંતિયું
ડાહકોર (નપું.) દાંત બંધાઈ જવા, બેભાન થઈ જવું
ડાળું (નપું.) ડાળું, ડાળ (સ્ત્રી.)
ડાંગ (સ્ત્રી.) ડાંગ, મજબૂત લાકડી
ડાંગશિયું (નપું.) ડાંગ રાખનાર, ભરવાડ
ડાંડ (વિ.) અવિતરું
ડાંમચ્યો (પું.) ડામચિયો, ગોદડાં વગેરે મૂકવાનું લાકડાંનું સાધન
ડાંહવું (ક્રિ.) પીવું (બીડી ડાંહવી; બીડી પીવી)
ડીબું (નપું.) છાપ, બીબું
ડુકવું (ક્રિ.) ભૂલી જવું, ચૂકી જવું

ડુકાબ્બું (ક્રિ.) ભુલાવવું, ડુકાવવું, ભુલાવી દેવું

ડુમચી (સ્ત્રી.) ડૂબકી

ડુમલી (સ્ત્રી.) આંજણી, આંખમાં થતી ફોડકી

ડુસમુસ (વિ.) પ્રતિકૃતિ, આબેહૂબ, - ના જેવું

ડૂચાટવું (ક્રિ.) કરડવું

ડૂચો (પું.) કપડાનો ગંદો કકડો; બચકું- કરડવું, લ્હાવું

ડૂલ (નપું.) ગુમ, ખોવાયેલ, વસૂલ થવું

ડૂવો (પું.) ઘેંસ-છાશ ભેગાં કરી બનાવેલ રગડો

ડૂંખ (સ્ત્રી.) કૂંપળ, ફણગો, અંકુર, સોયા

ડૂંખરાબ્બું (ક્રિ.) ડુંખરાવવું, ડરાવવું

ડૂંઘું (નપું.) દુણાતું / સળગતું લાકડું

ડેકું (નપું.) ખોધું, લાકડાનું સડેલું (સુક્કું) થડ

ડેગ (સ્ત્રી.) દેગ, તાંબાનું મોટું પાત્ર

ડેગરી (સ્ત્રી.) દેગડી, નવાણિયું

ડેગરું (નપું.) દેગડું, બેડું

ડેરો (પું.) આડો, તોફાની ભેંસના ગળામાં બાંધવામાં આવતું લાકડું

ડેંકલી (સ્ત્રી.) ડેંગલી, પળી

ડેંકલું (નપું.) ચામડાનું વાદ્ય (ડમરું જેવું)

ડેંગ (નપું.) ગપ, જુઠ્ઠું

ડેંગી (વિ.) ગપોડી, ડેંગ મારનાર

ડેંટડી (સ્ત્રી.) ડીંટડી, સ્તનાગ્ર

ડેંટી (સ્ત્રી.) નાના રીંગણ; ડીંટા; (વિ.) ઓછી ઊંચાઈવાળું, નાનું

ડેંટું (વિ.) નાનું

ડેંડુ (નપું.) પાણીનો સાપ, થૂવરનું ભૂંભૂ

ડેંફુ (નપું.) લેંફું, માંસનો ટુકડો; લાકડાનું મોટું ફાચરું; લોચો

ડોક (સ્ત્રી.) ગળું, ડોકું

ડોકાગાલ્લી (સ્ત્રી.) જુવાર-બાજરીના રાડાના ગરમાંથી બનાવેલું રમકડા- ગાડું

ડોકાબારી (સ્ત્રી.) માથું દેખાય તેવી બારી

ડોકિયું (ક્રિ.) સંતાઈને જોવું, ચોરી-છૂપીથી જોવું, ડોચિયું

ડોકિયું (નપું.) ગળામાં / ડોકમાં પહેરવાનું ઘરેણું

ડોકો (પું.) જુવાર-બાજરીનું રાડું

ડોચિયું (ક્રિ.) જુઓ ડોકિયું.

ડોઝું (નપું.) પેટ, ડોઝર

ડોડવો (પું.) જીભ

ડોડી (સ્ત્રી.) એક વેલ

ડોડી (સ્ત્રી.) ડોડીની કેરી/ફળ

ડોડી (સ્ત્રી.) ગળામાં પહેરવાનું સોના/ ચાંદીનું ઘરેણું

ડોડો (પું.) મકાઈ-ભુટ્ટો

ડોડો (પું.) આકડાની કેરી/ફળ

ડોફું (નપું.) અપમાનજનક શબ્દ; (સ્ત્રી.) ડોફી; ડોફો (પું.)

ડોબું (નપું.) ભેંસ

ડોરિયું (નપું.) ડોળિયું, ડોળનું તેલ

ડોળ (પું.) મહુડાનાં ફળ

ડોળમોળ (વિ.) એકલપંડે, એકલા એકલા

ડોળા (પું.બ.વ.) આંખો

ડોહી (સ્ત્રી.) ડોસી, વૃદ્ધ સ્ત્રી
ડોહો (પું.) ડોસો, વૃદ્ધ પુરુષ
ડૉળ (પું.) દેખાવ, રુઆબ
ડૉળઘાલું (વિ.) ખોટો દેખાવ કરનાર
ડૉળનાર (વિ.) ડહોળનાર, બગાડનાર
ડૉળવું (ક્રિ.) ગંદું કરવું, ડહોળવું, ચાંપલાશ કરવી
ડૉળું (નપું.) ડહોળું, ગંદું
ડૉંમ (પું.) ડામ; ટાઢો

ઢ

ઢગ (પું.) ઢગલો, ખૂબ વધારે, ઢગુલો
ઢગરા (પું.) કૂલા, કુલ્હા
ઢગલી (સ્ત્રી.) નાનો ઢગલો
ઢગુલો (પું.) જુઓ ઢગ.
ઢચકા (પું.) ઢચૂકા, લંગડાઈને ચાલવું
ઢચૂક (અ.) એક પ્રકારનો અવાજ, (પું.) આંચકો
ઢચૂકા (પું.) જુઓ ઢચકા.
ઢપ (સ્ત્રી.) ધબ્બ (અવાજ)
ઢફ (અ.) ગબડીને સ્થિર થઈ જવું
ઢબી (સ્ત્રી.) પડી જવું; મરી જવું.
ઢબુ (સ્ત્રી.) ઢીંગલી
ઢબુ (નપું.) બે પૈસાનો સિક્કો, જૂનું ચલણ
ઢબુ (સ્ત્રી.) છોકરીઓની રમત
ઢબુ (નપું.) અક્કલ વિનાનું
ઢબૂડી (સ્ત્રી.) ઢીંગલી; બે પૈસાનો સિક્કો
ઢબૂલો (પું.) પાણીની એક રમત
ઢમઢમ (અ.) ઢોલનો અવાજ
ઢમઢોલ (નપું.) ફૂલી ગયેલું, જાડું થયેલું
ઢહેડવું (ક્રિ.) ઢસડવું
ઢહેડા (પું.) ઢસરડા, ખૂબ મહેનત કરવી
ઢંગ (વિ.) રીતભાત, ઢંગઢાળો, દેખાવ
ઢંઢેરો (પું.) ઢોલ વગાડી કરાતી જાહેરાત
ઢાઢી (પું.) કલાકાર કોમ, મીર
ઢાઢુંઢુંગ (અ.) ડાકલાનો અવાજ
ઢાપલાં (પું.) ખોટાં લાડ
ઢાપલી (સ્ત્રી.) ખોટાં લાડ કરનાર સ્ત્રી
ઢાપલું (વિ.) ખોટાં લાડ કરનાર
ઢાપલો (વિ.) ખોટાં લાડ કરનાર પુરુષ
ઢાલ (સ્ત્રી.) ઘા ઝીલવાનું હથિયાર
ઢાળવું (ક્રિ.) પાથરવું, ખાટલો ઢાળવો
ઢાળિયું (નપું.) ઘરનું એક ઢાળવાળું છજું, એક તરફ ઢળતું છ્જું
ઢાળિયો (પું.) કોસ ખેંચવા બળદને ચાલવા કરેલો કૂવા પાસેનો ઢાળ
ઢાંક (ક્રિ.) ઢાંક, સંતાડ; ઢાંકવું (ક્રિ.) સંતાડવું
ઢાંક (નપું.) એક પંખી
ઢાંકણી (સ્ત્રી.) માટલાં ઢાંકવાનું માટીનું પાત્ર, ઘૂંટણની ઢાંકણી
ઢાંચેલું (વિ.) ઢાંકેલું
ઢાંઢો (પું.) વીંછીં, ઉંમરલાયક પુરુષ
ઢિચકારા (વિ.) જુઓ ઢિચાકા.
ઢિચાકા (વિ.) આનંદ કરવો, ઢીચકારા
ઢીબવું (ક્રિ.) મારવું
ઢીલું (વિ.) પોચું, હિંમત વિનાનું
ઢૂકડું (વિ.) નજીક; ઢૂકડી (વિ.) નજીક
ઢૂબ (સ્ત્રી.) ખૂંધ
ઢૂબલું (નપું.) ખૂંધવાળું

ઢૂબલો (વિ.) ખૂંધવાળો

ઢૂસ (વિ.) થાકેલું

ઢૂંગ (પું.) ઢોંગ; ઢૂંગી (પું.) ઢોંગી

ઢૂંગિલું (વિ.) ઢોંગ કરનાર (2) ઢૂંગિલી (વિ.) ઢોંગ કરનાર સ્ત્રી

ઢેકા (પું.) કૂલા

ઢેખલો (પું.) પથ્થર

ઢેખાળિયું (વિ.) પથ્થરમારો, ઢેખલિયું

ઢેડ (પું.) દલિતો માટે અપમાનજનક શબ્દ; એક જાતિ

ઢેડઘચૂમલી (સ્ત્રી.). જુઓ ઢેડઢબૂલી.

ઢેડઢબૂલી (સ્ત્રી.) ઢેડખાટલી, ઢેડઘચૂમલી, સપ્તર્ષિ

ઢેપ (પું.) માટીનો ટુકડો

ઢેફા (પું.બ.વ.) માટીનાં ઢેફાં

ઢેબરાર (વિ.) જાડી સ્ત્રી

ઢેબરું (નપું.) રોટલો

ઢેમડું (નપું.) ઢીમચું

ઢેરા (પું.) ઢગલા, વિષ્ટા, કચરો

ઢેલડી (સ્ત્રી.) ઢેલ

ઢેંકવું (નપું.) એક પ્રકારની રમત; ઢેંકવો

ઢેંગલી (સ્ત્રી.) ઢીંગલી

ઢેંચણ (પું.) ઢીંચણ

ઢેંચવું (ક્રિ.) પીવું - દારૂ પીવો

ઢેંચેલો (વિ.) પીધેલો, દારૂડિયો

ઢોકળી (સ્ત્રી.) કણઝીના પરપલિયાં, એક વાનગી

ઢોચકું (નપું.) માટીનું પાણી ભરવાનું પાત્ર

ઢોયણી (સ્ત્રી.) માંચી, ખાટલી

ઢોર (નપું.) પશુ

ઢોલ (પું.) બન્ને બાજુથી પીટીને વગાડી શકાય તેવું ચામડાનું વાદ્ય

ઢોલિયો (પું.) મોટો ખાટલો, પલંગ

ઢોલી (પું.) ઢોલ વગાડનાર

ઢોલો (પું.) ફૂલ

ઢોળ (અ.) આવરણ ચઢાવવું

ઢોળવું (ક્રિ.) ઢોળવું, રેડવું, ગબડાવવું

## ત

તકલી (સ્ત્રી.) રૂમાંથી તાર કાંતવાનું સાધન

તકવું (ક્રિ.) જોવું

તક્યો (પું.) તકિયો, ઓસંગું

તગારું (નપું.) તગારું, ધમેલું

તજ (નપું.) તજનું લાકડું

તડકી (વિ.) મીઠો તડકો - હળવો તડકો - કૂણો તડકો

તણસ (નપું.) ઝેરી સાપ

તણાવું (ક્રિ.) ખેંચાવું, -ની પાછળ જવું

તનાતની (સ્ત્રી.) ખેંચતાણ

તપવું (ક્રિ.) રાહ જોવી, ગરમ થવું

તપસી (સ્ત્રી.) છીંકણી, તપ કરનાર, તપકીર

તપસ્યા (સ્ત્રી.) તપસ્યા, તપ કરવું તે

તપારો (વિ.) ગુસ્સો, ઊકળાટ

તપાસું (નપું.) પતાસું

તફો (પું.) તફાવત, ફેરફાર, આંતરો

તબેલો (પું.) ઘોડાર, ભેંસનો તબેલો, ભેંસ રાખવાની જગા

તબો (પું.) ચલમ(હોકા)નો તવો

તરકડી (સ્ત્રી.) મુસ્લિમ સ્ત્રી

તરકડો (પું.) મુસલમાન; તરક, તુરક
તરકારી (સ્ત્રી.) રસાવાળું રાંધેલું માંસ, શાક
તરપતું (ક્રિ.) ટપકતું, નીતરતું
તરબૂચ (નપું.) તડબૂચ
તરભાંણું (નપું.) તરભાણું, કાંસાનું થાળી જેવું પાત્ર
તરવાડી (સ્ત્રી.) કુંભાર, એક અટક, જાતિ
તરવેર (સ્ત્રી.) તલવાર
તરાક (પું.) તાર
તરાક (સ્ત્રી.) ત્રાક
તરાગ (પું.) તાર અગર દોરો
તરાટ (પું.) ત્રાહિત, તટસ્થ, અન્ય
તરાસ (પું.) ત્રાસ, દુઃખ
તરાંટી (સ્ત્રી.) સાંઠીકડું, પાતળી લાકડી
તરોહ (સ્ત્રી.) તરસ, તરહ
તલ (પું.) તેલિબીયાનું નામ
તલપ (સ્ત્રી.) છલાંગ, કૂદકો (તલપ મારવી : કૂદકો મારવો)
તલપ (સ્ત્રી.) ઇચ્છા
તલાબ્બ (નપું.) તળાવ
તલાવળી (સ્ત્રી.) નાનું તળાવ
તવી (સ્ત્રી.) કલેડી
તળ (નપું.) તળિયું, મૂળ
તળઈ (સ્ત્રી.) ગાદલું, રૂ ભરેલું ગાદલું
તંગ (પું.) ઢોલના પડા બાંધવા વપરાતી રસી, ઘોડાનું પલાણ બાંધવા વપરાતી ચામડાની પટ્ટીઓ
તંબોળવું (ક્રિ.) લોહી છાંટવું, દેવને લોહી ચઢાવવું
તંબોળી (પું.) પાનવાળો
તા (પું.) ગરમ કરેલ લોખંડનો ટુકડો
તાક (અ.) જો (જોવું), તાકવું
તાકડે (અ.) યોગ્ય સમયે, યોગ્ય ટાણે
તાકવું (ક્રિ.) જોવું, નિશાન પાડવું, તકવું
તાજવું (નપું.) ત્રાજવું, વજન કરવા માટેનું સાધન
તાજ્યા (પું.) તાજિયા
તાપ (પું.) ગરમી, ગુસ્સો, તડકો, તપારો
તાપણું (નપું.) લાકડાં મેદાનમાં સળગાવવાં
તાપવું (ક્રિ.) તાપણામાં હાથપગ ગરમ કરવા
તાપોલ્યું (નપું.) તાપોડિયું, ગૂમડું
તાબૂત (નપું.) ઊંચું, તાજિયો
તાબોટો (પું.) મોટેથી તાળી વગાડવી, ફાતડા તાળી વગાડે તે
તાયફો (પું.) ભવાડો, ખેલ
તારભૈણી (સ્ત્રી.) તારભરણી, સારણી, તારફેણી
તારો (પું.) તરવૈયો, આકાશનો તારક
તાલી (સ્ત્રી.) તાળી
તાલેવંત (પું.) તાલેવાન, તવંગર
તાવડી (સ્ત્રી.) માટીનું તાંસળા જેવું પાત્ર
તાવડો (પું.) મોટી કઢાઈ, (તાવડો કૂટવો : ખોટી ચર્ચાઓ કરવી)
તાવણી (સ્ત્રી.) કસોટી, તાવવું
તાવવું (ક્રિ.) માખણનું ઘી બનાવવાની ક્રિયા
તાવીતો (પું.) તાવીથો, કણચો
તાસ (પું.) ભાગ, ખેલ, તાસીરો

તાસીરો (પું.) ખેલ, તમાસો

તાંણવું (ક્રિ.) ખેંચવું, ઘસડવું

તાંણિયો (પું.) સરૈયો, તાણો તૈયાર કરવાનો લાંબો સોટો

તાંણો (અ.) ખેંચો

તાંણો (પું.) સૂતર વણવા તાણો તૈયાર કરવો

તાંતણો (પું.) સૂતરનો તાર

તાંતો (પું.) તંત, ચર્ચા કરવી, ચાસણીનો તાર

તાંબાકૂંડી (સ્ત્રી.) તાંબાની કૂંડી, નાવણિયું

તાંબાવૈણું (વિ.) તાંબાવરણનું

તાંબિયો (પું.) તાંબાનો પૈસો (જૂનું ચલણ)

તાંહળી (સ્ત્રી.) તાંસળી, કાંસાનું પાત્ર

તાંહળું (નપું.) તાંસળું, કાંસાનું પાત્ર

તિયાર (અ.) તૈયાર

તિયારી (સ્ત્રી.) તૈયારી

તીખુ (વિ.) તીખું

તુમલી (સ્ત્રી.) ખોપરી, માથું, તુંબડી

તુલસ્યા (સ્ત્રી.) તુલસી

તુવેર (સ્ત્રી.) તૂવર

તુંકાર (ક્રિ.) તુંકાર કરવો

તૂરી (સ્ત્રી.) કલાકાર કોમ

તૂતી (સ્ત્રી.) પીપૂડી

તૂંક (સ્ત્રી.) મહેણું લાગવું, ગુસ્સો

તૂંબી (સ્ત્રી.) તુંબડી, ટાલકું

તેડવું (ક્રિ.) ઉપાડી લેવું, નિમંત્રણ આપવું

તેતાજુગ (પું.) ત્રેતાયુગ

તેલી (પું.) ઘાંચી, મેલિયો, તેલ વેચનાર

તેવાર (પું.) તહેવાર, તે વખતે

તેંડ (સ્ત્રી.) તિરાડ, પાળ

તેંસ (પું.) ગુસ્સો

તૈણ (પું.) ત્રણ

તૈણું (નપું.) તરણું

તોડ (ક્રિ.) તોડવું, લઈ લેવું

તોણ્ય (નપું.) તોરણ, તોયણ

તોતળું (વિ.) તોતડું, જીભ અટકવી

તોબરો (પું.) ઘોડાને ચણા ખવડાવવાની થેલી (તોબરો ચઢવો : અબોલાં લેવાં)

તૉંણ (સ્ત્રી.) આગ્રહ કરવો

તૉંણ (નપું.) ખેંચાણ

તૉંર (પું.) ગુસ્સો, (સ્ત્રી.) શાકમાં તરતું તેલ, સાળની તૉંર જેના પર વણાયેલું કાપડ લપેટાઈ જતું હોય છે.

## થ

થપેડો (પું.) લપેડા

થર (નપું.) પડ (થર પર થર), થોર

થહઅ (ક્રિ.) થશે

થળી (સ્ત્રી.) ઊમરો

થળું (નપું.) થાળું, કૂવાનું થાળું

થાક (પું.) થાક, શ્રમ, મહેનત, તકલીફ, શરીરને આરામની જરૂર લાગવી તે

થાકોડું (વિ.) થાક લાગેલું, થાકને લીધે થયેલ બીમારી

થાચી (અ.) થાકી

થાચેલી (વિ.) થાકેલી

થાચેલું (વિ.) થાકેલું

થાપ (સ્ત્રી.) થાપ, હાથથી મારવું

થાપ (સ્ત્રી.) ચોરી (થાપ મારવી : ચોરી

કરવી)

થાપો (પું.) લેલું, કડિયાનું ઓજાર (2) થાપી (સ્ત્રી.) નાનો થાપો

થારી (સ્ત્રી.) થાળી, તાંબા પિત્તળનું ગોળ વાસણ

થાહબંધ (વિ.) એકધારું, વ્યવસ્થિત, જાહોજલાલીવાળું

થાળિયું (નપું.) ચામડાનો કોશ વેતરવો

થાળું (નપું.) કૂવા પાસે કોસમાંથી પાણી ઠલવવા કરેલું પાકું બાંધકામ, થળું

થાંન (પું.) સ્તન, (નપું.) થાંનેલું

થાંનક (નપું.) સ્થાનક, દેવની જગ્યા

થાંનેલું (નપું.) જુઓ થાંન.

થાંભલી (સ્ત્રી.) કુંભી, થાંભલી

થાંભલો (પું.) થાંભલો, સ્તંભ

થિગળું (નપું.) થીંગડું, કપડાનો ટુકડો મૂકી સાંધેલું

થુકવું (ક્રિ.) થૂંકવું, થૂ કરી મોંમાંથી બહાર ફેંકાતી લાળ

થૂઈથપ્પા (નપું.) બાળકોની રમત

થૂરિયા (પું.) થૂવર, થોર, થર

થૂલ (પું.) બાજરીનાં ફૂલ

થેઈથેઈ (અ.) ભવાઈમાં નાચવા માટે કરાતો અવાજ

થેક (સ્ત્રી.) થેક લેવી, નાચતાં કૂદવાની ક્રિયા, નાચતાં કૂદવું

થેકવું (ક્રિ.) કૂદવું

થેકળી (સ્ત્રી.) થેકડી, મશ્કરી

થેકળો (પું.) થેકડો, જાડો રોટલો, કૂદકો

થેપવું (ક્રિ.) થાપવું, આંગણામાં માટી થેપવી

થેપવું (ક્રિ.) બનાવવું (છાણાં થાપવાં)

થેપાડું (નપું.) થેપાળું

થેપાડું, (સ્ત્રી.) ધોતી

થેલું (ક્રિ.) થયેલું

થેલો (વિ.) ભૂત-પલીત થયેલો

થેંણું (વિ.) જામેલું, ઘટ્ટ, થીણું

થોથર (સ્ત્રી.) સોજો આવવો

થોબરું (નપું.) થોબડું, મોઢું

થોબરું (પું.) ચહેરો

## દ

દઈ (સ્ત્રી.) દહીં, મઈ, મહી (પું.) દૈવ, દેવ

દકાળ (પું.) દુકાળ, દુષ્કાળ

દખ (નપું.) દુઃખ

દગદગો (પું.) અવઢવ, અવિશ્વાસ, વહેમ

દદરવું (ક્રિ.) દડવું, પાતળી ધારે વહેવું

દદૂડી (સ્ત્રી.) પાણીની ધાર, નગારી, નાના નગારા જેવું ચામડે મઢેલ વાદ્ય

દદૂડો (પું.) પાણીની મોટી ધાર, ધધૂડો

દબઈ (અ.) દબાઈ, દબાયેલું

દબાબ્બું (ક્રિ.) દબાવવું, પરેશાન કરવું

દમ (પું.) દમનો રોગ

દમ (પું.) ધમકી (દમ ભીડાવવો : ધમકી આપવી)

દમલું (વિ.) દૂબળું, દમના રોગવાળું

દમિયલ (વિ.) નબળું, ઢીલું, કામ ન કરી શકનાર

દવ (પું.) આગ, દેવતા

દવધ્યા (સ્ત્રી.) ખાર, અભાવ, ગુસ્સો

દવરાબ્બું (ક્રિ.) દવરાવવું, પશુ(નર-માદા)

નો સંયોગ કરાવરાવવો
દવલું (વિ.) દવાલું, જેના પર હેત ન હોય
દસમન (પું.) દુશ્મન, વેરી
દસમની (વિ.) દુશ્મની, વેર
દસાવળ (સ્ત્રી.) સૂતરના છેડા, દસિયાળ
દસી (સ્ત્રી.) દુઃખી, રસી
દસ્યુ (નપું.) દોરડી, રસી, વણાટનું કાપડ ઉતાર્યા પછી બાકી રહેતા સૂતરના છેડા
દંગો (પું.) પડાવ
દંતાળી (સ્ત્રી.) પંજેટી, ખેડૂતનું એક ઓજાર
દાક્તર (પું.) દાગતર, ડૉક્ટર
દાઝ (સ્ત્રી.) ગુસ્સો
દાઝીલું (વિ.) ખારીલું, ગુસ્સાવાળું
દાટ (પું.) નુકસાન પહોંચાડવું
દાડિયા (નપું.) એક દિવસની મજૂરીએ આવતા મજૂર
દાડો (પું.) દિવસ
દાતાર (વિ.) દાનેશ્વરી
દાતેડી (સ્ત્રી.) નાનું દાતરડું
દાતૈડું (નપું.) દાતરડું, ખેડૂતનું ઓજાર
દાથરી (સ્ત્રી.) માટીની નાની કથરોટ
દાથરો (પું.) માટીની મોટી કથરોટ
દાદેર (સ્ત્રી.) ધાધર, દાદર, ચામડીનો રોગ
દાધારંગુ (વિ.) અર્ધ પાગલ
દાપુ (નપું.) લગ્નમાં વર પક્ષથી કન્યા પક્ષને આપવામાં આવતી નક્કી કરેલ રકમ, દેજ, દહેજ
દામું (નપું.) સૂતરના છેડા
દાયણ (સ્ત્રી.) સુયાણી, પ્રસૂતિ કરાવનાર સ્ત્રી
દારૂ (પું.) દારૂ, નશાવાળું પીણું
દારૂડી (સ્ત્રી.) ગારુડી, એક વનસ્પતિ
દાંડ (પું.) અન્યાયી, નફ્ફટ, લુચ્ચો
દાંડાઈ (વિ.) લુચ્ચાઈ, આડાઈ
દાંડિયો (પું.) રાસ રમવાનો દંડૂકો
દાંડિયો (વિ.) નફ્ફટ
દાંડો (પું.) નાકમાં પહેરવાનું ઘરેણું, કાંટો
દાંણિયો (પું.) કપડાના ઘોડિયાને પહોળું રાખવા વપરાતો લાકડાનો ટુકડો, સાળમાં ઉપયોગમાં લેવાતો લાકડાનો ટુકડો (2) દાંણિયા (બ.વ.)
દાંનઈ (વિ.) ઉદારતા, દાનવીરતા
દાંનેસરી (વિ.) દાનેશ્વરી, દાન આપનાર, દાતાર
દિયોર (પું.) સાળો, દિયર
દિવાળી (સ્ત્રી.) દિવાળીનો તહેવાર
દીચરી (સ્ત્રી.) દીકરી
દીચરો (પું.) દીકરો
દીયા (સ્ત્રી.) દયા
દીવાટાંણું (નપું.) સંધ્યાવેળા, સાંજ, દીવો સળગાવવાનો સમય
દીવાધરી (સ્ત્રી.) દીવો મૂકવાની લાકડાની ઘોડી
દીવાહળી (સ્ત્રી.) દીવાસળી
દીવેટ (સ્ત્રી.) દીવટ, દીવાની વાટ
દુલો (પું.) મસ્ત, બેફિકર
દુંણવું (ક્રિ.) વારેવારે ઠપકો આપવો

દૂઝણું (વિ.) દૂધ આપતું ઢોર

દૂઝવું (ક્રિ.) ટપકવું

દૂબળું (વિ.) રાંક, દૂબળું

દૂંટી (સ્ત્રી.) દૂંટી, નાભિ

દૂંણી (સ્ત્રી.) હાંડલી, દોણી

દેખવું (ક્રિ.) જોવું

દેખાણું (ક્રિ.) દેખાયું, જોવાયું

દેજ (નપું.) દહેજ, દાપું

દેઝાર (પું.) દેખાવ, દેદાર

દેટું (નપું.) રીંગણ, નાનું, મૂળ, નાકું

દેતવા (સ્ત્રી.) આગ, દેવતા

દેતાં (ક્રિ.) આપતાં

દેન (સ્ત્રી.) હિંમત, તાકાત

દેરી (સ્ત્રી.) નાનું મંદિર, દેરું (નપું.)

દેવલી (સ્ત્રી.) દેવચકલી

દેવાડવું (ક્રિ.) મારવું, દેવું

દેસ (સ્ત્રી.) દિશા

દેહ (પું.) દેશ, ગામ

દેહઈ (પું.) રબારી, દેસાઈ

દેહું (અ.) આપીશું

દેંગ (નપું.) ગપ્પું, ડેંગ

દેંગી (વિ.) ગપ્પાં મારનાર, ડેંગી

દોઢું (નપું.) વાંકું, ત્રાંસું, દોઢગણું

દોરવું (ક્રિ.) માર્ગ બતાવવો, હાથ પકડીને ચાલવું

દોવું (ક્રિ.) દોહવું

દોસ (પું.) મિત્ર, ગોઠિયો, ભેરુબંધ

દોસદારી (સ્ત્રી.) મિત્રતા

દૉતોર (નપું.) પરગણાનું નામ

## ધ

ધઈ (સ્ત્રી.) ધાય, સ્તન

ધખના (સ્ત્રી.) ઝંખના, ઇચ્છા

ધગડો (પું.) લંગોટિયો બાવો, મફતનું ખાનાર

ધગડો (પું.) કૂલો

ધચેલવું (ક્રિ.) ધકેલવું, હડસેલવું

ધજા (સ્ત્રી.) ધ્વજ

ધજાગરો (વિ.) ફજેતો

ધડ (નપું.) શરીરનો માથાથી નીચેનો ભાગ

ધડાધડ (અ.) ઉપરાઉપરી

ધડીમ (અ.) એકદમ, ધડાકા સાથે

ધડો (પું.) દાખલો

ધડો (પું.) ધારણ, તાજવાનું સરખું ધારણ

ધણિયાણી (સ્ત્રી.) પત્ની, વહુ

ધણિયાપું (વિ.) માલિકીહક્ક, ધણીપણું

ધણી (પું.) પતિ, માલિક; માંટી

ધતૂરી (સ્ત્રી.) ચૂંગી, નાની ચલમ

ધતૂરો (પું.) ધતૂરાનો છોડ, એક વનસ્પતિ, ધંતૂરો

ધધડાબ્બું (ક્રિ.) ઠપકો આપવો, ખખડાવવું, ધધડાવવું

ધધૂણી (સ્ત્રી.) ખાલી ચઢવી, (પું.) ગુસ્સો

ધનતેરશ (સ્ત્રી.) એક તહેવાર

ધબાકો (પું.) મોટો અવાજ

ધબેડવું (ક્રિ.) મારવું, ખાવું

ધબ્બો (પું.) ડાઘ, પોલા હાથે લાફો મારવો

ધમકાર (પું.) ધમકારો, અવાજની ભ્રમણા

ધમપસાડા (પું.) તોફાન, ધમપછાડા

ધમેણ (સ્ત્રી.) ધમણ, હવા ફૂંકવાનું સાધન
ધમેણ (પું.) ધામણ, સાપની એક જાતિ
ધરબવું (ક્રિ.) ખાવું, સંતાડવું, જમીનમાં દાટવું
ધરાબ્બું (ક્રિ.) ધરાવવું, અર્પણ કરવું
ધરાવું (ક્રિ.) ધરાઈ જવું, સંતોષ થવો
ધરું (નપું.) ધરું, બીજી વાર વાવવા માટેનો છોડ
ધરુંવાડિયું (નપું.) ધરું વાવવાનું ખેતર
ધરેટ (સ્ત્રી.) નજર
ધરેટાવું (ક્રિ.) નજર લાગવી
ધવરાબ્બું (ક્રિ.) ધવરાવવું
ધવરાયેલું (ક્રિ.) ધવરાવેલું
ધાબળી (સ્ત્રી.) ધાવળી, ગાયની ડોકે લટકતી ચામડી
ધાબું (નપું.) ડાઘ
ધાબ્બું (ક્રિ.) ધાવવું
ધાયમા (સ્ત્રી.) ધાવમા
ધાવણી (સ્ત્રી.) ચૂસણી, લાકડાની ચૂસણી, તૂર્તનું જન્મેલું બાળક
ધાસ્તી (સ્ત્રી.) બીક, ડર
ધાંણા (પું.) ધાણા, એક વનસ્પતિ (મસાલો)
ધાંણી (સ્ત્રી.) ધાણી શેકવાથી ફૂટેલા અનાજના દાણા
ધાંસ (સ્ત્રી.) ખાંસી
ધીજ (સ્ત્રી.) નિશાની, ઓળખ
ધીજ (સ્ત્રી.) માતાના ધૂણવામાં બોલાતો બોલ
ધુજારી (સ્ત્રી.) ધ્રુજારી, ફફડાટ
ધુધવો (પું.) ધોધ
ધુપેલ (નપું.) ધુપેલ તેલ
ધુંણવું (ક્રિ.) ધુંણવું
ધૂણી (સ્ત્રી.) ધુમાડો
ધૂણો (પું.) યજ્ઞકુંડ
ધૂતવું (ક્રિ.) છેતરવું, પડાવી લેવું
ધૂપ (પું.) અગ્નિમાં હોમવા માટેની વનસ્પતિ
ધૂપાયણું (નપું.) જુઓ ધૂપિયું.
ધૂપિયું (નપું.) ધૂપદાની, ધૂપાયણું
ધૂર (સ્ત્રી.) ધૂળ, રેતી
ધૂસ (અ.) ઝડપ, ઉતાવળ, રમઝટ
ધેધાં (પું.) જાડા રોટલા
ધેધું (વિ.) જાડું, અક્કલ વગરનું, જાડો રોટલો
ધેમું (અ.) ધીમું
ધોકલિયું (નપું.) છૂટા દંડા મારવા, મારવું
ધોકલી (સ્ત્રી.) દંડી, સોટી
ધોકાબ્બું (ક્રિ.) ધોકાવવું, ધોકા વડે મારવું
ધોકેણું (નપું.) કપડાં ધોવાનો ધોકો
ધોકો (પું.) લાકડાનો દંડો
ધોતલી (સ્ત્રી.) ટૂંકી પોતડી
ધોતિયું (પું.) ધોત્યું, ધોતી
ધોબી (પું.) ધોબી, કપડાં ધોવાનો ધંધો કરનારો
ધોબેણ (સ્ત્રી.) ધોબી સ્ત્રી
ધોરું (નપું.) ધોળું, સફેદ
ધોલ (સ્ત્રી.) તમાચો
ધોવઈ (સ્ત્રી.) ધોવાઈ, કપડાં ધોવાનું મહેનતાણું

## ન

ન (અ.) ના, નઈ, નહીં

નઈ (અ.) નહીં

નઈડી (સ્ત્રી.) છોકરી

નઈડું (નપું.) છોકરું

નઈડો (પું.) છોકરો

નકટું (વિ.) નાક વિનાનું, આબરૂ વિનાનું

નકર (અ.) નહીંતર

નકરા (અ.) પૂરેપૂરા

નકરું (અ.) સાવ, બધું જ, પૂરેપૂરું

નકળંગી (પું.) નકળંગ, નકલંકી, નકલંગી અવતાર, કલ્કિ અવતાર

નકંદવું (ક્રિ.) નિંદા કરવી, વખોડવું

નકારો (પું.) નકાર પાડવો

નકોયડો (વિ.) નકોરડો, ખાધાપીધા વિના રહેવાનો અપવાસ

નકોંમું (વિ.) કામમાં ન આવે તેવું

નક્કુર (વિ.) ભરેલું, પોલાણ વિનાનું, મજબૂત

નખ (પું.) આંગળાંના નખ

નખલી (સ્ત્રી.) કાનમાં પહેરવાનું ઘરેણું

નખલી (સ્ત્રી.) નાની રાંપી

નખલો (પું.) રાંપી, ચામડું કાપવાની ઊભી છરી

નખેતર (પું.) નક્ષત્ર

નખેદ (વિ.) હલકટ, નક્કામું

નખ્ખોદ (નપું.) વંશવેલો ના રહેવો

નખ્ખોદિયું (વિ.) નિર્વંશ જનારનું ધન

નગરું (નપું) કીડીનું દર; નગરાં (બ.વ.)

નગોડ (વિ.) નાગું, આબરૂ વિનાનું

નગોડ (નપું.) એક વનસ્પતિ

નજરબુટિયાં (નપું.) બાળકને હાથે પહેરાવાતા કાળા-પીળા મણકા

નજરિયું (નપું.) બાળકને નજર ન લાગે તે માટે પહેરાવવામાં આવતી કાળા કાચની બંગડીઓ

નઠારું (વિ.) નાલાયક, નુકસાન પહોંચાડે તેવું

નણી (સ્ત્રી.) નખ કાપવાનું સાધન

નધણિયાતું (વિ.) માલિક વિનાનું, ધણી વિનાનું

નફકરું (વિ.) ચિંતા વિનાનું

નબરું (વિ.) નબળું

નભઈ (વિ.) ભાઈ વિનાની

નભઈ (ક્રિ.) નિભાવી

નભાબ્બું (ક્રિ.) નિભાવવું

નભાયું (વિ.) નિભાવ્યું, સહકાર આપ્યો

નમણું (વિ.) રૂપાળું, ઘાટીલું

નમવું (અ.) નમવું, નીચા વળવું, નમસ્કાર કરવા, નમ્ર થવું, તાબે થવું, શરણે જવું

નયણો કોઠો (વિ.) એકદમ ખાલી પેટ, નરણો કોઠો

નરમ (વિ.) ઢીલું, પોચું

નરમાવું (ક્રિ.) નરમ થવું, ઢીલા પડવું

નરમાસ (સ્ત્રી.) નમ્રતા

નરવું (વિ.) તંદુરસ્ત

નરસંગ (પું.) નરસિંહ, નારસિંહ

નરાતાર (અ.) પૂરેપૂરું

નલજ (વિ.) લાજ વિનાનું નિર્લજ્જ

નવકળી (સ્ત્રી.) નવ કળીની ધજા

નવટાંક (નપું.) શેરનો આઠમો ભાગ, વસ્તુના વજનનો જૂનો દેશી પરિમાણ

નવરાબ્બું (ક્રિ.) નવરાવવું, સ્નાન કરાવવું

નવરું (વિ.) કામ વિનાનું

નવસેકું (વિ.) હૂંફાળું, થોડુંક ગરમ

નવાણિયું (નપું.) નાવણિયું, પાણી ગરમ કરવાનું પાત્ર

નવેરી (સ્ત્રી.) નવેળી, નેળ, બે દીવાલો વચ્ચેથી પસાર થતો રસ્તો

નવેલી (સ્ત્રી.) નવી, યુવાન

નહકોરું (નપું.) નાક, નસકોરું

નળો (પું.) ઘૂંટીથી ઢીંચણ સુધીનો પગનો ભાગ, કાંઠલો

નંદયું (ક્રિ.) તોડ્યું

નંદાબ્બુ (ક્રિ.) નંદાવવું, તોડાવવું

ના (ક્રિ.) નાહવું, નાહી લેવું

નાઈઓ (સ્ત્રી.) લોખંડની પોલી નળીઓ

નાકું (નપું.) કાણું, નાકું, ઝાંપો

નાકોડી (સ્ત્રી.) નાક

નાકોડું (નપું) નાક

નાગું (વિ.) ઉઘાડું, કપડાં પહેર્યાં વિનાનું, આબરૂ વિનાનું

નાઠું (ક્રિ.) દોડ્યું, ભાગ્યું

નાડી (સ્ત્રી.) નાડ, રગ, નસ

નાડું (નપું.) દોરી, ઘાઘરાના નેફામાં--ખોલમાં પરોવેલી દોરી

નાણવું (ક્રિ.) ચકાસવું, પરીક્ષા કરવી

નાણું (નપું.) નાણાં, પૈસા, ચલણ

નાત (સ્ત્રી.) જાતિપંચ, જાતિ

નાતરિયું (વિ.) નાતરાનું

નાતરું (નપું.) સાજનું, બીજી વારનું લગ્ન

નાથ (સ્ત્રી.) ધોવાણ અટકાવવા બાંધેલી પાળ

નાથ (સ્ત્રી.) નકેલ ઊંટ, બળદ વગેરે પ્રાણીઓનાં નાકમાં પાડેલ કાણું, કાણામાં પરોવેલ રસી

નાયક (સ્ત્રી.) ભવાઈ કરનાર એક જાતિ

નાયણ (પું.) નારાયણ

નારી (સ્ત્રી.) નાસ્તો

નાલ (પું.) ન્યાલ

નાવોર (પું.) નાર, વરુ

નાસી (ક્રિ.) નાખી, ભાગી

નાહ (અ.) દોડ

નાહ (સ્ત્રી.) નાક વડે શ્વાસમાં વરાળ લેવી

નાહવું (ક્રિ.) દોડવું

નાળ (સ્ત્રી.) માટીની પોલી નળી, (નપું.) નાળચું, નળિયું

નાળવા (પું.) ઘઉંના છોડનાં રાડાં

નાળેલ (નપું.) નાળિયેર

નાંદ (સ્ત્રી.) નસની રસી

નીમ (સ્ત્રી.) નિયમ, પ્રતિજ્ઞા, ટેક

નીયાય (પું.) ન્યાય

નુંખવું (ક્રિ.) લૂછવું, ભૂંસવું

નુંગરું (વિ.) ગુરુ વિનાનું

નુંતરું (નપું.) નિમંત્રણ

નુંધવું (ક્રિ.) નોંધવું

નુંધાબ્બું (ક્રિ.) નોંધાવવું

નુંધારું (વિ.) ઉઘાડું, રક્ષણ વિનાનું

નુંસણું (ક્રિ.) અણવારવું

નેકરવું (ક્રિ.) નીકળવું, નેહરવું (2) નેકળ્યો (અ.) નીકળ્યો

નેજવું (ક્રિ.) આંખ ઉપર હથેળીની છાજલી કરીને જોવું

નેજો (પું.) જુદા જુદા રંગની નવ (નવકળી) ધજાઓ સળંગ સીવીને એક વાંસમાં ભેરવવામાં આવે છે. (રામાપીરનો 'નેજો' કહેવાય)

નેડો (પું.) પ્રેમ, સ્નેહ

નેતરું (નપું.) વલોણાનું દોરડું

નેફો (પું.) ઘાઘરાની ઉપરનો નાડું પરોવવાનો ભાગ

નેરિયું (નપું.) નેળિયું, બે થૂવરની વાડ વચ્ચે થઈ પસાર થતો રસ્તો. નેંળ

નેહારિયાં (બ.વ.) નિશાળિયાં

નેહારિયું (નપું.) નિશાળિયું, નિશાળમાં ભણનાર

નેં (સ્ત્રી.) હોકાની નળી

નેંક (સ્ત્રી.) નીક

નેંકળ (અ.) નીકળ, નેહર, બહાર જા

નેંઘલ્યું (ક્રિ.) અંકુર ફૂટ્યા

નેંચું (વિ.) નીચું, હલકું

નેંઠવું (ક્રિ.) ખાલી થવું, ઓછું થવું

નેંઠ્યું (ક્રિ.) ઓછું થયું

નેંતરવું (ક્રિ.) નીતરવું

નેંતારવું (ક્રિ.) નિતારવું

નેંદર (સ્ત્રી.) નીંદર

નેંદવું (ક્રિ.) નીંદવું, ખેતરમાંથી વધારાના છોડ, ઘાસ ખેંચી કાઢવાં

નેંદામણ (નપું.) નીંદામણ

નેંધણિયું (વિ.) હરાયું, ધણી વિનાનું, રખડેલ

નેંનડ (પું.) નાનો સાળો

નેંપજવું (ક્રિ.) નીપજવું, પેદા થવું

નેંબળવું (ક્રિ.) પાકું થવું

નેંભાડો (પું.) નિભાડો

નેંમોણું (નપું.) ગરીબડું

નેંમોણો (વિ.) ગરીબડો, દયાજનક

નેંહકવું (ક્રિ.) નસીકવું, નાક સાફ કરવું

નેંહર (અ.) નીકળ

નેંહરવું (ક્રિ.) નીકળવું

નેંહાર (સ્ત્રી.) નિશાળ

નેંળ (સ્ત્રી.) નવેળી

નોખું (અ.) જુદું

નોરતું (નપું.) નોરતું, (બ.વ.) નોરતાં

નોળિયો. (પું.) એક નાનું પ્રાણી

ન્યોમ (અ.) થોડુંક, નાનું, લગીર

## પ

પઈ (સ્ત્રી.) પાઈ, રૂપિયાનો એકસો બાણુંમો ભાગ (જૂનું નાણું)

પકડ (અ.) પકડવું

પકવોંન (પું.) પકવાન, મીઠાઈ

પક્કાબ્બું (ક્રિ.) પકાવવું, પાકા કરવું, બાળકોની રમતમાં પાકા કરવાની ક્રિયા

પખાલ (સ્ત્રી.) પાણી ભરવાની ચામડાની મસક

પખાલી (પું.) પખાલવાળો માણસ

પગથારિયું (નપું.) પાવઠું, પગથિયું

પગલું (નપું.) શોક્યના ગળામાં પહેરવાનો

સોનાનો દાગીનો

પજે (અ). પગે

પઝ્ઝબ્બું (ક્રિ.) પરેશાન કરવું

પટિયાં (નપું.) સરખા વાળ હોળવા

પટોળું (નપું.) પટોળું, એક પ્રકારનો રેશમનો સાડલો

પટ્ટો (પું.) ચામડાનો પટો

પઠ્યમ્ (અ.) -ની જેમ, પેઠે

પડ (અ.) પડવું

પડખઉ (વિ.) કામ કર્યા વિના જમનાર, મફતનું ખાનાર

પડધી (સ્ત્રી.) પેલ્લી, પાળ

પડવા (પું.) ઊપણતી વખતે કપડા વડે નાખવામાં આવતી હવા

પડવે (સ્ત્રી.) ગુજરાત મહિનાઓનો પહેલો દિવસ

પડા (પું.) હાડકાં (પડા તોડવા : હાડકાં ભાંગવા)

પડાપૂસ (સ્ત્રી.) પૂછપરછ, પૂછતાસ, લેવાદેવા

પડાર (પું.) ઢાળ, કૂવા પાસે બળદને કોસ ખેંચતા ચાલવાની જગ્યા

પડાળી (સ્ત્રી.) ઓસરી, પડાળ

પડો (પું.) પડીકું, તમાકુની બાંધેલી જૂડી

પડો (ક્રિ.) પડી જાવ

પણસ (સ્ત્રી.) ડાઢેણ, પનો કડક રાખવાની પટ્ટીઓ

પણઝા (પું.) ભણકાર, પડઘા

પત (સ્ત્રી.) આબરૂ

પતરંગું (નપું.) એક પંખી

પતરપુરિયું (વિ.) પાત્રમાં ભિક્ષા લેનાર, દાન લેનાર, રાવળ

પતાહું (નપું.) પતાસું

પતિયું (વિ.) કુષ્ઠરોગી

પત્તર (સ્ત્રી.) આબરૂ (પરેશાન)

પત્તો (પું.) ઠેકાણું

પથારો (નપું.) ઢગલો, બધી વસ્તુઓ ભેગી રાખવી

પદપદારો (પું.) બબડાટ, ચર્ચા

પદાબ્બું (ક્રિ.) પદાવવું, ગદાવવું, મોડે સુધી રમતનો દાવ લેવો, થકવી નાખવું

પદાયો (અ.) થકવ્યો, હેરાન કર્યો

પધરાબ્બું (ક્રિ.) ખોટી વસ્તુ આપવી, બારોબાર આપવું

પધરાયું (અ.) આપી દીધું, આપ્યું

પધરોંમણી (સ્ત્રી.) પધરામણી, આગમન, સંત પુરુષનું આવવું

પનુતી (સ્ત્રી.) પનોતી, દશા

પનો (પું.) કાપડની પહોળાઈનું માપ

પનો (પું.) ગજું, હિંમત

પમદાડો (પું.) બીજો દિવસ, આવતી કાલ પછીનો દિવસ

પરખોંમણી (સ્ત્રી.) ઓળખ થવી, સમજાવવું

પરજીયો (પું.) છાજિયો, પરજ્યો, પણજિયો, રાજિયો

પરદો (પું.) પડદો

પરપોટિયું (વિ.) ઢીલું, તરત નાશ પામે તેવું

પરપોટો (પું.) પરપોટો, હવાથી પ્રવાહીમાં

થતો ફુગ્ગો-બુદબુદ (સ્ત્રી.) પરપોટી

પરબ (સ્ત્રી.) મુસાફરની પાણીની તરસ છિપાવવા ધર્માદા જગ્યા

પરબ (નપું.) તહેવાર

પરબડી (સ્ત્રી.) પરબડી, પંખીઓને પાણી પીવા કે દાણા ચણવા માટે પાણી ભરેલું કે દાણા નાખેલું પાત્ર જાહેરમાં લટકાવવું તે

પરબલું (નપું.) તહેવાર વખતે વસવાયાને અપાતું જમણ, પરબ

પરભારું (અ.) બારોબાર, પરબારું

પરમોંણું (નપું.) માપ, યોગ્ય; પ્રમાણ, માપસર

પરસ્યાદ (પું.) પ્રસાદ

પરહાર (સ્ત્રી.) ઓસરી, પરસાળ

પરાંણ (પું.) પ્રાણ, જીવ

પરાંણી (અ.) જબરજસ્તી, પરાણે, મહામહેનતે

પરાર (સ્ત્રી.) ત્રીજું વર્ષ

પરાળ (નપું.) ડાંગરનું ભૂસું

પરિયાં (નપું.) માથાના સફેદ વાળ

પરું (નપું.) પાંચ, ગામનું નાનું ઉપગામ

પરુંણો (પું.) મહેમાન

પલાળવું (ક્રિ.) પલાળવું, ભીનું કરવું

પલીત (પું.) ભૂત

પલીતો (પું.) ગંદો, ગંદકી

પલુંઠી (સ્ત્રી.) પલાંઠી, પાલોંઠી

પલોટવું (ક્રિ.) યોગ્ય રીતે તૈયાર કરવું

પલોંણ (નપું.) ઘોડાનું પલાણ

પલોંણવું (ક્રિ.) સવારી કરવી

પલ્લી (સ્ત્રી.) ખોબો, સ્ત્રીઓ સાડી પહેરતાં સાડીને કમરે પહેરતાં જે પાટલી પાડે છે તે, માતાજીનો રથ કાઢી કુંડમાં ઘી હોમવાની ક્રિયા

પવાયો (પું.) જુઓ પવૈયો.

પવૈયો (પું.) પવઈ, પવાયો, હીજડો

પસળાવું (ક્રિ.) પછડાવું

પસાળવું (ક્રિ.) પછાડવું

પસી (અ.) પછી

પસીત (સ્ત્રી.) પછીત

પસેળી (સ્ત્રી.) પછેડી

પસેળો (પું.) પછેડો, ઓઢણી

પંકાબ્બું (ક્રિ.) પ્રસિદ્ધ થવું

પંકાયું (ક્રિ.) વખણાયું.

પંગત (સ્ત્રી.) ઓળબંધ, એકહાર

પંચ (નપું.) પાંચ માણસોનું જૂથ, જ્ઞાતિપંચ, કાણું પાડવાનો ખીલો.

પંચાત (સ્ત્રી.) પંચાયત, ચર્ચા કરવી

પંજેટી (સ્ત્રી.) ખેડૂતનું એક સાધન

પંજેત (સ્ત્રી.) પાંગોત, ખાટલાનો પગ તરફનો ભાગ

પંજેળવું (ક્રિ.) હેરાન કરવું

પંજેળી (અ.) હેરાન કરી

પા (ક્રિ.) પિવડાવો

પા (પું.) ચોથો હિસ્સો

પા (પું.) સડેલો પાતળો ગોળ, રસી

પાઇટવું (ક્રિ.) ધોતી/રૂમાલ પહેરવા

પાઇટીયું (નપું.) નાહવા-ધોવાનો રૂમાલ

પાક (પું.) પાકેલું અનાજ

પાકઈ (વિ.) પક્કાપણું, હોશિયારી

પાક્કું (વિ.) ન છેતરાય તેવું, પાકું
પાગ (સ્ત્રી.) પાઘડી
પાગડું (નપું.) પાઘડું, ફાળિયું
પાચ (નપું.) (ગૂમડાનું) પરુ
પાજણું (નપું.) તાણો સરખો કરવાની ક્રિયા
પાટલો (પું.) લાકડાનું બેસણું
પાટિયારો (પું.) પાટી ભરેલો ખાટલો
પાટી (સ્ત્રી.) ભાગ
પાટી (સ્ત્રી.) ખાટલો ભરવાની પાટી
પાટી (સ્ત્રી.) લખવાની પાટી
પાટું (નપું.) લાત
પાઠું (નપું.) ચાંદું, પાઠું
પાડરું (નપું.) પાડું, ભેંસનું બચ્ચું
પાથૈણું (નપું.) પાથરણું
પાદવું (ક્રિ.) વાછૂટ થવી, વા હરવો
પાદું (નપું.) પાદ, વાછૂટ
પાધરા (અ.) સીધા, બારોબાર
પાન (નપું.) મુખવાસનું પાન
પાપડી - (સ્ત્રી.) બાવળની પાપડી
પાયણું (નપું.) પારણું
પાયલાગણ (વિ.) પગે લાગવું
પાયલું (નપું.) ચાર આના, પાવલી
પાયો (પું.) ખાટલાનો પાયો
પાર (પું.) અંત, સામો કિનારો, આરપાર
પારખું (નપું.) ચકાસણી, પરીક્ષા
પારે (પું.) કિનારે
પારેવું (નપું.) કબૂતર
પારો (નપું.) કિનારો, સ્થાન,
પાલબ્બુ (ક્રિ.) પાલવવું, પાળવું, નિભાવવું
પાલવું (ક્રિ.) નવરા થવું,
પાલસી (સ્ત્રી.) પાલખી, ઠાઠડી
પાલુ (નપું.) નવરો થાઉં
પાલેવ (પું.) પાલવ, છેડો
પાલોક (પું.) માંચડો, પાલક, મંચ
પાવઠું (નપું.) પગથિયું, પાવઠડું
પાવડી (સ્ત્રી.) લાકડાની ચાખડી
પાવડી (સ્ત્રી.) સાળની ચાખડી
પાવડો (પું.) માટી ખેંચવાનું લોખંડનું સાધન
પાવલું (નપું.) પ્યાલું
પાવલું (પું.) પગનાં ચંપલ, સપાટ
પાવું (ક્રિ.) પિવડાવવું, ટોવું
પાવો (પું.) વાંસળી
પાશેર (પું.) શેરનો ચોથો ભાગ; પાશેરો, પાશેરિયો (વજનનું દેશી પરિમાણ)
પાહટવું (ક્રિ.) મારવું, પાડી દેવું
પાહણ (અ.) પાસે, નજીક
પાહન (વિ.) પછીનું, મોડું, પાછોતરું, અષાઢ પછીનું વાવેતર
પાહલી (સ્ત્રી.) પાસલી, ખોબો, પસલી
પાહવું (ક્રિ.) પાસવું, ઉતારવું, (દોરડું બાંધી ઘડો, ડોલ વગેરે કૂવામાં ઉતારવાં)
પાહું (નપું.) પાસું, પાસ, રંગ લાગવો, અસર થવી
પાહો (પું.) ફાંસો, પાસો, છટકું
પાહોળી (સ્ત્રી.) પાંસળી, પાહવાળી
પાળો (પું.) પાળ (ખેતર / ક્યારાની પાળ)

પાંખ (સ્ત્રી.) પંખીની પાંખ

પાંખ (સ્ત્રી.) મદદ, સાથ

પાંખોર (સ્ત્રી.) છેડો કાઢેલું, બાજુમાં હોવું

પાંગોથ (સ્ત્રી.) પાંજેત, ભરેલા ખાટલાનો પગ તરફનો ભાગ

પાંચિયા (પું.) પાંચીકા, કૂકા, છોકરીઓની રમતના પથ્થરના ટુકડા

પાંચો (પું.) પાંચે આંગળે પહેરવાનું ઘરેણું

પાંચો (ક્રિ.) પહોંચો

પાંચો (ક્રિ.) મળી જાવ

પાંણ (નપું.) ખેં, ખેર, કાંજી

પાંણી (નપું.) પાણી, હિંમત

પાંણોત (નપું.) પાણી વાળવું

પાંન (નપું.) મુખવાસનું પાન

પાંનું (નપું.) પત્તું, પાન, પાંદડું

પાંનેતર (નપું.) પાનેતર, લગ્નનો સાડલો

પાંનો (પું.) છાતીમાં દૂધ ભરાઈ જવું, હિંમત

પાંન્યો (ક્રિ.) માની જવું, (નપું.) પાન નામનું ઘાસ

પાંસરા (વિ.) જવાબદાર, સીધા, સમજદાર

પિતરઈ (પું.) પિત્રાઈ

પિતળ (નપું.) પિત્તળ, એક ધાતુ

પિપૂળી (સ્ત્રી.) પિપૂડી

પિયોર (નપું.) પિયર

પિલાબ્બું (ક્રિ.) કચડવું, દબાવવું

પિલાવું (ક્રિ.) કચડાવું, દબાવું

પીટ્યું (વિ.) નખ્ખોદિયું, મૂવું, પીટ્યા (પું.બ.વ.) નખ્ખોદિયા

પીઠ (સ્ત્રી.) બરડો (બયડો)

પીઠી (સ્ત્રી.) લગ્નની હળદર

પીઠું (નપું.) દારૂની દુકાન, લાકડાની દુકાન

પીડ (સ્ત્રી.) દર્દ, પીડા, દુ:ખ

પીર (પું.) પીર, મુસ્લિમ સંત

પીરહા (પું.) પીરસા, ભાથું, શુભ પ્રસંગે જમવા ન જનારને ભાથું મોકલવું તે

પીલવું (ક્રિ.) કચરવું

પીલુ (નપું.) પીલુડીનાં ફળ

પીલુડી (સ્ત્રી.) વગદો, એક વૃક્ષ

પુત (પું.) દીકરો, યોનિ

પુન (નપું.) પુણ્ય, દાન

પુનારથ (વિ.) પૈસાનું દાન

પુનારથી (વિ.) પૈસાનું દાન કરનાર

પુમ (સ્ત્રી.) પૂમ, રજોટી, રૂની રજ

પુસ (સ્ત્રી.) પૂછ, ધાર્મિક ક્રિયામાં થતી પૂછપરછ

પુંખ (પું.) પોંક, પૂંક

પુંસગંધ (વિ.) ખણખોદ કરવી

પૂરણપોળી (સ્ત્રી.) એક વાનગી

પેટ (નપું.) પેટ

પેટવું (વિ.) ખાઉધરું, એકલપેટું

પેલ્લી (સ્ત્રી.) ટોડલી, પેઢલી, માટીનો પિંડ

પેલ્લું (નપું.) પહેલું, ફીંડલું

પેલ્લો (પું.) માટીનો પિંડ

પેંડલી (સ્ત્રી.) તૈયાર તમાકુની પિંડી, પેંડી

પેંડાર (પું.) ઢોર ચરાવનાર, પેંડારિયું (નપું.)

પેંડી (સ્ત્રી.) જુઓ પેંડલી.

પેંધવાડવું (ક્રિ.) આદત પાડવી

પેંધવું (ક્રિ.) આદત પડવી

પેંધો (વિ.) આદત પડેલ (જણ)

પેંપરી (સ્ત્રી.) પીંપળ

પેંપળો (રો) (પું.) પીંપળો

પેંસું (નપું.) પીંછું

પેંહ (અ.) ઘૂસ, અંદર જા.

પેંહવું (ક્રિ.) પેસવું, ઘૂસવું, અંદર આવવું

પૈડા (પું.) બાવળના કચૂકા, બી

પૈણવું (ક્રિ.) પરણવું, લગ્ન કરવાં

પૈણાબ્બું (ક્રિ.) પરણાવવું, લગ્ન કરાવવાં

પૈણાયું (ક્રિ.) પરણાવ્યું

પૈણાયું (નપું.) પરણાયું, કોડિયું

પૈનો (વિ.) પાઈનો, કિંમત વિનાનો

પૈરું (નપું.) પૈડું, પૈરાં-પૈડાં (બ.વ.)

પોચકાં (નપું.) ડર

પોચકું (નપું.) છાણનો નાનો પોયલો, પોદરો

પોઠિયો (પું.) મહાદેવનો પોઠિયો, આખલો (પોચકાં મૂકવાં : ડરી જવું)

પોથ (સ્ત્રી.) દાંત રંગવા, (નપું.) પતિના મૃત્યુ પછી સ્ત્રીનાં કપડાં બદલાવવાં.

પોયલો (પું.) પોદળો, છાણ

પોહવું (ક્રિ.) નિભાવવું, પાળવું

પોળિયો (પું.) દંડાધારી દરવાન, ચોકીદાર, પોઠિયો, રક્ષક

પોળી (સ્ત્રી.) પરોઠા, રોટલો, પૂરણપોળી

પૉંચ (સ્ત્રી.) પહોંચ, હિંમત, પાંચ

## ફ

ફઈ (સ્ત્રી.) ફૂઈ, પિતાની બહેન

ફકાબ્બું (ક્રિ.) ફકાવવું

ફક્કાબારું (નપું.) ચારે બાજુથી ઉઘાડું

ફગફગ (વિ.) ખૂબ ગંદું

ફગફગવું (ક્રિ.) અસ્તવ્યસ્ત થયેલું, ઊભરાઈ ગયેલું

ફટ (અ.) તિરસ્કારનો શબ્દ

ફડક (સ્ત્રી.) સાડીનો છેડો, ડર, બીક

ફડફડ (અ.) ગભરાવું, ફડફડવું

ફદફદવું (ક્રિ.) સડવું

ફરકડી (સ્ત્રી.) ચકરડી, બાળકોનું રમકડું

ફરતેલ (વિ.) રખડેલ, ચરિત્રહીન

ફરફોલ્લો (પું.) દાઝવાથી થયેલો ફોલ્લો, ફોડલો

ફરરું (નપું.) પાટિયું

ફસ્સ (અ.) એક પ્રકારનો અવાજ

ફહડવું (ક્રિ.) છૂટી પડવું, લપસી પડવું

ફળફળતું (ક્રિ.) ઊકળતું, ગરમ

ફળી (સ્ત્રી.) સીંગ (દા. ત. વાલની ફળી)

ફંદ (સ્ત્રી.) અવિતરાઈ, નખરા

ફંદો (પું.) ગાળિયો, ફાંસો

ફાકબું (ક્રિ.) ફાકવું

ફાકું (નપું.) કાણું

ફાગ (પું.) ફાગણનાં ગીત, નવરા હોવું

ફાચરું (નપું.) લાકડાનું ફાડિયું, લાકડાના ચીરેલા ગોળ ટુકડા, ફાચોર

ફાચોર (સ્ત્રી.) જુઓ ફાચરું.

ફાટ (સ્ત્રી.) તિરાડ, ચીરો

ફાટવી (ક્રિ.) ડર લાગવો

ફાટેલ (વિ.) નઠારું, નક્કામું

ફાડ્યું (અ.) ફાડી નાખવું

ફાડ્યું (અ.) ગાળ

ફાતડો (પું.) માતાજી, હીજડો, ખસી કરેલ પુરુષ

ફારગતી (સ્ત્રી.) છૂટાછેડા

ફાવડી (સ્ત્રી.) અગનપંખી, ઘુવડ, નિશાચર પંખી

ફાસ (વિ.) ઝડપથી

ફાંક (વિ.) ગપ્પીદાસ, બટકબોલું

ફાંટ (સ્ત્રી.) ઝોળી, સાડલાનો છેડો કમરે ખોસી ઝોળી બનાવવી

ફાંદ (સ્ત્રી.) ફાંદ, મોટું પેટ

ફાંહ (સ્ત્રી.) ફાંસ, ચીપ

ફાંહલો (પું.) છટકું, ફાંસલો

ફાંહવું (ક્રિ.) તોડફોડ કરવી, ચીરવું, ફાંસવું, ફસાવવું

ફાંહો (પું.) ફાંસો, ગાળિયો, પાસો

ફુલેકું (નપું.) સ્ત્રીનું સામૈયું

ફૂકણી (સ્ત્રી.) પોલી ભૂંગળી

ફૂદાં (નપું. બ.વ.) પતંગિયાં

ફૂદેડી (સ્ત્રી.) ફુદરડી

ફૂમતિયાળ (વિ.) ફૂમતાં લટકાવી શણગારેલું

ફૂમતું (નપું.) બનાવટી ફૂલ

ફૂલેલું (ક્રિ.) ફૂલી ગયેલું, ઢમઢોલ

ફૂસ (સ્ત્રી.) બદનામી, આળ, ફૂસી

ફૂસ (સ્ત્રી.) હવા નીકળી જવી, ઢીલા થઈ જવું

ફૂસી (સ્ત્રી.) જુઓ ફૂસ.

ફૂંક (સ્ત્રી.) ફૂંક, મોંથી હવા ફેંકવી

ફૂંગરાબ્બું (ક્રિ.) ફૂંગરાવવું, ગુસ્સે કરવું

ફૂંગરાવું (ક્રિ.) ગુસ્સે થવું

ફેણવું (ક્રિ.) તારણ કાઢવું, મેળવવું, ચર્ચા કરવી

ફેફરું (નપું.) ફેફસું, રોગનું નામ

ફેર (પું.) ચક્કર (અ.) ફરીથી

ફેરફૂદેડી (સ્ત્રી.) ફેરફુદરડી, રમતનું નામ

ફેરબ્બું (ક્રિ.) ફેરવવું

ફેરો (પું.) આંટો, વારો, ચક્કર

ફેલ (પું.) ખરાબ કૃત્ય, અવળચંડાઈ

ફેં ફાટવી (સ્ત્રી.) ધાક હોવી, ડર લાગવો

ફેં ફાટ્યે (અ.) સવારે

ફેંકવું (ક્રિ.) નાખવું, ફેંકવું

ફેંચવું (ક્રિ.) ધમકી આપવી. (થાય તે કરી લે)

ફેંચાવું (ક્રિ.) દૂર ચાલ્યા જવું

ફેંડલું (નપું.) ફેલ્લું, પિંડલું, પીલ્લું

ફેંડવા (નપું.) જેંડવા, કપાસ/આકડાના ડોડા (કેરી)

ફેંડવું (ક્રિ.) ચુકવણી કરી આપવી, આપવું

ફેંદવું (ક્રિ.) શોધવું, ખોળવું, ફીંદવું

ફેંફાટ (વિ.) બેફામ, કહ્યામાં ન હોવું

ફોડવું (ક્રિ.) તોડવું

ફોદા (પું.) ઝીણા ટુકડામાં વહેંચાઈ જવું

ફોરવું (ક્રિ.) ગંધાવું

ફોરી (સ્ત્રી.) સરળ, હલકી, વજન વિનાની

ફોરું (નપું.) વરસાદનું ટીપું

ફોલ્લી (સ્ત્રી.) ફોડકી, નાનું ગૂમડું

ફોલ્લો (પું.) ફોડલો

ફોલ્વું (ક્રિ.) ફોલવું, ખોલવું, ઠોલવું

ફોહલાબ્બું (ક્રિ.) ફોસલાવવું, રાજી કરવું

ફોરું (વિ.) વજન વિનાનું, હલકું

## બ

બઈ (સ્ત્રી.) માડી, મા

બઈજી (સ્ત્રી.) સાસુ

બઈણી (સ્ત્રી.) બરણી

બકવા (વિ.) બકવાસ, લવારો

બકાબ્બું (ક્રિ.) બકાવવું, જુઠ્ઠું કહેવું

બકાયું (પું.) છેતર્યું

બકારી (વિ.) સૂગ થવી, ઊબકા આવવા

બકાલ (પું.) શાકપાંદડું વેચનાર

બખડિયું (નપું.) બકડિયું, કડાંવાળી તાંબાકૂંડી

બખા (વિ.) ખૂબ આનંદ, જલસા, મોજ

બખારું (નપું.) કાણું, બાકું, બાખું

બખાળો (પું.) બખેડો, બોલાચાલી, ઝઘડો

બખોલ (સ્ત્રી.) પોલ, આરપાર ન હોય તેવું ખોદાણ, પોલાણ

બગઈ (સ્ત્રી.) બગાઈ, એક જીવાત

બગદો (પું.) કચરો, ગંદગી

બગદોઈ (વિ.) બૂરાઈ

બગરો (પું.) બગડો

બગલ (સ્ત્રી.) કાખ, બગલ

બગલઈ (સ્ત્રી.) કાખબલાઈ, બગલમાં થતું ગૂમડું

બચકું (નપું.) નાનું પોટલું

બચબચ (અ.) ધાવવાનો અવાજ

બચી (સ્ત્રી.) ચુંબન, બચી ગયેલું

બચ્ચારું (વિ.) બિચારું

બજાણિયું (નપું.) બજાણિયા જાતિનું

બઝાડવું (સ્ત્રી.) પરાણે આપવું

બટ (નપું.) ડાઘ, બટ્ટો, (વિ.) આબરૂ ખોવી

બટકણ (વિ.) તૂટી જાય તેવું, બટકાળ

બડ (સ્ત્રી.) ગાંડ, બુંલું

બડબોટિયો (પું.) મશાલ, મેરાયું

બડમૂસિયો (વિ.) મૂછ વિનાનો, અપશુકનિયાળ

બડૂકો (પું.) ખાતાં અવાજ થાય તેવું કડક માંસ, કૂરચા

બતાબ્બું (ક્રિ.) બતાવવું, દેખાડવું

બત્યક (સ્ત્રી.) બતક, પાણી ભરવાનો કૂજો, ભોટવો

બદફેલ (વિ.) દુરાચાર, ખરાબ કૃત્ય

બધવાર (પું.) બુધવાર

બધેભારે (અ.) નામ દીધા વિના

બનાત (સ્ત્રી.) શાલ, ઊનનો ધાબળો

બનેવી (પું.) બહેનનો પતિ

બફાટ (પું.) એલફેલ, બોલવામાં વિવેક ન હોવો, બોલી બગાડવું

બમણાટ (પું.) ગણગણાટ

બમેણ (સ્ત્રી.) જીવાત, બૂમેણ

બરબોટી (સ્ત્રી.) સ્તનની દીંટડી

બરસવું (ક્રિ.) બરસી નાખવું, કાપી નાખવું

બરસી (ક્રિ.) કાપવું (સ્ત્રી.) છરી (પું.) હથિયાર - ભાલો

બરસો (પું.) મોટો છરો

બરાસ (નપું.) બ્રશ, કૂચડો

બરેમ (વિ.) બરામ, તોફાની, ન માને તેવું

બલા (સ્ત્રી.) આફત, માથે પડેલું

બલ્યાળિ (સ્ત્રી.) બિલાડી

બલ્યાળો (પું.) બિલાડો

બલ્લિયાં (નપું.) બલોયાં

બહરું (નપું.) બેવડું, બેતારું

બળવો (પું.) પંચ વચ્ચે વખાણ કરનાર નાયક

બળિ (સ્ત્રી.) બરી, દૂધની વાનગી

બંગ (વિ.) ગપોડી

બંટી (સ્ત્રી.) એક હલકું અનાજ

બંદલો (પું.) ભાઈ

બંદલો (અ.) બંધી હોવી, વહેવાર બંધ કરવો

બંધાણી (વિ.) આદતવાળો, ટેવવાળો

બંધી (સ્ત્રી.) બહિષ્કાર, અટકાવવું

બાકર (નપું.) બકરાં

બાકળા (પું.) ટોઠા, બાફેલું ધાન

બાકું (નપું.) કાણું, બાખું

બાખા (પું.બ.વ.) કાણાં, બાકા

બાજ (પું.) એક પંખી, શકરોબાજ

બાજરી (સ્ત્રી.) એક અનાજ

બાટ (નપું.) વજનિયાં, કાટલાં

બાટી (સ્ત્રી.) ઠેઠાં, જાડા રોટલા

બાટું (નપું.) હલકું અનાજ, બાવટો

બાડું (નપું.) બાડું, ત્રાંસી નજરે જોતું

બાઢું (નપું.) યોગ્ય ન લાગવું

બાતલ (વિ.) નક્કામું

બાથ (સ્ત્રી.) બાથ, બે હાથથી પકડવું

બાદર (પું.) બહાદુર

બાધા (સ્ત્રી.) આખડી, માનતા

બાપુજી (અ.) બાપદાદાની મિલકત

બાપો (પું.) પિતા

બાબરિયું (નપું.) દારૂ ગાળવાનું માટલું

બાબરી (સ્ત્રી.) માથાના વાળ (જન્મ વખતના)

બામણી (સ્ત્રી.) ભરામણી, બ્રાહ્મણી

બાયડી (સ્ત્રી.) પત્ની, સ્ત્રી

બાયણ (નપું.) લાકડાં, બળતણનાં લાકડાં

બાયણું (નપું.) બારણું

બાયણે જવું (ક્રિ.) લાકડાં વીણવા જવું

બાયણે (અ.) બહાર

બાયલો (પું.) નપુંસક, ડરપોક

બાર (અ.) બહાર, બાયણે

બારમું (નપું.) પ્રેતભોજન (મૃત્યુના બારમા દિવસે અપાતું ભોજન)

બારું (નપું.) ઉપાય

બાલાસ (સ્ત્રી.) ધ્યાન રાખવું, દયા રાખવી

બાલેટન (પું.) બૅરિસ્ટર, મોટો માણસ

બાવટો (પું.) એક ધાન, બાટુ

બાવન્યો (વિ.) બાવન હાથ ઊંડો કૂવો, બાવનિયો

બાવેણ (સ્ત્રી.) બાવણ, બાવી

બાવોળ (પું.) બાવળ

બાળોત્યું (નપું.) બાળોતિયું, નાના બાળકને રાખવાનું કપડું

બાંધેવ (પું.) ભાઈ

બાંધો (પું.) દેખાવ, કાઠું

બાંધ્વું (ક્રિ.) બાંધવું

બિયરાબ્બું (ક્રિ.) ડરાવવું, બિવરાવવું

બિયાવું (ક્રિ.) ડરવું

બીજવર (પું.) બીજી વાર પરણનાર

બીબડી (સ્ત્રી.) બીબી, વેલ ઉપરનાં ફૂલ, બીબલી

બીયારું (નપું.) બીજ, બિયારણ

બીયું (નપું.) બીજ, ઠળિયો

બીરી (સ્ત્રી.) બીડી

બુક્કો (પું.) મૂત્રપિંડ, બુક્કા (બ.વ.)

બુલાળ (વિ.) બુંદિયાળ, અક્કરમી

બુહલું (નપું.) ધોકેણું, ધોકેયણું, કપડાં ધોવાનો ધોકો

બુંદિયાળ (વિ.) જુઓ બુલાળ.

બૂચું (વિ.) નાક વિનાનું, અડવાણું : હાથે બંગડી વિનાનું, નાકમાં ચૂની વિનાનું

બૂટ (સ્ત્રી.) કાનની બૂટ, જોડા

બૂટા (પું.) ભરત ભરેલાં ફૂલ

બૂઢિયો (પું.) મોટો વાંદરો, ટોળાનો નાયક

બૂલું (નપું.), તળિયું, ગુદા

બૂહું (નપું.) બુદ્ધિ વિનાનું

બૂહો (વિ.) બુદ્ધિ વિનાનો

બૂંગિયો (પું.) શૂરાતન ચઢાવવા માટે વગાડાતો ઢોલ

બૂંગું (નપું.) ઝાડનું ખૂબ જાડું થડ, જાડું

બૂંદ્ધું (પું.) થડ, બુંદ, ટીપું

બેકવું (ક્રિ.) બહેકવું, તોફાને ચઢવું

બેકી (સ્ત્રી.) બે, કુદરતી હાજતે જવાની સંજ્ઞા

બેજીવી (સ્ત્રી.) બે જીવવાળું, સગર્ભા

બેઠાળું (વિ.) બેઠાડું, બેસી રહેનાર, બેહકોર

બેઠેલું (ક્રિ.) સડેલું, કોહ્યેલું

બેડ (સ્ત્રી.) ચૂલાની ઉપરનો ભાગ, ચૂલાબેડ

બેડું (નપું.) ઘડો અને ચરૂડી, પાણી ભરવાનાં તાંબાનાં પાત્ર

બેદ (પું.) બે બાપનું, ફરી જનાર

બેદલાં (વિ.) જુદ્ઘાં, ફરી જનાર

બેરાંન (વિ.) ન માને તેવું, હેરાન કરનાર

બેલડી (સ્ત્રી.) જોડી, બે ટીલડીવાળું મોરપીંછ

બેલાં (નપું.) જુઓ બેલું.

બેલું (નપું.) જોડી, જોડકું

બેવડ (નપું.) બે પડ કરેલું, વાંકું વળેલું

બેસ્ય (ક્રિ.) બેસ

બેહકોર (વિ.) જુઓ બેઠાળું.

બેહણું (નપું.) બેસણું

બેહર (પું.) બે તરફનું, ફરી જનાર, અડવો

બેહવું (ક્રિ.) બેસવું, કાપડનું સડવું

બેંટ (નપું.) મૂળ, વંશવેલો

બેંટવું (ક્રિ.) તોડવું, ચૂંટવું, છોડ પરથી ઉતારી લેવું

બેંતાલા (નપું.) બેતાળાં, બેંતાળીસ વર્ષે આંખે નંબર આવવા

બૈડ (વિ.) તૂટી જાય તેવું, બરડ

બૈડો (પું.) બરડો, પીઠ

બૈયર (સ્ત્રી.) પત્ની

બોકડાદાઢિ (વિ.) બકરાદાઢી

બોકડિયો (પું.) બોકડો, બકરો

બોકડો (પું.) બકરો, બોકડિયો

બોખ (સ્ત્રી.) નહેર, તળાવ

બોચિયું (નપું.) વાંસનો ટોપલો

બોટવું (ક્રિ.) ચાખવું, પોતાનું કરી લેવું

બોટાં (પું.) માંસના ટુકડા, શાકના ટુકડા

બોડાબ્બું (ક્રિ.) બોડાવવું, વાળ ઉતરાવવા, બદનામી વહોરવી

બોતડી (સ્ત્રી.) યુવાન સાંઢણી

બોતડું (નપું.) ઊંટનું બચ્ચું

બોતડો (પું.) યુવાન ઊંટ

બોદાં (વિ.) પોચાં, ડરપોક, સડેલાં

બોબિલ (નપું.) ઠાલિયાં, બૉબિન

બોર (નપું.) બોર

બોરફૂલ (નપું.) બાવળનાં ફૂલ

બોલસા (સ્ત્રી.) ઠપકો, બોલચાલ

બોળવું (ક્રિ.) પલાળવું, બોડું કરવું

બોળીબૉમણી (સ્ત્રી.) ગરોળી જેવો જીવ

બોળું (નપું.) નાની તલાવડી

બૉંડું (વિ.) પૂંછડા વિનાનું

બૉણ (નપું.) બાણ, નિશાની

બૉંધરો (પું.) હાવૈણો, ઝરડાંનો સાવરણો

## ભ

ભઈણી (સ્ત્રી.) ભરણી, તારભરણી, ભૈણી

ભકનાળું (નપું.) મોટું બાકોરું, ભખનાળું, ગરનાળું

ભગતી (સ્ત્રી.) ભક્તિ

ભચડભચડ (અ.) ઢોરના ચાવવાનો અવાજ

ભચડાબ્બું (ક્રિ.) કચડાવવું, બે પડ વચ્ચે કચડાવું

ભચાભચ (અ.) છરી મારવાનો અવાજ

ભચેડવું (ક્રિ.) દબાવવું, દાઢો વચ્ચે કચરવું

ભજવાડ (પું.) ભંજવાડ, નુકસાન

ભજ્યું (નપું.) ભજિયું

ભટકાબ્બું (ક્રિ.) અથડાવવું, ટકરાવવું

ભટકાયું (ક્રિ.) અથડાયું

ભટૂરિયું (નપું.) કુરકુરિયું, જાડું તંદુરસ્ત કુરકુલ્યું

ભઠિયો (પું.) ભલીવાર, કાર્યદક્ષતા, સંસ્કાર

ભડ (વિ.) બહાદુર, બાદુર

ભડથોલિયું (નપું.) મરેલા નાના પ્રાણી પરથી ઉતારેલી ખાલ

ભડભડ (અ.) એકદમ, ઝડપથી

ભડભૂહ (વિ.) કડડભૂસ, તૂટી પડવું

ભડવો (પું.) હીજડો, ભાંડ, સ્ત્રીઓનો દલાલ

ભડાક (અ.) ધડાકાભેર

ભડાચિયું (નપું.) ફટાકડો, ભડાચિયાં (બ.વ.) ફટાકડા

ભડાભૂટ (નપું.) અસ્તવ્યસ્ત, વેરણછેરણ

ભણભણ (અ) માખીઓનો ગણગણાટ, એક અવાજ

ભણવું (ક્રિ.) ભણવું

ભણાબ્બું (ક્રિ.) ભણાવવું

ભતવારી (સ્ત્રી.) ભતિયારી, ભતિયારું, ભાથું લઈ આવનાર સ્ત્રી

ભદવી (વિ.) જાડી સ્ત્રી

ભદવું (વિ.) જાડું, તંદુરસ્ત

ભદવો (પું.) કદવો, માટીનો મોટો લોટો, ચરવો

ભફ (અ.) ધબ, ઝડપથી, ધફ, એકદમ

ભફલું (વિ.) તાજુંમાજું, તંદુરસ્ત

ભભકવું (ક્રિ.) દીવાનું ભપ્પ ભપ્પ અવાજ સાથે સળગવું, મોટી જ્યોત થઈ જવી, હોલાતાં પહેલાં દીવો ભભકે તે

ભભડાટ (પું.) ખખડાટ, ચણભણ

ભભડાબ્બું (ક્રિ.) ભભડાવવું, ખખડાવવું

ભભરાબ્બું (ક્રિ.) ભભરાવવું, છાંટવું, ઉમેરવું

ભભૂતી (સ્ત્રી.) ધૂણાની રાખ

ભભૂતી (સ્ત્રી.) ગુસ્સો (ભભૂતી ચઢાવવી; ગુસ્સો કરવો)

ભમભોલ (વિ.) મોટા પેટવાળું, ખૂબ જાડું

ભમરાળ (વિ.) અપશુકનિયાળ

ભમરી (સ્ત્રી.) એક જીવડું

ભમાવ્વું (ક્રિ.) ભમાવવું, ફેરવવું (ભમેડો ભમાવવો : ભમરડો ફેરવવો)

ભમેડો (પું.) ભમરડો

ભમોર (વિ.) મોટા ભમરાવાળું મધ

ભરાંખ (નપું.) પ્રાણીનું હાડપિંજર, ભરોંખ

ભરુંહો (પું.) ભરોસો, ભરૂંસો

ભલીવાર (વિ.) સમજણ, આવડત

ભવ (પું.) જન્મારો, જીવન

ભવઈ (સ્ત્રી.) ભવાઈ, તૂરીના વેશ, ભવાયાના વેશ

ભવયો (પું.) તૂરી જાતિનો પુરુષ

ભવાયો (પું.) નાયક

ભહવું (ક્રિ.) ભસવું

ભળભાંખળું (નપું.) પરોઢ, વહેલી સવાર, પરોઢિયું

ભળાબ્બું (ક્રિ.) સોંપવું, ભલામણ કરવી, ભળાવવું

ભળાંમણ (વિ.) ભલામણ, સોંપવું, ભળાવવું

ભંઠ (પું.) કાંટાવાળી વનસ્પતિ

ભંડારવું (ક્રિ.) દફન કરવું, દાટવું

ભંભોલ (વિ.) ખૂબ જાડું, ફૂલી ગયેલું

ભંભોલો (પું.) ફુગ્ગો

ભા (પું.) મોટા બાપા, દાદા, વૃદ્ધજન માટે વપરાતો સન્માનજનક શબ્દ

ભાગ (પું.) હિસ્સો, માંસનો હિસ્સો

ભાગવું (ક્રિ.) દોડવું; દસ્યુને વળ ચઢાવી રસી વણવી; તોડવું, લૂંટવું

ભાચરો (પું.) મોટું માટલું, ગોળો

ભાજ્યું (ક્રિ.) ભાગ્યું

ભાજ્યું (નપું.) ભાગિયું, હિસ્સેદાર

ભાઠું (નપું.) ચાઠું, પાઠું

ભાત (નપું.) ભાથું

ભાત (સ્ત્રી.) ચિતરામણ

ભાથડિયું (નપું.) કમાવેલું નાના પ્રાણીનું ચામડું

ભાથો (પું.) તમાકુ ભરવાનો ચામડાનો થેલો

ભાભો (પું.) રાજપૂત જાતિનો માણસ

ભાયગ (નપું.) ભાગ્ય, નસીબ

ભાયાત (પું.) કુટુંબી, પિતરાઈ

ભાયારી (સ્ત્રી.) ભાઈપો, ભાઈનો સંબંધ

ભાર (પું.) વજન

ભારવટ (પું.) મોટો પાટડો, ઓસરીનું વજન જેના પર ઝિલાય તે પાટડો

ભારવું (ક્રિ.) રાખમાં સંતાડવું, છુપાવવું, દાટવું

ભારો (પું.) ઘાસ, લાકડાનો ભારો, ભારોટિયું

ભાલો (પું.) એક હથિયાર

ભાલોડું (નપું.) તીર, એક હથિયાર

ભાવ (પું.) કિંમત, હેત, લાગણી

ભાવતું (વિ.) ગમતું

ભાળવું (ક્રિ.) જોવું

ભાંખરી (સ્ત્રી.) નાનો પહાડ, ટેકરી

ભાંખરો (પું.) પહાડ, મોટો ટેકરો

ભાંખોડિયું (નપું.) નાના બાળકનું ઢીંચણ વડે ચાલવું (ભાંખોડિયાં ભરવાં - ચાલવું)

ભાંજ (સ્ત્રી.) ભાંગ, એક નશાવાળી ઔષધ

ભાંજગડ (સ્ત્રી.) ચર્ચાવિચારણા, પંચાત

ભાંજણી (સ્ત્રી.) સાંધણી

ભાંડવું (ક્રિ.) ગાળો દેવી

ભાંડુ (નપું.) પેટ, ભાઈ, રેદું

ભાંણ (નપું.) કીડીનો રાફડો

ભાંણિયું (નપું.) ભાણેજ

ભાંણી (સ્ત્રી.) ભાણી

ભાંણું (નપું.) કાંસાની થાળી; લગ્ન થયા પછી તે સંદર્ભે લેવડદેવડ માટે ભેગા થવું (ભાણે બેસવું)

ભાણો (પું.) ભાણેજ

ભાંન (નપું.) સમજણ, ભાન, અક્કલ

ભાંભળું (નપું.) ડહોળું, ઝાંખું

ભિખારવું (વિ.) બાળકને ભિખારી રાખવાની બાધા (જેમાં બાળકને સગાંઓ તરફથી ભરણપોષણ, કપડાંલત્તાં અપાય)

ભીલુ (પું.) ભીલ્લું, સાથી, રમતના જોડીદાર

ભૂ (નપું.) પાણી

ભૂંકવું (ક્રિ.) ભૂંકવું, ગધેડાના ભૂંકવાની ક્રિયા

ભૂંકવું (ક્રિ.) કહી દેવું

ભૂંગરું (નપું.) પોલી નળી, ભૂંગળું, લુહારનું કાણાં પાડવા માટેનું ઓજાર; (સ્ત્રી.) ભૂંગરી

ભૂંગોળ (સ્ત્રી.) ભૂંગળ, ફૂંકીને વગાડવાનું વાજિંત્ર

ભૂંજેર (સ્ત્રી.) જુઓ ભૂંજોર.

ભૂંજોર (વિ.) ખૂબ વસ્તાર, મોટો પરિવાર, ભૂંજેર

ભૂંઠું (વિ.) ક્ષોભીલું, ભોંઠું

ભૂંભાં (પું.) થૂવરનાં સુક્કાં લાકડાં

ભૂંભૂ (નપું.) પોલું, નક્કામું

ભૂંય (સ્ત્રી.) જમીન

ભૂંરાયું (વિ.) ઉશ્કેરાયેલું

ભેગ (પું.) ભેળસેળ

ભેજો (પું.) મેથાળો, મગજ

ભેરવો (પું.) ભૈરવ

ભેરા (પું.) સાથે, ભેગા

ભેં (સ્ત્રી.) બીક, ભય

ભેંકડો (ક્રિ.) મોટેથી રડવું

ભેંકવું (ક્રિ.) રડવું
ભેંગડાં (નપું.) ભીંગડાં
ભેંડા (પું.) ભીંડા, એક શાક
ભેંડી (સ્ત્રી.) શણનો છોડ, એક શાક
ભેંત (સ્ત્રી.) ભીંત, ભેંત્ય
ભેંતડું (નપું.) ભેંતરું, ભીંતડું
ભેંનું (વિ.) ભીનું, પલળેલું
ભેંમ (પું.) ભીમ, (વિ.) જાડો
ભેંસપતવાર (પું.) બૃહસ્પતિવાર, ગુરુવાર
ભૈઠ (પું.) ભંઠ, સારાવટ, સમજાવટ
ભૈઠિયો (વિ.) સંસ્કાર
ભૈડકું (નપું.) બાજરીની ઘેંસ; ભરડેલું, ભૈડેલું; કંસારનો કરકરો લોટ; ભૈડું
ભૈડભૂહ (અ.) આડેધડ, ઉતાવળે
ભૈડવું (ક્રિ.) ભરડવું, અનાજના ફાડા કરવા
ભૈડું (નપું.) ભૈડેલું, ભરડેલું, કંસારનો કરકરો લોટ
ભોજ્યો (પું.) સામાન્ય માણસ
ભોટ (વિ.) અણઘડ, બુદ્ધિ વિનાનું
ભોટવો (પું.) કુંજો, પાણી ભરવાનું પાત્ર
ભોડું (નપું.) માથું
ભોથાં (નપું.) માંસ
ભોમવાર (પું.) મંગળવાર
ભોમસદ (સ્ત્રી.) જમીનશુદ્ધિ, જમીન પવિત્ર કરવી
ભૉર (પું.) પૂળા, સામાન ભરેલ ગાડું
ભોલ (પું.) મોટું પેટ
ભોલાળ (વિ.) મોટા પેટવાળો
ભૉંજઈ (સ્ત્રી.) ભાભી, ભોજાઈ

## મ

મઉ (વિ.) લાલચુ, કંજૂસ
મકઈ (સ્ત્રી.) મકાઈ, એક ધાન
મકરકૂદઈ (વિ.) કૂદાકૂદ કરવી, તોફાન કરવું
મકરું (નપું.) મદનિયું, હાથીનું બચ્ચું
મકરોડું (નપું.) મકરાણું, મકરાણનું ફળ
મકરૉણ (સ્ત્રી.) મકરાણનું ઝાડ
મકાંન (નપું.) મકાન
મકોડા (પું.) મંકોડા
મકોડી (સ્ત્રી.) ચીટ મંકોડી, લાલ મંકોડી
મખ (નપું.) મુખ, મોઢું
મખવા (પું.) મુખવાસ
મગ (અ.) બાજુ
મગ (પું.) એક કઠોળ
મગદૂર (સ્ત્રી.) હિંમત
મગન (પું.) રસ્તો, માગ
મગન (સ્ત્રી.) જગ્યા
મચકણિયું (નપું.) કાનમાં પહેરવાનું ઘરેણું
મચકોડવું (ક્રિ.) વાળવું
મચકોડાબ્બું (ક્રિ.) મચકોડાવવું
મચમચાબ્બું (ક્રિ.) મચમચાવવું, ખંગાળવું
મચેડવું (ક્રિ.) મચડવું, મસળવું
મજરે (અ.) જૂનું વસૂલ કરી આપવું
મજિયારું (વિ.) સહિયારું, હીયારું, ભેગું
મજીરા (પું.) મંજીરાં
મજુ (સ્ત્રી.) મજૂસ, મોટી લાકડાની પેટી
મટમેલું (વિ.) માટી જેવા રંગનું મેલું
મઠ (નપું.) મેઘધનુષ્ય (ભઠ તાંણ્યો :

મેઘધનુષ થયું)
મઠ (પું.) સાધુઓને રહેવાનું સ્થાન
મઠ (પું.) એક કઠોળ
મડ (પું.) માતાની દેરી
મડદાલ (નપું.) મરેલા ઢોરનું માંસ, ગરીબડું
મડું (નપું.) મડદું
મણ (અ.) એક વજન
મણિયું (અ.) મણનું, ભારે
મતીલું (વિ.) જક્કી, એકમતવાળું
મથવું (ક્રિ.) પ્રયત્ન કરવો
મધરો (વિ.) માદક, ધીમે નશો ચઢાવે તેવો
મનવેર (સ્ત્રી.) સેવા, આગતાસ્વાગતા.
મમ (નપું.) જમવાનું
મમ (ક્રિ.) ચૂપ રહેવું
મયડો (પું.) મરડો, એક રોગ
મરઘો (પું.) કૂકડો, ગીલોલી - જેના વડે સાળના નળાને ઝટકો આપી વાણો ભરવામાં આવે.
મરચી (સ્ત્રી.) મરચાંનો છોડ, નાનાં મરચાં
મલક (પું.) દેશ, વતન
મલકુંડું (નપું.) મલકું, નાનું માટલું, મોરિયું
મલમલ (નપું.) ઝીણું કાપડ
મલવું (ક્રિ.) મળવું
મલવું (ક્રિ.) જામી જવું (દૂધમાંથી દહીં થવું)
મલીદો (પું.) ઘી-ગોળ-ઘઉંનો રોટલો ભાંગીને કરેલું ચૂરમું
મલુડી (સ્ત્રી.) નાની માટલી
મલો (ક્રિ.) મળો
મસ (વિ.) વધારે
મસા (પું.) મછા, એક પ્રકારનો રોગ
મસારી (પું.) સાથી, બાંધેલ ખેતમજૂર, વાર્ષિક ઉચ્ચક રકમ કરીને રાખેલ મજૂર
મસારો (પું.) ખેતમજૂરની બાંધેલી વાર્ષિક રકમ
મળકું (વિ.) ફિક્કું, સ્વાદ વિનાનું, મોળું
મળસકું (નપું.) વહેલી સવાર, પરોઢ
મંદિર (નપું.) મંદિર, દેરું
માગ (પું.) રસ્તો, (નપું.) અંતર, (સ્ત્રી.) જગ્યા
માઝો (પું.) મર્યાદા, હદ
માટોડી (સ્ત્રી.) માટી
માડી (સ્ત્રી.) મા, માવડી, બઈ
માઢ (પું.) દરવાજાવાળો વાસ/મહોલ્લો
માઢી (સ્ત્રી.) નાનો વાસ
માતમ (નપું.) રોકકળ
માતર (સ્ત્રી.) સુખડી, ઘઉંની વાનગી
માતું (વિ.) તરતનું, તાજું
માતું (ક્રિ.) સમાય તેટલું (ભાવું-સમાવું)
માતેમ (નપું.) માહાત્મ્ય, કિંમત
માતેલું (વિ.) તંદુરસ્ત, ચરબીવાળું, તોફાની
માથું (નપું.) માથું
માથોડું (વિ.) માથા જેટલી ઊંચાઈવાળું
માદરપાટ (નપું.) જાડું કપડું
માપ (નપું.) હદ, મર્યાદા
માપલીમા (સ્ત્રી.) એક દેવી, દૂધાળાં

પ્રાણીઓની રક્ષક દેવી
માફો (પું.) પડદાવાળો એકો
મામેળો (પું.) હાથે ચીતરવામાં આવતાં છૂંદણાંની ભાત, ટચલી આંગળીના ટેરવાંથી કોણી સુધી છૂંદણાં ટંકાવવાં (એવી માન્યતા છે કે જે મામેળો ટંકાવે તેને મરતી વખતે માનો મેળો થાય.)
માય (ક્રિ.) સમાય
માય (સ્ત્રી.) મા
માલમ (સ્ત્રી.) જાણ, માલૂમ
માલમી (વિ.) જાણકાર
માલવું (ક્રિ.) મહાલવું, મોજ કરવી
માલુ (વિ.) દોઢું જોવું, ત્રાંસું જોનાર, બાડિયું
માલુપા (પું.) માલપૂડા
માલૂમ (સ્ત્રી.) જુઓ માલમ.
માવઠું (નપું.) કમોસમી વરસાદ
માવડિયું (નપું.) માની વાત માનનાર
માવિતર (નપું.) માતાપિતા
માસ (સ્ત્રી.) માખી, માસ્ય
માસી (સ્ત્રી.) માની બહેન
માહા (પું.) માસા, માની બહેનના પતિ
માળ (સ્ત્રી.) રેંટિયાના ચક્ર અને ત્રાકને ફેરવતી રસી
માળ (પું.) ઘરનો મેડો
માળ (સ્ત્રી.) એરંડાનાં બીજનું ઝૂમખું
માળવું (ક્રિ.) ગોઠવવું, સંચવું, ઘર ચાળવું
માળા (સ્ત્રી.) મણકાની માળા
માળિયું (નપું.) ડાગળી
માળી (પું.) માળી જાતિનો પુરુષ
માળેણ (સ્ત્રી.) માળી જાતિની સ્ત્રી
માળો (પું.) પંખીનો માળો; ખેતરમાં માણસ માટે કરેલો માંચડો
માંખણ (પું.) માંકડ (નપું.) માંખણ (દહીંમાંથી મેળવાય છે.)
માંચી (સ્ત્રી.) ખાટલી
માંચો (પું.) ખાટલો
માંટી (પું.) ધણી, પતિ
માંડવું (ક્રિ.) ગોઠવવું; શરૂ કરવું
માંડવો (પું.) મંડપ
માંડવો (નપું.) કન્યાપક્ષનું ઘર
માંડી (સ્ત્રી.) ઓસરી
માંણ (સ્ત્રી.) તાંબાની મોટી ગોળી
માંણેકથંભ (પું.) માણેકસ્તંભ
માંદો (પું.) બીમાર
માંન (નપું.) માન
માંનતા (સ્ત્રી.) માનતા, બાધા, આખડી
માંયલા (અ.) અંદરના
મિચકારવું (ક્રિ.) આંખો મટમટાવી ઇશારો કરવો
મિયોર (સ્ત્રી.) એક જાતિ, ચમાર, ભાંભી
મિલ (સ્ત્રી.) કાપડની મિલ
મી (પું.) મેં
મીંયે (અ.) મેં પણ
મુકડદમ (પું.) મુકાદમ, મિલના ખાતાનો આગેવાન
મુતેડી (સ્ત્રી.) મુતરડી
મુન (નપું.) મૌન
મુરત (નપું.) મુહૂર્ત, મહુરત
મુસ (સ્ત્રી.) મૂછ

મુહલાં (પું.બ.વ.) મુસ્લિમ કુંભાર જાતિ

મુહલી (સ્ત્રી.) મુસ્લિમ કુંભાર સ્ત્રી

મુહલું (નપું.) મુસ્લિમ કુંભારે ઘડેલું પાત્ર

મુહાળ (નપું.) માનું પિયર, મામાનું ગામ

મુંદર (સ્ત્રી.) પાતળી રસી

મૂક (ક્રિ.) મૂકવું

મૂકાબ્બું (ક્રિ.) મુકાવવું, ગૂંચવણ દૂર કરવી, સરખું કરવું

મૂજી (વિ.) કંજૂસ, મઉ

મૂઠી (સ્ત્રી.) મુઠ્ઠી

મૂઢકડું (નપું.) ગાભાનું તૈયાર કરેલું વાછરડું / પાડું

મૂતર (નપું.) પેશાબ

મૂલ (નપું.) કિંમત

મૂળ (નપું.) કુળ, શરૂઆતનું સ્થળ, (બ.વ.) મૂળિયાં, મુરિયાં

મૂળો (પું.) એક શાક

મૂં (પું.) હું, ઊં

મૂંઘું (વિ.) મોંઘું, કીમતી

મૂંઘો (વિ.) કીમતી

મૂંજ (નપું.) ઊંચું ઘાસ

મૂંઝારો (પું.) મૂંઝવણ, ગભરામણ

મૂંડવું (ક્રિ.) વતું કરવું, દાઢી/માથાના વાળ ઉતારવા

મૂંઢિયું (નપું.) તાંબાપિત્તળનાં વાસણનો ઉપરનો ભાગ

મૂંઢું (નપું.) મોઢું

મેકલવું (ક્રિ.) મોકલવું

મેકવું (ક્રિ.) મૂકવું, મેલવું

મેખ (સ્ત્રી.) લાકડાની ખૂંટી/ખૂંટ

મેઘો (પું.) વરસાદ, મેવલો

મેડી (સ્ત્રી.) ઘરની મેડી, માળ

મેડું (નપું.) મીંડું

મેતે (અ.) આપમેળે, જાતે જ

મેથાળો (પું.) મગજ

મેથી (સ્ત્રી.) એક ભાજી, કઠોળ

મેર (ક્રિ.) આથમવું (સૂરજ મેર બેઠો : સૂરજ આથમ્યો)

મેર (ક્રિ.) હોલવવું (દીવો મેર કર્યો : દીવો હોલવ્યો)

મેર (સ્ત્રી.) હોકાની ઉપરનો ભાગ જેના ઉપર ચલમ ગોઠવવામાં આવે

મેરઈ (પું.) દરજી, હઈ, સઈ

મેરાયું (નપું.) મશાલ, બરબોટિયો, (દિવાળીના દિવસે મેરાયાં ઘેરઘેરથી કાઢવામાં આવતાં)

મેરું (પું.) મેરુ, પર્વત

મેલ (અ.) મૂકી દે

મેલ (પું.) મહેલ

મેવલો (પું.) વરસાદ, મેઘો

મેવાર (પું.) મેવાડ

મેળ (અ.) સંબંધ

મેળઈ (સ્ત્રી.) ભેગા કરી આપવું, મેળામણી, મેળાપ

મેળો (પું.) મિલાપ, મેળો

મેંક (સ્ત્રી.) મહેક, સુગંધ

મેંકઈ (વિ.) ગંધાઈ, ગંધ આવી

મેંઠું (નપું.) મીઠું, સબરસ, ગળ્યું

મેંઠઈ (સ્ત્રી.) મીઠાઈ

મેંડુ (નપું.) મીંડું

મેંઢળ (નપું.) મીંઢળ

મેંઢી (સ્ત્રી.) મેઢીઆવળ, એક છોડ, (વિ.) મીઢી, (સ્ત્રી.) સોનામુખી

મેંઢું (નપું.) ઘેટું, (વિ.) અંતરમુખી

મેંણ (નપું.) મીણ, (વિ.) ગાઢું (મેંણકપટ - ગાઢો અંધાર)

મેંતર (પું.) મહેતર, પંચાતિયો

મેંતરઈ (વિ.) મહેતરાઈ, પંચાત

મેંદી (સ્ત્રી.) મહેંદી

મેંલી (વિ.) ગંદી

મેલું (નપું.) ગંદું

મેંસ (સ્ત્રી.) મેંસ

મેંહોણા (નપું.) મહેસાણા

મૈડવું (ક્રિ.) વાંકા વાળવું, મરડી નાખવું, મરડવું

મૈડાવું (ક્રિ.) રિસાવું, ડોળ કરવો

મૈડિયો (નપું.) સફેદ કાંકરીવાળી પીળી માટી

મૈણ (નપું.) મરણ, મૈણું

મોઈ (સ્ત્રી.) ગીલ્લી

મોઈ (ક્રિ.) મોહી પડવું

મોકળા (સ્ત્રી.) ચહેરાનું મળતાપણું (અ.) મોકળાશ

મોખ (પું.) મોકો, સમય, ટાણું, ઉપરના હોઠ વચ્ચેનો ખાંચો

મોગરી (સ્ત્રી.) એક શાક

મોગરી (સ્ત્રી.) લાકડાની હથોડી

મોગરો (પું.) એક ફૂલછોડ, ફૂલ

મોચેલું (નપું.) મોચીલું, કપડાથી ઈંઢોણી વાળવી

મોજડી (સ્ત્રી.) મોજડી

મોટઈ (સ્ત્રી.) મોટાઈ, મહાનતા

મોટાપો (પું.) અહંકાર, (2) જાડા થઈ જવું

મોટિયાર (પું.) જવાન, યુવાન

મોટિયારી (વિ.) યુવાની

મોદ (સ્ત્રી.) બેસવા માટેનું મોટું પાથરણું

મોબિલ (સ્ત્રી.) મળી, ગાડાના પૈડામાં તેલ પૂરતાં જે ગ્રીસ જેવો કાળો પદાર્થ નીકળે તે

મોભ (પું.) મોભિયું, મોભારો

મોભી (પું.) આગેવાન, મોરવી

મોભો (પું.) ઊંચું સ્થાન, સન્માનનીય

મોયડી (સ્ત્રી.) ઢેલ

મોયડું (નપું.) મોરપીંછમાંથી બંગડી જેવાં આભૂષણ બનાવવાં

મોયડો (પું.) મોર

મોર (પું.) આંબાની મંજરી

મોર (અ.) આગળ

મોર (પું.) પંખીનું નામ

મોરલી (સ્ત્રી.) એક વાદ્ય

મોરવી (પું.) આગેવાન, મોભી

મોરવું (ક્રિ.) ચૂંટવું, મ્હોરાવું

મોરાં (નપું.) કરોડના મણકા

મોરિયું (નપું.) માટીનો ઘડો

મોરી (સ્ત્રી.) ચોકડી

મોરું (નપું.) કરોડરજ્જુ

મોલ (પું.) પાક

મોલ્લાં (પું.) મોળા માલપૂડા

મોલ્લું (નપું.) ભૂત-પલીત કાઢવા કરાતી

પૂજા
મોવટી (સ્ત્રી.) નેવામાં નળિયાં/છજાને ટેકો આપવા ગોઠવેલી લાકડાની પટ્ટી
મોળિયું (નપું.) ગોળ વિનાનું ચૂરમું
મોળિયો (પું.) મુગટ, મોડ, મોડિયો
મોળું (વિ.) ફિક્કું, સ્વાદ વિનાનું
મોં વાળવું (ક્રિ.) મરણ પાછળ છેડો કરી રડવું
મોંહું (નપું.) માટીના વાસણનો કાચો ઘાટ
મોંહૂજણું (નપું.) સવાર, મોઢું દેખાય તેવું
મોંકરું (નપું.) માંકડું, લાલ મોઢાંવાળી વાનરજાતિ

## ર

રઉ (અ.) રહું
રકાબી (સ્ત્રી.) રકેબી, ચાચર
રકેબી (સ્ત્રી.) જુઓ રકાબી.
રખો (પું.) સાચવનાર (નપું.) રખું, વાહુ, રખોપું રાખનાર
રખોપું (નપું.) રખવાળું, સાચવવું
રગ (સ્ત્રી.) નસ
રગડાબ્બું (ક્રિ.) ગબડાવવું
રગળવું (ક્રિ.) ગબડવું, હેરાન કરવું, મસળવું, ગદડવું
રઘવા (વિ.) અકળામણ, મૂંઝવણ
રઢ (સ્ત્રી.) રટણ, હઠ
રતવા (પું.) લાલાશવાળું, એક રોગ
રતાંધળું (વિ.) રાત-અંધ, રાતે ન જોઈ શકનાર
રતૂમડું (વિ.) લાલ રંગનું, રાતું
રમજી (સ્ત્રી.) ગેરુ, માટલાં રંગવાનો લાલ રંગ
રમત્યું (નપું.) રમકડું
રમેણ (સ્ત્રી.) શક્તિપૂજાની એક વિધિ
રમેણદીવો (પું.) રમણદીવો
રવડવું (ક્રિ.) રખડવું, ભટકવું
રવડાબ્બું (ક્રિ.) રવડાવવું, રખડાવવું, કામ ન કરવું
રવેરા (સ્ત્રી.) અર્ધપાગલ સ્ત્રી, અધગાંડી
રવો (પું.) ગોળનો રવો
રવો (પું.) નાકમાં પહેરવાનું નાનકડું ઘરેણું, કાંટી
રસ્યા (સ્ત્રી.) રાખ
રસ્યા (પું.) રસિયા, રમમાણ
રહ (પું.) રસ, આનંદ
રહાતાળ (નપું.) રસાતળ, સાત પાતાળમાંના એક પાતાળનું નામ, નાશ
રહો (અ.) રહેશો
રહો (પું.) રસો, રસ
રહોળ (નપું.) નાશ, સફાચટ, રોહી, રોસલ
રહોળી (સ્ત્રી.) રસોળી, ગાંઠ
રળતું (ક્રિ.) ગબડતું
રળવું (ક્રિ.) કમાવું
રંધો (પું.) લાકડું છોલી સુંવાળું કરવાનું સાધન
રાખ (ક્રિ.) રાખવું
રાખસ (પું.) રાક્ષસ, રાક્ષસી દાંત
રાગ (પું.) સંબંધ, વહેવાર
રાગેરાગે (અ.) ધીમે ધીમે

રાચ (નપું.) તાણાના બે ભાગને ઉપરનીચે કરનાર સાધન

રાજ્યો (પું.) રાજિયો, પણજિયો, મરશિયો

રાડ (સ્ત્રી.) મોટેથી પાડેલી બૂમ

રાડકૂકવા (અ.) બૂમાબૂમ કરવી

રાડુ (નપું.) જુવાર/બાજરીનો સાંઠો

રાત (પું.) નાઈ, હજામ (સ્ત્રી.) રાત્રિ

રાતળિયાં (નપું.) ગાજર, ગાજરિયાં

રાતું (નપું.) લાલ

રાફડો (પું.) સાપનું દર

રાબ (સ્ત્રી.) રાબ, એક વાનગી

રામપાતર (નપું.) જુઓ રામિયું.

રામિયું (નપું.) રાંમૈયું, રામપાતર, માટીનો કટોરો

રાવળિયો (પું.) રાવળ જાતિનો પુરુષ

રાસ (સ્ત્રી.) દોરડું,

રાસિલો (પું.) રાશ બાંધવાનો ખીલો / ખૂંઢો

રાસી (ક્રિ.) રાખી, (2) (વિ.) ખરાબ

રાહડો (પું.) લોકગીતનો પ્રકાર, રાસડો

રાળ (સ્ત્રી.) લાળ

રાંક (નપું.) ગરીબ

રાંઘળું (વિ.) લકવાગ્રસ્ત, રાંગળું

રાંટુ (વિ.) વાંકું, આડું

રાંડ (સ્ત્રી.) રાંડેલી સ્ત્રી, વિધવા

રાંડવું (નપું.) રાંડેલું, નઠારું

રાંઢવું (નપું.) મોટું દોરડું

રાંણ (સ્ત્રી.) રાયણનું ઝાડ, રાયણ ફળ

રાંધવું (ક્રિ.) જમવાનું બનાવવું

રાંપી (સ્ત્રી.) ખરપડી, રાંપડી, નખલો

રિહાળ (વિ.) ગુસ્સે ભરાયેલું, રીસવાળું

રીહ (સ્ત્રી.) ગુસ્સો

રુપારું (વિ.) રૂપાળું

રુમલાવું (ક્રિ.) બેકળાઈ કરવી, બેકળવું

રુમાલ્યો (નપું.) રૂમાલ

રુસનઈ (સ્ત્રી.) શાહી, ચિતરામણ

રુહણું (નપું.) રૂસણું, રિસાવું

રૂઠવું (ક્રિ.) રિસાવું, ગુસ્સો કરવો

રૂ (નપું.) કપાસનું રૂ

રૂંગું (નપું.) રુદન

રૂંવા (પું.) રૂંવાડાં

રેખ (સ્ત્રી.) દાંતમાં પૂરેલો સોનાનો ટુકડો

રેચબો (પું.) કીચડ, પાણી ઢોળી કરેલી ગંદકી

રેજો (પું.) કાપડનો ટુકડો

રેજો (અ.) રહેજો

રેડબ્બું (ક્રિ.) રેડવવું, નિભાવી લેવું

રેડી (સ્ત્રી.) કૂવાના થાળા પાસે બળદને કોસ ખેંચવા બનાવેલ ઢાળ, ઢાળિયો, અલાણી

રેડો (ક્રિ.) રેડવું

રેણીકૈણી (અ.) રહેણીકરણી

રેતું (સ્ત્રી.) રેત, રેતી

રેદ્દું (નપું.) પેટ, ભાંડું

રેમ (સ્ત્રી.) રહેમ, દયા

રેલો (પું.) નાનો પ્રવાહ

રેલો (ક્રિ.) રહેલો

રેવડી (સ્ત્રી.) તલની વાનગી

રેંકવું (ક્રિ.) ભેંસનું બોલવું

રેંટ (નપું.) લીંટ, લેંટ

રેંટ (પું.) જુઓ રેંટો

રેંટુડો (પું.) જુઓ રેંટો.

રેંટો (પું.) રેંટુડો, રેંટ, રેંટિયો

રેંડી (સ્ત્રી.) ધૂણતી વખતે જાગરિયો દ્વારા ગવાતું દેવી/માતાનું કથાગીત

રેંણ (નપું.) સાંધો કરવો

રેંલ્લો (પું.) રેંડલો

રેંડો (નપું.) રગડો

રો (ક્રિ.) રહો

રોકઈ (અ.) રોકાઈ

રોકાબ્બું (ક્રિ.) રોકવું, અટકાવવું

રોજડું (નપું.) રોઝ, જંગલી ગાય

રોટલો (પું.) રોટલો; (સ્ત્રી.) રોટલી

રોડું (નપું.) ઈંટનો ટુકડો

રોણું (નપું.) રુદન

રોતડું (વિ.) અંચાઈ કરનાર, રોતલ, રડી જાય તેવું

રોતીલું (વિ.) રોતડું, ઢીલું, રડતું

રોતો (અ.) રહ્યા હોત

રોપવું (ક્રિ.) રોપવું

રોફ (પું.) ખોટો રુઆબ

રોલું (વિ.) ગાંડા જેવું

રોહન (પું.) નાશ, રોસલ

રોળ (સ્ત્રી.) કમાઈ

રોળવું (ક્રિ.) મારી નાખવું, મસળી નાખવું

રોંચું (વિ.) ગામડિયું, અભણ, મૂર્ખ

રોંમેણ (સ્ત્રી.) રામાયણ

રોંમેણ (સ્ત્રી.) ઝઘડો, કંકાશ

રોંમેણ (સ્ત્રી.) દેવ/દેવી રીઝવવા માટે થતી પૂજા

## લ

લક્કડખોદ (નપું.) એક પંખી

લખ (પું.) લાખ

લખચોરાસી (પું.) લાખચોરાસી (ફેરા)

લખણ (પું.) લક્ષણ, નિશાની, ગુણ

લખણું (નપું.) છૂટાછેડા, લખી આપવું

લખામણ (નપું.) જુઓ લખામણું.

લખામણું (નપું.) લખામણ, લખાઈ, લખવા માટેનું મહેનતાણું

લખુરિયું (નપું.) નખથી થયેલ ઉઝરડો, નખુરિયું

લખેસરી (વિ.) લાખોપતિ

લખોટી (સ્ત્રી.) કાચની ગોળ લખોટી (સ્ત્રી.) ગોળ કાંકરો

લગ (સ્ત્રી.) સૂતરની આંટી

લગ (અ.) નજીક

લગણ (અ.) ત્યાં સુધી

લગન (પું.) લગ્ન, ધૂન

લગાર (વિ.) થોડુંક, લગારેક

લગારેક (વિ.) જુઓ લગાર.

લગી (અ.) ત્યાં સુધી

લગોલગ (અ.) પાસે પાસે

લગોંમ (સ્ત્રી.) લગામ, ઘોડાના ચોકઠાને બાંધેલી ચામડાની પટ્ટીઓ, અંકુશ

લચપચ (અ.) તરબોળ, પલળેલું

લચરો (વિ.) લાલચુ

લજબ્બું (ક્રિ.) લજવવું

લજોંમણી (વિ.) શરમાળ (સ્ત્રી.) લજામણીનો છોડ

લટ (સ્ત્રી.) વાળની લટ, (બ.વ.) લટિયાં,

ઝટિયાં

લટકણિયાં (પું.) ઢોલ શણગારવા બાંધેલાં ફૂમતાં, કાનનું ઘરેણું

લટકાળું (વિ.) નખરાળું

લટપટ (વિ.) ઓતપ્રોત, ભળી ગયેલું

લટાકો (પું.) લટકો

લટ્ટુ (વિ.) વારી જવું

લડઈ (સ્ત્રી.) લડાઈ, ઝઘડો

લડઘું (નપું.) માંસનો મોટો ટુકડો, માંસ

લડાબ્બું (ક્રિ.) લડાવવું, ઝઘડો કરાવવો

લઢણ (સ્ત્રી.) આદત, રીતભાત, ટેવ

લણવું (ક્રિ.) પૂળા પરથી ડૂંડાં/કણસલાં તોડવાની ક્રિયા

લત (સ્ત્રી.) આદત; ટેવ

લથડપથડ (વિ.) પાણીથી તરબોળ, ખૂબ પલળેલું

લથડિયું (નપું.) લથડિયું, અડવડિયું

લપ (સ્ત્રી.) ઉપાધિ

લપકાં (નપું.) અડપલાં, (સ્ત્રી.) મશ્કરી

લપટાવું (ક્રિ.) કોઈના પ્રેમમાં ફસાવું, લપટાઈ જવું

લપડાચિયું (નપું.) લપડાકિયું, ગળાનો રોગ

લપલપારો (વિ.) ખોટો વિવાદ, બબડાટ

લપસપ (સ્ત્રી.) માથાકૂટ, સંબંધ

લપાવું (ક્રિ.) છુપાવું

લપેરા (પું.) લપેડા

લપોડસંખ (પું.) લબાડ, નક્કામો, અક્કરમી

લપ્પી (સ્ત્રી.) ઝીણી રેત (વિ.) લવારો કરનાર, બોલબોલ કરનાર

લપ્પો (પું.) ઝીણી રેતીનો થર, જેમતમ કામ કરવું

લફરું (નપું.) લગ્નબાહ્ય સ્ત્રી સાથેનો સંબંધ

લફારો (પું.) બકવાસ, ખોટી ચર્ચા

લફૂંદો (પું.) લૂંદો, લોંદો, કોળિયો, ઠરેલા ઘીનો લોંદો

લબકારા (પું.) ખૂબ દર્દ થવું

લબરતું (ક્રિ.) લટકતું, ઘસડાતું, લટકેલું

લબરવું (ક્રિ.) લટકવું, લબડવું

લબાચો (પું.) સામાન (અસ્તવ્યસ્ત સામાન)

લમણું (નપું.) કાનની ઉપરનો ભાગ

લરવું (ક્રિ.) લડવું

લવાર (પું.) લુહાર

લવારિયાં (પું.) લુહારીકામ કરતી એક રખડતી જાતિ

લવારું (નપું.) બકરીનું બચ્ચું

લવારો (પું.) બકવાસ

લસકો (પું.) રજકો, લચકો, એક ઘાસનું નામ

લસી (અ.) લખી, લક્ષ્મી

લસેણ (નપું.) લક્ષણ

લહણ (નપું.) લસણ

લહલહાટ (ક્રિ.) ઘસઘસાટ

લહોટવું (ક્રિ.) લસોટવું

લળવું (ક્રિ.) વાંકા વળવું, ઝૂકવું, ખુશામત કરવી

લાકરી (સ્ત્રી.) લાઠી, દંડ, લાકડી

લાકરું (નપું.) લાકડું

લાખુ (નપું.) લાખું, શરીર ઉપરનું જન્મચાઠું, ડાઘ

લાગ (પું.) દાવ, ટેકો, સમય, મોકો

લાગટ (અ.) સતત

લાજ (સ્ત્રી.) શરમ, ઘૂંઘટ ચહેરા પર ઢાંકવો

લાજવું (ક્રિ.) શરમાવું

લાજીક (વિ.) લાજ રાખે તેવું, લાજવંત, આબરૂદાર

લાટ (સ્ત્રી.) ઇમારતી લાકડાં વેચવાની દુકાન, લાટી, લાતી

લાટી (સ્ત્રી.) જુઓ લાટ.

લાઠી (સ્ત્રી.) લાકડી

લાડ (નપું.) હેત, પ્રેમ

લાડી (સ્ત્રી.) નવોઢા સ્ત્રી, નવી વહુ

લાત (સ્ત્રી.) પાટું, પગ વડે મારવું

લાતી (સ્ત્રી.) જુઓ લાટ.

લાદ (સ્ત્રી.) ઘોડાં/ગધેડાંની લાદ/લીંડા

લાપસી (સ્ત્રી.) લાવસી, ઘઉંની વાનગી

લાપોટ (સ્ત્રી.) લાફો, તમાચો

લાફો (પું.) જુઓ લાપોટ.

લાબ્બું (ક્રિ.) લાવવું

લાય (અ.) લાવો

લાર (સ્ત્રી.) ઓળ, લારોલાર, હારબંધ

લારોલાલ (પું.) જુઓ લાર.

લાવરી (સ્ત્રી.) પંખીનું નામ, (નપું.) લાવરું

લાવું (ક્રિ.) લાહવું, લ્હાવું, કૂતરાનું કરડવું

લાહરિયું (વિ.) બેપરવા, ધ્યાન ન આપે તેવું

લાહ્ય (વિ.) ગરમ

લાંઘેણ (સ્ત્રી.) સતત ભૂખ્યા રહેવું

લાંબળું (નપું.) લાંબું

લાંભનું (નપું.) સ્ત્રીને માસિક ધર્મ આવ્યા સિવાય ગર્ભ રહેવો, જાણ બહારનું

લાંભુ (નપું.) સરખા ભાગે વહેંચણી કરવા માટેની એક પદ્ધતિ

લિ (અ.) લઈ

લિહોટો (પું.) લિસોટો

લીખ (સ્ત્રી.) જૂનાં ઈંડાં

લીખિયું (નપું.) માથામાંથી લીખ કાઢવા માટેની કાંસકી

લીલ (પું.) નર રોઝ

લુખવું (ક્રિ.) લૂછવું, ભૂંસવું

લુગરાં (નપું.) લૂગડાં

લૂખું (વિ.) કોરું, ઠાલું, ઘી-તેલ ચોપડ્યા વિનાનું

લૂણ (પું.) મીઠું

લૂણારી (વિ.) લૂણ ઉતારનાર સ્ત્રી, લગ્ન વખતે વર/કન્યાની પાછળ પાત્રમાં મીઠું ભરી ખખડાવનાર સ્ત્રી

લૂણો (પું.) ખવાઈ જવું, કાટ લાગવો

લૂમ (સ્ત્રી.) જુઓ લૂમખું.

લૂમખું (નપું.) ઝૂમખું, લૂમ

લૂવો (પું.) લૂઓ, બાંધેલા લોટમાંથી રોટલી માટે લોટ લેવો

લૂં (સ્ત્રી.) ગરમ હવા, ઉનાળામાં થતો રોગ

લૂંકરી (સ્ત્રી.) લૂંકડી, એક જંગલી પ્રાણી

લૂંડાપણાં (વિ.) ગુલામી

લૂંડી (સ્ત્રી.) ગુનકા, વેશ્યા, ગુલામડી, ગનકા

લૂંદી (સ્ત્રી.) કોળિયો; (પું.) લૂંદો કોળિયો

લેઈ પડવું (અ.) લઈ લેવું, જબરજસ્તી અવૈધ સંબંધ રાખવા

લે'કે (અ.) લે કહે

લેખ (પું.) નસીબ, વિધાતાના લેખ

લેણિયાત (વિ.) લેણું વસૂલ લેનાર

લેફું (નપું.) માંસનો લોચો, માંસમાં બટકું ભરવું, લોતિયું

લેર (સ્ત્રી.) લહેર, ખુશી

લેવરાબ્બું (ક્રિ.) લેવરાવવું

લેંકો (પું.) લહેકો

લેંટવું (નપું.) ટળકવું, લાલચુ

લેંડા (પું.) લીંડા

લેંડી (સ્ત્રી.) બકરાં/ઘેટાંની લીંડીઓ

લેંડુ (નપું.) લીંડું

લેંણું (નપું.) દેવું

લેંપણ (નપું.) લીંપણ

લેંપવું (ક્રિ.) લીંપવું, લીંપણ કરવું

લેંપેલું (ક્રિ.) લીંપેલું

લેંબોળી (સ્ત્રી.) લીંબોળી (પું.) લીંબોળા

લેંમળી (સ્ત્રી.) લીમડી

લેંમળો (પું.) લીમડો

લેંરિયું (નપું.) સાડલાની ભાતનું નામ, લહેર, સાડલાનું નામ

લેંહ (સ્ત્રી.) લગન, મગ્ન થવું

લોઈ (નપું.) લોહી

લોકઈ (સ્ત્રી.) લોકાઈ, લોકાચાર, કોગળો લેવા જવું, કાણમોકાણે જવું, લૌકિક

લોકાઈ (સ્ત્રી.) જુઓ લોકઈ.

લોકાચાર (પું.) જુઓ લોકાઈ.

લોચારિયું (વિ.) લોચાળ, ભૂલો કરનાર

લોચાળ (વિ.) જુઓ લોચારિયું.

લોચો (પું.) ભૂલ (લોચા મારવા - ભૂલો કરવી)

લોટ (પું.) આટો

લોટવું (ક્રિ.) આળોટવું

લોટી (સ્ત્રી.) પાણી પીવા માટેનું તાંબા-પિત્તળનું નાનું પાત્ર

લોટો (પું.) પાણી પીવા માટેનું તાંબા-પિત્તળનું પાત્ર

લોઢાબ્બું (ક્રિ.) હલાવવું (પગ લોઢાબ્બા : ખાટલે બેઠા પગ લબડાવી હલાવવા)

લોઢી (સ્ત્રી.) મુસીબત

લોત (નપું.) સૂતરની આંટીનો ટુકડો

લોતિયાં (નપું. બ.વ.) સૂતરની આંટીના ટુકડા

લોરિયું (નપું.) લોળિયું, કાનમાં પહેરવાનું ઘરેણું

લોરિયો (પું.) આગ ઊંચીનીચી કરવાનો સળિયો

લોરું (નપું.) લોઢું, એક ધાતુ

વ

વઈ (સ્ત્રી.) વાવ, વાઈનો રોગ

વઉં (સ્ત્રી.) વહુ, પત્ની

વકરેલું (વિ.) તાજુંમાજું થયેલું, તોફાની

વક્કર (નપું.) વક્કલ, એક જ ખેતરનું, ઉતાર

વકાર (પું.) વિકાર

વક્તિતીતી (સ્ત્રી.) ટિટોડી, એક પંખી

વખ (નપું.) ઝેર

વખમ (વિ.) પહોંચી ન શકાય તેવું, જિદ્દી, તોફાની

વખવાદ (પું.) ઝઘડો, વિખવાદ, વિસંવાદિતા

વખાર (સ્ત્રી.) વખાર

વખાવું (ક્રિ.) બંધ થવું, વહાવું, વસાવું

વખાંણ (પું.) વખાણ, ગુણગાન

વખોડવું (ક્રિ.) ઉખાડવું

વગડો (પું.) વગદો, એક વૃક્ષ

વગારવું (ક્રિ.) વગાડવું

વગોણી (સ્ત્રી.) વગોવણી, બદનામી

વગોણું (નપું.) વગોવણું, બદનામી

વગોબ્બું (ક્રિ.) વગોવવું, બદનામ કરવું

વઘાર (પું.) દાળશાકનો વઘાર

વચાર (પું.) વિચાર

વટલાયેલું (નપું.) એક જાતિમાંથી બીજી જાતિમાં ગયેલું/વિધર્મી થયેલું

વટલાંમણ (સ્ત્રી.) વટલાઈ જવાની ક્રિયા

વટાબ્બું (ક્રિ.) રૂપિયા છૂટા કરાવવા, રૂપિયાનું પરચૂરણ મેળવવું

વટામણ (નપું.) વટાવ

વટાયેલું (અ.) પિસાયેલું

વડવઈ (સ્ત્રી.) વડવાઈ

વઢાબ્બું (ક્રિ.) પાકની કાપણી કરાવવી

વણકરી (સ્ત્રી.) વણાટકામની મજૂરી

વણાટ (પું.) તૈયાર કાપડ

વતાગરો (પું.) વતુ કરનાર, બાલદાઢી કરનાર; વતાગરું (નપું.) વતું કરનાર

વતાબ્બું (ક્રિ.) દેખાડવું, હેરાન કરવું

વતું (નપું.) વત્તું, દાઢી-બાલ કાપવાં

વતેસર (વિ.) લાંબું કરવું (વાતનું વતેસર કરવું)

વદાર (પું.) વાયદો, મુદત

વધઈ (સ્ત્રી.) વધાઈ, ખુશીના સમાચાર

વધારવું (ક્રિ.) વધે એમ કરવું, વધારો કરવો

વધાવો (પું.) ઉજવણી કરવી, (ધૂણવામાં દાણા જોવા)

વધેરવું (ક્રિ.) વધેરવું, ફોડવું, કાપવું, ચડાવવું

વધેર્યું (ક્રિ.) ફોડ્યું, કાપ્યું

વધોંમણું (નપું.) સામૈયું

વનુંવનું (નપું.) વેરવિખેર, અસ્તવ્યસ્ત

વપત (સ્ત્રી.) વિપત્તિ, આફત

વરગણી (સ્ત્રી.) કપડાં મૂકવાં / ભીનાં કપડાં સૂકવવા માટે બાંધેલી રસી

વરગરોડો (પું.) વરના વડીલની જગ્યાએ જાન લઈ પરણાવવા જનાર બ્રાહ્મણ

વરડું (નપું.) દોરડું, રાશ (કૂવામાંથી પાણી ખેંચવા જાડું દોરડું)

વરત (નપું.) વ્રત, દોરડું

વરતવું (ક્રિ.) સમજી લેવું, લેવડદેવડ કરવી

વરપડું (નપું.) નાનું ભૂત/પલીત/દેવ

વરહ (નપું.) વરસ

વરહવું (ક્રિ.) વરસવું

વરહુંદિયો (પું.) દર વર્ષે કરવામાં આવતો (પાટ)

વરાપ (વિ.) પહેલા વરસાદ પછીનો

ઉઘાડ
વરી (પું.) લાલ ચોખા
વરી (અ.) પાછા વળવું
વરો (પું.) મૃત્યુ પાછળ જમણ વગેરેનો ખર્ચ (અ.) વળો
વલા (સ્ત્રી.) સ્થિતિ, દશા
વલુરાં (નપું. બ.વ.) જુઓ વલુરી.
વલુરી (સ્ત્રી.) કાંકણી (બ.વ.) કાંકણિયો, સુકવણી (નપું. બ.વ.) વલુરાં, માંસની દોરડી જેવી સૂકી ચીરીઓ
વલૂરવું (ક્રિ.) ખણવું, ખંજવાળવું
વલૂરિયાં (ક્રિ.) નખુરિયાં, વાંદરાએ મારેલા નખ
વલ્લી (સ્ત્રી.) વડલા નીચે ઊગતા નાના વડલા / છોડ
વલ્લો (પું.) વડલો, વડ
વસ (સ્ત્રી.) વસ્તુ, ઘરેણું
વસતાર (પું.) વંશવેલો
વસવા (પું.) વિશ્વાસ
વસુટવું (ક્રિ.) છૂટવું
વહમઈ (વિ.) કઠણાઈ
વહમું (વિ.) કઠણ, વસમું
વહવું (ક્રિ.) વસવું
વહાવું (ક્રિ.) વસાવું, બંધ થવું
વહાંણું (નપું.) સવાર, વસાણું, શિયાળાના પાક
વહુકવું (ક્રિ.) ઊંચી જવું, વસૂકી જવું
વળગવું (ક્રિ.) વળગવું, માથે પડવું
વળગાળવું (ક્રિ.) મારવું, માથે નાખવું
વળઝોળાં (નપું. બ.વ.) હવાતિયાં
વંચાવું (ક્રિ.) નિંદા થવી
વંજોગ (પું.) વિયોગ
વંઠેલ (વિ.) બગડેલ, હદ બહાર ગયેલું
વંતરી (સ્ત્રી.) ભૂતડી
વંતરો (પું.) ભૂત
વંત્યાક (નપું.) મોટાં રીગણ, વંતાક
વા (પું.) પવન (સ્ત્રી.) વાહ વાહ
વાખ (અ.) વાખ, વાસ્ય
વાખવું (ક્રિ.) વાસવું, વાહવું
વાગ (પું.) વાઘ
વાજે (અ.) વાગે, સમયે
વાજ્યા (પું.) ઘઉં (ઘઉંની એક જાત)
વાટ (સ્ત્રી.) રસ્તો
વાટ (સ્ત્રી.) રૂની દિવેટ
વાટકો (પું.) વાડકો, કટોરા જેવું ધાતુનું પાત્ર
વાટચી (સ્ત્રી.) વાડકી, કટોરા જેવું નાનું પાત્ર
વાટવું (ક્રિ.) લહોટવું, લસોટવું
વાટવું (ક્રિ.) ખોટું કહેવું
વાડી (સ્ત્રી.) આંબાની વાડી
વાડો (નપું.) ઢોરને પૂરવા માટેની કાંટાથી આડ કરીને વાળી લીધેલ જગ્યા
વાડોલિયું (નપું.) ઝાડના રક્ષણ માટે કરેલી કાંટાની આડ
વાડ્ય (સ્ત્રી.) વાડ (ખેતરની વાડ)
વાઢ (પું.) શેરડીનું ખેતર
વાઢવું (ક્રિ.) મોલની કાપણી કરવી
વાઢિયો (પું.) ચીરો
વાતોગરો (વિ.) આગેવાન, વાત કરનાર

વાદ (નપું.) નકલ
વાદળિયું (નપું.) દારૂ ગાળવાનું માટલું
વાદળિયું (પું.) રાજપૂત જાતિની સ્ત્રીઓનો વાદળી રંગનો સાડલો
વાદી (પું.) વાદી જાતિનો પુરુષ
વાદીલું (નપું.) વાદ લેનાર, નકલખોર
વાદેણ (સ્ત્રી.) વાદી જાતિની સ્ત્રી
વાધેડ (સ્ત્રી.) વાધરી, કહણ, ચામડાની પટ્ટી
વાપરવું (ક્રિ.) ઉપયોગ કરવો, ખરચવું
વાયણો (પું.) દસ્તો
વાયરો (પું.) પવન
વાયુ (નપું.) પંખો, હાથપંખો
વાર (સ્ત્રી.) વ્હાર, મદદ, (પું.) દિવસ (પું.) મોડું થવું
વાલ (પું.) વાલોળના દાણા
વાલું (નપું.) વહાલું (2) (સ્ત્રી.) વાલી, વહાલી
વાલોળ (સ્ત્રી.) વાલોળનો વેલો
વાવું (ક્રિ.) વહેવું, અસર થવી, વાવવું
વાવોર (પું.) વાવર
વાવોરવું (ક્રિ.) વાપરવું, ઉપયોગ કરવો, વાવરવું
વાસ (સ્ત્રી.) ગંધ, ઘરનો સમૂહ
વાસના (સ્ત્રી.) ઇચ્છા
વાસંદી (સ્ત્રી.) સાવરણી, સંજવાળી
વાસંદુ (ક્રિ.) કચરો કાઢવો, વાળવું
વાસૂટ (સ્ત્રી.) પાદવું
વાસોટ (સ્ત્રી.) વાછંટ
વાસ્તે (અ.) માટે
વાહ (પું.) વાસ
વાહણ (નપું.) વાસણ
વાહણ (પું.) દારૂનો બાટલો
વાહા (પું.) વાસા - દિવસ
વાહી (અ.) વાસી, બંધ કરી
વાહુ (પું.) ખેતરનો રાતનો રખેવાળ
વાહો (પું.) વાસો, રાતવાસો
વાળ (પું.) બાલ
વાળવું (ક્રિ.) કચરો કાઢવો
વાળી (સ્ત્રી.) વાઢી, ઘી પીરસવાનું માટીનું નાળચાવાળું પાત્ર (2) કાન / નાકનું ઘરેણું
વાળો (પું.) કાન/નાકનું ઘરેણું
વાંક (પું.) ગુનો, કસ
વાંકોલ (સ્ત્રી.) કમાવેલા ચામડા પરથી કાશ ઉતારવા વપરાતી વાંકી છરી
વાંણ (નપું.) ખાટલામાં ભરવાની રસી
વાંણું (નપું.) સવાર, વહાણું
વાંણો (પું.) તાણામાં બૉબિન વડે ભરવામાં આવતા આડા તાર
વાંધો (પું.) અડચણ, વિખવાદ
વાંન (નપું.) કાઠું
વાન (પું.) શરીરનો રંગ
વાંહલો (પું.) વાંસલો, સુથારનું એક સાધન (લાકડાં ઊભાં ચીરવાનું સાધન)
વાંહળી (સ્ત્રી.) વાંસળી, રૂપિયા ભરવાની/ કેડે બાંધવાની કોથળી
વાંહે (અ.) પાછળ, આંહે
વાંહો (પું.) બરડો

વિઘૂટી (સ્રી.) વિઘોટી, મહેસૂલ, કર
વિજાપરી (સ્રી.) ચોખવટ
વિજાપરો (પું.) જાગરિયો, ભૂવાનો જોડીદાર
વિતાડવું (ક્રિ.) પરેશાન કરવું
વિતાબ્બું (ક્રિ.) પસાર કરી જવું
વિનબ્બું (ક્રિ.) વીનવવું
વિયઈ (અ.) વિયાઈ, ઢોરની પ્રસૂતિ
વિહરવું (ક્રિ.) ભૂલી જવું, વિસારે પડવું
વિહરાબ્બું (ક્રિ.) વિસરાવવું, ભુલવાડવું
વિહરી (અ.) ભૂલી (ગયેલું)
વિહારે (અ.) વિસારે (પડેલું)
વિહોત (સ્રી.) વિસત (માતા)
વીઘું (નપું.) વીઘો
વીહ (અ.) વીસ
વીહનગર (નપું.) વીસનગર
વેકવું (ક્રિ.) વેચવું
વેકો (અ.) વેચો
વેખરી (સ્રી.) વૈખરી, અગમવાણી
વેજા (સ્રી.) બાળકો સહિતનો પરિવાર
વેઝું (નપું.) મડદાખાઉ નાનું પ્રાણી
વેઠ (સ્રી.) મફતમાં કામ કરવું
વેઠવું (ક્રિ.) સહન કરવું
વેઠ્યો (પું.) વેઠિયો, મફતમાં વેઠ કરનાર
વેડવું (ક્રિ.) ઉતારવું, તોડવું
વેઢો (પું.) આંગળી ઉપરનો કાપો (2) વેઢો (બ.વ.) કાપા
વેતર (નપું.) ગાય/ભેંસની પ્રસૂતિ
વેતો (અ.) સંસ્કાર, ભલીવાર
વેરણ (સ્રી.) જુઓ વેરવણ.
વેરવણ (સ્રી.) વેરણ, દુશ્મન સ્રી, વેરી
વેરવું (ક્રિ.) કરવત વડે ચીરવું, વહેરવું
વેરવું (ક્રિ.) ઢોળવું, વંછેરવું
વેરી (અ.) ઢોળી (સ્રી.) વેરણ, વહેરી
વેલ (સ્રી.) મરશિયામાં ગવાતી વંશાવળી, મરશિયો
વેલ્લા (અ.) સવારે વહેલા
વેલ્લા (પું.) કાનમાં પહેરવાના સોનાના દાગીના
વેવઈ (પું.) વેવાઈ, સંબંધી
વેવાંણ (સ્રી.) વેવાણ, વેવાઈની પત્ની
વેવાર (પું.) વહેવાર
વેસા (સ્રી.) વેશ્યા, ગનકા, ગુનકા
વેહ (પું.) વેશ, ખેલ
વેળ (સ્રી.) ફરીથી યાદ આવવું, ઊભરો આવવો
વેળાહર (અ.) વેળાસર
વેંકરો (પું.) રેતી, વહેળો
વેંકુઠ (નપું.) વૈકુંઠ
વેંચવું (ક્રિ.) વહેંચવું
વેંચી (પું.) વીંછી (ક્રિ.) વહેંચી
વેચુડો (પુ.) વીંછુડો, એક નક્ષત્ર
વેંઝવું (ક્રિ.) વીંઝવું
વેંટવું (ક્રિ.) વીંટવું
વેંટા (પું.) હાથેપગે નસો ખેંચાવી, વીંટા વાળવા
વેંણ (નપું.) વચન, કહેણ, બોલ
વેંણવું (ક્રિ.) વીણવું
વેંણી (સ્રી.) વીણી, અંબોડે બાંધવાનો

ગજરો
વેંણો (સ્ત્રી.) પ્રસૂતિની પીડા, વાળની લટો
વેંત (સ્ત્રી.) વહેંત, એક માપ
વેંત (સ્ત્રી.) વેતરણ, સગવડ
વેંતાળ (પું.) વૈતાલ, એક ભૂત
વેંતું (અ.) વહેતું, છૂટું
વેંમ (પું.) વહેમ
વેંરઈ (સ્ત્રી.) વારાહી, એક દેવી
વેંરઈ (અ.) વેરાઈ, વેરાય
વેંળો (પું.) વહેળો
વૈણ (સ્ત્રી.) જાતિ, રંગ
વૈણાજી (સ્ત્રી.) ખોટો ડોળ
વૈણાજીયું (નપું.) વરણાગી, શોખીન
વૈદન (પું.) ટેકો આપવો, માથે ચઢાવવું
વોર (અ.) ખરીદ
વોરવું (ક્રિ.) ખરીદવું
વોરાબ્બું (ક્રિ) વહોરાવવું, ખરીદાવવું

## સ

સઈ (પું.) હઈ, દરજી
સઈ (સ્ત્રી.) સઇયર, બહેનપણી, ગોઠણ
સઈ (નપું.) ખરું, સાચું
સઇયર (સ્ત્રી.) જુઓ સઈ.
સકન (પું.) શુકન, શુભચિહન
સકોરું (નપું.) પાટીનું રામિયું, રામૈયું, રામપાત્ર
સક્કરવાર (પું.) શુક્રવાર, ભલીવાર, યોગ્ય રીતે થવું
સક્કો (પું.) સિક્કો, નાણું, ચહેરો
સગરી (સ્ત્રી.) સઘડી, સઘળી
સગુંવાલું (નપું.) સગુંવહાલું
સજું (નપું.) છજું, છતનો આગળ કાઢેલ ભાગ
સટકાબ્બું (ક્રિ.) છટકાવવું, મારવું
સટકાયું (ક્રિ.) છટકાયું, માર્યું
સટાકો (અ). મારવાનો મોટો અવાજ, કોરડો મારવાનો અવાજ, રુઆબ
સઠિયું (નપું.) છઠ્ઠિયું, છઠ્ઠીના દિવસે નવજાત બાળકને પહેરાવવામાં આવતું ઝભલું
સડવું (ક્રિ.) છડવું, ખાંડવું; સડી જવું
સડા (પું.) લંઘર, છડા, ચાંદીનો પગમાં પહેરવાનો દાગીનો
સડો (પું.) એકલપંડે, છડો, કુંવારો; સડો
સણિયું (નપું.) શણમાંથી બનાવેલું
સતવારા (પું.) સથવારા, કડિયા
સતવારું (વિ.) સતવાળું
સતાબ્બું (ક્રિ.) સતાવવું
સત્યું (વિ.) સતિયું, સાચું બોલનાર, સત્યવાદી
સનઈ (સ્ત્રી.) શરણાઈ, સેણાઈ
સનકારો (ક્રિ.) આંખનો ઉલાળો, ઉછાંછળાપણું
સનિ (પું.) શનિ
સનોંન (નપું.) સ્નાન, નહાવું
સપઈ (પું.) સિપાહી
સપડાબ્બું (ક્રિ.) ફસાવવું, સપડાવવું
સપાટ્ય (સ્ત્રી.) સપાટ, ચપાટ, સ્ત્રીનાં પગનાં ચંપલ
સપાબ્બું (ક્રિ.) છપાવવું

સરઘણી (પું.) જવાબદાર, માલિક, રણીધણી

સરાક (સ્ત્રી.) સરાકડી, લાંબી પાતળી સોટી, સરૈયો

સરાધ (નપું.) શ્રાદ્ધ, સરાવવું, હરાદ

સરાપુ (નપું.) સરાફીપણું (સરાપું કરવું : દોઢડાહપણ કરવું)

સરાબ્બું (ક્રિ.) સરાવવું, શ્રાદ્ધ કરવું

સરી (સ્ત્રી.) છરી, ચપ્પુ

સરૈયો (પું.) જુઓ સરાક.

સરો (પું.) છરો

સલાડી (સ્ત્રી.) જમીનમાં ખોડેલો સૂતર કૂટવાનો પથ્થર

સલેપાટ (વિ.) ચત્તોપાટ

સલોસલ (વિ.) છલોછલ, ભરેલું

સલ્યા (સ્ત્રી.) શિલા, મોટો પથ્થર

સંખલું (નપું.) શંખલું, નક્કામું

સંખામણ (સ્ત્રી.) શરમજનક

સંચોડી (સ્ત્રી.) પૂરેપૂરી

સંજ્યાવેળા (સ્ત્રી.) સંધ્યાસમય

સંટાબ્બું (ક્રિ.) છંટાવવું, દવરાવવું, માદા ઢોરને ફળાવવા માટે નર પાસે લઈ જવું

સંપડામણ (સ્ત્રી.) ફસામણી, ફસાઈ જવું

સાટકો (વિ.) છાટકો, બદમાશ

સાટકો (પું.) કોરડો

સાતી (સ્ત્રી.) છાતી, હિંમત

સાથરી (સ્ત્રી.) હાથરી, ચોરંગ

સાપ (સ્ત્રી.) છાપ, આબરૂ

સાપ (પું.) સાપ

સાપટ (અ.) સાફ શબ્દોમાં કહેવું, ચોખ્ખું

સાપરું (નપું.) છાપરું

સાપેલું (ક્રિ.) છાપેલું

સાયણી (સ્ત્રી.) શારડી

શારડો (પું.) કાણાં પાડવાનું સાધન

સારવું (ક્રિ.) કાણું પાડવું

સારવું (ક્રિ.) ગાળો દેવી

સાલો (પું.) સાળો

સાલોક (સ્ત્રી.) છાલક, છપાટ

સાલ્યું (નપું.) સાલિયું, છાલિયું, ઢાંકણું

સાહ (સ્ત્રી.) શાહુડી

સાહ (સ્ત્રી.) છાશ

સાંખવું (ક્રિ.) સહન કરવું

સાંટ (અ.) છાંટ (પાણીના છાંટાથી આભડછેટ મટે તેવી માન્યતા)

સાંટવું (ક્રિ.) છાંટવું

સાંયડો (પું.) છાંયડો, સાંયલો

સાંયલો (પું.) જુઓ સાંયડો.

સિખાંમણ (સ્ત્રી.) શિખામણ

સિખેર (અ.) શી ખબર

સિજડો (પું.) ખીજડો, સીમડો

સિતળા (સ્ત્રી.) શીતળાનો રોગ

સિપેર (અ.) શી રીતે

સિમટ (પું.) સિમેન્ટ

સિરોખ (સ્ત્રી.) રજાઈ, ઓઢવા માટેનું રૂનું ગાદલું

સિસળી (સ્ત્રી.) ખીચડી

સિસળો (પું.) ખીચડો

સી (સ્ત્રી.) છી

સીલો (પું.) ખીલો
સુકવણી (સ્ત્રી.) કાંકણિયો, સૂકવેલું માંસ
સુગરી (સ્ત્રી.) સુઘરી, એક પંખી
સુગરુ (વિ.) ગુરુવાળું
સુટકો (પું.) છૂટાછેડા, છૂટકો, ફારગતી
સુટારો (અ.) બંધન વિનાનું
સૂટા મોંએ (અ.) મોકળા મને
સૂટામોનું (વિ.) નફ્ફટ, મોંફાટ બોલનાર
સૂટાસેડે (અ.) સંબંધોની પરવા કર્યા વિના ગમે તેમ બોલનાર
સેક (પું.) ગરમી, તાપ
સેટું (અ.) દૂર, છેટું
સેઠ (પું.) શેઠ
સેડ (સ્ત્રી.) ખેડ
સેડ (નપું.) ધાર
સેડવું (ક્રિ.) ખેડવું
સેડા (પું.) છેડા
સેડા (નપું.) લીંટ
સેડાબ્બું (ક્રિ.) ખેડાવવું, ખેડ કરાવવી
સેડો (સ્ત્રી.) કિનાર
સેઢો (પું.) ખેતરમાં ખેડ્યા વિનાની જમીન
સેણિયું (નપું.) બનાવટી રેશમ, સાડલાનો પ્રકાર
સેણો (પું.) છીણો, લોખંડનું ઓજાર
સેતર (નપું.) ખેતર, હેતર
સેતી (સ્ત્રી.) ખેતી, હેતી
સેન (નપું.) સેના, સેન્યા (સ્ત્રી.)
સેનઈ (સ્ત્રી.) શરણાઈ, સેણાઈ
સેન્યા (સ્ત્રી.) જુઓ સેન.
સેપકાં (નપું.) છુપાઈને ધ્યાન રાખવું, ખબર રાખવી
સેમળો (પું.) સીમડો, એક વૃક્ષ
સેમાળો (પું.) સીમ
સેમોન (પું.) સામાન
સેયડો (પું.) સેરડો, ધ્રાસકો
સેરવું (ક્રિ.) ડરવું
સેરવું (ક્રિ.) ઝાડા થઈ જવા
સેલરી (સ્ત્રી.) શેલડી, શેરડી
સેલંકો (વિ.) છલાંગ મારી શિકાર કરે એવો, ખૂંખાર (સેલંકો વાઘ - ખૂંખાર વાઘ)
સેવવું (ક્રિ.) સેવા કરવી, પંખીની ઈંડાં સેવવાની ક્રિયા
સેવાડું (નપું.) છેલ્લું
સેવો (સ્ત્રી.) ઘઉંની વાનગી
સેવો (પું.) ટાંકો, ટેભો
સેહ (સ્ત્રી.) પરસાદી
સેહ (નપું.) વધેલું, શેષ
સેહુ (પું.) બાતમીદાર, ખબર આપનાર
સેંક (સ્ત્રી.) છીંક
સેંકણી (સ્ત્રી.) છીંકણી
સેંકારું (નપું.) છીંકારું, એક પ્રાણી
સેંકું (નપું.) શીકું, સામાન અધ્ધર લટકાવી મૂકવાનું સાધન
સેંગ (સ્ત્રી.) સીંગ (ભગ, મઠ વગેરેની સીંગ), ફળી
સેંગોઠી (સ્ત્રી.) દેખાવ, મળતાપણું
સેંચવું (ક્રિ.) કૂવામાંથી પાણી બહાર કાઢવું, સીંચવું, ખેતરમાં રેડવું
સેંના (અ.) શા માટેના

સેંનાળ (સ્ત્રી.) બદચલન સ્ત્રી, છિનાળ
સેંનાળવું (નપું.) ખરાબ કામ કરનાર, છિનાળવું
સેંપટ (સ્ત્રી.) રજકણ, રજોટી
સેંપટી (સ્ત્રી.) પાતળી
સેંપલી (સ્ત્રી.) ચમચી
સેંલ (વિ.) છેલ, સેંલડી, વરણાગી
સેંલડી (સ્ત્રી.) જુઓ સેંલ.
સેંહ (સ્ત્રી.) ધાક, છાપ
સોઈ (સ્ત્રી.) સળી, સગવડ
સોગું (નપું.) છોગું, કલગી
સોડવું (ક્રિ.) છોડવું
સોડિયાળું (વિ.) દીકરીઓવાળું
સોડી (અ.) છોડી, (સ્ત્રી.) છોકરી, દીકરી
સોતરું (નપું.) ફોતરું, છોતરું, છોતિયું
સોય (સ્ત્રી.) સૂઈ (કાપડાં સીવવાની સોય)
સોયા (પું.) અંકુર
સોયો (પું.) મોટી સૂઈ
સોર (પું.) અસ્રો, દાઢી કરવાનું સાધન
સોરવું (ક્રિ.) હોરવું, સાફ કરવું
સોલવું (ક્રિ.) છોલવું
સોલું (નપું.) ગપ્પીદાસ
સૉળ (પ.) સૉળ, માર્યાનું નિશાન
સૉળ (સ્ત્રી.) છાલક
સૉંડિયું (નપું.) છોડિયું
સૉંણ (નપું.) છાણ, પોદળો, પોયલો
સૉંણું (નપું.) છાણું, પોદળાને બળતણ માટે સૂકવવો
સૉંનું (અ.) છાનું
સૉંનુંમૉંનું (અ.) છાનુંમાનું, ચૂપચાપ
સૉંયો (પું.) છાંયડો
સૉંળવું (ક્રિ.) ઊલટી કરવી, ઓકળવું
સ્યારવું (નપું.) શિયાળવું

## હ

હઅ (અ.) સઅ, હ, છે
હઈ (પું.) સઈ, દરજી
હઈને (અ.) પકડીને
હખ (નપું.) સુખ
હખણું (નપું.) સખણું, સીધું, શાંત
હખી (સ્ત્રી.) સુખી
હગલી (સ્ત્રી.) સગલી (સગી), વહાલેસરી, એક ગાળ
હગલો (પું.) સગલો (સગો), વહાલેસરી, એક ગાળ
હગવાળ (અ.) સગાંનું જૂથ, સગપણવાળું
હચો (અ.) ગિરદી, ટોળે વળવું
હચોડી (સ્ત્રી.) પૂરેપૂરી
હચોડું (નપું.) સંપૂર્ણ, પૂરેપૂરું
હજ (સ્ત્રી.) કોગળો આપવો, એક સામાજિક ક્રિયા
હજ (સ્ત્રી.) મુસલમાનોની મક્કાની યાત્રા
હજવું (ક્રિ.) સજવું, તૈયાર થવું
હજાવવું (ક્રિ.) સજાવવું, શણગારવું
હટકડી (સ્ત્રી.) છટકતી ગાંઠ, બે-તારી ગાંઠ, સટકડી
હટચી (અ.) છટકી
હડકશા (સ્ત્રી.) હડકશાદેવી, હડકવા મટાડનારી દેવી
હડકાયું (નપું.) હડકવા થયેલ કૂતરું,

હડકવાના રોગથી પીડાતું

હડહડ (અ.) તિરસ્કારવું, તિરસ્કારવા માટેનો અવાજ

હડહડતું (નપું.) ભયંકર, ખૂબ વધારે (અપમાન)

હડિયાપટ્ટી (સ્ત્રી.) દોડધામ

હડી (સ્ત્રી.) દોટ, ભાગવું, દોડવું

હડુડુડુ (વિ.) ધસારો કરવો

હડો (પું.) હળધરા, હૈડિયો, બારણું વાસવાનું સાધન

હણકો (પું.) સણકો, પેટમાં દર્દ થવું (ક્રિ.) સાડલાનો છેડો (સણકો વાળવો : સાડલાનો છેડો કમરે ખોસવો), ફડકો

હણીજો (પું.) ધણી, એક ગાળ

હતુતું (નપું.) છોકરાઓની એક રમત

હથવાર (વિ.) હાથને ઓળખનાર (પ્રાણી)

હથોરી (સ્ત્રી.) હથોડી

હથોરો (પું.) હથોડો

હનઅ (અ.) છેને

હનું (અ.) શેનું

હનેપાત (પું.) સનેપાત, એક રોગ

હનો (પું.) ઇશારો, (અ.) શાનો

હપાડુ (નપું.) સપાડું, સંપેતરું

હપુચુ (વિ.) સંપૂર્ણ, સઘળું

હફણવું (ક્રિ.) ફેંકી દેવું, હણફી દેવું

હબાડદ્દુ (વિ.) પૂરેપૂરું, સંપૂર્ણ

હબુતર (નપું.) કબૂતર

હબુતરું (નપું.) ચબૂતરું, પંખીઓને ચણ નાખવા બાંધેલું સ્થળ

હમ (પું.) સમ

હમજ (સ્ત્રી.) સમજણ, સમજ

હમડી (સ્ત્રી.) સમડી

હમતમ (અ.) હુંસાતુંસી

હમહમાટ (અ.) બહુ ઝડપથી

હમાણા (અ.) સમાયા

હમાર (પું.) ખેડ ઉપર ફેરવવાનો પાટડો, સમાર

હમૂ (અ.) સમું, સરખું

હમૂળગા (અ.) પૂરા

હમૂળદા (અ.) મૂળ સહિતના

હરહંદેહો (પું.) સમાચાર, ખરખબર

હરાક (સ્ત્રી.) પાતળી સોટી, સરાક

હરાજમ (સ્ત્રી.) સરસામાન

હરાધ (નપું.) શ્રાદ્ધ

હરાબ્બું (ક્રિ.) સરાવવું, શ્રાદ્ધક્રિયા કરવી

હરાઁમણું (નપું.) સરાવવું, સરામણ

હલલું (વિ.) ખૂબ વધારે, ગજા ઉપરાંતનું

હલવલિયો (વિ.) ચંચળ, હલેપાતિયો, સલવલિયો, તોફાની

હલવું (ક્રિ.) ડોલવું, સ્થિર ન હોવું

હલાડવું (ક્રિ.) જોડવું, સલવાડવું

હલાડો (પું.) આડસંબંધ, સલાડો

હલાડો (પું.) જોડાયેલું

હલેવલે (વિ.) ડરી જવું, ગભરાઈ જવું

હલો (પું.) સલો, ખેતરમાં કાપણી પછી ડૂંડાં/કણસલાં વીણવાની ક્રિયા

હલો (પું.) ધંધો, કામકાજ

હવાદિયો (પું.) સ્વાદિયો, ચટપટું ખાનાર

હવાબાખું (નપું.) હવા જવા-આવવા

માટેનું કાણું, ઉજાસિયું
હવાબારી (સ્ત્રી.) હવા જવા-આવવા મૂકેલી બારી
હવાર (સ્ત્રી.) સવાર
હવાહૂરિયાં (નપું.) દર વર્ષે જન્મતાં બાળકો
હહડતું (ક્રિ.) ઊકળતું, ગરમ
હહળી (અ.) ગભરાઈ
હહળી (સ્ત્રી.) ઊકળી
હળિયાબ્બું (ક્રિ.) ઠપકો આપવો
હંકડાશ (સ્ત્રી.) સંકડાશ
હંગતરા (પું.) સંગતરા, એક છોડ
હંચરવું (ક્રિ.) જવું, સંચરવું
હંચવું (ક્રિ.) સંચવું, ચાળવું, નળિયાવાળી છત સરખી કરવી
હંચાર (પું.) સંચાર, ખડખડાટ
હંચો (પું.) સંચો (ક્રિ.) સરખું કરો
હંજવારવું (ક્રિ.) સાફ કરવું, અજવાળવું, કચરો કાઢવો
હંતળોક (અ.) એકાએક
હંતાવું (ક્રિ.) સંતાવું
હંદેહરો (પું.) સંદેસરો, એક વનસ્પતિ
હંદેહો (પું.) સંદેશો, સમાચાર
હંભારવું (ક્રિ.) સંભારવું
હા (અ.) પકડ, પકડવા માટે કહેવું
હાકવું (ક્રિ.) ચલાવવું, હાંકવું
હાકો (વિ.) દબાણ
હાકોટો (પું.) જોરથી બૂમ પાડવી
હાખ (સ્ત્રી.) શાખ, આબરૂ, અટક/જાત
હાખ (સ્ત્રી.) આંબા ઉપર પાકેલી કેરી
હાગ (પું.) સાગ, એક વૃક્ષ
હાચ (નપું.) સત્ય; હાચું (નપું.) સાચું
હાચવણું (નપું.) સાચવણું, તાળું
હાજનું (નપું.) સાજનું, નાતરું
હાજે (અ.) પકડજે
હાટ (નપું.) બજાર
હાટડી (સ્ત્રી.) નાની દુકાન
હાડો (પું.) કાગડો; હાડિયો
હાડોતી (સ્ત્રી.) પુખ્ત કાઠું ધરાવતી સ્ત્રી
હાત (પું.) હાથ; સાત
હાતર (અ.) ને માટે
હાથણી (સ્ત્રી.) ઘરની વચ્ચે રસોડું જુદું પાડતી અડધી દીવાલ
હાથણો (પું.) પાનની રસી વણવા માટેનું સાધન
હાથણો (પું.) હાથપંખો, વાયુ
હાથરી (સ્ત્રી.) સાથરી, મરેલાં ઢોર ચીરફાડની જગ્યા
હાથસાળ (સ્ત્રી.) હાથથી કાપડ વણવાની સાળ, સાદી સાળ
હાથિયોથોર (પું.) થોર, એક થોરની જાતિ, પાપડિયો થોર
હાયડો (પું.) હારડો (ખાંડનો ખાવા માટેનો હાર)
હાયડો (પું.) હારબંધ
હારી (અ.) સાથે (ક્રિ.) હારી જવું
હારેહડાં (નપું.) સારસ પંખી
હારો (પું.) સાળો, સરસ
હાલરું (નપું.) ખળામાં કણસલામાંથી દાણા છૂટા પાડવા બળદ ફેરવવા

હાલૈડું (નપું.) હાલરડું

હાવરવું (ક્રિ.) છાવરવું, ભેગું કરવું, બચાવ કરવો

હાવરો (પું.) સાવરણો, બોઘરો

હાવું (અ.) પકડવું

હાસ (સ્ત્રી.) નિરાંત, હાશ

હાહ (પું.) શ્વાસ

હાહુ (સ્ત્રી.) સાસુ

હાંકોળ (સ્ત્રી.) સાંકોળ, સાંકળ

હાંગરિયો (સ્ત્રી.) ખીજડાની સીંગો, ખોખાં

હાંજ (સ્ત્રી.) સાંજ

હાંઠિયો (સ્ત્રી. બ.વ.) સાંઠિયો

હાંઠો (પું.) સાંઠો

હાંડલું (નપું.) માટીનું રાંધવા માટેનું પાત્ર (ઘેંસ, માંસ રાંધવા માટેનું પાત્ર)

હાંઢ (સ્ત્રી.) ઊંટડી, સાંઢણી

હાંઢિયો (પું.) ઊંટ

હાંઢો (પું.) સાંઢો, એક નાનકડું પ્રાણી

હાંઢ્યો (નપું.) ઊંટનું ટોળું

હાંધણી (સ્ત્રી.) સૂતરના તાર સાંધી તાણો તૈયાર કરવાની ક્રિયા, સાંધણી

હાંન (સ્ત્રી.) ઇશારો, (2) સમજણ

હાંબેલું (નપું.) સાંબેલું, અનાજ ખાંડવા, છડવા માટેનો ઘડેલો જાડો દંડ

હાંમ (સ્ત્રી.) હિંમત

હાંમદાંમ (અ.) સામે સામે

હાંમબળિયો (પું.) સામા પક્ષનો માણસ, સામબળિયો

હાંલ્લી (સ્ત્રી.) માટીનું પાત્ર

હાંલ્લું (નપું.) માટીનું મોટું પાત્ર, ભાચરો

હાંસી (સ્ત્રી.) ઝાડ પરથી પાલો તોડવાનું સાધન, સાંસી

હાંહલું (નપું.) સસલું

હાંહાબાજ (નપું.) સસલાંનો શિકાર કરી શકે તેવો મોટો શકરોબાજ

હાંહે રમવું (ક્રિ.) સસલાંનો શિકાર કરવો

હિચકાબ્બું (ક્રિ.) હીંચકાવવું, અથડાવવું

હિચકારો (પું.) ઘોંઘાટ, મોટેથી અવાજ કરવો

હિચકાવું (ક્રિ.) અથડાવું

હિયાટવું (ક્રિ.) ચિંતા કરવી

હિરવણું (નપું.) તારને બેવડ કરવાની ક્રિયા, તાર સળંગ કરવાની ક્રિયા

હિલોળો (પું.) પાણીના તરંગ

હિલોળો (અ.) ખૂબ ગરબડ કરવી

હીયું (નપું.) હૈયું

હુજવું (ક્રિ.) દેખાવું;

હુ જવું (અ.) સૂઈ જવું

હુડદો (અ.) કૂતરાને કોઈની પાછળ દોડાવવા માટે કરાતો અવાજ

હુપડું (નપું.) સૂપડું

હુવાવડ (સ્ત્રી.) સુવાવડ

હુવોર (પું.) સુવર

હુળ્યો (સ્ત્રી.) શૂળ, બાવળના કાંટા

હુંવાળિયો (સ્ત્રી.) પૂરીઓ

હુંવાળું (નપું.) મરણ પાછળ સૂતક કાઢવું

હુંવાળું (નપું.) લિસ્સું, ઢીલું

હુંહરો (પું.) પાધરો, સીધો જ

હૂઈ (સ્ત્રી.) સોય

હૂક (પું.) વાંદરો

હૂડો (પું.) સૂડો
હૂણું (નપું.) સ્વપ્ન
હૂના (અ.) સૂના
હૂનું (અ.) એકલું, સૂંનું
હૂયો (પું.) સોયો, ગોદડા સીવવા માટેની મોટી સોય
હૂરો (પું.) શૂરો
હૂળો (પું.) સળિયો - જેનામાં માંસ ભેરવી શેકવામાં આવે તે
હૂંપ (પું.) સંપ
હૂંસ (સ્ત્રી.) હોંશ, ઇચ્છા
હેમાળો (પું.) હિમાલય
હેરવું (ક્રિ.) ચોરી લેવું, ચોરવું
હેંકવું (ક્રિ.) હીંચવું, હીંચકા ખાવા
હેંકોળો (પું.) હીંચકો
હેંજીવેંજી (અ.) અકારણ, નાહકનું લેવાદેવા વિના
હેંડવું (ક્રિ.) ચાલવું
હેંમત (સ્ત્રી.) હિંમત
હૈડહું (અ.) ઝડપથી, લપલપ
હૈડિયો (પું.) સ્વરપેટી
હૈડિયો (પું.) હળધરા, હડો
હૈણે (અ.) શરણે, આશરે
હૈણ્યો (નપું.) હરણી નક્ષત્ર
હોજહંભાર (અ.) ખોજખબર, સંભાળ
હોટાં (નપું.) સોટાં
હોડ (અ.) કૂતરાને હડહડ કરવું
હોદ (સ્ત્રી.) ગાંઠ
હોમ (પું.) કંજૂસ
હોમું (અ.) સામું
હોરવું (ક્રિ.) સાફ કરવું
હોરાટવું (ક્રિ.) મારવું
હોવારો (પું.) હોબાળો
હોસલો (પું.) છાતી કૂટવી
હોળહંડું (નપું.) ઘણુંબધું (સોળ સાંઢ ઉપર ભરાય તેટલું) દહેજ
હોંકારિયો (પું.) જવાબ આપનાર
હોંકારો (પું.) જવાબ આપવો
હોંસ (સ્ત્રી.) શોક્ય, પતિની બીજી પત્ની

❖ ❖ ❖

ગ્રામજીવનના સામાજિક સંબંધ નિમિત્તે થયેલા વિભાજનને ધ્યાનમાં રાખીને ઉત્તર ગુજરાતમાં આવેલ દોતોર પરગણું અને તેની આજુબાજુના વિસ્તારની વિવિધ જાતિઓનાં હુન્નર અને સાધનોની વિગત અહીં રજૂ કરી છે.

આ ઉપરાંત તેમનાં પહેરવેશ, ઘરેણાં, રહેઠાણ, વાનગીઓ, દેવ-દેવીઓ વગેરેનાં નામ અને પ્રચલિત કહેવતો, રૂઢિપ્રયોગો, બોલતાં બેવડાતા શબ્દો તેમજ લગ્ન-મૃત્યુ સમયે ઉપયોગમાં લેવાતા તથા ‘અ’ થી ‘હ’ સુધીના શબ્દોને સાંકળતી શબ્દાવલીનો કક્કાવારી પ્રમાણે અહીં સમાવેશ કર્યો છે.